१९९४ : संस्कृत साहित्य परिषद्, कलकत्ता की पाण्डुलिपियों की सूची का प्रथम भाग तन्त्र की ८९० पाण्डुलिपियों की सूची के साथ प्रकाशित हुआ। इस भाग का संकलन पं. मधुसूदन चक्रवर्ती ने भूमिका के साथ किया एवं डो. हेरम्ब चटर्जी एवं डो. सत्यरञ्जन बनर्जी ने इस भाग से सम्बन्धित सूची प्रस्तुत की। इसकी विस्तृत भूमिका में भारत में तन्त्र के उद्भव एवं विकास पर सम्पादकों ने विशेष सामग्री प्रस्तुत की है। इस सूची का द्वितीय भाग २००० में **साहित्य परिषद् ग्रन्थमाला-१४** के अन्तर्गत कोष से सम्बन्धित पाण्डुलिपियों के साथ किया गया। इस भाग का संकलन भी पं. चक्रवती ने तथा सम्पादन महामहोपाध्याय डो. हेरम्बनाथ चटर्जी ने किया।

१९९६ : बर्दवान विश्वविद्यालय के केन्द्रीय पुस्तकालय के अन्तर्गत अभिलेखीय प्रकोष्ठ में उपलब्ध १८० पाण्डुलिपियों के Descriptive Catalogue of Sanskrit Manuscripts (भाग-३) का सम्पादन डो. अमरनाथ भट्टाचार्य ने किया। जिसमें नव्यन्याय से सम्बन्धित पाण्डुलिपियाँ हैं। यहाँ की पाण्डुलिपियों की दो सूची भाग-एक एवं दो का प्रकाशन पहले किया जा चुका है जिसके सम्पादन का श्रेय प्रो. सिद्धेश्वर चट्टोपाध्याय को है जिन्होंने यहाँ के हस्तलेखों को विद्वत्मण्डली के सामने प्रस्तुत किया। तृतीय भाग के माध्यम से नव्यन्याय की परम्परा जो मिथिला में आचार्य गंगेश के नेतृत्व में आगे बढ़ती हुई नवद्वीप में आकर एक उच्चतम बिन्दु पर स्थापित हुई, की अनेक पाण्डुलिपियाँ देखी जा सकती हैं। इस परम्परा के श्रेष्ठ आचार्य पं. जगदीश तर्कालङ्कार, पं. मथुरानाथ तर्कवागीश एवं पं. गदाधर भट्टाचार्य के नेतृत्त्व का इन सूचियों के माध्यम से आभास होता है। ये सभी विद्वान इस क्षेत्र में पं. रघुनाथ शिरोमणि के अनुगामी थे।

१९९७ : उत्तर एवं दक्षिण कर्णाटक तिगालारी लिपि की पाण्डुलिपियों के लिये प्रसिद्ध है। विशेष रूप से यहाँ डाट (एक विशेष प्रकार का हस्तनिर्मित कागज) की पाण्डुलिपियों का संग्रह शिमोगा विश्वविद्यालय के अन्तर्गत केळडि संग्रहालय में है। केळडि संग्रहालय की लगभग पाँच हजार पाण्डुलिपियों के सूचीकरण का कार्य डो. केळडि गुण्डा ज्वायस् ने प्रारम्भ किया जिसकी १११५ पाण्डुलिपियों की प्रथम सूची का Catalogue of Ancient Tigālāri Palm leaf Manuscripts in India, Volume-1 (South India) का प्रकाशन हुआ। इसका सम्पादन डो. ज्वायस् ने किया। तिगालारी लिपि की अधिकतर पाण्डुलिपियाँ व्यक्तिगत संग्रहों में हैं जिनमें से कुछ ओरियण्टल रिसर्च इन्स्टीट्यूट मैसूर ने संगृहीत की हैं। विषय की दृष्टि से इनमें वेद, आगम, तन्त्र ज्योतिष, गणित के साथ-साथ लोकगीतों से सम्बन्धित पाण्डुलिपियाँ भी हैं।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

१९९८ : १९८२ में भुवनेश्वर में केदारनाथ गवेषणा प्रतिष्ठान की स्थापना के साथ वहाँ उपलब्ध पाण्डुलिपियों की सूची बनाने का कार्य प्रारम्भ हुआ। १९९८ में प्रकाशित इसके प्रथम भाग में २४२ पाण्डुलिपियों की सूची प्रकाशित हुई। इस सूची के साथ-साथ सम्पादक भगवान पण्डा जी ने ओड़िया लिपि के उद्‌गम एवं विकास से सम्बन्धित एक तालिका भी जोड़ी है।

१९९८ में संस्कृत अभिलेखों से सम्बन्धित Descriptive Catalogue of Sanskrit Inscriptions (from 300 B.C. to 19th Cent. A.D.) का प्रकाशन, नाग पब्लिशर्स, ११ यू. ए. जवाहर नगर, दिल्ली के द्वारा प्रारम्भ हुआ। इसके चार भाग क्रमशः १९९८, ९९ एवं २००० में प्रकाशित हुये। सम्पादक प्रोफेसर पुष्पेन्द्रकुमार जी ने यद्यपि मूल अभिलेखों का चित्र नहीं दिया है फिर भी एक साथ सम्पूर्ण सूची प्रस्तुत कर इस क्षेत्र में सराहनीय कार्य किया है विशेषरूप से हिन्दी भाषा में इस तरह की सामग्री का अभाव था।

१९९८ में ही Descriptive Catalogue of Sanskrit and Prakrit Manuscripts in the Library of the Bombay Branch of the Asiatic Society के प्रथम भाग का प्रकाशन, मुम्बई से हुआ। यह इस सूची का द्वितीय संस्करण है।

१९९९ : प्राच्यविद्या संशोधन केन्द्र, कूत्ताप्पाड़ी, तम्मनम्, कोच्चि के संस्कृत हस्तलिखित ग्रन्थ सूची के भाग-एक का सम्पादन डॉ. एस् वेङ्किटसुब्रह्मण्य अय्यर् ने किया जिसका प्रकाशन **सुकृतीन्द्र इण्डोलॉजिकल सीरीज सं.-४** में हुआ। इसमें १४०२ पाण्डुलिपियों का विवरण है। यह विवरणात्मक सूची है।

२००० : रामपुर रज़ा पुस्तकालय, रामपुर, अरेबिक एवं पर्सियन भाषा की पाण्डुलिपियों के साथ-साथ संस्कृत भाषा की पाण्डुलिपियों के लिये भी प्रसिद्ध है। डॉ. फरहा ने यहाँ की ३९५ पाण्डुलिपियों की सूची का संकलन किया जो संस्कृत भाषा के विभिन्न विषयों से सम्बन्धित हैं। इसका प्रकाशन भी वहीं से किया गया डॉ. फरहा का पाण्डुलिपि के क्षेत्र में प्रवेश प्रो. एस. आर. शर्मा के मार्गदर्शन में तथा इन्दिरा गान्धी राष्ट्रीय कला केन्द्र के द्वारा आयोजित कार्यशाला के माध्यम से हुआ है।

इसी वर्ष जैसलमेर के प्राचीन जैन ग्रन्थ भण्डारों की सूची का प्रकाशन — A Catalogue of Manuscripts in the Jaiselamer Jain Bhandaras दिल्ली से हुआ।

२००२ : पाण्डुलिपियों के सर्वेक्षण के क्षेत्र में स्व. प्रो. के. वी. शर्मा के योगदान को हमेशा स्मरण किया जायेगा विशेष रूप से तमिलनाडु एवं केरल में उपलब्ध आयुर्वेद, रसायनशास्त्र, वनस्पति विज्ञान, वास्तु, गणित एवं खगोलविज्ञान आदि की पाण्डुलपियों के अन्वेषण एवं सूचीकरण के लिये उनका प्रयास प्रशंसनीय है। इसकी एक सूची का प्रकाशन

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

— Science texts in Sanskrit in the Manuscripts Repositories of Kerala and Tamilnadu शीर्षक से राष्ट्रीय संस्कृत संस्थान, नई दिल्ली से किया गया। इसमें ३३४७ पाण्डुलिपियों का विवरण है। इसके पहले भी राष्ट्रीय संस्कृत संस्थान, गंगानाथ झा परिसर, इलाहाबाद की लगभग दस हजार पाण्डुलिपियों की सूची का कैट्लाग पाँच भाग में प्रकाशित कर चुका है।

२००० में ही एक सूची जो वैष्णव आगमों की पाञ्चरात्र परम्परा में सम्बन्धित है, का प्रकाशन स्वामिनारायण अक्षरपीठ, शाहीबाग, अहमदाबाद से Catalogue of Pancaratra Samhita शीर्षक से किया गया। इसका संकलन एवं सम्पादन साधु परमपुरुषदास एवं साधु श्रुतिप्रकाश दास जी ने किया है।

२००३ : सम्भवतः राष्ट्र के सबसे सम्पन्न पाण्डुलिपि संग्रहालय, आचार्य श्री कैलाससागर सूरि ज्ञान मन्दिर में उपलब्ध पाण्डुलिपियों की सूची का प्रकाशन कैलास सागर ग्रन्थसूची (Descriptive Catalogue of Jain Manuscripts/Descriptive Catalogue of Manuscripts preserved in देवार्धिगणि क्षमाश्रमण हस्तप्रत भण्डागार) शीर्षक से प्रारम्भ हुआ। इसके द्वितीय एवं तृतीय भाग का प्रकाशन २००४ में हुआ। राष्ट्र का यह सबसे समृद्ध पाण्डुलिपि संग्रहालय विना किसी शासकीय सहायता के सबसे अधिक व्यवस्थित एवं संरक्षित है। यदि यह संस्थान इसी तरह जैन विद्या के निष्णात आचार्यों के माध्यम से इन ग्रन्थों की प्रकाशन योजना प्रारम्भ करे तो निश्चित रूप से एक प्रशंसनीय मानक उपस्थित होगा एवं अन्य संस्थानों के लिये प्रेरक संस्था के रूप में उपस्थित होगी।

२००४ : श्री समर्थ वाग्देवता मन्दिर, धुले में उपलब्ध पचास पाण्डुलिपियों की सूची का प्रकाशन हस्तलिखित बाडांची, विवरणात्मक सूची शीर्षक से प्रकाशित हुआ।

इसी वर्ष A Descriptive Catalogue of Sanskrit Manuscripts in the Sanskrit Sahitya Parisad, कोलकाता से प्रकाशित हुआ जिसका संकलन महामहोपाध्याय मधुसूदन चक्रवर्ती ने किया तथा सम्पादन प्रो. देवव्रतसेन शर्मा ने। इस सूची का प्रकाशन संस्कृत साहित्य परिषद् से किया गया।

२००६ : ब्रिटिश लाइब्रेरी, लण्डन एवं वहाँ की अन्य संस्थाओं के पास जैन पाण्डुलिपियों का संग्रह है एवं यह अच्छी तरह सुरक्षित भी है। यद्यपि कुछ उपलब्ध सूचियों के होते हुये भी इनका ज्ञान बहुत लोगों को नहीं है। इनका विश्लेषणात्मक परिचय आवश्यक था। इस क्षेत्र में विशेष प्रयास पूज्य मुनिराज श्री जम्बूविजय जी महाराज के द्वारा प्रारम्भ किया गया। उनके मन्तव्य को ध्यान में रखते हुये डो. नलिनी बलबीर, श्री कन्हैया लाल वी. सेठ, डो. कल्पना के. सेठ एवं डो. चन्द्रभाल त्रिपाठी ने Catalogue of Jain Manuscripts of the British Library including the holding of the

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

British Museum and the Victoria and Albert Museum का संकलन एवं सम्पादन किया । इस सूची का प्रकाशन The British Library and Institute of Jainology, लण्डन से किया गया । इस सूची में विस्तृत भूमिका के साथ-साथ, सन्दर्भसूची, पाण्डुलिपियों के अंश एवं चित्र भी दिये गये हैं । तीन भागों में प्रकाशित यह सूची संस्कृत भाषा के अनेक ग्रन्थों का विवरण प्रस्तुत करती है । इस सूची में १०८३ पाण्डुलिपियों का विवरण है तथा १४२६ शीर्षकों का समावेश है । निश्चित रूप से यह सूची भारतीय मनीषा के प्रति रुचि रखने वालों के लिये सन्दर्भ एवं सूचना का साधन है । इस के माध्यम से यह अनुमान लगाया जा सकता है कि शास्त्रीय परम्परा को अधिक समृद्ध करने के लिये कितने परिश्रम की आवश्यकता है । इस क्षेत्र में योगदान के लिये पूज्य कान्तिविजय जी महाराज, पूज्य चतुर्विजय जी महाराज एवं पूज्य पुण्यविजय जी महाराज को नमन एवं स्मरण करना हम सबका पुनीत कर्तव्य है । आगम प्रभाकर पूज्य मुनि पुण्यविजय जी महाराज को नमन एवं संरक्षण के क्षेत्र में अद्वितीय श्रम किया । इस सूची के प्रकाशन में Ernst Wald Schmid (1897-1985) एवं स्व. प्रो. त्रिपाठी का योगदान महत्त्वपूर्ण है । प्रो. त्रिपाठी के प्रयास से ही १९७५ में Catalogue of the Jain Manuscripts at Strasburg का प्रकाशन Brill, Indologiua Berolinesis, Leiden से हुआ था ।

इस तरह से यथासम्भव प्रकाशित सूचियों के माध्यम से यहाँ सूचना प्रस्तुत की जा रही है । बहुत सम्भावना है कि कुछ अन्य सूचियों का भी प्रकाशन हुआ हो लेकिन सूचना के अभाव में मैं सम्मिलित नहीं कर सका । इसके पूरक के रूप में यह प्रयास किया जायेगा कि उन सूचियों के विषय में भी विस्तार से सूचना दिया जाय । एक बात निश्चित है कि पिछले पाँच वर्षों में संस्थाओं का ध्यान इस ओर आकृष्ट हुआ है । कई संस्थानों में कम्प्युटरीकृत सूची उपलब्ध भी है । इसके अन्तर्गत बी. एल. इन्स्टीट्यूट आफ् इण्डोलोजी, दिल्ली तथा कोबा के संग्रह की सूची को रखा जा सकता है । इसमें डो. बालाजी गणोरकर, निदेशक, बी. एल. इन्स्टीट्यूट ओफ् इण्डोलोजी के परिश्रम का अनुकरण करना चाहिए । सभी संस्थान तथा व्यक्तिगत संग्रहों की तालिकाक्रम में एकीकृत सूची बनाने के क्षेत्र में राष्ट्रीय पाण्डुलिपि मिशन ने तीस लाख पाण्डुलिपियों का डेटा तैयार करके अभूतपूर्व कार्य किया है । आशा है अगले कुछ वर्षों में इन सूचियों के कम से कम २०० भाग हमारे सामने होंगे एवं उस स्थिति में विश्व के बौद्धिक रंगमञ्च पर राष्ट्र, सर्वथा एक नवीन बौद्धिक चेतना के साथ प्रस्तुत होगा । आवश्यकता केवल यह है कि इस कार्य को अतिमहत्त्वपूर्ण समझा जाय और श्रेष्ठ विद्वानों के मार्गदर्शन में विवरणात्मक सूची ही प्रकाशित की जाय एवं प्रत्येक भाग के साथ भूमिका में विशिष्ट पाण्डुलिपियों पर अलग से सामग्री प्रस्तुत की जानी चाहिए ।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# વેદની કૃષિવિદ્યા

**મહેન્દ્રકુમાર અંબાલાલ**

પ્રાચીનકાળથી જ વેદોને જ્ઞાનનો ખજાનો માનવાની માન્યતા - પ્રવર્તે છે. ખેતી અને પશુપાલન તો છેક વૈદિક ઋષિઓના જમાનાથી – આજથી આશરે છ-સાત હજાર વર્ષ પૂર્વેથી – ભારતમાં પ્રચલિત છે. એ આજે તો પ્રત્યક્ષ પ્રયોગનો વિષય બની રહ્યો છે. વેદકાળમાં જીવનના મુખ્ય આધાર એવા ખેતીના વ્યવસાયને ઉત્તમ ગણવામાં આવતો. વેદગ્રંથોના અનુશીલન પરથી તત્કાલીન યુગના કૃષિ-વિકાસ અંગે જણાય છે. વેદકાળમાં તો સુખ અને સમૃદ્ધિ કૃષિ પર જ અવલંબિત રહેતાં હતાં. યજુર્વેદમાં સારો પાક થાય તે પ્રકારે ખેતી કરવાનો આદેશ અપાયો છે[1]. ઋગ્વેદમાં જુગારીના વિલાપના સૂક્તમાં પણ "જુગાર રમશો નહિ; ખેતી કરો; તેમાંથી જે ધન મળે તેમાં આનંદ માણો; તેમાં જ ગાયો અને પત્નીની પ્રાપ્તિ છે." તેવો ઉપદેશ ભગવાન સૂર્યદેવતાએ આપ્યો છે[2]. વેદ મુજબ "તમે પ્રચુર ધન અને અન્નના સ્વામી છો.[3]" આ પરિસ્થિતિ આજના ઔદ્યોગિક જમાનામાં કોઈને કદાચ પલટાયેલી લાગે પણ તે આભાસ માત્ર છે. દેશનું સાચું ધન ખેતીની પેદાશમાંથી જ ઉદ્ભવે છે.

પ્રસ્તુત લેખમાં ખેડૂત અને ખેતમજૂર, જમીનના પ્રકારો અને ખેતરો, ખેતીનાં સાધનો, કૃષિયોગ્ય પશુઓ, પાકની સમૃદ્ધિ અને ખાતર, સિંચાઈ, પાકના રોગો અને પાક સંરક્ષણ ઇત્યાદી બાબતો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

**ખેડૂત અને ખેતમજૂર :**

ઋગ્વેદમાં ભૂસ્વામિ અને ભૂશ્રમિકનું પૃથક્-પૃથક્ વર્ણન છે. જમીનદાર માટે 'ક્ષેત્રપતિ'[4] અને હળ ચલાવનાર માટે 'કીનાશ'[5] શબ્દ પ્રયોજાયો છે. વેદકાળમાં જમીનદારો મજૂરોને કામના બદલામાં સુવિધાઓ ચૂકવતા હોવાનો ઉલ્લેખ મળે છે[6]. તો વળી ક્યાંક ક્ષેત્ર વિતરણનો પણ ઉલ્લેખ છે[7]. ખેતીના વ્યવસાયવાળાને બીજી કોઈ પ્રવૃત્તિમાં અવકાશ ન મળવાથી વેદો કે શાસ્ત્રો ન ભણી શકનાર આ ખેડૂતવર્ગ અજ્ઞાન તથા આખાબોલો હોવાનો પડઘો ઋગ્વેદમાં સંભળાય છે. જેમકે "આ લોકો નથી આગળ વધતા કે નથી પાછા પડતા, તેઓ નથી બ્રહ્મના જ્ઞાતા કે નથી સોમયાજક, તેઓ પાપી વાણી ઉચ્ચારે છે અને વણકરની જેમ માત્ર દોરા વણનારા અજ્ઞાનીઓ છે કે જેઓ માત્ર હળ ચલાવી જાણે છે.[8]" આમ તેમનું જીવન કુદરત સાથે તાલમેલ ધરાવતું બની રહેતું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**જમીનના પ્રકારો અને ખેતરો :**

વેદમાં નિર્દિષ્ટ ભૂમિના વિવિધ પ્રકારોમાં માટીવાળી-પથરાળ, ટેકરાળ, પહાડી, રેતાળ, ઢોળાવવાળી, સપાટ, નીચાણવાળી, ફળદ્રુપ, ખેડેલી વગેરે પ્રકારની જમીનો મળે છે. વેદોમાં ઠેર-ઠેર, દૂધ, ઘી, અને મધ કે મધુર જળથી છલકાતી ભૂમિ માટે પ્રાર્થના કરાઈ છે[૯]. યજુર્વેદ મુજબ ''મને પથરાળી, માટીવાળી, નાના ટેકરાવાળી, પહાડી, રેતાળ જમીન અને વનસ્પતિ યજ્ઞ દ્વારા પ્રાપ્ત થાય.[૧૦]

ફળદ્રુપતાની દૃષ્ટિએ જમીનને उर्वरा[૧૧] (ફળદ્રુપ) તથા ऊषर કહી છે. આ (ખારી કે પડતર) ઉપરાંત खिल[૧૨] નામે ભૂમિ વેદમાં પ્રખ્યાત છે. – ખેતરોને ક્ષેત્ર નામે ઓળખવામાં આવતાં, તે પરથી ક્ષેત્રવિદ્, ક્ષેત્રજ્ઞ, ક્ષેત્રંજય, ક્ષેત્રિય જેવા શબ્દો વૈદિક સંહિતાઓમાં મળે છે[૧૩]. વૈદિક-સંહિતાઓમાં કૃષિ, કૃષમાણ, કૃષ્ટ, કૃષ્ટપચ્ય, કૃષ્ટિ વગેરે શબ્દો પણ પ્રયોજાયેલ જણાય છે[૧૪].

ખેતી લગભગ સ્થિર એવા ગ્રામ્યજીવન પર અવલંબિત હોવાથી ઉપલબ્ધ જમીનને વ્યવસ્થિત ખેતરોમાં વિભાજીત કરવામાં આવતી. ''ઇન્દ્રે – પોતાના મિત્રોને ખેતરો અને ગોચર જમીન આપી.''[૧૫] એવા વેદના ઉલ્લેખ પરથી ખેતરો ખાનગી માલિકીનાં હોવાનું કહી શકાય. જમીન લે-વેચ, ફેરબદલી, ભાગ પાડવાની પ્રથા તે સમયે પણ હશે. જમીન-માપણી માટે ચોક્કસ પ્રકારના ગજ કે દાંડાના ઉલ્લેખ ઋગ્વેદમાં મળે છે[૧૬]. ખેતરોની ચો-તરફ કરાતી કાંટાળી વાડને અશ્વો ઠેકી જતા હોવાનો ઉલ્લેખ છે. [૧૭]

ખેતરોમાં જવા માટે સારા રસ્તા હોવા અંગે પ્રાર્થના કરતાં વેદમાં કહ્યું છે કે, "અમે સારાં ખેતરો, સારાં રસ્તાઓ તથા સારી સમૃદ્ધિ માટે તારું યજન કરીએ છીએ.''[૧૮] જમીનની ફળદ્રુપતા અનુસાર ખેતરોને સારાં-નરસાં કહેવામાં આવતાં. મહેનત ન કરનાર ભિખારીને સારાં ખેતર ન આપવાનું કહ્યું છે[૧૯]. વેરાન ખેતરોને ટાલિયા માથા સાથે યાદ કરતાં કહ્યું છે કે - "હે ઇન્દ્ર ! આ અમારી વેરાન જમીન, આ અમારાં શરીર અને મારા પિતાનું મસ્તક – આ સર્વને તું અંકુરિત કર.''[૨૦]

**ખેતીના સાધનો :-**

લોખંડની અણીદાર કોશવાળા લાકડાના હળને વેદકાળમાં ખેતી માટે પ્રમુખ સાધન મનાતું હતું. આવા આખા હળને માટે - 'સીર'[૨૧] શબ્દ, બળદો જોડવાની ધૂંસરી માટે 'लांगल'[૨૨] શબ્દ, ખેડેલી જમીન (ચાસ માટે) 'સીતા'[૨૩] શબ્દ પ્રયોજાતો. અથર્વવેદમાં હળથી ખેડી શુદ્ધ કરેલ જમીનમાં બીજ વાવી, દાતરડા વડે લણી, ધાન્યને ઘેર લઈ જવાનું વર્ણન છે[૨૪].

હળ પકડવાના મૂઠ કે ખૂંટાને વેદમાં 'ત્સરુ'[૨૫] કહે છે. જ્યારે ભૂમિમાં પ્રવેશાવી જમીનને *ઉખાડવાના ઉપકરણને 'फाल'[૨૬] કે स्तग[૨૭] તરીકે ઓળખાતું. હાથ વડે ખોદવામાં કોદાળી, પાવડો,* ખાંપી કે ખૂરપીનો ઉપયોગ થતો, ઋગ્વેદ મુજબ ''અગત્સ્ય કોદાળીથી ખોદતો, પ્રજાસંતાન અને બળની ઇચ્છા કરતો રહ્યો.''[૨૮]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ડૂંડાને લણવા દાંતરડાનો ઉપયોગ થતો, ઋગ્વેદ મુજબ ''હે ઇન્દ્ર ! તારી આશાએ હું આ દાતરડું હાથમાં લઉં છું, લણેલા અને એકઠા કરેલા જવથી મારા હાથ ભરી દે.''[૨૯] તથા ''પાકેલા દાણા પાસે દાતરડાં આવે.''[૩૦] – મોટી ડાળીઓ કે વૃક્ષો કાપવા માટે 'પરશુ' કે કુહાડાનો ઉપયોગ થતો હશે[૩૧]. જેમકે 'ફરસો જેમ દ્રોહીઓને કાપી નાંખે છે.'[૩૨] "જેમ કુહાડાવાળો પુરુષ વૃક્ષને છેદે તેમ અશ્વિનોએ અંધકારને છેદી નાખ્યો[૩૩]. દાણા ચાળવા માટે મોટા ચાળણા કે ચાળણીનો[૩૪] ઉપયોગ થતો, અનાજ લેવા માટેના ખળા માટે 'ખલ' શબ્દ પ્રયોજાયો છે.[૩૫] તથા ગાડા માટે 'अनस्' કે शकटी શબ્દો વેદમાં મળે છે.[૩૬] આ ગાડા સાથે બળદ જોડી ખેડૂત અવાજ કરી ગાડું દોડાવતો[૩૭]. બળદને હાંકવા માટે વપરાતા ચાબૂક માટે તોત્ર, તોદ્ તથા अष्ट्रा શબ્દો પ્રયોજાયા છે[૩૮].

### કૃષિ યોગ્ય પશુઓ :

વેદકાળમાં ગાયને મનુષ્ય જીવનમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત થયું છે. ગાયનું દૂધ, દહીં, માખણ, ઘી વગેરે મનુષ્ય ઉપરાંત દેવોને પણ હવિરૂપે અર્પણ કરાતું. ગાયમાંથી થતા બળદો, આખલા, છાણ, મૂત્ર, ખાતર, વગેરે ખેતી માટે ખૂબ જ ઉપયોગી થતા. વામદેવ ગૌતમ ઋષિ મુજબ ''હે ઇન્દ્ર ! તારી પાસેથી અમે હજારો અને સેંકડો ગાયો અને સમૃદ્ધિની આશા રાખીએ છીએ[૩૯]. કૃષ્ણ આંગિરસ ઋષિ કહે છે કે "અમે ગાયો વડે ગરીબીમાંથી પાર ઊતરીએ.[૪૦]" તથા "હે ઇન્દ્ર ! અમને ભરપુર ગાયો આપ"[૪૧]. અથર્વવેદમાં તો 'સમગ્ર વિશ્વને ગાયરૂપ ગણાવ્યું છે.''[૪૨] વેદકાળમાં માત્ર દૂધ માટે ઉપયોગી એવી ભેંસ માટે 'મહિષી' શબ્દ તથા પાડા માટે મહિષ શબ્દ પ્રયોજાયેલ છે[૪૩]. આ ઉપરાંત ઘોડા માટે વેદમાં वाह, अश्व કે अर्वत[૪૪] શબ્દ તો ઘોડી માટે अश्वा કે अर्वती[૪૫] શબ્દ તથા ખચ્ચર માટે अश्वतर[૪૬] શબ્દો મળે છે. ઘોડાનો ઉપયોગ મહદંશે મુસાફરી માટે તથા રથને જોડવા માટે થતો હતો. વેદ મુજબ 'હે અશ્વ ! તને બાજની પાંખો છે અને હરણનાં અંગો છે[૪૭]. આવા ઘોડા વાડને ઠેકી શત્રુઓનો નાશ કરે છે[૪૮]. ક્યાંક કૂવામાંથી રેંટ દ્વારા પાણી કાઢવા માટે પણ ઘોડાનો ઉપયોગ થતો હશે[૪૯].

ઘેટાં-બકરાં માટે 'अवि' તથા 'अज' નો ઉલ્લેખ છે, ઉપરાંત ગાયો, ઘેટાં-બકરાં અને અન્નરસનું આવાહન કરાયું છે[૫૦]. અથર્વવેદ મુજબ 'ઘેટાં-બકરાં વરૂથી ભય પામીને નાસે છે[૫૧]. તેમનાં છાણ, લીંડી, મૂત્રના ખાતરથી ખેતીની ઊપજ સમૃદ્ધ બને છે[૫૨]. ડુક્કર કે જેને માટે ઋગ્વેદમાં 'वराह'[૫૩] શબ્દ પ્રયોજાયો, તે ઘરની આસપાસ ચોખ્ખાઈ રાખતો હતો. ઋગ્વેદમાં વિષ્ણુએ વરાહ વીંધ્યો હોવાના નિર્દેશથી વરાહ-ભૂંડનો શિકાર થતો હોવાનું જણાય છે[૫૪]. આમ જોતાં કૃષિ માટે મુખ્યત્વે તો ગાય-બળદનો જ ઉપયોગ થતો હશે, તેમ કહી શકાય.

### પાકની સમૃદ્ધિ અને ખાતર :

પાકની સમૃદ્ધિ માટે યજુર્વેદમાં ભૂમિ[૫૫], સૂર્યકિરણો[૫૬], વાયુ[૫૭], રક્ષણ[૫૮], ફળદ્રુપતા[૫૯], જળ[૬૦] અને ખાતર[૬૧] જેવી સાત બાબતો પ્રત્યે સભાન રહેવાનું કહ્યું છે. વેદમાં ઉત્તમ કર્મ ગણાતા ખેતીના જાણકારને વિદ્વાન ગણાતો[૬૨]. અથર્વવેદમાં સમૃદ્ધ પાક થવા માટે પ્રાર્થનાઓ કરતા મંત્રો છે[૬૩]. અથર્વવેદમાં 'શારિશાક' શબ્દ દ્વારા ગાયના છાણનો ચોખાના પાક માટેના ખાતર તરીકે નિર્દેશ છે[૬૪].

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જવ જેવા પાકનાં બીને 'મધ'માં ભેળવીને વાવવામાં આવે તો અનાજના સ્વાદ, કસ, અને જથ્થામાં ઘણો વધારો થતો હોવાનું સૂચન અથર્વવેદમાં મળે છે[૬૫]. ઉપરાંત જેઠીમધનાં વૃક્ષો વાવી સિંચાઈ સમયે કાપીને ઢોળીયામાં નાખવામાં આવે તો સ્વાદિષ્ટ અનાજ મેળવી શકાય. ઋગ્વેદમાં પણ 'મધુ'નો ઉલ્લેખ છે[૬૬].

ગાયના છાણનો ખાતર તરીકે ખાસ ઉપયોગ થતો હોવાનું પ્રમાણ વેદમાં છે કે 'આ ગાયો (करीषिण) ખાતર ઉત્પન્ન કરનારી છે[૬૭]. ગાયો એવી પુષ્ટ હોય જેવી રીતે (शारिशाकेव) ખેતર ખાતરથી પુષ્ટ થાય છે[૬૮]. તેનું છાણ દાસી દૂર ફેંકે છે[૬૯]. તેનું છાણ ઉઠાવે છે[૭૦].

ઉપરોક્ત નિર્દેશોમાં 'करीष', 'शकृत, शकन्, शक, शाक' જેવા શબ્દો ખાતરના વાચક છે. शारिशाक અર્થાત્ 'ગાયોના છાણથી ઉત્પન્ન ખાતર' આવાં છાણ ખાતર ઉપરાંત બળતણ માટે છાણાં બનાવવા પણ વપરાતાં[૭૧].

**સિંચાઈ :**

આજની જેમ તે કાળે પણ વરસાદ મનુષ્ય માટે પાયાની જરૂરિયાત ગણાતો. ઇન્દ્ર કહે છે કે ''વજ્રબાહુ એવા મેં મનુષ્યો માટે આ સમગ્ર સુંદર જળને સુગમ બનાવ્યાં છે[૭૨]. હે જળ ! પત્ની પતિને જોઈને તેની સાથે સમાઈ જાય તેમ તમે આ ચોખાના દાણાઓમાં સમાઈ એક રૂપ થઈ જાંઓ[૭૩]. આ ઉપરાંત વધુ વરસાદ પાકને નુકસાન કરતો હોવાથી તેને રોકવા માટે પણ પ્રાર્થના થતી, જેમ કે 'હે પર્જન્ય ! તેં ભરપૂર વરસાદ વરસાવ્યો છે, હવે તેને અટકાવી દે.'[૭૪]

વૈદિક કાળમાં 'ખરીફ' પાક માટે વર્ષાની ચિંતા હોઈ શકે, પણ 'રવી' પાક માટે તો જળ-સંશોધનના અન્ય સ્રોતોનો પણ આશ્રય લેવાતો, તે માટે કૂવાનું વર્ણન કરાયું છે. ઋગ્વેદમાં કૂવા માટે कूप[૭૫], कर्त[૭૬], वव्र[૭૭], काट[૭૮], खात[૭૯], अवत[૮૦], क्रिवि[૮૧], सूद[૮૨], उत्स[૮૩], कारोतरात[૮૪], केवट[૮૫], વગેરે શબ્દો પ્રયોજાયા છે. 'મરુતોએ તે દિશામાં કૂવો ખોદી તરસ્યા ગૌતમ માટે ઝરણું વહાવ્યું[૮૬] તથા 'સહેલાઈથી ન ખૂટે એવા જળવાળા કૂવામાંથી પાણી ખેંચીને સીંચો[૮૭] મૃત ગાય કે ભેંસના ચામડામાંથી સીવેલો ચામડાનો કોસ બનાવી કૂવામાંથી પાણી કઢાતું હશે.

સિંચાઈના સંદર્ભમાં ઋગ્વેદમાં कूचक्र[૮૮] = જલકર્ષક યંત્ર, अश्मचक्र = પાકાકૂવા અને अंसत्रकोश[૮૯] = બંધિયાર કૂવાઓનો સંકેત મળે છે. યજુર્વેદમાં મળતા स्रुत्य = પાતળી જલધારાવાળી, पंथ्य = પાતળી નળીઓ, काट्य = પોખરો, તળાવો, નદીઓ વડે ખેતરમાં લઈ જવાતું પાણી, कुल्या = કૃત્રિમ નળાઓનું પાણી વગેરે કરાયેલ વર્ણનો[૯૦] પરથી વૈદિક કૃષક નહેરોનું બાંધકામ જાણતો હોવાનું જાણી શકાય છે.

ઉપરોક્ત નિર્દેશો પરથી વૈદિક યુગમાં સિંચાઈનાં બધાં સમુચિત સાધનોનો ઉપયોગ થતો હોવાનું જાણી શકાય છે.

**પાકના રોગ અને પાકસંરક્ષણ :**

ઉગતા ધાન્યને મોટી ઈયળ, કાતરા, તીડ, તીતીઘોડા, તમરાં, ઉંદર, કંસારી, પતંગિયાં, ચકલાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉપરાંત સૂક્ષ્મ જીવાત જેવી કે ઝીણી ઈયળ, ઊધઈ, ફૂગ, કૃમિઓ તથા રોગના જંતુઓ વગેરે આજના જમાનાની જેમ જ પાકને નુકસાન પહોંચાડતાં જ હશે. આવા ઉપદ્રવોથી રક્ષણ મેળવવા અથર્વવેદમાં પ્રાર્થના કરાઈ છે કે ''ઝડપથી દોડનારા, ખૂબ પીડા આપનાર, ચમકતા, ધ્રૂજતા અને હેરાન કરતા નજરે ચડતા કે ન ચડતા કૃમિઓ નાશ પામો''.[९१] ઉપરાંત હે અશ્વિનો ! કાગડા, ભૂંડ અને ઉંદરોનો નાશ કરો, તેમનાં માથાં કાપી નાખો, અમારા પાકને અભય આપો.[९२] હે કાગડા ! હે તીડ ! જેમ ઋત્વિજ અયોગ્ય હવિને છોડી દે તેમ ખાધા વગર અને આ અનાજને નુકસાન કર્યા વગર દૂર જા.[९३] સૂર્યનો આકરો તડકો જંતુઓનો નાશ કરે છે તેવો ઉલ્લેખ પણ વેદમાં મળે છે.[९४]

આ ઉપરાંત કાકડાશિંગી નામે ઓળખાતી વૈદિક અજશૃંગી નામની વનસ્પતિ માટે કહેવાયું છે કે "હે અજશૃંગી ! પોતાની વાસથી બધા રોગ અને કૃમિઓને દૂર કર અને નાશ કર".[९५] આ ઉપરાંત કહેવાયું છે કે ''હે કૃમીઓ, તમે ગુગ્ગુલ, પીલુ, માંસી (વીરણમૂળ), ઓક્ષગન્ધી (સફેદ ભોંયકોળું) તથા પ્રમન્દની(ધાવડી) આ પાંચ વનસ્પતિઓને જાણો અને અહીંથી દૂર ચાલ્યા જાઓ[९६]. આવી ઔષધિમાં અગ્નિ નાંખવાથી તેના ધુમાડાથી પણ જીવાત નાશ પામે છે.

આ ઉપરાંત ''જયાં પીપળો, વડ, મહાવૃક્ષ (થોર) અને શિખંડી - (જુઈ), ડોલતીધરો, સાદડાનું વૃક્ષ, અઘેડો, કાકડાશિંગી (કંકરી) હોય છે ત્યાંથી સાવધાન થઈને પાણીમાં સંચાર કરનાર કૃમિઓ ! દૂર ચાલ્યા જાઓ''.[९७] આ ઉપરાંત કુવારપાઠા (अयरमय) તથા ધતુરા (હિરણ્યયી)થી કૃમિઓના રક્ષણની જાણ પણ અથર્વવેદમાં મળે છે.[९८] લોધર(મુષ્ક)ના વૃક્ષથી પણ જંતુનાશનો ઉલ્લેખ છે.[९९] લોધરનો ભૂક્કો ભભરાવવાથી પણ જંતુ દૂર થવાનું સૂચન અહીં કરાયું છે.

આમ વેદકાલીન ઋષિઓ કૃષિથી સુપરિચિત હોવાનું તેમના દીર્ઘકાલિક અનુભવ અને પ્રયોગો પરથી જણાય છે. આજે વિશ્વભરના કૃષિતજજ્ઞો નવીન પ્રભાવશાળી તત્ત્વની શોધમાં કૃષિક્ષેત્રે અહર્નિશ લાગેલા છે, પણ તેના મૂળમાં તો પ્રાચીન પરંપરા જ કારણભૂત હતી, તેનું પ્રમાણ વેદ સંહિતાઓમાં મળી રહે છે. આમ આ કૃષિશાસ્ત્રની એક પ્રદીર્ઘ અવિચ્છિન્ન પરંપરા ભારતમાં ચાલી આવી છે. આવા વેદના નિર્દેશો પરથી તો આપણો પ્રાચીન વારસો ભવ્ય અને સુસંસ્કૃત હોવાનું ગૌરવ થાય છે.

**પાદનોંધ**

૧. सुसस्याः कृषिस्कृधि । (યજુ. સં. - ૪/૧૦)

૨. ઋ. સં. ૧૦-૩૪-૧૩

૩. क्षयन्तौ रायो यवसस्य भूरे.....। (ઋ. સં. ૭/૯૩/૨)

૪. ઋ. સં. - ૪/૫૭/૩

૫. ઋ. સં. - ૪/૫૭/૮

૬. ઋ. સં. - ૪/૫૭/૧

૭. ઋ. સં. - ૧/૧૧૨/૧૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૮. ઋ. સં. - ૧૦/૯૧/૯
૯. યજુ. સં.- ૧૨/૭૦, ઋ. સં. - ૧૦-૭૫-૮ તથા ૧/૧૨૫/૫
૧૦. યજુ. સં. - ૧૮/૧૩.
૧૧. ઋ. સં. - ૪/૪૧/૬, ૧/૧૨૭/૬. અથર્વ. સં. - ૧૪/૨/૧૪
૧૨. અથર્વ. સં. - ૭/૧૧૫/૪
૧૩. ઋ. સં. - ૧/૧૦૦/૧૮, ૧/૩૩/૧૫, ૭/૧૯/૩, ૯/૭૦/૯ ય. સં. - ૩૩/૬૦
૧૪. ઋ. સં. - ૧/૪/૬, ૪/૩૮/૯/, ૭/૮૨/૯., ૧૦/૩૪/૧૩, અથર્વ. સં. - ૮/૧૩/૧૨
૧૫. ઋ. સં. - ૩/૩૧/૧૫.
૧૬. ઋ. સં. - ૧/૧૧૦/૫
૧૭. ય. સં. - ૨/૧૭, ૧૨/૭૭
૧૮. सुक्षेत्रिया सुगातुया वसुया चे यजामहे । (ઋ. સં. - ૧/૯૭/૨)
૧૯. क्षेत्रं न रण्वमूचुषे । (ઋ. સં. - ૧૦/૩૩/૬)
૨૦. ઋ. સં. - ૮/૯૧/૫-૬
૨૧. ઋ. સં. - ૧૦/૧૦૧/૩
૨૨. ઋ. સં. - ૪/૫૭/૪
૨૩. ઋ. સં. - ૪/૫૭/૬-૭
૨૪. અથર્વ. સં. - ૩/૧૭/૧-૨
૨૫. અથર્વ. સં. - ૩/૧૭/૩
૨૬. ઋ. સં. - ૪/૫૭/૮, ૧૦/૧૧૭/૭
૨૭. ઋ. સં. - ૧૦/૩૧/૯, અથર્વ સં. - ૧૮/૧/૩૯
૨૮. ઋ. સં. - ૧/૧૭૯/૬
૨૯. ઋ. સં. - ૮/૭૮/૧૦
૩૦. नेदीयं इत् सृण्यः पक्वमेयात् । (ઋ. સં. - ૧૦/૧૦૧/૩)
૩૧. अयं हित्वी स्वधितिस्तेतिजानः प्रणिनाय महते सौभगाय । (ય. સં. - ૫/૪૩)
૩૨. ઋ. સં. - ૧/૧૨૭/૩
૩૩. ઋ. સં. - ૮/૭૩/૧૭
૩૪. सक्तुमिव तितउना पुनन्तो यत्र । (ઋ. સં. - ૧૦/૭૧/૨)
૩૫. खले न पर्षान् प्रति हन्मि भूरि । (ઋ. સં. - ૧૦/૪૮/૪)
૩૬. ययाथे दूरादनेसा रथेन । (ઋ. સં. - ૩/૩૩/૧૦)
शकटीरिव सर्जति । (ઋ. સં. - ૧૦/૧૪૬/૬)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૩૭. ઋ. સં. - ૧૦/૧૦૨/૬

૩૮. ઋ. સં. - ૪/૧૬/૧૧, ૪/૫૭/૪, ૧૦/૧૦૨/૮

૩૯. ઋ. સં. - ૪/૩૨/૧૮

૪૦. गौभिष्टरमामेति दुरेवाम्..........। (ઋ. સં. - ૧૦/૪૪/૧૦)

૪૧. ઋ. સં. - ૧/૧૦/૭-૮

૪૨. અથર્વ. સં. - ૯/૭/૨૫-૨૬

૪૩. ઋ. સં. - ૧/૧૨૧/૨, ૫/૫૭/૩, ય. સં. - ૧૨/૧૦૫

૪૪. ઋ. સં. - ૧/૩૮/૧૨, ૧/૭૩/૯, ૧૦/૧૦૧/૭

૪૫. ઋ. સં. - ૯/૧૦૭/૮, ૧૦/૫/૨, અથર્વ. સં. - ૧૦/૪/૨૧

૪૬. અથર્વ. સં. - ૪/૪/૮

૪૭. श्येनस्ये पक्षा हेरिणस्ये बाहू उपस्तुत्यं महि जातं त अर्वन् । (ઋ. સં. - ૧/૧૬૩/૧)

૪૮. ય. સં. - ૨૯/૪૪

૪૯. ઋ. સં. - ૧૦/૧૦૧/૭

૫૦. ય. સં. - ૩/૪૩

૫૧. यथा वृकोद्जावयो धोवन्ति बहु बिभ्येती: । (અથર્વ. સં. - ૫/૨૧/૫)

૫૨. અથર્વ. સં. - ૮/૯/૨૫

૫૩. ઋ. સં. - ૯/૯૭/૭

૫૪. ઋ. સં. - ૧/૬૧/૭

૫૫. ય. સં. - ૧૮/૩૦

૫૬. विश्वे भवन्त्वग्नय: समिद्धा: । (ય. સં. - ૧૮/૩૧)

૫૭. विश्वे अद्य मरुत: ......... (ય. સં. - ૧૮/૩૧)

૫૮. विश्वे नो देवा अवसाऽऽगमन्तु । (ય. સં. - ૧૮/૩૧)

૫૯. विश्वमस्तु द्रविणं वाजो अस्मे । (ય. સં. - ૧૮/૩૧)

૬૦. सम्मां सृजामि पयसा पृथिव्या । (ય. સં. - ૧૮/૩૫)

૬૧. सम्मां सृजामि अद्भिरोषधीभि: । (ય. સં. - ૧૮/૩૫)

૬૨. सीरा युञ्जन्ति कवय: । (યજુ. સં. - ૧૮/૬૭)

૬૩. અથર્વ. સં. - ૭/૧૮/૨, ૭/૩૯/૧, ૩/૨૪/૧, ૨,૫,૭ ૩/૧૭/૯

૬૪. અથર્વ. સં. - ૩/૧૪/૫

૬૫. અથર્વ .સં. - ૬/૩૦/૧

૬૬. ઋ. સં. - ૪/૫૭/૨-૩, ૧/૧૦/૫,૬,૭

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૬૭. અથર્વ. સં. - ૩/૧૪/૨
૬૮. અથર્વ. સં. - ૩/૧૪/૫
૬૯. અથર્વ. સં. - ૧૨/૪/૯
૭૦. ઋ. સં. - ૧/૧૬૧/૧૦
૭૧. ઋ. સં. - ૧/૧૬૧/૧૦, યજુ. સં. - ૨૨/૮
૭૨. ઋ. સં. - ૧/૧૬૫/૮
૭૩. અથર્વ. સં. - ૧૨/૩/૨૯
૭૪. अवर्षाविर्षमुदु वू गृभार । (ઋ. સં. - ૫/૮૩/૧૦)
૭૫. ઋ. સં. - ૧/૧૦૫/૧૭
૭૬. ઋ. સં. - ૨/૩૪/૬, ૬/૫૧/૧૫
૭૭. ઋ. સં. - ૧/૫૨/૩, ૫/૩૨/૮
૭૮. ઋ. સં. - ૧/૧૦૬/૬
૭૯. ઋ. સં. - ૪/૫૦/૩
૮૦. ઋ. સં. - ૪/૧૭/૧૬
૮૧. ઋ. સં. - ૮/૮૭/૧
૮૨. ઋ. સં. - ૧૦/૩૯/૮
૮૩. ઋ. સં. - ૨/૧૬/૭, ૩/૨૬/૯
૮૪. ઋ. સં. - ૧/૧૧૬/૭
૮૫. ઋ. સં. - ૬/૫૪/૭
૮૬. ઋ. સં. - ૧/૮૫/૧૧
૮૭. ઋ. સં. - ૧૦/૧૦૧/૫-૬
૮૮. ઋ. સં. - ૧૦/૧૦૨/૧૧
૮૯. ઋ. સં. - ૧૦/૧૦૧/૭
૯૦. ય. સં. - ૧૬/૩૭-૩૮
૯૧. અથર્વ. સં. - ૫/૨૩/૪-૭
૯૨. અથર્વ. સં. - ૬/૫૦/૧
૯૩. અથર્વ. સં. - ૬/૫૦/૨-૩
૯૪. અથર્વ. સં. - ૨/૩૨/૧, ૫/૨૩/૬
૯૫. અથર્વ. સં. - ૪/૩૭/૨, ૬
૯૬. અથર્વ. સં. - ૪/૩૭/૩
૯૭. અથર્વ. સં. - ૪/૩૭/૪-૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૯૮. અથર્વ. સં. - ૪/૩૭/૮-૯

૯૯. અથર્વ. સં. - ૪/૩૭/૭

**સંદર્ભગ્રન્થ સૂચિ**


(१) ऋग्वेद - भाग १-३-४ प्रथम आवृत्ति, संपादक - पं. श्रीराम शर्मा आचार्य, प्रकाशक - ब्रह्मवर्चस - शान्तिकुञ्ज, हरिद्वार, ई.स. १९९५.

(२) ऋग्वेद - भाग - २, द्वितीय आवृत्ति, ऐजन, ई.स. १९९७.

(३) यजुर्वेद संहिता - द्वितीय आवृत्ति, ऐजन, ई.स. १९९७

(४) सामवेद संहिता - प्रथम आवृत्ति, ऐजन, ई.स. १९९४.

(५) अथर्ववेद - भाग - १ द्वितीय आवृत्ति, ऐजन, ई.स. १९९६.

(६) अथर्ववेद संहिता - भाग - २ प्रथम आवृत्ति, ऐजन, ई.स. १९९५.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# વૈદિક વાઙ્મયમાં તત્કાલીન સમાજનું નિરૂપણ

અલ્કેશા ડી. વણિક

**પ્રસ્તાવના :-**

વેદો ભારતીય સંસ્કૃતિના સર્વોચ્ચ શીખર સમાન છે. વેદ પરમાત્માના નિશ્વાસ સમાન છે. ભારતીય પરંપરા અનુસાર વેદ અપૌરુષેય છે. વેદ શબ્દ विद् ધાતુને घञ् પ્રત્યય લગાડવાથી બન્યો છે વેદ ભારતમાં સર્વોપરિ છે. હિન્દુ ધર્મનો મુલસ્ત્રોત છે. તેથી જ वेदोऽखिलो धर्ममूलम् એમ મનુસ્મૃતિમાં કહેવાય છે દાર્શનિક દૃષ્ટિએ બધા જ આસ્તિક દર્શનો પોતાનો મૂળ સ્ત્રોત વેદ જ બતાવે છે સામાજિક રાજનૈતિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ ઉપયોગી વિભિન્ન સંસ્થાઓના મૂળ આર્વિભાવ ભારતીય પરંપરાનુસાર વેદોમાંથી થયો છે. મનુ એ કહ્યું છે

**सर्वषा तु स ................**

વેદો માનવ હિત પોતાની ભલાઈ માટે થોડા વર્ણન અને ઉપદેશ કરવાને યોગ્ય છે તેવુ મન્ત્રાત્મક શૈલીમાં કહેલું છે. ઋગ્વેદ વગેરે વેદોમાં તત્કાલિન સમાજ અને સભ્યતાનું વિસ્તૃત વિતરણ પ્રાપ્ત થાય છે.

**સામાજિક દૃષ્ટિએ વર્ગીકરણ :**

વૈદિક સાહિત્ય તરફ દૃષ્ટિપાત કરતા ઋગ્વૈદિક સમાજ શ્રમવિભાજનના સિદ્ધાંત અનુસાર ચાર ભાગોમાં વિભક્ત જોવા મળે છે.

**ब्राह्मणोऽस्य मुख मासीद् बाहूः राजन्यः कृतः ।**
**ऊरू तदस्य यदवैश्यः पद्भ्यां शूद्रो अजायत ॥[१] (ऋग्वेद १०-९०-१२)**

આના જ કારણે હર્બર્ટ સ્પેન્સર જેવા સમાજશાસ્ત્રીઓ સમાજને એક જીવીત શરીર માને છે. અહીં પુરુષ સૂક્તમાં સમાજની પરિકલ્પના અવયવોના રૂપમાં કરી છે. વૈદિક સાહિત્યમાં – યુગમાં – આ વ્યવસ્થા જન્મઆધારિત નહિ પરંતુ કર્માધિન હતી.

**प्रियं मा कृणु देवेषु प्रियं राजसु मा कृणु ।**
**प्रियं सर्वस्य पश्यत उत शूद्र उतायं ॥[२] અથર્વવેદ - ૧૯.૬૨.૧**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમાજની સમરસતાનો ખ્યાલ નિહિત છે.

વૈદિક સમયમાં-સમાજમાં શૂદ્રો પ્રત્યે તિરસ્કારની કોઈ જ ભાવના વિદ્યમાન ન હતી શતપથ બ્રાહ્મણ – ૫.૬.૯ પ્રમાણે.

રાજ્યાભિષેક પ્રસંગે જે નવ રત્નોનું વર્ણન છે એમાં શુદ્રોનો પણ સમાવેશ થયેલ છે. આમ વસ્તુતઃ વૈદિક સમાજ સમરસતામાં જ માનનારો હતો તથા એક જ પરિવારમાં, વિભિન્ન વર્ગગત વ્યવસાયોથી સંબંધિત લોકો પરસ્પર પ્રેમ અને સૌમનસ્ય પૂર્વક નિવાસ કરતા જોવા મળે છે.

**કૌટુંબિક જીવન :**

વૈદિક સાહિત્યમાં ભારતીય પરિવારોમાં સુખ અને સાંમજસ્યનું વાતાવરણ સ્પષ્ટ દષ્ટિગોચર થાય છે. ગૃહિણીનું પરિવારમાં સર્વાધિક મહત્ત્વપૂર્ણ સ્થાન છે. પત્ની ઘરની સંભાળ, બાળકોનું લાલન-પાલન સાથે અગ્નિહોત્રાદિ કાર્યોમાં ભાગ લેતી અને પતિના ધાર્મિક અનુષ્ઠાનમાં સહયોગ આપતી. ઋગ્વેદ–૩.૫૩.૬ પ્રમાણે

**अपाः सोममस्तमिंद्र प्रयोहि कल्याणीर्जाया सुरणं गृहे ते ।**
**यत्रा रथस्य बृहतो निधानं विमोचनं वाजिनो दक्षिणावत् ॥**[३]

સુંદર વેશભૂષાથી વિભૂષિત થઈને આનંદદાયક સ્મિત ફેલાવતી સ્ત્રી પતિની પ્રિયતમા તો હતી જ પરંતુ એના દાયિત્વોમાં પણ હોંશે-હોંશે ભાગ લેતી. (ઋગ્વેદ - ૧.૧૨૨.૨૧૨.૪.૩.૨)

**सिंधोरिव प्राध्वने श्रूधनासो वातप्रमियः पतयन्ति यह्वाः ।**
**धृतस्य धारा अरूषो न वाजी काष्ठा भिंदन्नुर्मिभः पिन्वमान ॥**[४] ૪-૫૮-૭

વૈદિક ગૃહિણીનું જીવન સ્પૃહનીય છે. વૈવાહિક મંત્રોમાં તેના ગૌરવ, દાયિત્વો અને અધિકારો સ્પષ્ટ થાય છે. તે સાચે જ પત્ની-ગૃહની સામ્રાજ્ઞી હતી.

પરિવારના દરેક સદસ્યો એક બીજા સાથે મધુર વ્યવહાર કરતા ભાઈ-બહેન મીઠા વચનોના પ્રયોગ

**નારીની સ્થિતિ :**

સ્ત્રી અને પુરુષને માનવજીવનની ગાડીના બે ચક્રો સમજીને સ્ત્રીને પુરુષની સમકક્ષ જ સ્થાન આપેલ છે. પત્ની પુરુષનું અર્ધું અંગ છે.

**सम्राज्ञी श्वसुरे भव सम्राज्ञी श्चश्रवां भव ।**
**ननान्दरि सम्राज्ञी भव सम्राज्ञी अधि देवृषुं ॥**[५]

ઋગ્વેદ ૧૦.૮૫.૨૫ પ્રમાણે નવવિવાહિત વધૂને પોતાના ઘરમાં પ્રવેશીને ઘરના સભ્યો પર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શાસન કરવા આમંત્રિત કરવામાં આવે છે. અહીં શાસન કરવું એટલે પ્રેમથી ભળી જવું અને આદર પામવો એમ અર્થ થાય છે. આ જ બાબતની પુષ્ટિ કરતા ઋગ્વેદ – ૧૦.૮૫.૪૩

आ न प्रजां जनयतु प्रजापतिराजरसाय समनत्कर्यमा ।
अदुर्मगलीः पतिलोकमा विश शं नो भव द्विपदे शं चतुष्पदे ॥[६]

માં તથા ૧૦.૮૫.૪૬ માં નિર્દેશ છે.

સ્ત્રીઓ પણ પુરુષોની જેમ બ્રહ્મચર્ય પૂર્વક વિદ્યાઉપાસના કરતી. અથર્વવેદ – ૧૧.૫.૧૮

ब्रह्मचर्येण कन्योरू युवानं विन्देत् पतिम् ।
अनऽवान ब्रह्मचर्येणाश्चो घासं जिगीर्षति ॥[७]

માં જણાવેલ છે. વૈદિક નારીઓમાં ઘોષા, કાક્ષીવતી, લોપામુદ્રા, મમતા, અપાલા, સૂર્યા, ઇન્દ્રાણી, શમી, સાપેરાજ્ઞી, વિશ્વધારા વગેરે સ્ત્રીઓના નામો વિશેષ આદર સાથે લેવાતા. ઋગ્વેદ – ૫.૩૦.૯

स्त्रियो हि दास आयुधानि चक्रे किं मा करन्नबला अस्य सेनाः ।
अंनह्यख्यंदुमे अस्य धेने अथोप प्रैद्युधये दस्युमिंद्रः ॥[८]

પ્રમાણે સ્ત્રીઓ પણ જરૂર જણાયે હાથમાં શસ્ત્રો સજીને દુશ્મનોનો સામનો કરેલ છે. અર્થાત્ સ્ત્રી સૈન્યની વિભાવના અહીં સ્પષ્ટ દષ્ટિગોચર થાય છે.

**વૈવાહિક માન્યતા :**

વૈદિક સાહિત્યના દષ્ટિપાતથી સ્પષ્ટ થાય છે કે તે સમયે બાળલગ્નની પ્રથા નહોતી. વિવાહ યોગ્ય ઉંમર બાદ જ અર્થાત્ પૂર્ણ યૌવન પ્રાપ્ત કર્યા પછી જ સ્ત્રી પુરુષનો વિવાહ સંપન્ન થતો. સગોત્ર વિવાહ નિષિદ્ધ હતા. સ્ત્રીને પતિ પસંદ કરવાનો પૂર્ણ અધિકાર હતો. ઋગ્વેદ – ૯.૬૭.૧૦–૧૨ તથા ૧૦.૫૯.૭

पुनर्नो असुं पृथिवी ददातु पुनर्द्यौर्देवी पुनरन्तरिक्षं ।
पुनर्नः सोमस्तन्वं ददातु पुनः पूषा पथ्यांरु या स्वस्तिः ॥[९]

દ્વારા આ બાબતો સિદ્ધ થયેલ દેખાય છે. વળી તે સમયે આંતરજ્ઞાતીય લગ્નની પ્રથા પણ પ્રચલિત અને માન્ય હતી. અંગિરસ ઋષિની પુત્રી શશ્વતીએ રાજા અસંગ સાથે વિવાહ કરેલો. ઋગ્વેદ–૮.૧.૩૨-૩૪

य ऋज्रा मह्यं मामहे सह त्वचा हिरण्यया ।
एष विश्वान्यभ्यस्नु सौभगासंगस्य स्वनद्रथः ॥[१०] ८/१/३२
अद्य प्रायोगिरति दासदन्यानासङ्गो अग्ने दशमिः सहस्त्रैः ।
अधोक्षणो दश मह्यं रूशंतो नळा इव सरसो निरतिष्ठन् ॥[११] ८/१/३३
अन्वस्य स्थूरं ददृशे पुरस्तादनस्थ ऊरूरवरंबमाणः ।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**शश्वती नार्यभिचक्ष्याह सुभद्रमर्य भोजनं बिभर्षि ।।**[१२] ८/१/३४

એક પત્ની વિચાર જ આદર્શ માનવમાં આવતો. પરંતુ અપવાદ સ્વરૂપે બહુપત્નીત્વની પ્રથા પણ અસ્તિત્વમાં હતી.

**વિધવા-વિવાહ :**

વેદકાલીન સમાજમાં વિધવા સ્ત્રીઓને પુનઃલગ્નની અનુમતી પ્રાપ્ય હતી. ઋગ્વેદ–૧૦.૧૮.૮

**उदीर्ष्व नार्यभि जीवलोकं गतासुमेतमुप शेष एहि ।**
**हस्तगामस्य दिधिषोस्तवेदं पत्युर्जनित्वमभि सं बभूथ ।।**[१३]

પ્રમાણે તે બાબત સિદ્ધ દેખાય છે. વળી ઋગ્વેદ – ૧૦.૪૦.૨ માં જણાવેલ છે કે,

**कुह स्विद्दोषा कुह वस्तोरश्विना कुहाभिपित्वं करतः कुहोषतुः ।**
**को वा शयुत्रा विधवेव देवरं मर्यं न योषा कृणुते सधस्थ आ ।।**[१४]

વિધવા જે પ્રકારે તેના દેવરની સાથે રહે છે. પુરુષ સ્ત્રીની સાથે રહે છે. એ પ્રમાણે તમે બંને કોની સાથે રહો છો અહીં 'દેવર'નો અર્થ 'બીજો વર' એમ થાય છે. અથર્વવેદમાં પણ વિધવા–વિવાહનો ઉલ્લેખ છે. અથર્વવેદ–૯.૫.૨૭–૨૮ તે બાબત સ્પષ્ટ દષ્ટિગોચર થાય છે.

**શિક્ષણ-પદ્ધતિ :**

વેદક શિક્ષણ પદ્ધતિનો પ્રમુખ ઉદ્દેશ્ય માનવની આંતરિક શક્તિઓને સુવિકસિત કરી અને એને જીવનની સમસ્યાઓના ઉકેલ માટે સમર્થ બનાવવાનો છે. ઋગ્વેદ–૧૦.૧૦.૮.૫ પ્રમાણે અથર્વવેદના ૧૧માં કાંડમાં બ્રહ્મચારીના આદર્શ જે નિરૂપિત થયેલ છે.

તત્કાલીન શિક્ષણ વ્યવસ્થા સ્મૃતિ, ધારણા અને બોધ એ ત્રણ પર આશ્રિત હતી. ઋગ્વેદના મણ્ડૂક સૂકતમાં ફક્ત ગોખણપટ્ટી કરનાર અને પોપટની જેમ અભ્યાસુને દેડકા સાથે સરખાવેલ છે.

વેદકાલીન યુગમાં આચાર્યોની ધારણા હતી કે વિદ્યા સાથે મરવું શ્રેષ્ઠ છે તથા જિજ્ઞાસારહિત શિષ્યને વિદ્યાદાન કરવાનો કોઈ જ અર્થ નથી.

વેદકાલીન શિક્ષણપ્રણાલિકા વેદ, વેદાંગ, માનવશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, ખનીજવિદ્યા, તર્કશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, બ્રહ્મવિદ્યા Military Science, Political Science, Astronomy, Toxicalory Physical Geography, Anthropoloy વગેરેનો અભ્યાસ થતો.

ગુરૂ એજ શિષ્યને પોતાનું જ્ઞાન પ્રદાન કરતા જે પવિત્ર, અપ્રમાદી, મેધાવી, બ્રહ્મચારી અને જ્ઞાનનો સંરક્ષક હોય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગુરૂ સાચું બોલો, ધર્મનું આચરણ કરો સ્વાધ્યાયમાં પ્રમાદ ન કરો. માતા-પિતા-આચાર્ય-અતિથિને દેવતા સમાન સમજો વગેરે ઉપદેશ આપતા.

વૈદિક સમયમાં સ્ત્રીઓ પણ પુરુષોની સમાન શિક્ષા પ્રાપ્ત કરતી. ગાર્ગી, વાચકનવી અને મૈત્રેયી વગેરે નારીઓમાં તત્ત્વજ્ઞાન જેવા ગૂઢ વિષયોમાં પોતાની અમીટ છાપ છોડી છે. જેને લોકો આજે પણ યાદ કરે છે.

**નિવાસ-વ્યવસ્થા :**

વેદકાલીન સમાજમાં લોકો ગ્રામ અને નગર બંનેમાં રહેતા. ઘણા સમય સુધી પશ્ચિમી વિદ્વાનો વૈદિક સંસ્કૃતિને ગ્રામીણ જ સમજતા પરંતુ હવે તેમનો આ ભ્રમ દૂર થયેલ છે. કોઈપણ સંસ્કૃતિ ન તો ફક્ત ગ્રામમાં જ વિકસે છે. ન ફક્ત કેવળ નગરોમાં વૈદિક સમયમાં દુર્ગોનું અસ્તિત્વ હતું. લોહદુર્ગનો ઋગ્વેદ–૪.૩૦.૨૦

**शतमश्मन्मयीनां पुरामिंद्रो व्यास्यत् दिवोदासाय दाशुषे ।।**[१५]માં નિર્દેશ છે. ઋગ્વેદ-૧.૧૧૬.૮

**हिमेनाग्निं ध्रंसमेवारयेथां पितुमतिमूर्जमस्मां अद्यतं ।**
**ऋबीसे अत्रिमाश्विनावनीतमुन्निन्यथुः सर्वगणं स्वस्ति ।।**[१६]

માં પણ કિલ્લાંનો ઉલ્લેખ છે. ઈન્દ્રે દસ્યુરાજ શંબરના કિલ્લાઓને ધ્વસ્ત કર્યો હતો. વૈદિક આવાસ ગૃહ બધી જ આવશ્યક્તાઓથી યુક્ત હતા. ગૃહ નિર્માણની સામગ્રીમાં વાંસ, મિટ્ટી, લાકડા, પથ્થરો તથા ઈંટોનો વિશેષરૂપમાં પ્રયોગ થતો. ઘરના વિભિન્ન કક્ષ-અગ્નિશાળા, ભાંડારકક્ષ, અંતઃપુર, બેઠકરૂમ, અતિથિકક્ષ વગેરેનો નિર્દેશ છે. ગૃહના અધિષ્ઠાતા દેવતાના રૂપમાં વૈદિક સાહિત્યમાં 'વાસ્તોષ્પતિ' દેવ વાસ્તુદેવનો ઉલ્લેખ છે.

**ભોજન અને પીણાં-પેય પદાર્થો :-**

જવ, ચાવલ-ચોખા, ઘઉં, મગ, અડદ વગેરે ધાન્યો ખેતી દ્વારા કરવામાં પ્રાપ્ત કરવામાં આવતા હતા. આ સિવાય ઘી, દૂધ, દહીં વગેરે ભોજન-સામગ્રી પરં ઉપયોગમાં લેવામાં આવતી. 'સોમરસ' એ તત્કાલિન સમાજનું પ્રિય પીણું હતું. યજુર્વેદમાં ૧૮.૧૨

**व्रीहयेश्च मे यवांश्च में माषाश्च मे तिलाश्च**
**मे मुद्गाश्च में खल्वाश्च मे प्रियङ्गवश्च**
**मेऽणवश्च मे श्यामाकाश्च मे नीवाराश्च मे**
**गोधूमाश्च मे मसूरांश्च मे यज्ञेन कल्पन्ताम् ।।**[१७]

માં તત્કાલીન સમાજના-વિભિન્ન ધાન્યોનો સુંદર ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

આ ઉપરાંત ઋગ્વેદ-૧.૬૨.૨, ૩.૫૩.૩, ૩.૫૨.૫. તથા ૬.૨૯.૪ માં પણ ધાન્યાદિનો નિર્દેશ પ્રાપ્ત થાય છે. ઋગ્વેદ-૧.૧૮૭.૧૬ માં પૂષનૂ દેવને પ્રસન્ન કરવા શેકેલા જવના લોટનો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દૂધ અથવા ઘી મેળવીને 'કશમ્ભ' નામનો ભોજ્ય-ખાદ્ય-પદાર્થ તૈયાર કરવાનો નિર્દેશ છે. ગાયનું દૂધ વલોવી-મંથન કરીને દહીં મેળવીને વિવિધ પ્રકારના ખાદ્ય પદાર્થો તે સમયમાં બનાવવામાં આવતા ઋગ્વેદકાલીન-સંહિતા કાલીન-જીવન પૂર્ણતયાઃ શાકાહારી હતું. પરંતુ ધીમે-ધીમે બ્રાહ્મણ યુગમાં ધીરે ધીરે માંસાહારનો પ્રયોગ કેટલાક લોકો કરવા લાગ્યા હતા. સુરા-પાન ને વૈદિક યુગમાં ઉચિત ગણવામાં આવતું નહોતું.

**न स स्वो दक्षो वरुण ध्रुतिः सा सुरा मन्युर्विमीदको अचित्तिः ।**
**अस्ति ज्यायान्कनीयस उपारे स्वप्नश्चनेदनृतस्य प्रयोता ॥**[१८] — ऋग्वेद-७/८६/६

અહીં સુરા-પાન અપરાધ ભાવનાનો પ્રોત્સાહિત કરનારુ માનવામાં આવતું. ઋગ્વેદ–૩.૪૫.૪

**आ नस्तुजं रयिं भरांशं न प्रतिजानते ।**
**वृक्षं पक्कं फलमङ्कीव धूनुहींद्र संपारणं वसु ॥**[१९]

પ્રમાણે વૈદિક આર્યો સારી રીતે પકાવેલ ફળોનો ઉપયોગ કરતા હોવાનું જણાય છે.

**વસ્ત્રાભૂષણ :-**

તત્કાલીન યુગમાં વાસમ્ અધોવસ્ત્ર અને 'ઉતરીય' નામના બે વસ્ત્રો સામાન્યરૂપમાં પહેરવામાં આવતા. પશ્ચાત્ય યુગમાં અંતઃવસ્ત્રનો પણ નિર્દેશ મળે છે. સામાન્ય રીતે ચામડું, ઉન તથા કપાસ વગેરેના વસ્ત્રો પહેલાં પહેરવામાં આવતા. યજ્ઞાદિના વિશેષ અવસરો અજિન તથા કુશમાંથી બનાવેલ વસ્ત્રોનો ઉપયોગ થતો. ઋગ્વેદ-૫.૫૨.૯ પ્રમાણે ધનવાન લોકો રેશમી વસ્ત્રો પહેરતા એવા નિર્દેશ મળે છે. ઋગ્વેદ–૧.૨૫.૧૩

**बिभ्रंद्द्रापिं हिरण्ययं वरूणो वस्त निर्णिजम् ।**
**परि स्पशो नि षेदिरे ॥**[२०]

મંત્રમાં જણાવ્યાનુસાર સુવર્ણજડિત વસ્ત્રાભૂષણ પણ પહરેવેશમાં વપરાતા હશે. ઋગ્વેદ-૧૦.૭૧.૪ તથા ઋગ્વેદ-૧૦.૧૦૭.૯માં પણ તેનો નિર્દેશ છે.

આભૂષણોનો ઉપયોગ સ્ત્રી તથા પુરુષો તમામ કરતા હશે. ગળામાં પહેરવાના ઘરેણું સુવર્ણાભુષણને 'નિષ્ક'નો ઋગ્વેદમાં ૨.૩૩.૧૦માં નિર્દેશ છે. વક્ષઃ સ્થળ પર પહેરવાના ઘરેણાં રકમાનો પણ નિર્દેશ મળે છે. 'ખાદિ' નામના આભૂષણનો પગમાં અથવા હાથમાં-બાવડાં કે કલાઈમાં પહેરવામાં આવતું. આ ઉપરાંત કાનમાં કર્ણશોભન પહેરવામાં આવતું હશે. યજુર્વેદમાં સુવર્ણકાર સોનીનો નિર્દેશ મળે છે.

**ઉદ્યોગ-ધંધા અને વેપાર-વાણિજ્ય :-**

વૈદિક સમયમાં અનેક પ્રકારના ઉદ્યોગો અને શિલ્પ પ્રચલિત હતા. જેમાં કપડા બનાવવાનો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રથ, ચાક, નૌકા, લાકડાના પાત્રાદિ બનાવતો કૃષિનાઓના બનાવતો ચામડા પકાવવાનો, નાઈ, વૈદ્ય, સોની વગેરે મુખ્ય હતા. યજુર્વેદ-૩૦.૬, ૭, ૧૧, ૧૭, ૨૦માં રથકાર, કર્મકાર, કલાલ, મણિકાર, ધનુષ્કાર, અશ્વપાળ, મુખ્ય શિલ્પીઓનો નિર્દેશ છે. આ બાબતથી લાગે છે કે સમયની સંસ્કૃતિ સુવિકસિત હતી. જે તે સમયે વ્યાપાર વાણિજ્ય માટે અનુકૂળ વાતાવરણ વિદ્યમાન હતું. એક સ્થળેથી બીજા સ્થળે માલની હેર-ફેર માટે બળદ, ઊંટ, ઘોડા, ગધેડા વગેરે પ્રાણીઓનો ઉપયોગ થતો હતો. અથર્વવેદમાં મોટાં બજારોને 'પ્રપણ' કહેવામાં આવેલ છે. અથર્વવેદ ૩.૧૫.૫ વેચાણ યોગ્ય વસ્તુના મૂલ્યનો તેમજ માપતોલનો નિર્દેશ ઋગ્વેદ-૪.૨૪.૯

**भूयंसा वस्नमचरत्कनीयोऽविक्रीतो अकानिषं पुनर्यन् ।**
**स भूयसा कनीयो नारिरेचीद्दीना दक्षा वि दुहंति प्र वाणम् ॥**[२१]માં છે.

**શાસન-પ્રણાલી :**

વેદકાલીન શાસન-વ્યવસ્થા પર આલોચનાત્મક દૃષ્ટિક્ષેપ કરતા સ્પષ્ટ વિદિત થાય છે કે જે તે સમયમાં પ્રજાતંત્રમૂલક શાસન પ્રણાલી-લોકશાહી રાજતંત્ર વિદ્યમાન હતું. આપણી આજની આ લોકશાહીના મૂળ વસ્તુતઃ વૈદિક સાહિત્યમાં જ છે. ઐતરેય બ્રાહ્મણ ૧.૧૪માં સદર બાબતનો નિર્દેશ સ્વયં સ્પષ્ટ છે.

ઉપનિષદોનું અધ્યયન એ બાબત સ્પષ્ટ કરે છે કે સમાજમાં અપરાધીઓનો એટલો અભાવ હતો કે રાજસત્તાની કોઈ આવશ્યક્તા જ ન હતી. સમાજમાં ધર્મ જ બધાનો નિયંત્રક હતો. રાજ્ય કાર્યમાં સહાય કરવા માટે વિભિન્ન અધિકારીઓનો ઉલ્લેખ થયેલ છે જેનો નિર્દેશ યજુર્વેદ, શતપથ બ્રાહ્મણ અને તાડયમહાબ્રાહ્મણમાં છે.

**ઉપસંહાર :-**

વૈદિક વાઙ્મયમાં તત્કાલીન ભારતીય સમાજનું જે ચિત્રણ થયેલ છે તેના વિશ્લેષણ અવલોકનથી ખ્યાલ આવે છે કે તે અત્યંત સુખી સમાનજસ્યપૂર્ણ સમતા અને સમરસતામૂલક તથા સ્વસ્થ્ય વિકાસની નીંવ પર પૂર્ણ પ્રતિષ્ઠિત સમાજનું વર્ગીકરણ વિભિન્ન વ્યવસાયોના આર્થિક આધાર પર કરવામાં આવેલ છે. સંયુક્ત પરિવારમાં તમામના વિકાસની ભાવના નિહિત છે વ્યક્તિ અને સમાજના સંબંધોમાં ક્યાંય કટુતા કે ખેંચતાણની ભાવના જોવા મળતી નથી પરંતુ પરસ્પર દાયિત્વની, ગ્રહણશીલતા અને સહયોગની દૃષ્ટિ જ દૃષ્ટ છે. સમાજમાં સ્ત્રીઓનું સ્થાન અત્યંત સન્માનપૂર્ણ છે. બાળકો અને કિશોરો પ્રતિ વાત્સલ્ય અને સદ્‌ભાવ જ વિદ્યમાન છે. સમાજના દરેક વર્ગોમાં પરસ્પર પ્રેમની ભાવના વિદ્યમાન હતી.

**વાઙ્મયસૂચિ**

१. वैदिकसूक्तसंग्रह/देवेन्द्रनाथ पाण्डेय, जगदीश संस्कृत पुस्तककालय, जयपुर, २००६, पृ. ५१०

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

२. अथर्ववेद-संहिता, तृतियोभाग/के.अेल.जोषी, परिमल पब्लिकेशन, दिल्ली, २००४, पृ. ४२५

३. ऋग्वेद संहिता, प्रथमभाग/रविप्रकाश आर्य, परिमल पब्लिकेशन, दिल्ली, २००५, पृ. २१४

४. ऋग्वेद संहिता, द्वितीयोभाग/रविप्रकाश आर्य, परिमल पब्लिकेशन, दिल्ली, २००५, पृ. ३७३

५. ऋग्वेद संहिता, चतुर्थभाग/रविप्रकाश आर्य, परिमल पब्लिकेशन, दिल्ली, २००५, पृ. ४०५

६. एजन, पृ. ४०४

७. अथर्ववेद-संहिता, द्वितियोभाग/के.अेल.जोषी, परिमल पब्लिकेशन, दिल्ली, २००४, पृ. ४३२

८. ऋग्वेदसंहिता, द्वितियोभाग/मेक्षमुलर, चौखम्भा कृष्णदास अकादमी, वाराणसी, २००६, पृ. ५३२

९. ऋग्वेद संहिता, चतुर्थभाग/रविप्रकाश आर्य, परिमल पब्लिकेशन, दिल्ली, २००५, पृ. ३३२

१०. ऋग्वेद संहिता, प्रथमभाग/रविप्रकाश आर्य, परिमल पब्लिकेशन, दिल्ली, २००५, पृ. ३५३

११. ऋग्वेदसंहिता, तृतियोभाग/मेक्षमुलर, चौखम्भा कृष्णदास अकादमी, वाराणसी, १९८३, पृ. २३१

१२. एजन पृ. २३१

१३. ऋग्वेदसंहिता, चतुर्थभाग/मेक्षमुलर, चौखम्भा कृष्णदास अकादमी, वाराणसी, २००६, पृ. ५१

१४. एजन, पृ. १२०

१५. ऋग्वेदसंहिता, द्वितीयोभाग/रविप्रकाश आर्य, परिमल पब्लिकेशन, दिल्ली, २००५, पृ. ३२०

१६. ऋग्वेदसंहिता प्रथमभाग/रविप्रकाश आर्य, परिमल पब्लिकेशन, दिल्ली, २००५, पृ. २८८

१७. यजुर्वेदसंहिता/रविप्रकाश आर्य, परिमल पब्लिकेशन, दिल्ली, २००२, पृ. २६

१८. ऋग्वेदसंहिता, तृतियोभाग/मेक्षमुलर, चौखम्भा कृष्णदास अकादमी, वाराणसी, १९८३, पृ. १७९

१९. ऋग्वेदसंहिता, द्वितियोभाग/रविप्रकाश आर्य, परिमल पब्लिकेशन, दिल्ली, २००५, पृ. २०२

२०. ऋग्वेदसंहिता, प्रथमभाग/रविप्रकाश आर्य, परिमल पब्लिकेशन, दिल्ली, २००५, पृ. ६२

२१. ऋग्वेदसंहिता द्वितियोभाग/मेक्षमुलर, चौखम्भा कृष्णदास अकादमी, वाराणसी, २००६, पृ. ४२१

२२. ચતુર્વેદ/રમણીકલાલ કાશીનાથ ભટ્ટ, ગુજરાતી અસ્મિતા સંનિધિ, અમદાવાદ, ૨૦૦૬

२३. ભગવદ ગો મંડળ/ભગવત સિંહજી, પ્રવિણ પ્રકાશન, રાજકોટ, ૨૦૦૭

२४. मनुस्मृति प्रथम भाग/आर.अेन.शर्मा, परिमल पब्लिकेशन, दिल्ली, २००४

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# કવિશ્રી સોમપ્રભાચાર્ય કૃત 'शृङ्गारवैराग्यतरङ्गिणी'માં ચમત્કૃતિ

સુરેખા કે. પટેલ

**'शृङ्गारवैराग्यतरङ्गिणी'** કૃતિના કર્તા શ્રી સોમપ્રભાચાર્ય ગુજરાતના જૈન(શ્વેતામ્બર) કવિ હતા. સોમપ્રભાચાર્યરચિત **'कुमारपालप्रतिबोधम्'** મહાકાવ્યમાં કુમારપાળનું ચરિત્ર આપવામાં આવ્યું છે તે મુજબ સોમપ્રભાચાર્ય વિજયસિંહના શિષ્ય હતા અને મુનિચન્દ્રના પાંચમા વંશજ હતા. તેમના પિતા શ્રીપાલ, કવિ અને સિદ્ધિપાલના મિત્ર હતા. આ સિદ્ધિપાલ, અણહિલવાડ પાટણના દરબારમાં હેમચંદ્રાચાર્યના સાથી હતા. પાટણમાં ઈ.સ. ૧૧૯૫માં કુમારપાળ સાથેનો સંવાદ હેમચંદ્રાચાર્યના ઉપદેશને અનુલક્ષીને આપવામાં આવ્યો હતો. **'हेमकुमारचरित'**, **'सुमतिनाथचरित'** અને **'षलान्त'** આ ત્રણ કાવ્યો તેમના નામે પ્રસિદ્ધ છે.

સોમપ્રભાચાર્ય એક શ્રેષ્ઠ કવિ હતા એવું **'कुमारपालप्रतिबोधनम्'** મહાકાવ્યના એક પદ્ય ઉપરથી જાણવા મળે છે કે જૈન આગમમાં તેઓ ઉંચી કક્ષાના વિદ્વાન અને આચાર્ય હતા. 'કલ્યાણના સારને જન્મ આપનારને હરી લેવા અસમર્થ મોહરૂપી વનના હાથી જેવા દેવ આજે વિજય પામો. ચારેય પુરુષાર્થોમાં ધર્મ, અર્થ અને કામના ઉદય સામે વીર, ધીર એવા સોમપ્રભાચાર્ય જૈન આગમના સિદ્ધ સૂરિ હતા.'[1] તેમણે એક જ શ્લોક સો રીતે સમજાવ્યો હોવાથી તેમને 'શતાર્થિક' કહેવામાં આવ્યા હતા.

સોમપ્રભાચાર્યે **'शृङ्गारवैराग्यतरङ्गिणी'** કૃતિના અંતિમ પદ્ય(૪૬)માં પોતાનો પરિચય આપી શ્રેષ્ઠ કવિ હોવાનો દાવો કર્યો છે. 'अर्यमा' સૂર્યનું એક નામ સોમપ્રભાચાર્ય અહીં અભિપ્રેતશ્રુતિ છે.[2]

સોમપ્રભાચાર્યે બીજું એક **'शतार्थ'** કાવ્ય પણ રચેલું છે. તેની રચના ઈ.સ. ૧૧૭૭માં કરી હતી. આ કાવ્યની ટીકામાં આરંભે પાંચ શ્લોકો લખ્યા છે. જેમાં તેમણે સો અર્થ કરવાનો નિર્ધાર જાહેર કર્યો છે. આ કૃતિના આરંભે ચોવીસ તીર્થંકરોના અર્થ આપી – વચ્ચે બ્રહ્મા, નારદ, વિષ્ણુ વગેરે વૈદિક દેવતાઓનાં નામોનો ઉલ્લેખ કર્યા પછી પોતાના સમકાલીન વિદ્વાનો અને આચાર્યોના મત આપ્યા છે, જેમાં વાદિદેવસૂરિ અને હેમચન્દ્રાચાર્ય મુખ્ય છે. આ બંને જૈન ધર્મના પ્રખર આચાર્યો ગણાયા છે. આ ઉપરાંત જયસિંહદેવ, અજયદેવ અને મૂળરાજ ચાલુક્યવંશના ગુજરાતના રાજવીઓ વિશેનો ઉલ્લેખ કર્યો છે. સિદ્ધપાલ, અનિતદેવ અને વિજયસિંહ પણ એ સમયનાં પ્રસિદ્ધ કવિઓ છે. અંતે, પાંચ પદ્યોમાં પ્રશસ્તિ આપી છે.[3]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગુજરાતના જૈન કવિ શ્રીસોમપ્રભાચાર્ય વિરચિત **'श्रृङ्गारवैराग्यतरङ्गिणी'** નામની કૃતિ ૪૬ પદ્યોમાં લખાયેલ છે. આ કૃતિ નીતિને લગતી હોઈ તેને 'नीतिकाव्य' કહી શકાય. આ કૃતિ 'सुखबोधिकया' ટીકાસહિત **'काव्यमाला'** (નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ) ના પાંચમા ગુચ્છકમાં પ્રકાશિત થયેલી છે. આ કૃતિમાં આરંભે શ્રૃઙ્ગાર અને પછી તેની તરફ વૈરાગ્ય જાગે તે રીતે શ્લોકની રચના કરેલી છે. કવિશ્રીએ આ કૃતિના દરેક પદ્યના પૂર્વાર્ધના શ્રૃઙ્ગારપરક અને ઉત્તરાર્ધમાં વૈરાગ્યપરક અર્થ નીકળે તે રીતે પદ્યોની રચના કરી હોવાથી આ કૃતિનુ શીર્ષક **'श्रृङ्गारवैराग्यतरङ्गिणी'** આપવામાં આવ્યું હોય તેવું જણાય છે. આ કૃતિમાં અંતિમ બે પદ્યો **(युग्मम्)**માં જણાવ્યા મુજબ આગ્રા નામના નગરમાં વસતા નંદલાલ નામના બુદ્ધિશાળી એ દાન આપનારા વિશાળ શિષ્યોના અનુરોધથી, ગુરુની કૃપાથી **'श्रृङ्गारवैराग्यतरङ्गिणी'** ઉપર **'सुखबोधिकया'** નામની ટીકાની રચના ૧૭૮૫ના સંવત્સરમાં માગશર માસમાં તેરસને શુક્રવારે કરી છે. કવિશ્રી સોમપ્રભાચાર્યની આ **'श्रृङ्गारवैराग्यतरङ्गिणी'** કૃતિ ખૂબ જ દુર્ગમ (સમજવી મુશ્કેલ) છે. જેને સરળતાથી સમજવા માટે શ્રી નંદલાલની આ 'सुखबोधिकया' નામની ટીકા ખૂબ જ ઉપકારક બને તેમ છે.

ભોગવિલાસ તરફ દોટ મૂકતા લોકોને કવિએ 'ગચ્છાધિપતિ' તરીકે વૈરાગ્ય તરફ વાળવાનો પ્રયોગ આ કૃતિની રચના દ્વારા કર્યો છે. ૪૬ પદ્યોમાં લખાયેલા આ **'श्रृङ्गारवैराग्यतरङ्गिणी'** કાવ્યમાં કવિએ શ્રૃઙ્ગારપરક પદ્યોમાંથી વૈરાગ્યપરક અર્થો આપી ચમત્કૃતિ જન્માવી છે. (પદ્ય-૩, ૪, ૬ થી ૯, ૧૦, ૧૧ થી ૧૭, ૧૯, ૨૦, ૨૨, ૨૩, ૨૫ થી ૩૪, ૩૭, ૩૮) નારીનાં અંગોપાંગો અને પ્રસાધનનાં સાધનો પુરુષને આકર્ષણ જન્માવે છે. પરંતુ, આ બધું મોક્ષના માર્ગમાં અંતરાયરૂપ કેવી રીતે બને છે તે કવિએ અહીં દર્શાવ્યું છે. કવિશ્રી સોમપ્રભાચાર્ય **'श्रृङ्गारवैराग्यतरङ्गिणी'** કૃતિના પદ્ય ૧ થી ૩૦ સુધીમાં **સ્ત્રીનું નખશિખ** વર્ણન કર્યું છે. જેમાં પદ્ય **૧ થી** ૪ સુધીમાં સુંદરીના કેશને મેઘના સહોદર, રાહુ જેવા ભયાનક અને મુક્તિરૂપી નગર તરફ પ્રસ્થાન કરવામાં વિઘ્નરૂપ સર્પો કહ્યા છે.

કવિ, પુરુષને સુંદરીઓના કેશના મોહપાશમાં ન ફસાવાનો ઉપદેશ આપે છે. **પાંચમા** પદ્યમાં કવિ પુરુષના સુખનું એકમાત્ર કારણ એવું કસ્તૂરીના તિલકવાળું, આઠમના ચન્દ્ર જેવું સુંદરીના લલાટનું વર્ણન કરે છે. તો છઠ્ઠા પદ્યમાં કમળનયનાનાં ભ્રમરનું, તેમજ **સાતમા** પદ્યમાં તાજાં કુવલયની માળા જેવાં શ્યામ અને બીજાના મદનો નાશ કરનારાં સુંદરીઓનાં નયન કટાક્ષથી પ્રસન્ન ન થવાનું કહે છે. પદ્ય **આઠ** અને **નવમાં** કવિ ગુસ્સાવાળા સુંદરીના મુખને જંગલ સમજીને ત્યજવા કહે છે જે રાત-દિવસ યાદ કરીને પોતાને (પુરુષને) સંતાપ આપે છે. આવા સંતાપથી મનુષ્ય (પુરુષ) કાર્ય-અકાર્યનો વિવેક ભૂલી હૃદયશૂન્ય બને છે, માટે આવા સુંદર મુખને જોઈને આનંદિત ન થવાનું કહે છે. **દસમા** પદ્યમાં કવિ કામજ્વરથી આતુર બુદ્ધિશાળી પુરુષને સુંદરીના સૌંદર્યના દાસત્વ અંગે કહે છે. તો **પદ્ય-૧૧**માં સુંદરીના સુંદર દાંતવાળા મુખને જોઈને તુરત જ આશ્રય લેતા પુરુષને મુક્તિમાર્ગને છોડીને ભ્રાન્તિથી દુર્ગમ વનમાં ન પ્રવેશવા ટકોર કરે છે. **પદ્ય-૧૨**માં કવિ મૃગનયનાઓના અધરરૂપી પર્વતને ખૂબ જ દૂરથી ટાળવા અંગે ચેતવે છે. **પદ્ય-૧૩**માં કવિ, સુંદરીઓના કાનમાં રક્તવર્ણા રત્નોના સમૂહથી ઝળહળતાં કિરણોવાળાં અતિ ચંચળ કુંડળોથી આસક્ત ન થવાનું કહે છે. કારણ કે કવિને મતે સુંદરીનાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ બે કુંડળો કામાગ્નિના કુંડ છે, માટે પુરુષને તે અંગે ઇન્દ્રિયદમન કરવા કહ્યું છે. સુંદરીના કર્ણાભરણને સ્પૃહાપૂર્વક જોતા પુરુષે બીજા ભવમાં નરકના રક્ષકો તરફથી માર (આઘાત) સહેવો પડે છે. (પદ્ય-૧૪) કમળનયનાના કંઠ (ગળા) ને શ્રેષ્ઠ માની આનંદિત થતા પુરુષને કવિ કહે છે કે તે તો મુક્તિનગરમાં પ્રવેશતાં અટકાવતો આંગળો (अर्गला) છે. (પદ્ય-૧૫) **પદ્ય-૧૬ થી ૧૮**માં કવિ કમળનયનાના કુચપ્રદેશ (સ્તનકળશ) વિશે પુરુષને કહે છે 'હે ભાઈ ! કમળનયનાઓના સ્તનકળશનો પરમ સ્પર્શ પામીને અમૃતમગ્ન થઈ પ્રીતિ અનુભવવાની જરૂર નથી. તેને તો ધર્મરૂપી રાજાના સૈન્ય ઉપર પ્રહાર કરવાના મનવાળા પાપરૂપી ભીલ વડે મોકલેલો જાસૂસ જ જાણ.' માટે કંદર્પ હાથીના ગંડસ્થળ જેવા સુંદરીઓના સુંદર સ્તનકળશથી મત્ત ન થવાનું કહે છે. **પદ્ય-૧૯ થી ૨૧**માં નમેલી ભ્રમરવાળી સ્ત્રીના બાહુઓનું આલિંગન પામેલ પુરૂષને આનંદ ન પામવાનું કહેતાં કવિ કહે છે કંઠ પાસે વંકાયેલા સુંદરીના ભુજને તું વિષયુક્ત સર્પ જાણ. જે ભુજના સંસ્પર્શથી ક્ષણમાત્રમાં સંપૂર્ણ ચૈતન્ય નાશ પામે છે. પુરુષના ગળે વીંટળાયેલ સુંદરીના ભુજ આલિંગનને કવિએ અન્તઃ પ્રાણનો નાશ કરનાર કહ્યો છે. કવિના મતે કામરૂપી ચિત્તવાળાને યોગ્ય કે અયોગ્ય વચ્ચે વિવેક હોતો નથી. **પદ્ય-૨૨**માં કવિ, કામાંધ બુદ્ધિવાળા પુરુષને ઉદ્દેશીને કહે છે - 'તું સુંદરીના બાજુબંધ (परमंगद) ને જોઈને શા માટે આનંદ પામે છે ?' મેધાવી લોકો તેને વિવેકનો નાશ કરનારું એકમાત્ર કારણ કહે છે. **પદ્ય-૨૩**માં કવિએ સુંદરીના હાથનાં કંકણનું તેમજ **પદ્ય-૨૪**માં જડતા ઉત્પન્ન કરવામાં પ્રવીણ એવા સુંદરીઓના કમનીય કર(હાથ)ને 'મોક્ષરૂપી નગર તરફ પ્રયાણ કરવામાં વિઘ્નના કારણરૂપ વરસાદના કરા જાણ' એવું કહે છે. **પદ્ય-૨૫**માં મૃગનયનાના નીવી(નાડાની ગાંઠ) સુધી પહોંચતા હારને જોઈને હૃદયમાં હર્ષ પામતા પુરુષને કવિ કહે છે કે 'તેને તું વિવેકરૂપી કમળવનનું ઝાકળ(નાશ કરનારું) સમજ.' પુરુષના બીજા જન્મની દુર્ગતિના કારણરૂપ અંગનાના સુંદર ઉદર(પેટ)ને જોઈને મોહિત ન થવાનું કવિ કહે છે. (પદ્ય-૨૬) તો **પદ્ય-૨૭**માં કવિ કામરૂપી ભુજંગ (સાપ)ના પાશ જેવી મૃગનયનાની નાભિના પાશમાં ન ફસાવવાની વાત કરે છે. મૃગનયનાના જઘનને જોઈને આનંદિત ન થવા પુરુષને કવિ કહે છે કે 'તેને તું વિશુદ્ધ નિશ્ચયવાળા હંસની યાત્રા(પ્રવાસ)ના કારણરૂપ જળયુક્ત મેઘ જાણ.' (પદ્ય-૨૮) તાપને દૂર કરનારાં કમળનયનાનાં ઉલ્લાસિત નિતમ્બને કડવો લીમડો જાણીને તેને દૂરથી જ ત્યજવા માટે કવિ પુરુષને કહે છે. (પદ્ય-૨૯) વિશાળ નેત્રોવાળી નારીનાં ઝાંઝર(નૂપુર)ને રાગ વગેરે શત્રુઓની ક્રીડાનું નગર કહેતાં કવિ પુરુષને કહે છે કે તેને આંખ વડે જોવું નહિ, કારણ કે તે ઝાંઝરથી આકર્ષાઈને તને મુક્તિ મળશે નહીં. (પદ્ય-૩૦)

કવિશ્રીએ **પદ્ય-૩૧ થી ૩૩** સુધીમાં સ્ત્રી, તરુણી અને વધૂ વિષયક પદ્યો રચ્યાં છે. પ્રબુદ્ધ લોકો સ્ત્રીને, છરી (શસ્ત્રી) માને છે તેવું કહેતાં કવિ કહે છે કે જેને આગળ કરીને કામરૂપી સૈનિક, પુણ્યરૂપી સૈનિકને ભેદે છે. આવી વધૂ (પત્ની) જે પુરુષના પરમ આનંદનું કારણ છે તેવી આ વધૂને દુર્ગમ દુર્ગતિના માર્ગે જતા **'કામદેવના રથની ધૂંસરી'** કહી છે. (પદ્ય-૩૨) આવી આળસ વગરની તરુણીઓ કે જે સુવર્ણમયી દેહકાંતિ ધરાવે છે, તેવી તરુણીઓના પડખે ન થવા માટે કવિ વિવેકી મનુષ્યો (પુરુષો)ને ચેતવે છે. (પદ્ય-૩૩)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પદ્ય-૩૪ થી ૩૬માં કવિએ **'વિષયોપભોગ'**ની નિન્દા કરી છે. સુંદરી સાથેના વિષયોપભોગથી મૂર્છિત થયેલા પુરુષને મોક્ષ માર્ગે વાળવા અને દુર્ગતિના ખાડામાં ન પડવા અંગે કવિ કહે છે કે - હે પુરુષ ! આવા મનોહર લાગતા વૈષયિક સુખને તું પાપની પરંપરાનું કારણ જાણ અને પોતાના અંતને નરકમય ન બનાવ. (**પદ્ય-૩૪-૩૫**) કામક્રીડારૂપી વાવડીમાં સ્ત્રીઓના મુખકમળમાં અધરનું મધુપાન કરનારા દઢ આસક્તિવાળા અતિમુગ્ધ પુરુષોને ચેતવતાં કવિ કહે છે કે ભમરાઓની માફક ભારે ક્લેશવાળી (બંધનના) તમારા દુઃખની ઘટના નજીક છે. (**પદ્ય-૩૬**)

**પદ્ય**-૩૭માં 'સંતોષને વૈરાગ્યનું સાધન' બતાવતાં કવિ પુરુષોને કહે છે કે જળ અને વૃક્ષ વગરના અસહ્ય બાણના પ્રહારને લીધે વિષમ યુવતીઓનાં નિતમ્બસ્થળ તારી તૃષ્ણાને નહિ સંતોષી શકે માટે ચિત્તની ચંચળતા ત્યજી શ્રમરૂપી બગીચામાં અભિરુચિ કેળવવાનું કહે છે.

**પદ્ય**-૩૮ અને ૩૯માં કવિએ 'ચિત્તની ચંચળતા' અને તેના 'નિવારણરૂપ મુક્તિ'નો ઉપદેશ આપતાં કહે કે 'હે માનવ ! (પુરુષ) જો તું શિવપુરી (મુક્તિ)માં અભિરુચિ ધરાવતો હોય તો કામદેવરૂપી મદનિયાની ક્રીડા માટેની વિહારભૂમિ સમી રમણીના આ નિતમ્બ સ્થળને તું દૂરથી ત્યજી દે, નહિ તો તું જન્મ-મરણના વારાફેરામાંથી મુક્તિ નહિ પામીશ.' **પદ્ય**-૪૦માં કવિ, કામિનીરૂપી યામિની (રાત્રિ)ને પાર કરવા માટે 'શમ'ને જ સાધન ગણાવે છે. **પદ્ય-૪૧**માં મુક્તિના માર્ગમાં તરુણી અને વિષયભોગ અંતરાયરૂપી છે તેવું કહી **પદ્ય-૪૨**માં કવિએ 'કામ'ની નિંદા કરતાં કામને **'કમળાના'** રોગ સાથે સરખાવ્યો છે. તો **પદ્ય-૪૫**માં કવિએ સંસારના વિષયોને વિષવૃક્ષ સાથે સરખાવી, આવાં વિષવૃક્ષોની છાયા ત્યજીને મુક્તિરૂપી નગરીમાં જવા ઇચ્છતા મુમુક્ષુઓને તેનાથી દૂર રહેવા માટે ઉપદેશ આપ્યો છે. કારણ કે આવાં વિષવૃક્ષોની છાયા જલ્દીથી મહામોહ ફેલાવનારી હોય છે, જેનાથી પ્રાણી (મનુષ્ય) એક પણ ડગલું જવા સમર્થ થતો નથી.

કૃતિનાં અંતે, **પદ્ય-૪૬**માં કવિશ્રી સોમપ્રભાચાર્યે **'सोमप्रभा च अर्यमभा'** માં પોતાનું નામ છુપાવ્યું છે. કવિનું કહેવું છે કે ચન્દ્રની કાંતિ અને સૂર્યની પ્રભા જે મનુષ્યના અજ્ઞાનરૂપી કાદવને દૂર કરતો નથી તે આ થોડાક ઉપદેશને સાંભળવાથી હંમેશાં નાશ પામે છે.

**'श्रृङ्गारवैराग्यतरङ्गिणी'** કૃતિમાં કવિશ્રી સોમપ્રભાચાર્યે કેટલાંક શ્રૃંગારપરક અર્થો આપતાં પદોમાંથી સભંગશ્લેષ દ્વારા વૈરાગ્યપરક અર્થ આપતાં પદો આપ્યાં છે. ક્યાંક વિચાર-સાદશ્ય કે ભાવ-સાદશ્ય થી શ્રૃંગારપરક પદ્યોમાંથી વૈરાગ્યપરક અર્થો આપી ચમત્કૃતિ જન્માવી છે. આ પદ્યોમાં ચમત્કૃતિ માટે કવિએ ઘણું-ખરું સભંગશ્લેષનો આશ્રય લીધો છે, જે નીચે મુજબ છે.

* **'वक्रकचाः'** (વાંકડિયા કેશ) શબ્દમાંથી 'व'નો લોપ કરી **'क्रकचाः'** (કરવત) શબ્દ નિષ્પન્ન કરી ચમત્કૃતિ સર્જી છે. (પદ્ય-૩)

* **'कुन्तल'** (કેશ) શબ્દમાંથી **'ल'** દૂર કરી **'कुन्त'** (ભાલો) શબ્દ પ્રયોજીને ચમત્કૃતિ સર્જી છે. (પદ્ય-૪)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

* '**भ्रू**' (આંખની ભ્રમર) શબ્દમાં 'ર' કારનો લોપ કરી '**भूः**' (જમીન) શબ્દ નિષ્પન્ન કર્યો છે. કવિનો આ પ્રયોગ દાદ માગી લે તેવો છે. (પદ્ય-૬)

* '**दृष्टिपात**' (નજર) શબ્દમાંથી 'દ' કારનો લોપ કરી '**ऋष्टिपात**' (ભાલો ફેંકનાર) શબ્દ પ્રયોજીને ચમત્કૃતિ સર્જી છે. (પદ્ય-૭)

* '**आननम्**' (મુખ) શબ્દ અને '**कानन**' (જંગલ) શબ્દમાં '**का**' જેનું ઉપપદ છે તેવું '**आनन**' તે '**कानन**' (कोपपदं आननम् इति काननम्) (પદ્ય-૮)

* '**आकारम्**' - 'આ' જેમાં છે તેવું મુખ '**आमुख**' (પદ્ય-૯)

* '**सर्वदा आस्यम्**' (હંમેશા મુખ) શબ્દ અને '**सर्वदास्यम्**' (બધાનું દાસત્વ) શબ્દ પ્રયોજીને ચમત્કૃતિ સર્જી છે. (પદ્ય-૧૦)

* '**कुण्डल**' (કાનમાં પહેરવાનું આભૂષણ)માં 'લ' નો લોપ કરી '**कुण्ड**' (સ્તન) શબ્દ નિષ્પન્ન કરીને ચમત્કૃતિ સર્જી છે. (પદ્ય-૧૩)

* (अहीनम्) '**अधरं**' (હોઠ) શબ્દ પ્રયોજ્યા પછી તુરંત જ '**अ**' વગરનો '**ધર**' (પર્વત) શબ્દ પ્રયોજીને (અર્થાત્ અધરરૂપી પર્વત) ચમત્કૃતિ સર્જી છે. (પદ્ય-૧૨)

* '**ताडङ्क**' (કર્ણાભરણ) શબ્દમાંથી 'क' નો લોપ કરી 'ताड' (એટલે માર અથવા આઘાત) શબ્દ નિષ્પન્ન કરીને ચમત્કૃતિ સર્જી છે. (પદ્ય-૧૪)

* '**सारं गलम्**' શબ્દમાં '**अर्**' સાથેનો '**गल**' એટલે '**अर्गलम्**' (આંગળો) અહીં '**ર**' અને 'લ' વચ્ચેનો અભેદ બતાવીને '**अर्गलम्**' (આંગળો) શબ્દ નિષ્પન્ન કરીને ચમત્કૃતિ સર્જી છે. (પદ્ય-૧૫)

* '**अलं स्पर्शम्**' શબ્દમાં 'લ' અને 'ર'નો અભેદ થતાં '**अलम्**' અર્થાત્ '**પૂરતો**' અને '**ર**' કાર રહિત '**સ્પશ**' અર્થાત્ '**જાસૂસ**' આમ આ રીતે ચમત્કૃતિ સર્જી છે. (પદ્ય-૧૬)

* 'स्तनतटं' શબ્દ ઉપરથી ('**अ**' આગળ છે તેવો અને '**न**' વગરનો) '**अस्ततट**' (આથમવાનો કિનારો) શબ્દ નિષ્પન્ન કરી કવિએ ચમત્કૃતિ સર્જી છે. (પદ્ય-૧૭)

* '**गराजितम् भुजम्**' શબ્દમાં 'ગ'થી શોભતો '**भुजग**' (સર્પ) શબ્દ અને '**भुजम्**' (હાથ) શબ્દ પ્રયોજી ચમત્કૃતિ સર્જી છે. (પદ્ય-૧૯)

* '**नुः**' અર્થાત્ 'મનુષ્ય' અહીં '**नृ**' ધાતુનું છઠ્ઠી વિભક્તિ એ.વ. છે. (પદ્ય-૨૦)

* '**परमङ्गदम्**' (શ્રેષ્ઠ બાજુબંધ) અને '**परमंगदम्**' (શ્રેષ્ઠ અર્થાત્ જબરજસ્ત રોગ) શબ્દ પ્રયોજી કવિએ અહીં ચમત્કૃતિ સર્જી છે. (પદ્ય-૨૨)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

* **'वलयंभरं'** (કંકણોનો સમૂહ) શબ્દમાંથી **'य'** નો લોપ કરી અને 'બ' અને **'व'** વચ્ચેના અભેદથી **'बलभरं'** (સૈન્ય) શબ્દ નિષ્પન્ન કરીને કવિએ ચમત્કૃતિ સર્જી છે. (પદ્ય-૨૩)

* **'नीवि-आप्तम् हारम्'** (એક અર્થ નીવિ-(નાડાની ગાંઠ) સુધી પહોંચતો હાર) અને **'नी-व्याप्तम् हारम्'** (બીજો અર્થ નીહાર - ઝાકળ સાથે જોડાયેલો હાર)માં કવિએ ચમત્કૃતિ સર્જી છે. (પદ્ય-૨૫)

* **'अङ्गोनोदरम्'** (અંગનાનું ઉદર) શબ્દ તોડીને કવિએ 'अङ्ग नो दरम्' ('અરે, ભય નહિ') શબ્દ પ્રયોજીને ચમત્કૃતિ સર્જી છે. (પદ્ય-૨૭)

* **'नाभी नाभीमगं'** માં શ્લેષ પ્રયોજીને કવિએ ચમત્કૃતિ સર્જી છે. (પદ્ય-૨૭)

* **'जलोपयुक्तं'** અને **'जघनं'** શબ્દમાં પણ કવિએ ચમત્કૃતિ સર્જી છે. **'जलोपयुक्तं'** (જળભર્યું વાદળ) અને **'जडोपयुक्तं'** (જડતાવાળો) શબ્દમાં **'ल'** અને **'ड'** વચ્ચેના અભેદને કારણે 'જળ' અને 'જડ' એમ બે અર્થ થાય છે. તે જ રીતે **'जघनं'** શબ્દમાંથી **'ज'**નો લોપ થતાં **'घन'** (જળભર્યું વાદળ) શબ્દ નિષ્પન્ન કરી કવિએ ચમત્કૃતિ સર્જી છે. (પદ્ય-૨૮)

* **'नितम्ब'** શબ્દમાં દેખાતા 'त' કારને દૂર કરી કવિએ **'निम्ब'** (લીમડો) શબ્દ પ્રયોજીને (લીમડો તાપ દૂર કરનાર છે પણ તે કડવો હોવાથી તેને દૂરથી જ ત્યજવો) ચમત્કૃતિ સર્જી છે. (પદ્ય-૨૯)

* **'नूपुर'** શબ્દમાંથી **'नू'** નો લોપ કરી **'पुर'** (નગર) શબ્દ નિષ્પન્ન કરીને કવિએ ચમત્કૃતિ સર્જી છે. (પદ્ય-૩૦)

* **'स्त्री'** શબ્દમાં આગળ 'श' પ્રયોજીને **'शस्त्री'** (છરી, નાની તલવાર) શબ્દ (અર્થાત્ સ્ત્રીને છરી અથવા નાની તલવાર જેવી કહી છે.) નિષ્પન્ન કરીને કવિએ ચમત્કૃતિ સર્જી છે. (પદ્ય-૩૧)

* **'वधूः'** (પત્ની) શબ્દમાંથી **'व'** નો લોપ થતાં **'धूः'** (ધૂંસરી) શબ્દ નિષ્પન્ન કરીને કવિએ ચમત્કૃતિ સર્જી છે. (પદ્ય-૩૨

* **'अनल सदृशः'** (અગ્નિ જેવો) શબ્દ તોડીને **'अन-अलस-दृशः'** (આળસ રહિત) શબ્દ નિષ્પન્ન કરીને કવિએ ચમત્કૃતિ સર્જી છે. (પદ્ય-૩૩)

* **'विषयभोगं'** શબ્દમાંથી **'य'** નો લોપ થતાં **'विषभोगं'** શબ્દ નિષ્પન્ન કરીને કવિએ ચમત્કૃતિ સર્જી છે. (પદ્ય-૩૪)

* **'नीरागैः'** નો એક અર્થ **'नीर'** એટલે જળ અને **'अग'** એટલે વૃક્ષ અને **'नीरागैः'** નો બીજો અર્થ 'વૈરાગ્ય' અર્થાત્ **'રાગ વગરનો'** આમ એક જ શબ્દના બે અર્થ નિષ્પન્ન કર્યા છે. (પદ્ય-૩૭)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

※ '**कुरङ्गीदृशः**' નો એક અર્થ '**કુટિલ દૃષ્ટિવાળી**' અને બીજો અર્થ '**મૃગનયના**' એમ બંને અર્થો નિષ્પન્ન કરીને કવિએ ચમત્કૃતિ સર્જી છે. (પદ્ય-૩૮)

આ ઉપરાંત, કવિએ ત્રીજા પદ્યમાં ગ્રહણનો ઉલ્લેખ કર્યો છે.[૪] તેમજ શકુનશાસ્ત્રનો પણ ઉલ્લેખ કર્યો છે. ૧. જે નક્ષત્રમાં ચન્દ્ર ક્ષીણ હોય તે તિથિએ અર્થાત્ ચૌદસ અમાસે મુસાફરી ટાળવી. ૨. ભયંકર આગ લાગી હોય ત્યારે બહાર નીકળવું નહિ. ૩. ધરતીકંપ અને આકાશમાં વાદળો ઘેરાયેલાં હોય ત્યારે મુસાફરી ટાળવી. કવિએ 'વસંતરાજ' નામના શકુનશાસ્ત્ર ગ્રંથના આધારે આ પદ્યમાં ઘેરાયેલાં વાદળો અને વરસાદને વિઘ્નરૂપ બતાવ્યાં છે.[૫]

કવિશ્રી સોમપ્રભાચાર્યે '**शृङ्गारवैराग्यतरङ्गिणी**' માં પ્રયોજેલા છંદ પણ ધ્યાન આકર્ષે તેવા છે. તેમનો છંદવૈભવ તેમની વિદ્વત્તાની સાક્ષી પૂરે છે. શાર્દૂલવિક્રીડિત, વસંતતિલકા, પૃથ્વી, શિખરિણી, અનુષ્ટુપ, મન્દાક્રાન્તા, ઇન્દ્રવજ્રા, ઉપેન્દ્રવજ્રા, ઉપજાતિ, માલિની જેવા પ્રચલિત તેમજ રુચિરા અને ઇન્દ્રવંશા જેવા અપ્રચલિત છંદોનો પ્રયોગ કવિએ કર્યો છે.

**शृङ्गारवैराग्यतरङ्गिणी**' માં અલંકાર નિરૂપણ પણ દાદ માગી લે તેવું છે. તેમાંય કવિએ સભંગશ્લેષ દ્વારા અત્ર-તત્ર (પદ્ય-૩, ૪, ૬ થી ૯, ૧૦, ૧૧ થી ૧૭, ૧૯, ૨૦, ૨૨, ૨૩, ૨૪, ૨૫ થી ૩૪, ૩૭, ૩૮) ચમત્કૃતિ સર્જી છે. જે ખૂબ જ નોંધનીય બાબત છે. આ ઉપરાંત અન્ય અલંકારો જેવા કે ઉપમા (પદ-૪૬), લુપ્તોપમા (પદ્ય-૪૩), રૂપક (પદ્ય-૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૪, ૪૫, ૪૬) અને અપહનુતિ (પદ્ય-૪૩) જેવા અલંકારો પણ કવિએ નિરૂપ્યા છે.

पादटीप

१. कल्याणसारसवितानहरेक्षमोहकान्तारवारसमान जयाद्यदेव ।
धर्मोर्थकामदमहोदयधीरधीर सोमप्रभावपर भागमसिद्धसूरे ॥

कुमारपाल प्रतिबोधम्, गायकवाड ओरिएन्टल सीरिज-६, मुनिराज विजयजी

२. सोमप्रभा चार्यप्रमा च यत्र पुंसां तमः पङ्कमपाकरोति ।
तदप्यमुष्मिन्नुपदेशलेशे निशम्यमानेऽनिशमेति नाशम् ॥

— शृङ्गारवैराग्यतरङ्गिणी - ४६

૩. History of Classical Sanskrit Literature : P - 193

४. ये शुद्धबोधशशिखण्डनराहुचण्डाश्चितं हरन्ति तव वक्रकुचाः कृशाङ्ग्याः ।

— शृङ्गारवैराग्यतरङ्गिणी - ३

५. ये दृक्पथे तव पतन्ति नितम्बिनीनांकान्ताः करा जडिमपल्लवनप्रवीणाः ।
नो वेत्सि तान्किमपवर्गपुरप्रयाणप्रत्यूहकारणतया करकानवश्यम् ॥

— शृङ्गारवैराग्यतरङ्गिणी - ४

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## सन्दर्भग्रन्था


१. **'कुमापरपालप्रतिबोधम्'**, कविश्री सोमप्रभाचार्यविरचित, गायकवाड ओरिएन्टल सीरिज-७, मुनिराज विजयजी ।

२. **'श्रृङ्गारवैराग्यतरङ्गिणी'** (सुखबोधिकया टीका सहित) - कविश्री सोमप्रभाचार्य, काव्यमाला सीरिज (चतुर्थ गुच्छक), प्रकाशक - पाण्डुरङ्गजावजी, निर्णयसागर

३. History of Classical Sanskrit Literature, M. Krishnma Chariar, Motilal Banarsidass, Delhi-7, First Reprint-1970, Price Rs. 40/-


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ધનપાલ : પાણિનીય ધાતુપાઠના એક અપ્રસિદ્ધ વૃત્તિકાર

નીલાંજના શાહ

**પ્રસ્તાવના**

પાણિનીય વ્યાકરણશાસ્ત્રમાં, અષ્ટાધ્યાયી જેટલું જ મહત્ત્વનું સ્થાન ધરાવતા પાણિનીય ધાતુપાઠ પર અનેક પ્રસિદ્ધ અને અપ્રસિદ્ધ વ્યાખ્યાતાઓએ વૃત્તિઓ રચી છે. તેના પરના પ્રસિદ્ધ વૃત્તિકારોમાં, 'ક્ષીરતરંગિણી'ના કર્તા ક્ષીરસ્વામી (અગિયારમી સદી), 'ધાતુપ્રદીપ'ના કર્તા મૈત્રેયરક્ષિત (ઇ.સ. ૧૧૨૦ આસપાસ)અને દેવકૃત 'દૈવ' પરના પુરુષકાર વાર્ત્તિકના કર્તા કૃષ્ણ લીલાશુક (આ. તેરમી સદીનો ઉત્તરાર્ધ) અને 'માધવીયા ધાતુવૃત્તિ'ના કર્તા સાયણ (ઇ.સ.ની ચૌદમી સદી)વગેરેને ગણાવી શકાય. આ બધામાં સાયણની 'માધવીયા ધાતુવૃત્તિ' કે જેમાં પાણિનીય ધાતુ પાઠના બધા જ ધાતુઓની ઉદાહરણ સાથે વિસ્તૃત ચર્ચા મળે છે તે સૌથી વધારે અગત્યની છે. આ વૃત્તિમાં, અનેક પ્રસિદ્ધ અને અપ્રસિદ્ધ ધાતુપાઠના પૂર્વ વૃત્તિકારોના અભિપ્રાયો, તેમના નામોલ્લેખ સાથે સાર્યણે ટાંક્યા છે, તેથી તે રીતે પણ એની અગત્ય વધારે છે. આવા અપ્રસિદ્ધ વૃત્તિકારોમાં કાશ્યપ, આત્રેય, વર્ધમાન, સુધાકર, ધનપાલ, કૌશિક, સમ્મતાકાર, આભરણકાર વગેરેને ગણાવી શકાય.

તેમાંથી ધનપાલ નામના એક અપ્રસિદ્ધ વૈયાકરણના પાણિનીય ધાતુસૂત્રો વિશેના જે મત 'માધવીયા ધાતુવૃત્તિ'માં તેમજ 'પુરુષકાર વાર્ત્તિક'માં મળે છે તેમને આ લેખમાં દર્શાવ્યા છે.

ધનપાલ નામના આ વૈયાકરણની વ્યાકરણશાસ્ત્રના ઇતિહાસ લખનારાઓએ ખાસ નોંધ લીધી લાગતી નથી. યુધિષ્ઠિર મીમાંસકે તેમના હિંદીમાં લખેલા 'સંસ્કૃત વ્યાકરણશાસ્ત્રના ઇતિહાસ'માં, ધનપાલનો શાકટાયનીય ધાતુપાઠના વૃત્તિકાર તરીકે પરિચય આપ્યો છે.[૧] બીજે ક્યાંયથી પણ એમનો વિશેષ પરિચય મળતો નથી. ડૉ. કા. વા. અભ્યંકરે પણ એમના 'A Dictionary of Sanskrit Grammer' પુસ્તકમાં આ ધનપાલની નોંધ લીધી નથી.

પાણિનીય ધાતુપાઠના વૃત્તિકાર આ ધનપાલ, સંસ્કૃત સાહિત્યની પ્રસિદ્ધ કથા 'તિલકમંજરી'ના કર્તા અને રાજા ભોજના રાજકવિ ધનપાલ (આશરે ઇ.સ. ૯૫૦-૧૦૫૦) થી સાવ જુદા છે એ નોંધવું ઘટે.

આ ધનપાલનો નિર્દેશ હેમચંદ્રાચાર્યના 'સિદ્ધહેમશબ્દાનુશાસન' પરની સ્વોપજ્ઞ બૃહદ્વૃત્તિમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મળે છે તેમ યુધિષ્ઠિર મીમાંસકે તેમના ઉપર્યુક્ત પુસ્તકમાં નોંધ્યું છે : व्युत्पत्तिर्धनपालतः ।[२] હેમચંદ્રાચાર્યના આ વિધાનથી તેમની વ્યુત્પત્તિવિષયક વિદ્વત્તાનો ખ્યાલ તો આવે છે, પણ તે વિધાન તેમની ઉત્તરસીમા નક્કી કરવામાં ખાસ કામ લાગે છે. હેમચંદ્રાચાર્યનો સમય ઇ.સ. ૧૦૮૮-૧૧૭૨ છે, તેથી ધનપાલ મોડામાં મોડા અગિયારમી સદીના ઉત્તરાર્ધ પહેલાં થઈ ગયા જણાય છે. તેમના સમયની પૂર્વસીમા નક્કી કરવા માટે વિચારવું પડે કે તે જે શાકટાયનીય ધાતુપાઠના વૃત્તિકાર હતા. તે શાકટાયન ક્યારે થઈ ગયા ? કા. વા. અભ્યંકર શાસ્ત્રીએ તેમના Dictionary of Sanskrit Grammer નામના ગ્રંથમાં જણાવ્યું છે કે શાકટાયન નામના બે વૈયાકરણ થઈ ગયા છે. એક શાકટાયન પાણિનિ પૂર્વે થઈ ગયા છે, જેમનો નિરુક્તમાં ઉલ્લેખ મળે છે, જ્યારે બીજા પાલ્યકીર્તિ શાકટાયન નામના જૈન વૈયાકરણ, રાષ્ટ્રકૂટ રાજા પ્રથમ અમોઘવર્ષના રાજ્યકાળ (ઇ.સ. ૮૫૭-૮૭૭) દરમિયાન થઈ ગયા છે.[૩] પ્રા. મ.દા. સાઠેએ મરાઠીમાં લખેલા 'પાણિનિ અને પાણિનીય વ્યાકરણ સંપ્રદાય' નામના ગ્રંથમાં એ જ લખ્યું છે કે આ અર્વાચીન શાકટાયનને પાણિનિપૂર્વ શાકટાયન સાથે કોઈ સંબંધ નથી અને તેમણે શાકટાયન શબ્દાનુશાસન લખ્યું છે.[૪] આ પરથી જણાય છે કે ધનપાલ આ નવમી સદી દરમિયાન થઈ ગયેલા શાકટાયનના વૃત્તિકાર છે. આમ માનીએ તો એમના સમયની પૂર્વસીમા દસમી સદીનો પૂર્વાર્ધ ગણાય. ટૂંકમાં તે દસમીથી અગિયારમી સદી સુધીમાં થઈ ગયા હશે એમ જણાય છે નોંધવું ઘટે કે અનુક્રમે ઇ.સ.ની અગિયારમી અને બારમી સદીમાં થઈ ગયેલા 'ક્ષી.ત'ના કર્તા ક્ષીરસ્વામી અને મૈત્રેયરક્ષિત - આ બંને વૈયાકરણોએ ધનપાલનો એકપણ મત ટાંક્યો નથી.

આ લેખમાં ધનપાલના 'માધવીયા ધાતુવૃત્તિ' અને 'પુરુષકાર વાર્ત્તિક'માં મળતાં કુલ ૪૫ મતની ચર્ચા કરી છે, જેની વિગત આમ છે – 'દૈવ' પરના પુરુષકાર વાર્ત્તિકમાં ધનપાલના ૪૪ મત મળે છે, જ્યારે 'મા.ધા.વૃ.'માં તેમના ૩૦ મત મળે છે. પુરુષકાર વાર્ત્તિકમાં જે ૪૪ મત મળે છે, તેમાંના ૨૯ મત 'મા.ધા.વૃ.'માં તે જ પ્રમાણે, તો ક્યારેક સહેજ ફેરફાર સાથે ધનપાલના નામે જ મળે છે. સાયણનો સમય, લીલાશુકના સમય પછીનો હોવા છતાં, પુનરુક્તિ ટાળવા અને ધાતુપાઠનો ક્રમ જાળવવા, મા.ધા.વૃ.ના ધાતુપાઠના અનુક્રમે પ્રથમ ધનપાલના ૩૦ મત આપ્યા છે. તેની સાથે જ પુરુષકારમાં મળતા ધનપાલના ૨૯ મત, તે તે મતની ચર્ચામાં પુરુષકારના નામ સાથે દર્શાવ્યા છે (ચૌરાદિક ધાતુ ષ્વદ વિશેનો ધનપાલનો મત માત્ર 'મા.ધા.વૃ.'માં જ મળે છે.) પુરુષકારના બાકી રહેલા ૧૫ મત મા.ધા.વૃ.ના ૩૦ મત પછી ૩૧ થી ૪૫ મત તરીકે 'પુરુષકાર વાર્ત્તિક'ના ક્રમે દર્શાવ્યા છે.

પાણિનીય ધાતુસૂત્રો વિશેના ધનપાલના મતોને નોંધીને, 'ક્ષી.ત' અને 'ધા. પ્ર'માંના તે તે ધાતુસૂત્રમાં મળતાં પ્રસ્તુત મત સાથે તેમને સરખાવ્યા છે અને તે ઉપરાંત 'પદમંજરી' કે 'ન્યાસ' વગેરેમાં મળતા ઉપયોગી મતોનો પણ ટૂંકમાં નિર્દેશ કર્યો છે.

૧. अति अदि बन्धने । अन्तति । अन्दति (મા.ધા.વૃ. પૃ.૭૬) अत्र धनपालः - तान्तं द्रमिडा पठन्ति, आर्यास्तु दान्तम् इति । उभयमिति मैत्रेयस्वामिकाश्यपसम्मताकारादयः ।

ભ્વાદિગણના સાયણે ટાંકેલા ધનપાલના આ ધાતુ વિશેના મત પ્રમાણે, દ્રમિડો अति અને આર્યો अदि પાઠ કરે છે. પુરુષકાર (પૃ.૬૮)માં આ મત આ જ પ્રમાણે ધનપાલના નામે મળે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાયણ નોંધે છે તેમ ક્ષીરસ્વામી, કાશ્યપ અને સમ્મતાકાર બંને પાઠ આપે છે. ક્ષી.ત. (પૃ.૨૭)માં બંને પાઠ આપી, अदि पाठोऽनार्षः, अन्ये अति इति बन्धने पेठुः । એમ કહ્યું છે, જ્યારે પુરુષકારમાં ક્ષીરસ્વામીનો મત સાયણે ટાંકેલા મત કરતાં જુદો પડે છે. क्षीरस्वामी तु–अति अदि इत्येव पठित्वा तथैव चोदाहृत्वाह–अतेः पाठोऽनार्षः ।

ધા.પ્ર.(પૃ.૯)માં પણ બંને પાઠ મળે છે અને ચાન્દ્ર, કાશકૃત્સ્ન, કાતંત્ર વ્યાકરણ અને હેમચન્દ્રની ધાતુમાલા(પૃ.૩૬)માં તેમજ 'કવિકલ્પદ્રુમ' (પૃ.૨૯)માં પણ બંને પાઠ મળે છે, સિ.કો.ના ઉણાદિપ્રકરણમાં अन्दम्भू० । (૧.૯૩) એ ઉણાદિ સૂત્ર પરની વૃત્તિમાં अन्दुः(બેડી) એ શબ્દને अदि ધાતુ પરથી વ્યુત્પન્ન થયેલો દર્શાવ્યો છે, તે બાબત પરથી પણ કહી શકાય કે ધનપાલે જણાવ્યા પ્રમાણે આર્યો दान्तम् પાઠ કરતા હશે. વળી શાકટાયન ધાતુપાઠ (પૃ.૬)માં પણ अदु बन्धने । પાઠ મળે છે.

૨. शीकृ सेचने । शीकते । (મા.ધા.વૃ.પૃ.૭૩) दन्त्यादिरिति धनपालकाश्यपौ; अत एव षोपदेशलक्षणे सृपि सृजि..... सीकृसेकृवर्जम् इति पेठतुः । સાયણે નોંધ્યા પ્રમાણે ધનપાલ અને કાશ્યપ ભ્વાદિગણના આ शीकृ ધાતુનો सीकृ એમ દન્ત્યાદિ પાઠ કરે છે અને એના સમર્થનમાં धात्वादेः षः सः। (૬-૧-૬૪) એ પાણિનીય સૂત્ર પર ષોપદેશલક્ષણમાં જે વર્જ્ય ધાતુઓની યાદી આપી છે તેને ટાંકે છે. મૂળ સૂત્રનો અર્થ એ છે કે ધાતુના આદિમાં રહેલા ષકારને સ્થાને સકાર થાય છે. તેમાં સાયણ નોંધે છે કે ધનપાલ ષોપદેશલક્ષણમાં વર્જ્ય ધાતુઓની જે યાદી છે તેનો આમ ટાંકે છે : सृपिसृजिस्तृस्त्यासीकृसेकृवर्जम् । પ્રથમ તો એમની યાદી અને આ દલીલ બરાબર નથી, કારણકે આ સૂત્ર પરના ભાષ્યમાં જે વર્જ્ય ધાતુઓની યાદી છે, તેમાં सीकृ નો નહીં, सेकृ નો પાઠ છે.

પુરુષકાર (પૃ.૪૨)માં सीकृ इत्यार्याः इत्यपि धनपालः । એવો મત મળે છે ત્યાં પણ એ મતનું ખંડન કરતાં, લીલાશુકે કહ્યું છે કે ષોપદેશલક્ષણમાં ધનપાલે જે પાઠ કહ્યો છે તેનું પણ ખંડન થાય છે, કારણકે शीकृ પરથી બનેલો शीकरः શબ્દ પ્રયોગાનુગુણ છે. 'ક્ષી.ત.' (પૃ.૨૯) અને ધા.પ્ર. (પૃ.૧૧)માં માત્ર शीकृ પાઠ જ મળે છે. તે ઉપરાંત શાકટાયન, હેમચંદ્ર અને ચાન્દ્ર વૈયાકરણો પણ शीकृ પાઠ જ આપે છે. 'ભટ્ટિકાવ્ય' (૧૪-૭૬)માં शिशीके शोणितं व्योमः । મળે છે. ધનપાલ કાશ્યપ વગેરેએ રઘુવંશ વગેરેમાં सीकरः શબ્દને પ્રયોજાતો જોયો હશે, તેને આધારે કદાચ सीकृ પાઠ આપતા હશે એમ લાગે છે. રઘુવંશમાં એકઠેકાણે सीकराद्रैर्मरुद्भिः । (૯.૪૨) શ્લોકમાં सीकरः મળે છે તો બીજે ઠેકાણે તેમાં सतुषारशीकरो वनानिलः । (૯.૬૮) અને કિરાતાર્જુનીય (૫.૧૫)માં विततशीकरराशिभिः એમ મળે છે.

૩. चक तृप्तौ प्रतिघाते च । चकते । 'चक तृप्तौ प्रतिघाते च' इति धनपालमैत्रेयादयश्च । चक तृप्तावित्येव क्षीरस्वामिशाकटायनौ ॥ (मा.धा.वृ. पृ.७९)

સાયણ નોંધે છે તેમ ધનપાલ અને મૈત્રેય ('ધા. પ્ર.' પૃ.૧૨) સાયણની જેમ જ આ ભ્વાદિ ધાતુનો તૃપ્તિ અને પ્રતિઘાત - બે અર્થ દર્શાવે છે, જ્યારે ક્ષીરસ્વામી (પૃ.૩૧) चक तृप्तौ એમ ધાતુસૂત્ર આપે છે. નોંધવું ઘટે કે આગળ ભ્વાદિમાં 'મા.ધા.વૃ'(પૃ.૧૯૫)માં चक तृप्तौ । चकति१ એમ પરસ્મૈપદી પાઠ આપતું ધાતુસૂત્ર મળે છે. ત્યાં આ ધાતુનો અર્થ માત્ર 'તૃપ્તિ' આપ્યો છે. તે ધાતુસૂત્ર પરની ચર્ચા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમજવાથી ધનપાલનો મત વધારે સ્પષ્ટ થાય છે. સાયણે પ્રસ્તુત ધાતુસૂત્ર કે જેમાં ધાતુના બે અર્થ આપ્યા છે, તે ધાતુને આત્મનેપદી દર્શાવ્યો છે અને આગળ ઘટાદિ(પૃ.૧૯૫)માં જે બીજુ ધાતુસૂત્ર આવે છે ત્યાં ધાતુ પરસ્મૈપદી છે. સાયણે ક્ષીરસ્વામીનો મત નોંધ્યો છે (પૃ.૧૯૫) કે બંને પાઠમાં અર્થનો તફાવત છે - એકમાં 'તૃપ્તિપ્રતિઘાત' અર્થ છે, બીજામાં માત્ર 'તૃપ્તિ' છે. 'ક્ષી.ત.'(પૃ.૩૧)માં અને 'ક્ષી.ત.' (પૃ.૧૧૩)માં પણ સાયણ જેમ જ બંને ધાતુસૂત્રો મળે છે. સાયણે એ પણ નોંધ્યું છે કે શાકટાયન બંને ઠેકાણે બંને અર્થ આપે છે.

ધનપાલ આ બંને કરતા જુદા પડે છે. તે પ્રથમ चक तृप्तौ । चकते । આપે છે અને પછી ઘટાદિમાં चक्र तृप्तौ प्रतीघाते च । चकते । એમ સૂત્ર આપી ત્યાં પણ આત્મનેપદ રૂપ આપે છે. સાયણે (પૃ.૧૯૫) નોંધ્યું છે કે ધનપાલે કહ્યું છે કે પૂર્વેના પાઠનો આ અનુવાદ છે. તેમના મતે પરસ્મૈપદમાં અનુવાદ વ્યર્થ જાય.

પુરુષકાર (પૃ.૩૯)માં આ જ કહ્યું છે : धनपालः 'चक तृप्तौ 'इत्येव पठित्वा तस्यैव' चक तृप्तौ प्रतीघाते च इति घटादौ 'घटादयो मितः इति मित्सज्ञार्थं पाठं मन्यमानस्तत्राप्यात्मनेपदमेवोदाजहार ।' આમ ધનપાલે મિત્સંજ્ઞા માટે ઘટાદિમાં પણ चक ધાતુનું આત્મનેપદ દર્શાવ્યું છે તે નોંધપાત્ર છે. પુરુષકાર 'प्रतीघात' પાઠ આપે છે, એ નોંધવું ઘટે.

૪. मचि धारणोच्छ्रायपूजनेषु । मञ्चते । (मा.धा.वृ. पृ.८६), शाकटायनस्तु मुचिं हित्वा द्वावेव धातू पपाठ । मचि कल्कने, मच्लृ धारणोच्छ्रायपूजनेषु । .... धनपालस्तावत् शाकटायनानुसारी । સાયણ નોંધે છે કે ભ્વાદિગણમાં આ ધાતુસૂત્ર પહેલા 'મા.ધા.વૃ.'માં मच मुचि कल्कने । એમ ધાતુસૂત્ર છે. એટલે બંનેમાં થઈને मच, मुचि અને मचि એમ ત્રણ ધાતુઓ થયા. તેમણે નોંધ્યા પ્રમાણે શાકટાયન તેમાંથી मुचि ધાતુ ને છોડી દે છે અને સાયણે આપેલા मच ધાતુને બદલે मचि कल्कने અને બીજા मचि ને બદલે मच्लृ ધાતુના એ જ 'ધારણ, ઉચ્છ્રાય અને પૂજન' અર્થમાં પાઠ કરે છે.

હવે ધનપાલ શાકટાયનની જેમ પાઠ કરે છે તેમ સાયણે જણાવ્યું છે તો તે मचि અને मचुङ् કે સાયણે કહ્યું છે તેમ मचि અને मच्लृનો પાઠ કરે છે તે નક્કી કરવા માટે પુરુષકાર (પૃ.૪૪)નું વિધાન મદદ કરે છે. તેમાં જણાવ્યા પ્રમાણે શાકટાયન मचि અને मचुङ्નો પાઠ કરે છે અને શાકટાયન ધાતુપાઠ (પૃ.૨) પણ આ બાબતમાં નિર્ણાયક નીવડે છે, કારણ કે તેમાં मचि અને मचुङ् બે ધાતુઓ પરનાં સૂત્રો ઉપર્યુક્ત અર્થમાં જ મળે છે. માટે ધનપાલ પણ मचि અને मचुङ् એ બંને ધાતુનો પાઠ કરે છે એમ ચોક્કસપણે કહી શકાય.

૫. ऋज गतिस्थानार्जनोपार्जनेषु । अर्जते । (मा.धा.वृ. पृ. ८७) ऊर्जनेषु इति क्षीरस्वामीधनपाल-शाकटायनाः ।

સાયણે નોંધ્યા પ્રમાણે ધનપાલ, શાકટાયન અને ક્ષીરસ્વામી આ ભ્વાદિ ધાતુના ઉપર્યુક્ત ચાર અર્થોમાંના ऊपार्जनेषु ને બદલે ऊर्जनेषु એમ પાઠ આપે છે. પુરુષકાર (પૃ.૫૩)માં પણ ધનપાલનો આ જ મત મળે છે. સાયણે નોંધ્યું છે તેમ જ 'ક્ષી.ત.'(પૃ.૩૮)માં ऊर्जनेषु મળે છે. અર્જન અને ઉપાર્જનનો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ 'પ્રાપ્તિ' 'મેળવવું' થાય. ઊર્જનનો અર્થ 'શક્તિ' થાય-'ધા.પ્ર'(પૃ.૧૬)માં ऊपार्जनेषु મળે છે. શાકટાયન ધાતુપાઠ(પૃ.૨)માં गतिस्थानार्जनोर्जषु મળે છે તેમાં ऊर्जनेषु ને બદલે ऊर्जसु છપાયું જણાય છે. માટે લાગે છે કે ધનપાલ પણ શાકટાયન પ્રમાણે ऊर्जनेषु જ આપતા હશે. બોપદેવ કવિ. (પૃ.૧૯)માં આ ધાતુના ચાર અર્થ ગતિ, સ્થૈર્ય, ઊર્જન અને અર્જન આપે છે, તેથી ધનપાલના મતને સમર્થન સાંપડે છે.

૬. इट किट कटी गतौ । एटति । केटति । कटति । धनपालशाकटायनौ तु त्रीनेव धातूनाहतुः। अयं पक्षः समर्थितः पुरुषकारेण (મા.ધા.વૃ. પૃ.૧૧૧) સાયણ અહીં નોંધે છે કે ધનપાલ અને શાકટાયન આ ધાતુસૂત્રમાં इ નો કે ई નો પાઠ કરતા નથી. ધનપાલનો આ મત સમજવા માટે મૈત્રેય અને ક્ષીરસ્વામીનો મત પણ જાણવો જરૂરી છે.

સાયણ નોંધે છે તેમ મૈત્રેય 'ધા.પ્ર.' (પૃ.૨૬)માં इट किट कट इ गतौ । એમ ચાર ધાતુનો પાઠ આપે છે. સાયણ લખે છે કે કેટલાક इ બદલે ई એમ દીર્ઘાન્ત પાઠ આપીને વ્યપદેશિવદ્ભાવ-ને લીધે તેમ જ ગુરુમત્વને લીધે ई ને आम् પ્રત્યય લગાડી अयाञ्चकार રૂપ આપે છે. आद्यन्तवदेकस्मिन् । (૧-૧-૨૧) સૂત્ર પરના ભાષ્યના व्यपदेशिवद् वचनम् । વાર્ત્તિકથી વ્યપદેશિવદ્ભાવ થાય છે. (કોઈ ઠેકાણે એક વર્ણમાં પણ વ્યપદેશીનો મુખ્ય માફક વ્યવહાર કરવામાં આવે છે) અને ईजादेश्च गुरुमत्तोऽनृच्छः । (૩.૧.૩૬) સૂત્રથી ગુરુમત્ત્વ થાય છે.

સાયણ એ પણ નોંધે છે કે ક્ષીરસ્વામી 'ક્ષી.ત.' (પૃ.૫૬)માં इट, किट, कटी — એમ ત્રણ ધાતુનો પાઠ આપીને નોંધે છે કે કેંટલાક कटि એમ પાઠ આપીને ई ને પ્રશ્લિષ્ટ ગણે છે, कटि નું कण्टति રૂપ આપે છે અને ई ધાતુનું उदयति दिननाथो याति शीतांशुरस्तम् । એમ શિશુપાલવધ, (૧૧.૬૪)માંનું ઉદાહરણ આપે છે.

સમ્મતાકાર અને તરંગિણીકાર પણ इट, किट, कटि, इ એમ ચાર ધાતુઓ આપે છે તેમ સાયણ નોંધે છે. 'ક્ષી.ત.'કાર પોતે તો ई — એમ દીર્ઘ પાઠ આપતા નથી.

આ ધાતુસૂત્રના સંદર્ભમાં સાયણ ખાસ નોંધે છે કે ધનપાલ અને શાકટાયન તો માત્ર પ્રથમ ત્રણ ધાતુઓનો જ પાઠ આપે છે અને इ કે ई નો પાઠ કરતા નથી. પુરુષકાર (પૃ.૨૨)માં ધનપાલ અને શાકટાયનનો આ જ મત દર્શાવ્યો છે.

આ મતને સમર્થન આપતાં સાયણ 'ભ્વાદિગણનું એક ધાતુસૂત્ર ટાંકે છે (પૃ.૧૦૭) : शोटृ गर्वे। इतो गड्यन्ता उदात्ता उदात्तेतः ।

આ शोटृ ધાતુથી गडि वदनैकदेशे । ધાતુ સુધીના બધા ધાતુઓ ઉદાત્ત ઉદાત્તેત્ છે. આ इट किट कटी સૂત્રમાં इ ધાતુનો સમાવેશ કરીએ તો તેમાં તેના રૂપ अयतिनो સમાવેશ થાય, પણ एकाच् उपदेशेऽनुदात्तात् । (૭.૨.૧૦) ધાતુસૂત્ર પરની કાશિકા જોઈએ તો તેમાં કહ્યું છે : तत्र सर्वे स्वरान्ताः एकाचः अनुदात्ताः अदन्तादीन् वर्जयित्वा । તેથી ई-इ अयति અનુદાત્ત છે, માટે તેનો ઉપર દર્શાવેલા ઉદાત્ત ધાતુઓમાં સમાવેશ થઈ શકે નહીં.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મૈત્રેય (પૃ.૨૯) આ બધા ઉદાત્ત ધાતુઓમાં અનુદાત્ત इ નો સમાવેશ કરવાની વાતને ભટ્ટગ્રામન્યાયથી યોગ્ય કરાવે છે. उदात्तत्वमयतिवर्जम् । भट्टग्रामन्यायेन तूदात्ता इति सामान्योक्तिः । સાયણ આ ચર્ચાના અંતમાં પુરુષકાર (પૃ.૨૨)નો મત ટાંકતા કહે છે કે विप्रतिपन्नो पुनरुदात्तोक्त्याञ्जस्यवशादपाठपक्ष एव ज्यायान् । એટલે ઉદાત્તોક્તિ બાબતમાં આમ સમાધાન કરવા કરતાં આ ધાતુનો પાઠ ન કરવો તે સારું છે માટે उदयति-રૂપ છે તે પણ અસાધુ જ ભલે ગણાય, કારણકે अनुदात्तङित० । (૧.૩.૧૨) સૂત્રથી उदयते એમ જ આત્મનેપદી રૂપ થાય. વધારામાં, સાયણ હરદત્તનો उपसर्गस्यायतौ । (૮-૨-૧૯) સૂત્ર પરનો મત ટાંકે છે : अयतिरनुदात्तेत् । कथं तर्हि उदयति विततोर्ध्वरश्मिरज्जौ (शिशुपालवध ४.२०) इति परस्मैपदम् ? આમ હરદત્ત પ્રસ્તુત સૂત્રમાં इના સમાવેશને યોગ્ય ગણતા નથી. આ બાબતમાં વૃત્તિકારનો મત પણ એ જ છે કે इट किट कटी સૂત્રમાં ई કે इ નો સમાવેશ ન થાય. સાયણે આ ई કે इ સમાવેશ પ્રસ્તુત ધાતુસૂત્રમાં સમાવેશ ન થાય એ અંગે ધનપાલ શાકટાયન વગેરેના મત દર્શાવી જે ચર્ચા કરી છે તે પુરુષકાર (પૃ.૨૨-૨૩)માં પણ મળે છે : अपरे पुनरुभावपि न पठन्ति । व्यक्तं चैतद् धनपालशाकटायनवृत्त्योः ।

આ ચર્ચા પરથી સ્પષ્ટ થાય છે કે ધનપાલ અને શાકટાયનનો, આ મત કે પ્રસ્તુત ધાતુસૂત્રમાં ई કે इ નો સમાવેશ ન થાય, તેને, સાયણ ઉપરાંત હરદત્ત, પુરુષકારના કર્તા, કાશિકાકાર વગેરેનું સમર્થન મળી રહે છે.

૭. मुट प्रतर्दने । मोटति । (मा.धा.वृ. पृ. ११३) मुडेति धनपालः । पुडेति पकारादिडन्तिः, इति शाकटायनः ।

સાયણે નોંધ્યા પ્રમાણે ધનપાલ આ ભ્વાદિ ધાતુનો मुड અને શાકટાયન पुड એમ પાઠ કરે છે. 'क्षी.त.'માં બંનેનો मुडि અને पुडि પાઠ મળે છે એમ સાયણ નોંધે છે, પણ ખરેખર 'क्षी.त.' (પૃ.૫૭)માં मुडि प्रतर्दने, पुडि इत्येके । એમ સૂત્ર મળે છે. 'ધા.પ્ર.'(પૃ.૨૬)માં मुडि નો પાઠ આપી पुडि चेत्येके। એમ જુદું સૂત્ર મળે છે. પુરુષકાર (પૃ.૫૭)માં मुट प्रतर्दने, पुडि इति धनपालः । એમ મળે છે. આમ મા.ધા.વૃ. અને પુરુષકાર બંનેમાં ધનપાલનો જુદો મત મળે છે તે જોતાં, ધનપાલ આ ધાતુનો मुड કે पुडि બંનેમાંથી ખરેખર કયો પાઠ કરતા હશે એ પ્રશ્ન થાય છે. સામાન્ય રીતે તે શાકટાયનને અનુસરે છે માટે पुडि પાઠ કરતા હશે એમ કહી શકાય.

૮. रुठ लुठ उठ उपघाते । रोठति लोठति ओठति । (मा.धा.वृ. पृ.११५) अत्र मैत्रेयः - 'उठेत्यप्येके' इति । धनपालशाकटायनौ तु रुठलुठेत्येव पेठतुः ।

સાયણ નોંધે છે કે ધનપાલ અને શાકટાયન रुठ लुठ બંનેનો જ પાઠ કરે છે. उठ નો પાઠ કરતા નથી. સાયણ નોંધે છે તેમ ક્ષીરસ્વામી (પૃ.૫૯) उठ નો પાઠ કરે છે, અને रुठ लुंठ इत्यपि दौर्गाः । એમ કહે છે મૈત્રેય 'ધા.પ્ર.' (પૃ.૩૭)માં रुठ लुठ उपघाते । એમ સૂત્ર આપી, उठ इत्येके એમ જુદું સૂત્ર આપે છે.

પુરુષકાર(પૃ.૬૨)માં ધનપાલ અને શાકટાયનનો સાવ જુદો જ મત મળે છે. उठ इत्येव

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

धनपालः ।, ऊठ इत्येव शाकटायनः । આ પ્રમાણે તો એ બંને ક્ષીરસ્વામી માફક માત્ર उठ કે ऊठ નો જ પાઠ કરે છે, रुठ लुठ નો પાઠ કરતા નથી. આ બંનેમાંથી ધનપાલનો કયો મત સાચો એ નક્કી કરવું મુશ્કેલ છે, કારણ કે શાકટાયન ધાતુપાઠ (પૃ.૭)માં તો વળી સાવ જુદો જ પાઠ મળે છે : उठ रुठ लुठ उपघाते । તે તો ત્રણે ધાતુનો પાઠ કરતા જણાય છે.

૯. शुठ गतिप्रतिघाते । शोठति । प्रतिघात इत्येव धनपालः । तथा च कुठि इत्युत्तरधातौ प्रतिहतिमात्रं प्रतीयते अतिशिष्यते इत्यर्थः ॥ (मा.धा.वृ. ११५)

સાયણ નોંધે છે કે ધનપાલ આ ભ્વાદિ ધાતુનો અર્થ માત્ર 'પ્રતિઘાત' કરે છે અને તેમના મતે આના પછી આવતા कुठि ધાતુનો અર્થ પણ માત્ર 'પ્રતિઘાત' છે, ગતિ નહી. સાયણ कुठि च । સૂત્ર આપીને તે ધાતુના પણ બે અર્થ 'ગતિ અને પ્રતિઘાત' આપે છે. ક્ષી.ત. (પૃ.૫૯)માં અને 'ધા.પ્ર.' (પૃ.૨૭)માં शुठ અને कुठ ધાતુના સાયણની જેમ જ ગતિ અને પ્રતિઘાત બે અર્થ આપ્યા છે. પુરુષકાર (પૃ.૬૩)માં પણ સાયણની જેમ જ ધનપાલનો મત આપ્યો છે. ધનપાલ આ બાબતમાં શાકટાયનથી જુદા પડે છે, કારણકે તેમના ધાતુપાઠ (પૃ.૭)માં शुठकुठ गतिप्रतिघाते । એમ સૂત્ર મળે છે.

૧૦. हूडृ हुडृ होडृ गतौ । हूडति । होडति । होडति । (मा.धा.वृ. पृ.११६) हुडृ हूडृ गताविति धनपालशाकटायनौ । होडति इत्यनादरे गतः ।

સાયણ નોંધે છે કે ધનપાલ અને શાકટાયન होडृ ધાતુનો ગતિના અર્થમાં પાઠ કરતા નથી. પુરુષકાર (પૃ.૬૫)માં પણ આ બંનેનો મત સાયણ પ્રમાણે જ આપ્યો છે. સાયણની જેમ જ ક્ષીરસ્વામી 'ક્ષી.ત.' (પૃ.૬૦)માં, होडृનો 'ગતિ' અર્થમાં પાઠ કરે છે અને 'ધા.પ્ર.' (પૃ.૨૮)માં પણ हूडृ होडृ गतौ એમ સૂત્ર મળે છે.

ભ્વાદિગણમાં, આની પહેલાં મા.ધા.વૃ.(પૃ.૧૦૬)માં, પુરુષકાર (પૃ.૬૫)માં અને 'ધા.પ્ર.' (પૃ.૨૪)માં हूडृ होडृ अनादरे । એમ સૂત્ર મળે છે એટલે એ લોકો होडृનો અર્થ ગતિ અને અનાદર બંને કરે છે જ્યારે ધનપાલ અને શાકટાયન होडृનો અર્થ માત્ર 'અનાદર' કરે છે. શાકટાયન ધાતુપાઠ (પૃ.૨)માં हेडृ होडृ अनादरे મળે છે. ગુજરાતી ભાષામાં પણ આપણે 'હડે' અને 'હોડ' શબ્દ અનાદરાર્થે (શ્વાનને હાંકવા માટે) વાપરીએ છીએ તે પણ ધનપાલના મતને ટેકો આપે છે.

૧૧. शुभ शुम्भ भाषणे हिंसायां च । शोभति शुम्भति । (मा.धा.वृ. पृ. १२५)

दुर्गस्तु भासने इत्यस्यार्थमाह । एवं धनपालशाकटायनौ । સાયણ નોંધે છે કે દુર્ગ આ ધાતુનો અર્થ 'भासन' કરે છે. અને ધનપાલ અને શાકટાયન પણ એ જ અર્થ કરે છે.

ક્ષીરસ્વામી शुभનો પાઠ કરતા નથી અને शुम्भનો અર્થ સાયણની જેમ જ આપે છે (પૃ.૬૮). 'ધા.પ્ર.' (પૃ.૩૩)માં પણ સાયણ જેમ જ બંને ધાતુનો પાઠ અને અર્થ મળે છે. પુરુષકાર (પૃ.૯૦)માં લખ્યું છે કે ધનપાલ અને શાકટાયન, દુર્ગ જેમ 'भासन' અર્થ કરે છે : 'क्षीरस्वामी शुम्भ भाषणे हिंसायां च, भासने इति च दुर्गः । ... धनपालशाकटायनौ तु यथा दुर्गः ।' આ પરથી સ્પષ્ટ થાય છે કે ધનપાલ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને શાકટાયન ભાષણ અને હિંસાના અર્થને બદલે આ બંને ધાતુઓનો અર્થ 'भासन' કરે છે. બીજી બાજુ શાકટાયન ધાતુપાઠ (પૃ.૭)માં शुभ शुम्भ भाषणे મળે છે તે મુદ્રણ દોષ હશે ? ડૉ. પલ્સુલે એ સંસ્કૃત ધાતુપાઠ પરના તેમના પુસ્તક (પૃ.૧૩૩)માં લખ્યું છે કે મૂળમાં આ शुम्भ ધાતુનો અર્થ भासन હશે પણ પછી भाषणे થયું લાગે છે.

૧૨. वर्ह वल्ह परिभाषणहिंसादानेषु । वर्हते वल्हते । (मा.धा.वृ. पृ.१६६) अत्र धनपालमैत्रेयो परिभाषणादावोष्ठ्यत्वम्, वृद्धौ दन्त्योष्ठ्यादित्वं चाहतुः ।

સાયણ નોંધે છે કે ધનપાલ અને મૈત્રેય, પરિભાષણ વગેરે અર્થમાં ઓષ્ઠ્ય એટલે बर्ह बल्हનો અને વૃદ્ધિના અર્થમાં, દન્તોષ્ઠ્ય એટલે वर्ह वल्हનો પાઠ કરે છે. સાયણે નોંધ્યા પ્રમાણે શાકટાયન પણ छादयत्यनेनेति वर्हः घञ् કહેતાં ધનપાલની જેમ વૃદ્ધિના અર્થમાં वर्हનો પાઠ કરે છે.

સાયણ આ સૂત્ર પહેલાં बर्ह बल्ह प्राधान्ये । સૂત્ર આપે છે અને તેના સમર્થનમાં मुनिप्रबर्हाः ઉદાહરણ પણ સાયણે આપ્યું છે. 'क्षी.त.' (પૃ.૯૫)માં પણ સાયણની જેમ જ બંને સૂત્રો અને તેમના અર્થ મળે છે. 'धा.प्र.'(પૃ.૪૫)માં પણ સાયણની જેમ वर्ह वल्ह પરિભાષણ વગેરેના અર્થમાં છે, પણ તેમાં बर्ह बल्ह प्राधान्येને બદલે वल्ह प्राधान्ये આપ્યું છે. પુરુષકાર (પૃ.૧૧૫)માં લીલાશુક નોંધે છે કે મૈત્રેય वर्ह वल्ह प्राधान्ये, बर्ह बल्ह परिभाषणहिंसादानेषु । એમ અર્થવ્યત્યયથી પાઠ કરે છે, પણ ખરેખર એમ નથી.

પુરુષકારમાં મળતો ધનપાલનો મત પણ સાયણે આપેલા ધનપાલના મત કરતાં જરા જુદો છે, જેમકે वर्ह वल्ह प्राधान्ये અને वर्ह वल्ह परिभाषणहिंसाछादनेषु । નોંધવું ઘટે કે શાકટાયન ધાતુપાઠ(પૃ.૩) માં પણ वहि वल्हि प्राधान्ये । वहिं वल्हि परिभाषणहिंसाच्छादनेषु મળે છે. સાયણે અને લીલાશુકે ધનપાલના દર્શાવેલા મતમાંથી કયો મત ખરેખર ધનપાલનો છે એ નક્કી કરવું મુશ્કેલ છે.

પુરુષકારમાં લીલાશુક સ્પષ્ટ કહે છે કે बर्ह बल्ह प्राधान्ये એ પાઠ અને वर्ह वल्हનો 'પરિભાષણ' વગેરે અર્થ યોગ્ય છે, કારણકે અમરકોશ(૧.૬.૬)માં प्रवल्हिका અને प्रहेलिकाનો અર્થ 'ઉખાણું અને સમસ્યા' આપ્યો છે. તે જ પ્રમાણે ઐતરેય બ્રાહ્મણ (૬.૩૩)માંના प्रवल्हिकाः નો અર્થ ગોવિન્દસ્વામીએ અનૃત ભાષણ કર્યો છે, માટે ધનપાલ અને શાકટાયન वर्ह वल्हનો અર્થ જો વૃદ્ધિ કે પ્રાધાન્ય કરતા હોય તો તે બરાબર નથી, એમ તેમનો મત છે.

૧૩. घुषिर् अविशब्दने । घोषति । (मा.धा.वृ. पृ.१६९) सर्वत्र क्षीरस्वामिधनपालभागवृत्तिकारा घुषिं शब्दार्थं पेठुः । ભ્વાદિ घुषिर् ધાતુનો અર્થ સાયણે 'अविशब्दनम्' આપ્યો છે. સાયણ સ્પષ્ટ કરે છે કે विशब्दन એટલે प्रतिज्ञान અને घुषिरविशब्दने । (૭.૨.૨૩) સૂત્ર પરના ન્યાસમાં તેનો અર્થ શબ્દથી 'સ્વાભિપ્રાયનું પ્રકાશન' આપ્યો છે માટે અવિશબ્દનનો અર્થ 'જે વિશબ્દન નથી તે' એમ થાય.

क्षीरસ્વામી ધનપાલ અને ભાગવૃત્તિકાર, घुषिर्નો અર્થ 'શબ્દાર્થ' આપે છે અને ચાન્દ્ર વૈયાકરણ, દુર્ગ તેમજ શાકટાયન પણ अविને બાદ કરીને માત્ર 'शब्दे' એવો અર્થ કરે છે તેમ સાયણે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નોંધ્યું છે, પણ તે અર્થ સાથે સાયણ પોતે સંમત નથી. શાકટાયન આ ધાતુનો પાઠ 'घुषृ' કરે છે તેમ પણ સાયણે નોંધ્યું છે.

સાયણ દલીલ કરે છે : यदि शब्द इत्यर्थः स्यात्, तर्हि, 'घुषिरविशब्दने', इति इट्प्रतिषेधेऽपि लघु घुषिरशब्द इत्येव वाच्यं स्यात् । તેમના મતે 'શબ્દ' નહીં, પણ શબ્દાર્થ જોઈએ. આમ કહીને મૈત્રેયના પાઠને પ્રમાણમાં સારો કહે છે : इति घुषिरविशब्दार्थ इति मैत्रेयादिपाठोज्यायान । પણ સાયણ મા.ધા.વૃ.માં નોંધે છે તે કરતાં જુદો જ પાઠ 'ધા.પ્ર.'(પૃ.૪૬)માં મૈત્રેયે આપ્યો છે : घुषिर् शब्दार्थः । અને 'ક્ષી.ત.' (પૃ.૯૬)માં પણ એ જ પ્રમાણે પાઠ મળે છે. પુરુષકાર (પૃ.૧૦૨)માં 'ધા.પ્ર.'માંનું ચુરાદિનું घुषिर् अविशब्दार्थः । સૂત્ર આપી કહ્યું છે કે घुषिरित्ययं धातुः यथाप्रयोगं विशब्दनादन्यत्रार्थे वर्तते इत्यर्थः । આ મત સાયણના મતને સમર્થન આપે છે. તેમાં પણ કહ્યું છે કે ક્ષીરસ્વામી, ધનપાલ અને ભાગવૃત્તિકાર घुषिर् ધાતુનો અર્થ 'શબ્દાર્થ' આપે છે : शब्दार्थ इति तु क्षीरस्वामीधनपालभागवृत्तिकाराः ।

૧૪. चक तृप्तौ । चकति । (मा.धा.वृ. पृ.१९५) धनपालस्तु पुनर्यथास्वामि पूर्वपठितस्यायमनुवाद: इति आत्मनेपदमुदाजहार ।

ભ્વાદિગણમાં અગાઉ चक तृप्तौ प्रतिघाते च । चकते । (પૃ.૭૯) એમ આત્મનેપદી ધાતુ મળે છે. સાયણ કહે છે કે આત્મનેપદમાં પાઠ કર્યા પછી પરસ્મૈપદમાં તેનો અનુવાદ થવાથી અહીં ઘટાદિમાં પરસ્મૈપદમાં પાઠ આપ્યો છે. આ ધાતુસૂત્રમાં સાયણ ક્ષીરસ્વામીના મતનો એમ નિર્દેશ કરે છે કે ક્ષીરસ્વામીએ પ્રથમ चक तृप्तौ प्रतिघाते । સૂત્ર આપીને પછી चकનો અર્થ 'તૃપ્તિમાત્ર' આપ્યો છે અને આત્મનેપદ કહ્યું છે પણ 'ક્ષી.ત.' (પૃ.૩૧)માં ખરેખર તો પ્રથમ चक तृप्तौ । चकते । આપ્યું છે અને પછી चक तृप्तौ प्रतिघाते । चकति એમ પરસ્મૈપદ આપ્યું છે (પૃ.૧૧૩).

ધનપાલનો મત એમ છે કે પૂર્વે પઠન કરેલા चक ધાતુનો આ અનુવાદ છે અને અહીં તે આત્મનેપદનું દૃષ્ટાંત આપે છે તેમના મતે અહીં પરસ્મૈપદમાં અનુવાદ વ્યર્થ છે. બધાં વૈયાકરણોમાં માત્ર ધનપાલ જ ઘટાદિમાં પણ चक ધાતુનું चकते એમ આત્મનેપદનું દૃષ્ટાંત આપે છે. 'ધા.પ્ર.'(પૃ.૫૪)માં ઘટાદિ ધાતુ चक ને પરસ્મૈપદી ધાતુ દર્શાવ્યો છે. આ વાતનો નિર્દેશ 'મા.ધા.વૃ.' (પૃ.૭૯)માં મળતા ધનપાલના चक ધાતુના અર્થ બાબતના મતના સંદર્ભમાં થયો છે. છતાં પુરુષકાર(પૃ.૩૯)માં મળતા ધનપાલના આ બાબત વિશેનો મત આપવો જરૂરી જણાય છે. તેમાં ધનપાલ પ્રથમ चक ધાતુનો આત્મનેપદી પાઠ આપી ફરી ઘટાદિમાં શા માટે આત્મનેપદી પાઠ આપે છે તેનું કારણ આપ્યું છે : घटादौ 'घटादयो मितः इति मित्संज्ञार्थं पाठं मन्यमानतत्राप्यात्मनेपदमेवोदाजहार ।'

૧૫. दृ भये । दरति । अत्र देवधनपालपूर्णचन्द्राः अमुं धात्वन्तरमाहुः (मा.धा.वृ. पृ.१९७)

સાયણ નોંધે છે કે મૈત્રેય માને છે કે ક્ર્યાદિમાં જે दृ विदारणे । ધાતુ છે તેનો જ અહીં ભ્વાદિમાં મિત્ત્વાર્થ માટે પાઠ છે, જ્યારે દેવ, ધનપાલ અને પૂર્ણચન્દ્ર આ ભ્વાદિ दृ भये ધાતુને જુદો ધાતુ જ માને છે. મૈત્રેય (પૃ.૫૬) મિત્ત્વાર્થ માટે ભયનો અર્થ દર્શાવતા ધાતુનો પાઠ થાય ત્યારે दरयति રૂપ થાય છે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને ભય સિવાયના અર્થમાં પાઠ થાય ત્યારે दारयति રૂપ થાય છે એમ કહે છે. દેવ, ધનપાલ અને પૂર્ણચન્દ્ર આ ધાતુને ક્ર્યાદિ કરતાં જુદો ધાતુ ગણે છે અને તેનું दरति રૂપ આપે છે. ક્ષીરસ્વામી (પૃ.૧૧૬) પણ दरति રૂપ આપે છે અને નોંધે છે કે કેટલાક વૈયાકરણો ક્ર્યાદિધાતુનો જ અહીં મિત્ત્વાર્થ માટે અનુવાદ છે તેમ માને છે. આમ તે પણ બંને ધાતુને જુદા માને છે. પુરુષકાર (પૃ.૩૭)માં પણ આજ સંદર્ભમાં મૈત્રેયનો ઉપર્યુક્ત મત ટાંકી કહ્યું છે કે ધનપાલ, હરિયોગી અને પૂર્ણચન્દ્ર दरति રૂપ આપે છે એટલે કે એ લોકો આને ક્ર્યાદિ કરતાં જુદો ધાતુ માને છે. પુરુષકારમાં दृ भये ધાતુના સંદર્ભમાં ધનપાલના બે મત મળે છે. તેમાંનો આ પ્રથમ છે.

આ ધાતુના સંદર્ભમાં સાયણ, આભરણકારનો એક આ મત આપી તેનું ખંડન કરે છે તેનો ટૂંકો નિર્દેશ અસ્થાને નહીં ગણાય. આભરણકાર ભ્વાદિમાં दृ भये એમ હ્રસ્વાન્ત પાઠ કરી, अत्स्मृदृत्वर । (૭-૪-૯૫) સૂત્રમાં પણ તેનો હ્રસ્વાન્ત પાઠ માને છે અને પ્રેરકમાં चङ् પ્રત્યય લગાડીને अददरत् રૂપ આપે છે. સાયણ તે મતનું ખંડન કરતાં કહે છે કે આ સૂત્રમાં દીર્ઘાન્ત પાઠ જ છે વળી કાશિકા વગેરેમાં પણ આ સૂત્રમાં दॄ विदारणे એમ દીર્ઘાન્ત ધાતુ જ દર્શાવ્યો છે માટે આભરણકારનો આ મત બરાબર નથી. તે સૂત્રમાં તો दॄ विदारणे એમ ક્ર્યાદિ ધાતુનો જ પાઠ છે.

આભરણકારના ભ્વાદિમાં હ્રસ્વાન્ત ધાતુ दृ વિશેના મતનું બીજી રીતે ખંડન કરે છે. જો તેમનો મત સ્વીકારીએ તો शृदृप्रां ह्रस्वो वा । (૭.૪.૧૨) સૂત્રમાં दृ ધાતુનું જે વિકલ્પે હ્રસ્વવિધાન કર્યું છે તે અનર્થક જ થાય, કારણ કે આ ધાતુ જો હ્રસ્વાન્ત હોય તો लिट्માં विदद्रतुः રૂપ યણાદેશથી જ સિદ્ધ થાય અને विददरतुः રૂપ પણ ऋच्छत्यृताम् । (૭.૪.૧૧) સૂત્રથી જ સિદ્ધ થાય. આમ આ ધાતુને હ્રસ્વાન્ત માનીએ તો ઉપર્યુક્ત સૂત્રનો કંઈ ઉપયોગ જ ન થાય. સાયણ વધારામાં કહે છે : न च विदारणे रूपद्वयार्थं ह्रस्वविकल्पनं स्यादिति वाच्यम् धातूनामनेकार्थत्वेन अस्यापि विदारणे वृत्तिसम्भवात् । આમ આભરણકારના મતનું સાયણે ખંડન કર્યું છે.

પુરુષકાર (પૃ.૩૭)માં ધનપાલનો આ ધાતુ અંગે એક બીજો મત મળે છે. જે સાયણે નોંધ્યો નથી : धनपालशाकटायनौ च क्र्यादौ च दृ भये इत्येवाहतुः । આ મતને શાકટાયન ધાતુપાઠનું સમર્થન મળે છે, કેમકે તેમાં ક્ર્યાદિ(પૃ.૧૪)માં दृ भये । એમ પાઠ મળે છે. આમ ધનપાલ અને શાકટાયન ક્ર્યાદિમાં પણ दृ ધાતુનો અર્થ 'વિદારણ' ન કરતાં 'ભય' કરે છે, જ્યારે સાયણ, ક્ષીરસ્વામી અને મૈત્રેય વગેરે ક્ર્યાદિમાં 'વિદારણ' અર્થ કરે છે અને ભ્વાદિમાં 'ભય' અર્થ કરે છે.

નોંધપાત્ર એ છે કે ધનપાલ અને શાકટાયન ભ્વાદિ અને ક્ર્યાદિ दृ ધાતુને જુદા ધાતુ માને છે પણ બંનેનો અર્થ 'ભય' એમ એક જ આપે છે.

૧૬. जिह्वोन्मथने लडिः । लडयति । अपरे तु – जिह्वा च उन्मथनमिति समाहारद्वन्द्वं व्याचक्षते, जिह्वा शब्देन तद्विषयो व्यापार उच्यते । तत्र चोन्मथने चेति लडयति शत्रुम्, लडयति दधि चेति भवति। धनपालस्त्वेवं पठित्वा 'आर्याणां जिह्वोन्मथनयोरिति पाठः इति । (मा.धा.वृ. पृ. ९९)

આ ભ્વાદિ ધાતુના અર્થ બાબતે વૈયાકરણોમાં મતભેદ પ્રવર્તે છે. સાયણ 'જિહ્વાનું ઉન્મથન'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એટલે 'ક્ષોભણ' અર્થ કરે છે. મૈત્રેય 'ધા.પ્ર.'(પૃ.૫૬)માં સાયણની જેમ જ પાઠ અને અર્થ આપી लडयति जिह्वाम्। દૃષ્ટાંત આપે છે. તે जिह्वया उन्मथनम्। એમ વિગ્રહ કરે છે.

સાયણે નોંધ્યા પ્રમાણે પુરુષકારમાં પણ એમ જ એટલે કે 'જીભનું ઉન્મથન' અર્થ આપ્યો છે અને ગુપ્ત નામના વૈયાકરણ પણ એ જ અર્થ આપે છે.जिह्वोन्मथने પાઠ માટે સાયણ નોંધે છે કે બીજા કેટલાક (કૌમાર) વૈયાકરણો जिह्वा च उन्मथनम्। એમ સમાહાર દ્વન્દ્વ સમાસ કરે છે અને जिह्वाનો અર્થ - જીભથી થતો વ્યવહાર અને ઉન્મથનનો સ્વતંત્ર અર્થ 'હંફાવવું, વલોવવું' એમ કરી, તેનાં लडयति शत्रुम्, लडयति दधि । એમ દૃષ્ટાંત આપે છે. સાયણ જણાવે છે કે ધનપાલ આમ જ માને છે અને આર્યો जिह्वोन्मथनयोः પાઠ આપે છે તેમ નોંધે છે તેનો અર્થ એ થયો કે ધનપાલ, કૌમાર વૈયાકરણો જેમ બંને અર્થ કરે છે અને આર્યો પણ એમ જ અર્થ કરતા જણાય છે.

'ક્ષી.ત.'(પૃ.૧૧૭)માં પણ जिह्वान्मथनयोर्लडिः એમ ધાતુસૂત્ર આપી, लडयति जिह्वाम्, ललयति दधि । એ દૃષ્ટાંત આપ્યાં છે. તેના પરથી ક્ષીરસ્વામી પણ બંનેનો જુદો અર્થ કરે છે, એ સ્પષ્ટ છે.

પુરુષકાર (પૃ.૬૬)માં પણ ક્ષીરસ્વામી, ગુપ્ત અને કૌમાર વૈયાકરણોના મત આપ્યા પછી કહ્યું છે કે धनपालस्तु जिह्वोन्मथने लडिः । आर्याणां तु जिह्वोन्मथनयोरिति पाठः । અહીં આપેલો મત સાયણે આપેલા મતને મળતો આવે છે ને શાકટાયન ધાતુપાઠ(પૃ.૪)માં પણ जिह्वोन्मथने પાઠ મળે છે તે પુરવાર કરે છે કે ધનપાલ મોટેભાગે શાકટાયનને અનુસરે છે.

૧૭. डीङ् विहायसा गतौ । डयते । विहायसां गतौ इति क्वचित् पठ्यते । तदाकाशगमने इति पठद्भ्यां चन्द्रधनपालभ्यां प्रत्युक्तम् । मा.धा.वृ. (पृ.२६९)

'મા.ધા.વૃ'માં જણાવ્યા પ્રમાણે ભ્વાદિગણના डीङ् ધાતુનો અર્થ 'આકાશમાં ઉડવું' એમ થાય છે. સાયણ નોંધે છે કે કેશવસ્વામી પણ व्योमोरोभ्यां गमने डयते मंहते च । એમ અર્થ આપે છે, પણ ક્યાંક આ ધાતુનો અર્થ विहायसां गतौ (પક્ષીઓની ગતિ) એમ આપતો પાઠ મળે છે, પણ ચન્દ્ર અને ધનપાલ આનો અર્થ 'આકાશગમન' કરે છે અને તે બંને પણ 'विहायसां गतौ' પાઠને સ્વીકારતા નથી.

સાયણે નોંધ્યું છે તેમ મૈત્રેય 'ધા.પ્ર.' (પૃ.૭૦)માં विहायसा गतौ પાઠ આપે છે, જ્યારે 'ક્ષી.ત.' (પૃ.૧૫૬)માં અને પુરુષકાર (પૃ.૨૬)માં विहायसां गतौ પાઠ મળે છે અને તેનો અર્થ विहगानां गतौ એમ આપ્યો છે. પુરુષકાર (પૃ.૨૬)માં પણ ધનપાલનો મત મળે છે : धनपालश्चाकाशगतौ इति व्याकुर्वन्नेवमेव पपाठ । એમ લાગે છે કે ચન્દ્ર સહિત મોટાભાગના વૃત્તિકારો આ ધાતુનો અર્થ 'આકાશગમન' કરતા જણાય છે. પુરુષકારમાં નોંધેલો ભીમસેનનો મત પણ विहायसा गतौ । પાઠ આપે છે. ધનપાલ અહીં પણ શાકટાયન ધાતુપાઠને અનુસરતા જણાય છે, કારણ કે તે ધાતુપાઠ (પૃ.૪)માં विहायसा गतौ અર્થ જ મળે છે.

આ ઉપરાંત પુરુષકારમાં ધનપાલનો બીજો મત મળે છે : दिवादौ तु डीङ् गतौ इति क्षीरस्वामी धनपालौ तन्त्रान्तरीयाश्च । ધનપાલ અને ક્ષીરસ્વામી (પૃ.૨૧૧) દિવાદિ डीङ् ધાતુનો 'ગતિ' અર્થ કરે છે,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્યારે 'મા.ધા.વૃ.' (પૃ.૪૧૦) અને 'ધા.પ્ર.' (પૃ.૯૩)માં તેનો विहायसा गतौ – અર્થ જ આપેલો છે. આમ ભ્વાદિ ડીઙ્ અને દિવાદિ ડીઙ્ ધાતુના અર્થ – એ બંને વિશે પુરુષકારમાં ધનપાલના બે મત મળે છે.

૧૮. यभ विपरीतमैथुने । यभति । मा.धा.वृ. (पृ.२७५)

जभ इत्येके इति मैत्रेयः । जभ च इति धनपालकाश्यपौ । जप जभ इति शाकटायनः ।

ભ્વાદિના આ ધાતુસૂત્રના સંદર્ભમાં, સાયણ જણાવે છે કે ધનપાલ અને કાશ્યપ આ સૂત્રમાં, यभ ઉપરાંત जभ ધાતુનો પણ પાઠ કરે છે, જ્યારે મૈત્રેય 'ધા.પ્ર.' (પૃ.૭૧)માં, यभ પાઠ આપી, यभ ને બદલે કેટલાક जभ પાઠ કરે છે એમ નોંધે છે સાયણ નોંધે છે તેમ શાકટાયન ધાતુપાઠમાં (પૃ.૭) जपजभ નો પાઠ નથી, પણ यभजभ मैथुने। એમ મળે છે. 'ક્ષી.ત.' (પૃ.૧૬૦)માં માત્ર यभનો જ પાઠ છે સાયણ દર્શાવે છે કે આ સૂત્રમાં यभની જોડે जभનો પાઠ કરવાનું ન્યાસકાર અને પદમંજરીકાર હરદત્તને અભિમત નથી, કારણકે જો यभની જોડે જો जभ હોત તો लुपसदचरजपजभ० । (૩-૧-૨૪) સૂત્રમાં અને रधिजभोरचि। (૭.૧.૬૧) સૂત્રમાં जभની જોડે यभનું પણ ગ્રહણ કર્યું હોત. સાયણે બીજી દલીલ એ કરી છે કે एकाच उपदेशे। (૭.૨.૧૦) સૂત્ર પરની વ્યાઘ્રભૂતિની કારિકામાં પણ यभ સાથે जभનો નિર્દેશ નથી : रभिस्तु भान्तेष्वथ मैथुने यभिस्ततस्तृतीयो लभिरेवनेतरे । 'ક્ષી.ત.' (પૃ.૧૬૦) અને 'ધા.પ્ર.' (પૃ.૭૧)માં પણ આ ધાતુસૂત્રમાં માત્ર यभનો જ પાઠ છે.

પુરુષકાર(પૃ.૯૧)માં પણ जभ चे'ति धनपालः । કહ્યું છે તેમાં એ પણ કહ્યું છે કે ન્યાસમાં (ન્યાસમાં નથી પણ પદમંજરીમાં) रधिजभोः (૭.૧-૬૧) સૂત્ર પર जभ जृभि गात्रविनामे । એમ પાઠ આપ્યો છે તે પરથી નક્કી થાય છે કે जभનો અર્થ મૈથુન નથી.

૧૯. पृची सम्पर्चने । पृक्ते । उदित् इति दुर्गकाश्यपनन्दिधनपालादयः । (मा.धा.वृ. पृ.३३६)

સાયણ નોંધે છે કે અદાદિગણમાં દુર્ગ, કાશ્યપ, નન્દિ અને ધનપાલ વગેરે पृचु એમ ઉદિત્ પાઠ કરે છે. કૌશિક તૃતીયાન્ત ઇદિત્ એટલે કે पृजि પાઠ કરે છે, જ્યારે બીજા કેટલાક पृची પાઠ કરે છે. સાયણ સ્પષ્ટ કરે છે કે सम्पृचादि સૂત્ર પરની કાશિકામાં લખ્યું છે કે पृची सम्पर्के इति रुधादिर्गृह्यते, न त्वदादिः। તે પરથી સ્પષ્ટ થાય છે કે पृची પાઠ યોગ્ય છે. રુધાદિગણમાં पृची सम्पर्के पृणक्ति। ધાતુસૂત્ર છે (મા.ધા.વૃ. પૃ.૫૦૫).

સાયણની બીજી દલીલ એ છે કે ઉણાદિવૃત્તિમાં 'पर्जन्यः' શબ્દના વ્યુત્પાદનમાં अर्जेः पर्ज वा । એ સૂત્રથી पर्जादेशનું વિધાન કર્યું છે, તેથી આ ધાતુનો पृजि પાઠ કરવો બરાબર નથી. વળી તે નોંધે છે કે શાકટાયને પણ पृचैङ् सम्पचने (ધાતુપાઠ, પૃ.૧૧) પાઠ આપ્યો છે, તેથી પણ पृजि પાઠ અયોગ્ય છે. ધનપાલ, દુર્ગ, કાશ્યપ વગેરેના ઉદિત્ પાઠ पृचु વિશે સાયણે કંઈ કહ્યું નથી. નોંધવું ઘટે કે 'ક્ષી.ત.' (પૃ.૧૮૦) અને 'ધા.પ્ર.' (પૃ.૭૯)માં સાયણ માફક જ આ ધાતુનો પાઠ મળે છે, પણ તેમાં 'सम्पर्क' અર્થ આપ્યો છે, જે सम्पर्चनના અર્થને મળતો આવે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પુરુષકાર(પૃ.૪૬)માં મળતો ધનપાલનો મત સાયણે આપેલા મત કરતાં જુદો પડે છે. તેમાં सुधाकरः – पृचि इति द्रमिडाः, वेति नन्दिस्वामी' इति । धनपालश्च सर्वं नन्दिस्वामिवदेवास्थित । એમ મળે છે. આ પરથી લાગે કે ધનપાલ पृची અથવા पृचि પાઠ આપે છે, પણ ખરેખર ધનપાલ पृचु, पृची કે पृचि આમાંથી કયો પાઠ આપે છે તે ખ્યાલ આવતો નથી.

૨૦. विष्लृ व्याप्तौ । वेविष्टे । (मा.धा.वृ. पृ.३९७) विषिरुदिदित्येके इति स्वामी । धनपालोऽपिआर्याणामुदित्, द्रमिडानां लृदित् इति ।

સાયણ નોંધે છે કે આ જુહોત્યાદિ ધાતુ विष्लृ વિશે ધનપાલ કહે છે કે આર્યો તેનો ઉદિત્ विषु પાઠ કરે છે અને દ્રમિડો विष्लृ પાઠ કરે છે. 'क्षी.त.' (પૃ.૨૦૩) અને ધા.પ્ર.(પૃ.૮૯)માં પણ સાયણ પ્રમાણે विष्लृ પાઠ મળે છે.

પુરુષકાર (પૃ.૧૦૪)માં આ ધાતુના પાઠ વિશે ધનપાલનો મત સાયણની જેમ જ આપ્યો છે, પણ પુરુષકારમાં આ ધાતુના સંદર્ભમાં આપેલો સુધાકરનો મત નોંધવા જેવો છે :

તેમણે કહ્યું છે દ્રમિડો विष्लृ પાઠ આપે છે માટે पुषादिद्युता० (૩.૧.૫૫) સૂત્ર લાગતાં, તેનું लुङ्‌નું રૂપ अविषत् થાય અને આર્યોના विषु પાઠ પ્રમાણે, તેનું लुङ्‌નું રૂપ शलइगुपधा० । (૩.૧.૪૫) સૂત્ર પ્રમાણે अविक्षत् થાય. સાયણ, ક્ષીરસ્વામી અને મૈત્રેય विष्लृ પાઠ આપે છે માટે દ્રમિડ પરંપરાને અનુસરે છે એમ કહેવાય. શાકટાયન ધાતુપાઠ (પૃ.૧૧)માં विषृञ् व्याप्तो એમ આ ધાતુનો પાઠ મળે છે, જે બધાથી જુદો છે.

૨૧. षुह चक्यर्थे । सुह्यति । (मा.धा.वृ., पृ.४०७). चक्यर्थस्तृप्तिः इति स्वामिधनपालशाकटायनाः। સાયણે નોંધ્યું છે કે દિવાદિ ધાતુ षुह‌ના અર્થ चक्यर्थः‌ને ધનપાલ, ક્ષીરસ્વામી અને શાકટાયન 'तृप्ति' તરીકે સમજાવે છે. સાયણે નોંધ્યો છે તે કરતાં જુદો મત 'क्षी.त.' (પૃ.૨૧૦)માં મળે છે. તેમાં षुह शक्यर्थे સૂત્ર આપ્યું છે અને તેનો અર્થ 'तृप्ति' થાય છે, એમ કહ્યું છે 'ધા.પ્ર.' (પૃ.૯૨)માં પણ षह पुह शक्यर्थे આપ્યું છે, પણ તેમાં 'शक्यर्थे'નો અર્થ દર્શાવ્યો નથી.

પુરુષકાર (પૃ.૧૧૪)માં ક્ષીરસ્વામીએ નોંધેલો દુર્ગનો મત મળે છે : षह षुह शक्ताविति दुर्गः । તેમાં ધનપાલનો चक्यर्थः‌ના અર્થ વિશેનો મત આપ્યોનથી. આમ સાયણ, ધનપાલ શાકટાયન વગેરે षुह ધાતુનો चक्यर्थः અર્થ આપે છે. જ્યારે ક્ષીરસ્વામી, મૈત્રેય, દુર્ગ વગેરે આ ધાતુનો शक्यर्थः કે शक्तिः અર્થ આપે છે. આ બંનેમાં चक्यर्थः અર્થ વધારે ઉચિત જણાય છે, કારણકે ભ્વાદિ चक ધાતુનો અર્થ 'तृप्ति' થાય છે.

પુરુષકારમાં આ ધાતુના અર્થ અંગેનો ધનપાલનો મત નથી મળતો, પણ આ ધાતુસૂત્ર વિશેનો મત મળે છે : षुह इत्येव च धनपालशाकटायनौ । ધનપાલ અને શાકટાયન, સાયણ અને ક્ષીરસ્વામી જેમ માત્ર षुह ધાતુનો પાઠ આ સૂત્રમાં કરે છે, षह‌નો પાઠ કરતા નથી, જ્યારે દુર્ગ અને મૈત્રેય षह, षुह બંનેનો પાઠ કરે છે. આમ આ ધાતુસૂત્રના સંદર્ભમાં, ધાતુના અર્થ વિશેનો ધનપાલનો મત 'મા.ધા.વૃ.'માં અને તેના પાઠ વિશેનો તેનો મત પુરુષકારમાં મળે છે. આ બંને બાબતમાં તે શાકટાયનને અનુસરે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨૨. कुङ् शब्दे । कुवते । (मा.धा.वृ., पृ.४७९) केचिद्दीघन्तिमिमं पठन्ति इति आत्रेयमैत्रेयौ । एवं स्वामिकाश्यपसुधाकरधनपालसंमताकारा अपि ।

સાયણ નોંધે છે કે આ તુદાદિ ધાતુ कुङ् નો આત્રેય, મૈત્રેય, ક્ષીરસ્વામી, કાશ્યપ, સુધાકર, ધનપાલ અને સમ્મતાકાર આ ધાતુનો कूङ् शब्दे । कुवते । એમ દીર્ઘાન્ત પાઠ કરે છે.

સાયણ હ્રસ્વાન્ત પાઠ બાબત નોંધે છે કે ન્યાસકારને પણ આ ધાતુનો હ્રસ્વાન્ત પાઠ જ ઇષ્ટ છે, તેમ તેમણે इको झल् । (૧.૨.૯) સૂત્ર પર કરેલી ચર્ચાથી જણાય છે. તે ચર્ચા આ પ્રમાણે છે : આ ધાતુ ङित् છે, માટે क्ङिति च । (૧.૨.૫) સૂત્રથી ગુણનો નિષેધ થવાથી अज्झनगमां सनि । (૬.૪.૧૬) સૂત્રથી જે દીર્ઘવચન કહ્યું છે, તે चुकूषते માટે સાર્થક થાય છે. આનો અર્થ એ થયો કે તેઓ આનો હ્રસ્વાન્ત પાઠ કરે છે. 'ક્ષી.ત.' (પૃ.૨૫૭)માં ક્ષીરસ્વામીએ પણ कुङ् પાઠ આપીને, કેટલાક દીર્ઘાન્ત પાઠ કરે છે એમ કહ્યું છે, તે પોતે દીર્ઘાન્ત પાઠ આપતા નથી. 'ધા.પ્ર.'(પૃ.૧૧૮)માં कुङ् शब्दे એમ હ્રસ્વાન્ત પાઠ જ મૈત્રેય આપે છે, કેટલાક દીર્ઘાન્ત ઇચ્છે છે એમ જણાવે છે. 'પદ.મં'માં હરદત્તે गाङ्कुटादि० (૧.૨.૧) સૂત્ર પરની વ્યાખ્યામાં કહ્યું છે કે आकूतमिति दर्शनाद् दीघन्तिः ।

इको झल् ।. (૧.૨.૯) સૂત્ર પરની પ્રદીપ ટીકામાં પણ કૈયટે आकूतम् એ શબ્દના પ્રયોગથી દીર્ઘાન્ત પાઠની તરફેણ કરી છે. શાકટાયન कुङ् અને कूङ् બન્ને પાઠ આપે છે એમ પુરુષકારમાં નોંધ મળે છે. અને શાકટાયન ધાતુપાઠ(પૃ.૧૬)માં પણ તેમ જ છે. પુરુષકાર (પૃ.૨૮)માં ધનપાલ શા માટે દીર્ઘાન્ત कूङ् ની તરફેણ કરે છે, એ પણ દર્શાવ્યું છે – अन्ये कूङिति पठन्ति आकूतमिति दर्शनाद् इति धनपालः । આમ ધનપાલ, હરદત્ત, કૈયટ, કાશ્યપ, સુધાકર, સમ્મતાકાર વગેરે વૈયાકરણો દીર્ઘાન્ત कूङ् ના પાઠમાં માનતા લાગે છે. પુરુષકારમાં આ બધાના મતની ચર્ચા કર્યા પછી એક સરસ વાત કહી છે : सर्वत्रैवं प्रयोगविशेषादर्थविशेषोऽप्यनेकार्थत्वाद् आस्थेयः । न पुनः पाठ एव शरणम् ।

૨૩. षद्लृ विशरणगत्यवसादनेषु । सीदति । (मा.धा.वृ.पृ.४९०)० एवं धनपालः । विशरणं इत्यात्रेयमैत्रेयौदुर्गश्च ।

આ તુદાદિ ધાતુ षदलृનો અર્થ સાયણ અને ધનપાલ, વિશરણ, ગતિ અને અવસાદન કરે છે, જ્યારે આત્રેય, મૈત્રેય અને દુર્ગ માત્ર 'વિશરણ' કરે છે. 'ધા.પ્ર.' (પૃ.૧૨૧)માં માત્ર 'વિશરણ' અર્થ જ આપ્યો છે, જ્યારે 'ક્ષી.ત.' (પૃ.૨૬૪)માં આ તુદાદિ ધાતુના ત્રણ અર્થ દર્શાવ્યા છે : વિશરણ એટલે 'નિરાશ્રય', ગતિ એટલે ગમન અને અવસાદન એટલે ખેદ. 'મા.ધા.વૃ.'(પૃ.૨૧૭)માં ભ્વાદિ षद्लृ ધાતુના પણ આ ત્રણ અર્થ આપ્યા છે.

પુરુષકાર (પૃ.૭૬)માં ધનપાલનો આ મત સાયણની જેમ જ આપ્યો છે : षद्लृ विशरणगत्यव सादनेषु तुदादावप्येवमेव धनपालः । 'विशरणे' इत्येव मैत्रेयरक्षितो दुर्गश्च ।..... 'अवसादने' इत्येव क्षीरस्वामी शाकटायनौ । તેમાં વધારામાં ન્યાસકારનો મત આપ્યો છે - षद्लृ विशरणगत्यवसादनेष्विति भौवादिकः, षद्लृ विशरणे इति तौदादिकः इति । આમ આત્રેય, મૈત્રેય, દુર્ગ અને ન્યાસકાર તુદાદિ षदलृનો અર્થ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માત્ર 'વિશરણ' કરે છે, જ્યારે સાયણ, ક્ષીરસ્વામી અને ધનપાલ આ તુદાદિ ધાતુના પણ ત્રણ અર્થ આપે છે.

૨૪. ष्णिह स्नेहने । स्नेहयति । (मा.धा.वृ. पृ.५४२). अत्र स्फिट स्नेहने इति क्वचित्कोशे दृश्यते। तद् धनपालशाकटायनमैत्रेयदेवादिभिश्चिरन्तनैर्व्याव्यातृभिर्न लिख्यते ।

સાયણ નોંધે છે કે આ ચૌરાદિક ધાતુ ष्णिहના ધાતુસૂત્રને બદલે કે તેની સાથે કોઈ કોઈ કોશમાં स्फिट स्नेहने એમ ધાતુસૂત્ર મળે છે. 'ધા.પ્ર.' (પૃ.૧૪૨)માં ष्णिह स्नेहने । એમ પાઠ મળે છે, જ્યારે 'ક્ષી.ત.' (પૃ.૨૯૫)માં स्निट स्नेहने ધાતુસૂત્ર છે અને તેના પછી स्फिट अनादरे એમ ધાતુસૂત્ર મળે છે. સાયણ નોંધે છે કે આ स्फिट ધાતુનો ધનપાલ, શાકટાયન, મૈત્રેય, દેવ વગેરે પાઠ કરતા નથી. નોંધવું ઘટે કે કવિ (પૃ.૨૪)માં स्निट् स्नेहे મળે છે. ધનપાલનો આ મત પુરુષકારમાં મળતો નથી. પુરુષકાર (પૃ.૧૧૪)માં ष्णिह ધાતુના સંદર્ભમાં ધનપાલનો બીજો મત મળે છે, જે 'મા.ધા.વૃ.'માં મળતો નથી. અહીં કહ્યું છે : स्निहेति क्षीरस्वामीधनपालशाकटायनाः । આ નિર્દેશ પરથી લાગે છે કે ધનપાલ અને શાકટાયન ष्णिह ને બદલે स्निह પાઠ કરતા હશે, પણ પુરુષકારના કર્તા, ધનપાલનો વગેરેનો મત નોંધ્યા પછી જણાવે છે કે तदापि दन्त्यपरसादित्वात् ष्णिह इत्येव युक्तम् । નોંધવું ઘટે કે શાકટાયન ધાતુપાઠ (પૃ.૧૨)માં પણ ष्णिह प्रीतौ । ધાતુસૂત્ર મળે છે.

૨૫. व्रज मार्गसंस्कारयोः । व्राजयति । (मा.धा.वृ., पृ.५४६). वजि मार्गसंस्कारयोर्गतौ चेति मैत्रेयादयः। अत्र धनपालः 'मार्गे च इति पठति ।'

આ ચુરાદિ ધાતુના અર્થ બાબત સાયણે ધનપાલનો 'मार्गे च' મત ટાંક્યો છે. સાયણ આ ધાતુના 'માર્ગ' અને 'સંસ્કાર' એમ બે અર્થ આપે છે. મૈત્રેય(પૃ.૧૪૪) व्रज मार्गसंस्कारयोः । गतौ च । એમ સૂત્ર આપે છે. 'ક્ષી.ત.' કાર (પૃ.૨૯૯)માં वज मार्गसंस्कारगत्योः । એમ સૂત્ર આપે છે, અને નોંધે છે કે કેટલાક वज, मार्गगतो संस्कारगतौ च । એમ પાઠ આપીને એક ધાતુ કહે છે, કેટલાક मार्गगतौ અને संस्कारगतौ – એમ બે ધાતુ માને છે : 'ક્ષી.ત.'કારે આપેલા આ મતમાં કયા બે ધાતુનો નિર્દેશ કર્યો છે તે સ્પષ્ટ થતું નથી. પુરુષકાર આ સંદર્ભમાં 'ક્ષી.ત.'કારે ટાંકેલો એક જુદો જ મત નોંધે છે : 'वज मार्ग इति द्वौ धातु इत्यन्ये' इति क्षीरस्वामी । આ મત 'ક્ષી.ત.'માં મળતો નથી. ક્ષીરસ્વામીએ એ પણ નોંધ્યુ છે કે દુર્ગ वज કે व्रज ને બદલે वच નો પાઠ કરે છે : 'वच मार्गणसंस्कारे' इति दुर्गः ।

સાયણ નોંધે છે કે ધનપાલ मार्गे च । એમ પાઠ આપે છે. એનો અર્થ એમ લાગે છે કે કેટલાક વૃત્તિકાર માત્ર 'સંસ્કાર' અને 'ગતિ' અર્થ આપતા હશે તેમાં ધનપાલ માર્ગનો અર્થ ઉમેરે છે. સંભવ છે કે પુરુષકાર (પૃ.૫૦)માં मार्गण इति धनपालः । એમ મળે છે તે પરથી એમ મનાય કે ધનપાલ वज કે व्रज ધાતુનો અર્થ मार्ग(संस्कारः)ને બદલે मार्गण(संस्कारः) કરે છે. પુરુષકારમાં व्रज इति चन्द्रः । व्रज मार्ग संस्कारे इति दुर्गः । उभयोरप्यनयोर्वजव्रजपक्षयोर्मार्गणसंस्कार इत्येवार्थस्तन्त्रान्तरे पठनते । એમ મળે છે. 'મા.ધા.વૃ.'માં ટાંકેલો તન્ત્રાન્તરનો મત જુદો છે : तन्त्रान्तरे तु वजिव्रज द्वौ पठित्वा मार्गसंस्कारगती अर्थौ उक्तौ ।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધનપાલના મતના સંદર્ભમાં જે માહિતી પુરુષકાર અને 'મા.ધા.વૃ.' માં મળે છે તેના પરથી લાગે છે કે બધા ધાતુપાઠના વૃત્તિકારો वज ધાતુનો પાઠ કરે જ છે. સંસ્કૃત ધાતુપાઠ પરના પોતાના અંગ્રેજી ગ્રંથ (પૃ.૧૫૩)માં ડૉ.પલ્સુલે નોંધે છે તેમ મૂળ ધાતુસૂત્રમાં માત્ર वज ધાતુ હશે પણ ભ્વાદિ સૂત્ર वज व्रज गतौ। ના સામ્યને લીધે સૂત્રમાં व्रज ધાતુ ઉમેરાયો. તે જ પ્રમાણે સાયણના જેવા કેટલાક ધાતુપાઠમાં 'गति' શબ્દ અર્થ તરીકે ન હતો, તે પણ व्रजને લીધે પાછળથી ઉમેરાયો. પુરુષકારમાં ધનપાલનો જે મત मार्गणे અર્થ દર્શાવે છે તે સાચો જણાય છે. તન્ત્રાન્તરમાં નોંધાયેલો वज ધાતુનો મૂળ અર્થ मार्गण(संस्कारः)લાગે છે, તેનો અર્થ બાણને સંસ્કારવું, ધારદાર કરવું એમ થાય છે. એમ લાગે છે કે લહિયાની ભૂલને લીધે અને व्रज ધાતુના સાનિધ્યને કારણે मार्गणसंस्कारને બદલે मार्गसंस्कार અને गति બંને वज ધાતુના અર્થ ગણાયા છે. હેમધાતુપારાયણ(પૃ.૨૫૧)માં वज ધાતુનો અર્થ मार्गणसंस्कार અને गति આપ્યો છે. શાકટાયન ધાતુપાઠ(પૃ.૧૭)માં वज मार्गणसंस्कारे । સૂત્ર મળે છે. તેથી સ્પષ્ટ થાય છે કે ધનપાલનો પણ આ જ મત હશે.

२६. हन्त्यर्थाश्च । (मा.धा.वृ., पृ.५५८) नवगण्यामुक्ता अपि हन्त्यर्थाः णिचं लभन्ते इत्यर्थः । घातयति । एवं मैत्रेयानुरोधेन चटादयो व्याख्याताः । अत्र धनपालः - चट स्फुट भेदने । घट च सङ्घाते चकारात्पूर्वौ चात्रार्थे णिचमुत्पादयतः इति ।

આ ધાતુસૂત્રનો અર્થ એ છે કે અગાઉના નવગણોમાં આ ધાતુઓનો પાઠ થયો હોવા છતાં, हन्त्यर्थक ધાતુ આ ચુરાદિમાં પોતાના અર્થમાં પ્રેરકમાં પ્રયોજાય છે, જેમકે घातयति । આ સંદર્ભમાં સાયણે ધનપાલનો મત આપ્યો છે. તેનો મત એ છે કે चट स्फुट भेदने । घट च सङ्घाते । માં જે ધાતુઓ चकारની પૂર્વે આવેલા છે તે એટલે કે चट, स्फुट અને घट પણ હન્ત્યર્થમાં ચુરાદિમાં णिच्માં પ્રયોજાય છે, જેમકે उच्चाटयति, आस्फोटयति અને विघाटयति ।

'क्षी.त.' (પૃ.૩૧૨)માં આ સૂત્રનો આમ અર્થ મળે છે : चट स्फुट घट च हन्त्यर्थाः एते हन्त्यर्थे णिचमुत्पादयन्ति । પુરુષકાર (પૃ.૧૫૬)માં 'क्षी.त.' નો બીજો મત નોંધ્યો છે, જે 'क्षी.त.'માં મળતો નથી. चट स्फुट धातू द्वौ च घट च धातुस्त्रय एते हन्त्यर्था हन्तिना समानार्था णिचमुत्पादयन्ति ।

સાયણે જણાવ્યું છે કે શાકટાયન અને માધવ પણ તેમ જ કહે છે કે આ ધાતુઓ હન્ત્યર્થક જ છે, માટે તે પ્રેરકમાં જ પ્રયોજાય, જ્યારે ધનપાલ, તે ધાતુઓનો ભેદન, સંઘાત એમ જુદો અર્થ આમાં આપીને કહે છે કે ચુરાદિમાં હન્ત્યર્થમાં णिच्માં પ્રયોજાય છે.

સાયણે નોંધ્યું છે કે કાશ્યપ ત્રણને બદલે ચાર ધાતુ - चट, स्फुट, घट અને हिंसનેહન્ત્યર્થક દર્શાવે છે.

'ધા.પ્ર'માં મૈત્રેયનો મત આમ મળે છે : येऽन्येषु गणेषु हन्त्यर्थाः सन्ति त इह द्रष्टव्याः । વધારામાં મૈત્રેય કહે છે કે જે ધાતુઓનો અહીં હન્ત્યર્થક તરીકે પાઠ થયો છે તે કાર્યવિશેષાર્થ છે તેમ સમજવું. સાયણે પોતે કહ્યું છે તેમ આ हन्त्यर्थाश्च । સૂત્રનું વ્યાખ્યાન તેમણે મૈત્રેય પ્રમાણે કર્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પુરુષકાર(પૃ.૪૬)માં પણ ધનપાલનો મત, સાયણ જેમ જ આપ્યો છે. તેમનો મત સાયણ ઉપરાંત ક્ષીરસ્વામી, મૈત્રેય વગેરેના મતને મળતો આવે છે. શાકટાયન ધાતુપાઠ (પૃ.૧૮)માં चट स्फुट घट च हन्त्यर्थाः । એમ મળે છે.

૨૭. भुवोऽवकल्कने । भावयति । (मा.धा.वृ., पृ.५६०) तथा च धनपालः – कृपेस्तादर्थ्ये इति पठित्वाऽवकल्कयतीत्युदाजहार।

ચુરાદિગણના આ ધાતુના અર્થ अवकल्कन – એ શબ્દના અર્થ વિશેના જુદા જુદા મત સાયણ આપે છે.

ક્ષીરસ્વામી (પૃ.૩૧૪) તેનો અર્થ 'મિશ્રીકરણ' કરે છે, કાશ્યપ 'ચિંતન' અને 'નન્દી' વિપાચન કરે છે. આ સૂત્ર પછી 'મા.ધા.વૃ.'માં क्लृपेश्च । સૂત્ર મળે છે, પણ ધનપાલ તેને બદલે कृपेस्तादर्थ्ये । સૂત્ર આપી તેના ઉદાહરણ તરીકે अवकल्कयति આપે છે તેમ સાયણે નોંધ્યું છે તે મતને સાયણ એમ સમજાવે છે કે તાદર્થ્ય એટલે પૂર્વ ધાતુનો જે અર્થ છે તે જ અર્થ આ ધાતુનો થાય, માટે कृप નો અર્થ अवकल्कनम् થાય અને તેનું ઉદાહરણ अवकल्कयति આપ્યું છે.

क्लृपेश्च । ધાતુસૂત્રની વ્યાખ્યામાં સાયણે આ જ વાત જુદી રીતે કહી છે. भुवो विकल्कने । એ પાઠની જોડે મેળ પડતું ધનપાલે अवकल्पयति એવું જે ઉદાહરણ આપ્યું છે, તે भुवोऽवकल्कने પાઠમાં પણ બંધ બેસે છે. भुवोऽवकल्कने સૂત્ર પરની વૃત્તિમાં સાયણે કહ્યું છે કે નન્દી भुवो विकल्कने । સૂત્રમાંના विकल्कनम् નો અર્થ વિપાચન કરે છે. તેનું ઉદાહરણ છે तपोभावितमात्मानम्। બીજા કેટલાક विकल्कनम् ને બદલે अवकल्कनम् આપે છે.

'ધા.પ્ર.'(પૃ.૧૫૨)માં भुवोऽवकल्कने । अवकल्कनं पीडनम् । એમ મળે છે. પુરુષકાર (પૃ.૧૧)માં પણ ધનપાલનો આ જ મત મળે છે. ફરક એટલો છે 'મા.ધા.વૃ.'માં अवकल्कयति છે, અહીં ઉદાહરણ તરીકે अवकल्पयति આપ્યું છે. ટૂંકમાં ધનપાલ બંને ધાતુનો એક અર્થ કરે છે.

૨૮. ष्वद आस्वादने । स्वादयति । (मा.धा.वृ., पृ.५६३). स्वाद इत्येके । 'संवरणे' इति क्षीरस्वामि धनपालशाकटायनाः । સાયણ નોંધે છે કે ક્ષીરસ્વામી, ધનપાલ અને શાકટાયન, આ ચૌરાદિક ધાતુનો 'संवरणम्' (આચ્છાદન, ઢાંકણ) અર્થ કરે છે. 'ક્ષી.ત.' (પૃ.૩૧૭)માં પણ ष्वद संवरणे । મળે છે. 'ધા.પ્ર.' (પૃ.૧૫૪)માં સાયણની જેમ 'આસ્વાદન' અર્થ જ આપ્યો છે. શાકટાયન ધાતુપાઠ (પૃ.૧૯)માં આ ધાતુનો અર્થ, સાયણે નોંધ્યું છે તેમ संवरणम् મળે છે.

પુરુષકાર (પૃ.૭૩)માં ष्वद ष्वर्द आस्वादने । પાઠ મળે છે, પણ તેમાં ધનપાલનો મત ટાંક્યો નથી. કવિ(પૃ.૩૪)માં ष्वद–स्वर्द–स्वाद प्रीतिलिहोः। એમ મળે છે. 'મા.ધા.વૃ.'માં ધનપાલના જે ૩૦ મત મળે છે, તેમાંના ૨૯ મત પુરુષકારમાં મળે છે, માત્ર આ મત પુરુષકારમાં મળતો નથી.

૨૯. छृदी सन्दीपने । छर्दयति छर्दति । (मा.धा.वृ.पृ. ५६४). धनपालशाकटायनौ तु छृदेत्यनिदितं पेठतुः । तत्र निष्ठायां छृदितमिति फले भेदः ।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધનપાલ અને શાકટાયન આ ચૌરાદિક ધાતુનો छृद એમ પાઠ કરે છે. 'ક્ષી.ત.' (પૃ.૩૧૯)માં तृप दृप सन्दीपने । એમ ધાતુસૂત્ર આપી, चृतछृदेत्येके । કહ્યું છે. 'ધા.પ્ર.' (પૃ.૧૫૫)માં छृदी सन्दीपने। સૂત્ર મળે છે. सन्दीपनम् નો 'ઉત્તેજન' અર્થ થાય છે. સાયણે દર્શાવ્યું છે કે छृदी નું નિષ્ઠાનું રૂપ छृण्ण થાય છે અને छृद નું छृदितम् થાય. પુરુષકાર (પૃ.૭૯)માં પણ ધનપાલનો આ મત એમ જ મળે છે કે ધનપાલ અને શાકટાયન छृद પાઠ કરે છે અને શાકટાયન ધાતુપાઠ (પૃ.૨૦)માં छृद संदीपने જ મળે છે.

૩૦. भू प्राप्तौ आत्मनेपदी । अयं प्राप्तौ वा णिचमुत्पादयति आत्मनेपदी चेत्यर्थः । भवते भावयते। .....ण्यभावे परस्मैपदमुदाहरन्तौ धनपालशाकटायनावण्यत्रैवानुकूलौ इति चोक्तम् । तथा भूसूत्रे सुधाकरोऽपि – भवत इति प्रस्तुत्य आत्मनेपदं मैत्रेयोक्तेन कारणेन सामर्थ्याण्णिच्सन्नियोगेनात्मनेपदित्वादसाधनम् । (मा.धा.वृ., पृ. ५६७)

સાયણે ટાંકેલો ધનપાલ અને શાકટાયનનો મત સમજતાં પહેલાં આ સૂત્રને સ્પષ્ટ કરવું જરૂરી છે. આ મત પુરુષકાર(પૃ.૧૦-૧૧)માં પણ મળે છે.

સાયણે भू प्राप्तौ आत्मनेपदी, મૈત્રેયે 'ધા.પ્ર.'(પૃ.૧૫૭)માં भू प्राप्तावात्मनेपदी અને 'ક્ષી.ત.'કારે (પૃ.૩૨૨) भू प्राप्तावात्मनेपदी वा । એમ આપ્યું છે. ચુરાદિગણનું આ ધાતુસૂત્ર ચુરાદિના પેટાગણ યુજાદિમાં આવે છે, જે आधृषाद्वा સૂત્રથી શરૂ થાય છે. આ ગણના બધા ૪૧ ધાતુઓ विभाषितणिचः છે એટલે કે તેમને णिच् વિકલ્પે થાય છે, જેમકે योजति योजयति ।

भू ધાતુ અંગેના આ ધાતુસૂત્રનો અર્થ એ છે કે ચુરાદિ भू ધાતુ જ્યારે પ્રાપ્તિનો અર્થ દર્શાવે ત્યારે એ વિકલ્પે णिच् લે છે અને આત્મનેપદી થાય છે, જેમકે भवते, भावयते । આમ પ્રાપ્ત્યર્થ હોય તો જ વિકલ્પે णिच्માં આત્મનેપદ પ્રયોજાય પણ પ્રાપ્ત્યર્થ ન હોય તો વિકલ્પે પણ णिच् ન થાય અને તેથી આત્મનેપદ પણ ન થાય.

ધનપાલ અને શાકટાયનના મતના સંદર્ભમાં આ અંગેની વિગતે જે ચર્ચા 'પુરુષકાર' (પૃ.૧૦-૧૧)માં પણ મળે છે તે પણ નોંધપાત્ર છે. તેમાં કહ્યું છે કે આત્મનેપદનું णिचसन्नियोगशिष्टत्व છે, છતાં પણ सन्नियोगशिष्टानामेकतरापाये अन्यतरस्याप्यपायः । (પરિભાષા નં.૮૬) એ પરિભાષાના ન્યાયથી પરસ્મૈપદ જ યોગ્ય છે. આ પરિભાષાનો અર્થ છે કે સન્નિયોગશિષ્ટકાર્યોમાંથી એકનો અપાય થતાં બીજાનો પણ અપાય થાય છે માટે આ બાબતમાં પણ પ્રાપ્ત્યર્થ णिच् આત્મનેપદ સાથે જોડાયેલું હોવાથી પ્રાપ્ત્યર્થ ન હોવાને લીધે, णिच् નો અભાવ થાય ત્યારે આત્મનેપદનો પણ અભાવ થાય અને પરસ્મૈપદ જ પ્રયોજાય.

આ બાબતમાં સાયણે અને લીલાશુકે મૈત્રેયનો જે મત ટાંક્યો છે તે 'ધા.પ્ર.'(પૃ.૧૫૭)માં આમ મળે છે : आकुस्मादात्मनेपदीति प्रकरणे भू प्राप्ताविति वक्तव्ये आत्मनेपदीति वचनं केवलाणिजन्ताच्चात्मनेपदं यथा स्यात् । भावयते । પુરુષકાર (પૃ.૧૧)માં અને મા.ધા.વૃ.(પૃ.૫૬૭)માં લગભગ આ જ શબ્દોમાં મૈત્રેયનો આ મત મળે છે. આ મતનો અર્થ આમ થાય છે : ચુરાદિગણમાં આવતા आकुस्मादात्मनेपदिनः (ધા.પ્ર., પૃ.૧૪૭) એ સૂત્રથી શરૂ થતા પ્રકરણમાં भू प्राप्तौ वा એમ કહેવાનું હતું પણ आत्मनेपदी એ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વચન મૂક્યું એનો અર્થ કેવલ અણિજન્તથી પણ આત્મનેપદ આવી શકે. સાયણે એ જ પ્રમાણે આ મતને ટાંક્યો છે : मैत्रेयस्तु..... आत्मनेपदीति वचनाण्णिजभावे आत्मनेपदम्' इत्याह ।

મૈત્રેયના આ મતને, સાયણ અને લીલાશુકે અયુક્ત કહ્યો છે અને બંનેએ એ માટે એકસરખું કારણ દર્શાવ્યું છે. જો આકુસ્મીય કાંડમાં भू प्राप्तौ वा । એમ કહ્યું હોત તો अनन्तरस्य विधिर्वा भवति प्रतिषेधो वा । એ ન્યાય લાગુ પડત. તેથી सत्यापपाश-चुरादिभ्यो णिच् (૩.૧.૨૫) સૂત્રથી णिच् નું વિધાન થયું હોઈ તે પરમપ્રકૃત હોવા છતાં, તેનો વિકલ્પ ન મળત અને અનન્તર પ્રકૃત થયેલા આત્મનેપદી વચનનો જ વિકલ્પ મળત પણ એમ નથી માટે અણિચ્ પક્ષે પરસ્મૈપદ જ યોગ્ય છે.

સાયણ અને પુરુષકારના કર્તાએ સ્પષ્ટ નોંધ્યું છે કે આમ णिच् ના અભાવમાં પરસ્મૈપદનું ઉદાહરણ આપતાં, ધનપાલ અને શાકટાયન પણ આમ જ માને છે કે णिच्ના અભાવમાં આત્મનેપદ ન થાય અને પરસ્મૈપદ જ આવે. તેમણે આપેલાં ઉદાહરણ સાયણ કે લીલાશુક કોઈએ ટાંક્યા નથી.

સાયણ અને લીલાશુક બંનેએ આ સંદર્ભમાં સુધાકરનો મત ટાંક્યો છે : मनोरमा भा भवते એ પ્રયોગના સંદર્ભમાં સુધાકરે કહ્યું છે કે भू प्राप्तावात्मनेपदी आधृषाद्वेति विकल्पितणिच्क् इति कैश्चित् समर्थितम् । तण्णिचसन्नियोगेनात्मनेपदित्वादसाधीयः । अत एव स राष्ट्रभवत् इत्यादि प्रयुयुजे इति । આત્મનેપદ णिच्ના વિકલ્પે થાય છે, એ મતનું સુધાકરે ખંડન કર્યું છે णिच्ના સન્નિયોગથી આત્મનેપદ પ્રયોજાય છે, માટે णिच्ના અભાવમાં તે ન પ્રયોજાય એમ સુધાકરનો કહેવાનો અર્થ છે તેથી તેણે स राष्ट्र मभवत् (તેણે રાષ્ટ્ર મેળવ્યું) એમ ઉદાહરણ આપ્યું છે. સાયણે એને બદલે તે सुराष्ट्रमभवन् । એમ સુધાકરનું ઉદાહરણ આપ્યું છે.

ત્યારબાદ સાયણે બીજા કેટલાક વૈયાકરણનો મત ટાંક્યો છે તેમણે શ્રીમદ્ર વગેરેના મતની ટીકા કરી છે. શ્રીમદ્ વગેરે કહે છે કે પુરાણવ્યાકરણમાં भुवो णिङ् એ સૂત્રમાં णिङ्નો ङ्कार પ્રત્યયાન્ત હોવાથી આત્મનેપદ માટે છે જ્યારે અહીં તો કેવલ (णि) છે. એટલે કે એમનું સૂચન એમ જણાય છે કે કેવલ 'णि' માં भू ધાતુ પરસ્મૈપદમાં પ્રયોજાઈ શકે. શ્રીમદ્રનો આ મત સ્વીકારવાથી, બીજા તન્ત્રના અનુરોધને લીધે આત્મનેપદ અને णिच्ના સન્નિયોગન્યાયમાં બાધ આવે છે માટે તે મતને સાયણે અયુક્ત કહ્યો છે.

સાયણ આ બધી ચર્ચા આપ્યા પછી, મહાભાષ્યના ટીકાકાર કૈયટે આપેલી वर्षाभ्वश्च । (૬.૪.૮૪) । એ અષ્ટાધ્યાયીના સૂત્રમાંના वर्षाभूः वर्षासु भवति वर्षा वा भवते - प्राप्नोतीति-वर्षाभूरौषधिविशेषः । वर्षाभूः શબ્દની સમજૂતી ટાંકે છે : આ નામની ઔષધિ વર્ષામાં ઉગે છે અથવા વરસાદને લાવે છે એમ અર્થ છે. અહીં वर्षाः એ वर्षा શબ્દનું દ્વિતીયાન્ત બહુવચનનું રૂપ છે અને પ્રાપ્તિના અર્થમાં भूः ધાતુ આત્મનેપદમાં પ્રયોજાયો છે. અહીં णिच् ના વિકલ્પે भू ધાતુનું भवते એમ આત્મનેપદી રૂપ થયું છે.

આમ સાયણે અને પુરુષકારના કર્તાએ भू प्राप्तौ आत्मनेपदी । સૂત્રના સંદર્ભમાં વિગતે ચર્ચા કરી ધનપાલ અને શાકટાયનનો મત આપ્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધનપાલના જે મત માત્ર પુરુષકારમાં મળે છે તે હવે દર્શાવ્યા છે.

૩૧. यदाह – आस्वादः सकर्मकादिति । .....क्षीरस्वामी त्वाह–आङ्पूर्वात् स्वादतेः सकर्मकाण्णिज् भवति । अस्ति कर्म यस्य सकर्मकः । आस्वादधातुर्णिचमुत्पादयति । पय आस्वादयति इति । धनपालश्च आस्वादयति क्षीरम् इत्युदाहरन्नत्रैवानुकूलः । (पुरुषकार, पृ.४०)

પુરુષકારમાં ધનપાલનો આ મત ચુરાદિગણના आ स्वदः सकर्मकात् । - એ ધાતુસૂત્રના સંદર્ભમાં આપ્યો જણાય છે. ધનપાલના મતના સમર્થનમાં ક્ષીરસ્વામીનો જે મત પુરુષકારમાં ટાંક્યો છે તેનાથી જુદો મત 'ક્ષી.ત.' (પૃ.૩૧૫)માં મળે છે. 'ક્ષી.ત.'માં ખરેખર સૂત્ર આમ મળે છે. आस्वदः सकर्मकात् । ष्वद् संवरणे इति वक्ष्यति । आ एतस्मात् इत ऊर्ध्वं सकर्मकाण्णिच् क्रियते । शाकटायन त्वाङ्पूर्वात् स्वादेराह - आस्वादयति दधि ।

ઉપર્યુક્ત ધાતુસૂત્ર પરના ધનપાલના મતને સમજવા બે મુદ્દાને ધ્યાનમાં રાખવા જરૂરી છે. કેટલાક ટીકાકારો જેનું સમ્ભવિ કર્મ છે તે ધાતુને પણ સકર્મક ગણે છે. બીજું , આ તે ધાતુસૂત્રમાં અમુક ટીકાકારો આङ्ને ઉપસર્ગ ગણે છે, તો બીજા ટીકાકારો તેનો અભિવિધિ અર્થ ગણે છે. મા.ધા.વૃ.(પૃ.૫૬૧)માં आ स्वदः सकर्मकात् સૂત્ર છે તેમાં ધનપાલનો મત આપ્યો નથી પણ આ અભિવિધિના અર્થમાં છે તેમ કહ્યું છે, તેથી ग्रस ધાતુથી માંડી ष्वद સુધીના સકર્મક ધાતુઓથી જ णिच् થાય છે એવો અર્થ થયો.

'ક્ષી.ત.'માં ખરેખર જે ઉપર્યુક્ત મત મળે છે તેના પ્રમાણે તે પણ આ ને અભિવિધિના અર્થમાં લે છે તે સ્પષ્ટ છે. आङ् मर्यादाभिविध्योः । (૨.૧.૧૩) સૂત્રથી आङ्નો અર્થ મર્યાદા અને અભિવિધિ થાય છે. અભિવિધિનો 'અતિવ્યાપ્તિ' અર્થ થાય છે.

ધનપાલનો આ સૂત્ર વિશેનો મત વિચારતાં પહેલાં મૈત્રેયનો મત પણ જોવો જરૂરી છે. 'ધા.પ્ર.'(પૃ.૧૫૩)માં મૈત્રેય પણ સાયણ અને ક્ષીરસ્વામીની જેમ જ આ ને ઉપસર્ગમાં અર્થમાં ન લેતાં અભિવિધિના અર્થમાં ઘટાવે છે. आ एतस्मात् सम्भविकर्मकादेव णिच् भवतीति मन्तव्यम् । .... आङ्पूर्वात् स्वद एव सकर्मकादित्येके । આમ તેમણે કેટલાક ઉપસર્ગ आङ्તરીકે ને ઘટાવે છે તે પણ નોંધ્યું છે. સ્પષ્ટ છે કે આ ત્રણે વૃત્તિકારો आङ्ને અભિવિધિના અર્થમાં લે છે.

પુરુષકારમાં આપેલા ધનપાલના ઉદાહરણ 'आस्वादयति क्षीरम्' પરથી જણાય છે કે તે आङ्ને ઉપસર્ગ માને છે. ધનપાલના આ મતને ક્ષીરસ્વામીએ ટાંકેલા શાકટાયનના મતનું સમર્થન મળે છે. તેમાં સ્પષ્ટ કહ્યું છે કે શાકટાયન आङ्ને ઉપસર્ગ ગણે છે અને તે પ્રમાણે દૃષ્ટાંત આપે છે. 'ક્ષી.ત.' (પૃ.૩૧૬)ના સંપાદક યુધિષ્ઠિરે (પાદટીપ નં.૨) પણ નોંધ્યું છે કે કાશકૃત્સ્ન અને શાકટાયન आङ्ને અભિવિધિના અર્થમાં લેતા નથી.

પુરુષકારના કર્તા આ મત સાથે સંમત નથી. તે ધનપાલનો મત આપ્યા પછી કહે કે અભિવિધિ પક્ષ જ યોગ્ય છે, કારણકે आकुस्मात्, आधृषाद्वा, आगर्वात् વગેરે ચુરાદિના સૂત્રોમાં અભિવિધિનો અર્થ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ જણાય છે. તેથી બધાની વચ્ચે આવતા આ आङ्नो એ જ અર્થ વ્યક્તપણે ભાસે છે. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું છે કે સમ્ભવિકર્મત્વ એટલે કે કર્મનો પ્રયોગ હોય કે ન હોય પણ તેના સમ્ભવમાત્રથી णिच् પ્રયોજાય છે.

પુરુષકારમાંની આ ચર્ચા 'મા.ધા.વૃ.'માં પણ આ સૂત્રના સંદર્ભમાં મળે છે. તેમાં પણ મૈત્રેયની જેમ એમ જ કહ્યું છે કે આ સૂત્રમાં સકર્મકત્વનું જે વચન છે, તે કર્મસાપેક્ષક્રિયામાત્રને જણાવે છે, માટે કર્મનો પ્રયોગ ન હોય તો પણ આ વિધિ થાય છે.

સાયણે આ સંદર્ભમાં, બીજા એક મુદ્દાની પણ સ્પષ્ટતા કરી છે. आस्वदः संकर्मकात् । સૂત્ર બાબત તેમણે નોંધ્યું છે કે બીજા કેટલાક વૈયાકરણો પંચમી પ્રકરણોમાંના સન્નિહિત णिच् સાથે અર્થપ્રાપ્ત एवकारને જોડીને સકર્મક ष्वद ધાતુથી જ णिच् થાય છે, અકર્મકથી યોગ પ્રમાણે થાય, એમ અર્થ કરે છે અને આમ एवकारનો સંબંધ णिच् સાથે જોડે છે તે બરાબર નથી. एवनो અન્વય सकर्मकात् સાથે જ છે અને મૈત્રેયે પણ આ સૂત્રને સમજાવતાં सकर्मकादेव એમ જ કહ્યું છે. આ સૂત્રના સંદર્ભમાં ધનપાલ અને શાકટાયનના आङ्ने ઉપસર્ગ ગણવાના મતનું પુરુષકારના કર્તાએ ખંડન કર્યું છે, તે નોંધવું ઘટે.

૩૨. तथा च 'पटपुट' इत्यादौ 'वृतु वृधु भाषार्थाः' इत्यन्ते दण्डकधातुपाठे मैत्रेयरक्षितः – 'भासार्था दीप्त्यर्था इत्येके इति । .......धनपालः पुनरन्यथैवामु दण्डकं व्याचष्टे - एते पटादयः णिचमुत्पादयन्ति अन्ये च ये भासार्थाः धातवः ते च णिचमुत्पादयन्ति ।' (पुरुषकार, पृ.४१)

પુરુષકારમાં મળતા ધનપાલના આ મતનો 'મા.ધા.વૃ.'માં નિર્દેશ નથી. મા.ધા.વૃ. (પૃ.૫૬૧) માં पट पुटथी માંડીને वृतु वृधु સુધીના ધાતુઓને भाषार्थाः કહ્યા છે. आस्वदः सकर्मकात् સૂત્રમાંથી આ સૂત્રમાં सकर्मकात्ની અનુવૃત્તિ આવે છે, તેથી ग्रसथी માંડીને ष्वदસુધીના સકર્મક ભાષાર્થ ધાતુઓથી જ णिच् પ્રયોજાય છે. જેમકે તુદાદિ पुट નું રૂપ સંશ્લેષણના અર્થમાં पुटति થાય અને ચુરાદિમાં ભાષાર્થમાં पुटयति થાય છે. મૈત્રેય 'ધા.પ્ર.' (પૃ.૧૫૩)માં આ ધાતુઓને भाषार्थाः કહીને भासार्था इत्येके । भासार्थाः दीप्त्यर्थाः । तेऽप्यत्रेत्येके । એમ જણાવે છે.

'ક્ષી.ત.' (પૃ.૩૧૬)માં પાણિનીય ધાતુપાઠના ઉપર્યુક્ત સૂત્રમાં पट पुट.... वृतु वृधु भासार्थाः। एते सकर्मका भासार्था णिचमुत्पादयन्ति । पाटयति । તેમાં भासार्थाः પાઠ મળે છે. તેથી આ પાઠ પ્રમાણે સૂત્રનો અર્થ એમ થાય કે સકર્મક ભાસાર્થ ધાતુઓ णिच्માં પ્રયોજાય છે, જેમકે वृधु वृद्धौ એ ભ્વાદિ ધાતુના મૂળ અર્થ વૃદ્ધિના અર્થમાં वर्धते રૂપ થાય પણ ભાસાર્થમાં वर्धयते (ચળકાવે છે) થાય. પ્રશ્ન એ છે કે 'भाषार्थाः' પાઠ સાથે સકર્મકત્વ બંધ બેસે છે, પણ 'भासार्थाः' પાઠ જોડે સકર્મકત્વને णिच् સાથે બંધ બેસાડવું જરા અઘરું છે, તેથી જ પુરુષકારમાં કહ્યું છે કે तत्र भासार्थ पक्षे सकर्मकत्वे यत्नः कर्तव्यः । મૈત્રેયે પણ નોંધ્યું છે કે કેટલાક भासार्थाः પાઠ આપે છે, ક્ષીરસ્વામી તો પોતે જ એ પાઠ આપે છે. આ સૂત્ર જોડે આ પાઠનો મેળ કેમ બેસાડવો ? તે સંદર્ભમાં પુરુષકારમાં ધનપાલનો મત આપ્યો છે.

ધનપાલે એનો ઉકેલ આપતો મત દર્શાવ્યો છે एते पटादयः सर्वे णिचमुत्पादयन्ति, अन्ये च

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भासार्थाः घातवः ते च णिचमुत्पादयन्ति । આ પટ-પુટ વગેરે ભાષાર્થ સકર્મક ધાતુઓ ચુરાદિમાં પ્રેરકમાં પ્રયોજાય છે અને બીજા (મૂળમાં) ભાસાર્થ ધાતુઓ પણ णिच्‌માં પ્રયોજાય છે, જેમકે लघ ધાતુનુ ભ્વાદિમાં ગત્યર્થમાં लङ्घते રૂપ થાય અને ભાષાર્થમાં लङ्घयति (જણાવે છે) રૂપ થાય. તે જ પ્રમાણે ભાસાર્થ ધાતુ જેમકે દિવાદિમાં दीपी दीप्तो છે, ત્યાં તેનું રૂપ दीप्यते થાય છે અને ચુરાદિમાં दीपयति થાય છે. નોંધવું ઘટે કે શાકટાયન ધાતુપાઠ (પૃ.૧૮)માં આ સૂત્રમાં पट पुट... वृतु वृधु भाषार्थाः પાઠ મળે છે. ધનપાલનો આ મત આપ્યા પછી પુરુષકારે કરેલું વિધાન નોંધપાત્ર છે. अत्र चाञ्जसैवानाञ्जस्ये सत्यव्याप्त्यपनीत्याशैव शरणम् । ધનપાલના ઉપર દર્શાવેલા મતને, પુરુષકારમાં આપેલા પારાયણના મતનું સમર્થન મળી રહે છે : पटादयः सकर्मकाः स्वार्थे णिचमुत्पादयन्ति भासार्थाश्चेति पारायणम् ।

૩૩. वृजी वर्जने । रुधादिर्युजादिश्च । तत्र चाद्ये वरण इति धनपालशाकटायनौ । (પુરુષકાર, પૃ.૫૧) પુરુષકાર્‌ના કર્તા નોંધે છે કે वृजी वर्जने ધાતુ રુધાદિમાં અને યુજાદિ(ચુરાદિ)માં આવે છે. તે ઉપરાંત આ ધાતુ અદાદિગણમાં પણ આવે છે. રુધાદિમાં વૃજીનું વ.કા.નું રૂપ वृणक्ति, યુજાદિમાં તેનું રૂપ वर्जयति અને અદાદિમાં તેનું રૂપ वृक्ते થાય છે. વૃજી પરથી આવેલ वृजिननो અર્થ 'પાપ' થાય છે.

પુરુષકારના કર્તા નોંધે છે કે રુધાદિ वृजी ધાતુનો અર્થ वरणम् (પસંદગી) થાય છે એમ ધનપાલ અને શાકટાયનનો મત છે. 'મા.ધા.વૃ.' (પૃ.૫૦૫)માં ધનપાલનો આ મત મળતો નથી, પણ રુધાદિ वृजी वर्जने । ધાતુસૂત્ર પરની વૃત્તિમાં સાયણ નોંધે છે કે वृचि वरणे इति दुर्गादयः पठन्ति । 'क्षी.त.' (પૃ.૨૭૨)માં પણ રુધાદિ वृजी પરની વૃત્તિમાં 'वृची वरणे' इति दुर्गाः । એમ મળે છે. 'ધા.પ્ર.' (પૃ.૧૨૭)માં वृजी वर्जने । જ મળે છે. કવિ (પૃ.૧૭)માં રુધાદિ वृची-ध्-वृतौ । આપ્યું છે. આમ ધનપાલ અને શાકટાયનના મતને દૌર્ગ વૈયાકરણો ઉપરાંત કવિકલ્પદ્રુમના કર્તા બોપદેવનું સમર્થન પણ સાંપડે છે. શાકટાયન ધાતુપાઠ (પૃ.૧૭)માં वृजै वरणे મળે છે માટે દેખીતું છે કે ધનપાલ શાકટાયનને અનુસરે છે.

વધારામાં પુરુષકારમાં એ પણ નોંધ્યું છે કે અદાદિ वृजी ધાતુનું કર્મણિ ભૂ.કૃ. वृक्तम् થાય છે, કારણ કે श्वीदितो निष्ठायाम् । (૭.૨.૧૪) સૂત્રથી इड् નો અભાવ થાય છે. શાકટાયન આ અદાદિ ધાતુનો પાઠ वृजैङ् આપી, તેનો અર્થ सम्पर्चन આપે છે, તેમ પણ લીલાશુક નોંધે છે, 'મા.ધા.વૃ.' (પૃ.૩૩૬)માં સાયણે પણ શાકટાયનનો આ મત નોંધ્યો છે.

૩૪. 'वद व्यक्तायां वाचि, वद सन्देशे', स्वरितेत् । शाकटायनस्य त्वात्मनेपदी । यदाह - 'वदि सन्देशवचने' इति । धनपालस्तु 'पद सन्देशवचने', पादयति पदति, अन्यत्र पदयते' इति । (પુરુષકાર, પૃ.૭૭). પાણિનીય ધાતુપાઠમાં वदि सन्देशवचने । वादयति । એમ ચુરાદિગણમાં સૂત્ર મળે છે (મા.ધા.વૃ., પૃ.૫૬૬) અને ભ્વાદિગણમાં वद अभिवादनस्तुत्योः । वन्दते । (મા.ધા.વૃ., પૃ.૫૭) એમ સૂત્ર મળે છે.

પુરુષકારમાં ધનપાલનો મત મળે છે કે તે पद सन्देशवचने । એમ સૂત્ર આપે છે અને તેનાં पादयति, पदति, पदयते વગેરે રૂપ આપે છે. પુરુષકારમાં જે રીતે ધનપાલનો મત આપ્યો છે તે પરથી એમ લાગે છે કે ધનપાલ ચુરાદિમાં वद सन्देशवचने ને બદલે पद सन्देशवचने સૂત્ર આપે છે. 'મા.ધા.વૃ'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(પૃ.૫૭૧) અને 'ક્ષી.ત.' (પૃ.૩૨૯)માં पद गतौ । पदयते એમ ધાતુસૂત્ર ચુરાદિમાં મળે છે. શાકટાયન ધાતુપાઠ (પૃ.૨૧)માં પણ ચુરાદિમાં वदि सन्देशवचने । સૂત્ર મળે છે માટે ધનપાલનો આ મત બધા વૃત્તિકારો કરતાં જુદો પડે છે.

૩૫. विद चेतनाख्याननिवासेषु चितादिः । निपातनेष्विति धनपालशाकटायनौ । (पुरुषकार, पृ.७८) લીલાશુક નોંધે છે કે ધનપાલ અને શાકટાયન विद चेतनाख्याननिपातनेषु । એમ ચુરાદિમાં ધાતુસૂત્ર આપે છે. 'મા.ધા.વૃ.' (પૃ.૫૫૫)માં આ ધાતુસૂત્ર विद चेतनाख्याननिवासेषु । એમ ચુરાદિમાં મળે છે, પણ તેમાં ધનપાલનો આ મત આપ્યો નથી 'ક્ષી.ત.' (પૃ.૩૦૯)માં विद चेतनाख्यानविवादेषु । એમ મળે છે, જ્યારે 'ધા.પ્ર.' (પૃ.૧૪૯)માં સાયણની જેમ જ આ સૂત્ર મળે છે, તો કવિ. (પૃ.૩૩)માં चेतनाख्यानवासवादे । એમ સૂત્ર આપી આ ધાતુના ચાર અર્થ દર્શાવ્યા છે : ચેતના, આખ્યાન, વાસ(નિવાસ) અને વાદ.

ધનપાલ અને શાકટાયન સાયણના ०निवासेषु અને 'ક્ષી.ત.'ના ०विवादेषुને બદલે ०निपातनेषु (પૃ.૨) એમ આ ધાતુનો ત્રીજો અર્થ દર્શાવે છે. નિપાતનનો અર્થ 'નીચા પાડવું, નાશ, હુમલો,' અનિયમિત રૂપ વગેરે થાય છે. સાયણ કહે છે કે ધનપાલ અને શાકટાયન આમ પાઠ કરે છે, પણ શાકટાયન ધાતુપાઠમાં (પૃ.૨૦) निवासनेषु મળે છે. ધનપાલે 'નિપાતન' અર્થમાં આ ધાતુ પ્રયોજાતો જોયો હશે, તેથી આ અર્થ દર્શાવ્યો હશે એમ માનવું રહ્યું.

૩૬. कगे नोच्यते । वनु च नोच्यते । .... धनपालस्तु तमेव प्रस्तुत्याह – वनुं घटादिसु पठन्ति द्रमिडाः तेषां (नित्यं) मित् संज्ञा । वनयति । आर्यास्तु विभाषामित्त्वमिच्छन्ति । तेषां व्रानयति वनयति इति। (पुरुषकार, पृ. ८३)

પુરુષકારમાં ભ્વાદિ वनु ધાતુના मित्त्व સંબંધી ધનપાલનો મત આપ્યો છે. આ મત મા.ધા.વૃ. (પૃ.૧૯૬)માં નથી. પુરુષકારમાં પ્રથમ वनु च नोच्यते । એ ભ્વાદિ ધાતુના અર્થ બાબત ચર્ચા છે. કેટલાક માને છે કે આનો અર્થ કહ્યો નથી, તેથી ક્રિયાસામાન્ય એનો અર્થ છે. ક્ષીરસ્વામી (પૃ.૧૧) પણ એમ જ માને છે. પુરુષકારમાં ક્ષીરસ્વામીનો મત એમ આપ્યો છે કે ધાતુના અનેકાર્થત્વને લીધે આ ધાતુનો અમુક અર્થ છે, તેમ જણાવ્યું નથી, પણ આ મત 'ક્ષીત'માં મળ્યો નથી.

ભ્વાદિગણના આ वनु ધાતુનો અર્થ કેટલાક 'ગતિ' કરે છે અને કેટલાક 'ક્રિયાસામાન્ય' કરે છે એમ આ 'મા.ધા.વૃ.' (પૃ.૧૯૬)માં મળતા નિર્દેશ પરથી પણ લાગે છે : गतौ वनतिरिति कोऽयं नियमः । तेन क्रियासामान्येऽपि वनति इत्यादि भवति ।

ત્યારબાદ પુરુષકારમાં આ ભ્વાદિ वनु ધાતુના मित्त्व બાબતની ચર્ચા મળે છે. वनु પરનું ધાતુસૂત્ર ભ્વાદિના પેટાગણ ઘટાદિમાં આવે છે અને તેથી घटादयो मितः એ સૂત્ર આ ધાતુને લાગુ પડે અને તેનું मित्त्व થાય. જેમકે वनयति । ભ્વાદિગણમાં આ घटादयो मितः । પછીનું ત્રીજું સૂત્ર ग्लास्नावनुवमां च । સૂત્ર આવે છે, તેનો અર્થ એ છે કે ग्ला, स्ना, वनु અને वम – આ ધાતુઓ જો ઉપસર્ગ-વિનાના હોય તો તેમને વિકલ્પે मित्त्व થાય છે તેથી वनयति ઉપરાંત वानयति પણ થાય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રશ્ન એ થાય છે કે આ સૂત્ર ભ્વાદિ वनु ધાતુને લાગુ પડે કે તનાદિ वनु ધાતુને લાગુ પડે ? તેનું નિરાકરણ अनन्तरस्य विधिर्वा भवति प्रतिषेधो वा । (પરિભાષેન્દુશેખર, નં.૬૧) - એ પરિભાષા દ્વારા થાય છે. તેનો અર્થ એ છે કે વિધિ અને પ્રતિષેધ અનન્તરને થાય છે. અહીં પ્રસ્તુત સૂત્રની નજીક ભ્વાદિ वनु ધાતુ છે, તેથી વિકલ્પે મિત્ત્વ કરતું સૂત્ર તેને લાગુ પડે અને તનાદિક वनुને લાગુ ન પડે. આ મત પુરુષકારમાં અને 'મા.ધા.વૃ.' (પૃ.૨૦૧, પૃ.૫૧૦)માં સ્પષ્ટ દર્શાવ્યો છે. સાયણ વિકલ્પે મિત્ત્વ કરતા ઉપર્યુક્ત ધાતુસૂત્ર પરની વૃત્તિમાં જણાવે છે : वनु च नोच्यते इति इह पठितो वनतिः अनन्तरस्य विधिरिति न्यायादनूद्यते, न तु तानादिको वनोतिः । આવો જ મત 'પુરુષકાર' (પૃ.૮૩)માં દર્શાવ્યો છે.

ધનપાલનો મત એમ છે કે દ્રમિડો वनु ધાતુનો ઘટાદિ (ભ્વાદિ)માં પાઠ કરે છે. તે લોકો તેનું નિત્ય મિત્ત્વ માને છે, એટલે કે તેમના મતે वनयति જ રૂપ થાય, वानयति ન થાય. ધનપાલ જણાવે છે કે આર્યો તેનું વિકલ્પે મિત્ત્વ માને છે, તેથી તેમના મતે वनयति અને वानयति બંને થાય. એનો અર્થ એ થાય કે દ્રમિડો ग्लास्ना । સૂત્રથી થતું વૈકલ્પિક મિત્ત્વ સ્વીકારતા નથી. ધનપાલે નોંધેલો દ્રમિડોનો આ મત 'મા.ધા.વૃ.' કે 'ક્ષી.ત.' વગેરેમાં મળતો નથી. આ બાબતમાં ધનપાલે પોતાનો મત દર્શાવ્યો નથી.

૩૭. (ध्वन शब्दे) — घटादौ चायं कैश्चित् पठ्यते । तथा च 'ध्वन शब्द इत्येके' इति मैत्रेयरक्षितः । क्षीरस्वामी धनपालार्वप्यत्रैवानुकूलौ । दलिवलि... ध्वनिक्षपित्रपयश्च इति च भोजदेवः । (पुरुषकार, पृ.८४)

ध्वन शब्दे । એ ભ્વાદિગણના આ સૂત્ર વિશે પુરુષકારમાં ધનપાલનો જે મત આપ્યો છે. તે 'મા.ધા.વૃ'માં મળતો નથી. ध्वन शब्दे એ સૂત્ર ભ્વાદિના પેટાગણ ઘટાદિમાં મા.ધા.વૃ. (પૃ.૨૦૦)માં મળે છે. 'ક્ષી.ત.'(પૃ.૭૩)માં स्तन ध्वन शब्दे એમ અને 'ધા.પ્ર.'(પૃ.૫૭)માં ध्वन स्वन शब्दे એમ મળે છે, જ્યારે 'ક્ષી.ત.'માં ફરી ભ્વાદિમાં (પૃ.૧૨૧) स्यमु स्वन स्तन ध्वन शब्दे અને 'ધા.પ્ર.' (પૃ.૫૯)માં स्यमु स्वन ध्वन शब्दे મળે છે. અહીં જે સૂત્રની ચર્ચા છે તે ઘટાદિગણમાં આવતા ध्वन शब्दे સૂત્રની ચર્ચા છે. આ સૂત્રની ઘટાદિ ગણમાં ગણના એટલે કરી છે કે मित्त्वार्थ, જે घटादयो मितः । સૂત્રથી થાય, તેનો લાભ મળે અને તેથી ध्वनयति થાય, તેનું દૃષ્ટાંત મા.ધા.વૃ. (પૃ.૨૦૦)માં આપ્યું છે : ध्वनयति घण्टाम् । (ઘંટનાદ કરે છે), જ્યારે ઘટાદિ સિવાય તેનો પાઠ થયો છે ત્યાં ध्वानयति થાય એટલે કે અસ્પષ્ટાક્ષર ઉચ્ચારે છે.

પુરુષકારના કર્તા નોંધે છે કે મૈત્રેય ध्वन शब्दे इत्येके । કહે છે તે મત 'ધા.પ્ર.'માં મળતો નથી. પુરુષકારમાં નોંધે છે તેમ ધનપાલને આ ધાતુના ઘટાદિમાંનો પાઠ ध्वन शब्दे અનુકૂળ છે.

સાયણ નોંધે છે કે વર્ધમાનને અનુસરીને ભોજ दलि वलि..... ध्वनित्रपिक्षपयश्च । સૂત્રમાં 'ध्वनि' એમ પાઠ આપે છે અને પ્રાતિશાખ્યમાં अक्षरव्यञ्जनानामुपलब्धिर्ध्वनिः । આપ્યું છે. આમ ध्वन અને ध्वनि નો અર્થ જુદો પડે છે. ધનપાલ ध्वन शब्दे । પાઠ સ્વીકારે છે એનો અર્થ તેઓ ध्वनનો 'શબ્દ-અવાજ' એવો અર્થ કરતા જણાય છે.

૩૮. तनु श्रद्धोपकरणयोः । [तनु श्रद्धोपहिंसायाम् इति]
धनपालशाकटायनौ । (पुरुषकार, पृ. ८४)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાણિનીય ધાતુપાઠના ચુરાદિગણમાં तनु श्रद्धोपकरणयोः સૂત્ર મળે છે; પુરુષકારમાં धनपालशाकटायनौ પહેલાંનો પાઠ ખૂટે છે. પુરુષકાર (પૃ.૮૪, પા.ટી.નં.૪)માં યુધિષ્ઠિર મીમાંસકે સૂચવેલો 'तनु श्रद्धोपहिंसायामिति' એ ખૂટતો અંશ બરાબર એટલા માટે લાગે છે કે શાકટાયન ધાતુપાઠ (પૃ.૨૦)માં તેમ મળે છે અને ધનપાલ શાકટાયન પ્રમાણે પાઠ કરતા હોય છે.

'મા.ધા.વૃ' (પૃ.૫૬૬)માં ધનપાલનો આ મત મળતો નથી. તેમાં तनु श्रद्धोपकरणयोः । उपसर्गाच्च दैर्घ्ये । એમ મળે છે. તેનું રૂપ तानयति આપ્યું છે અને ધાતુનો અર્થ 'શ્રદ્ધા અને ઉપકરણ (મદદ કરવી, સાધન)' એમ આપ્યો છે. 'ક્ષી.ત.' (પૃ.૩૨૧) અને 'ધા.પ્ર.' (પૃ.૧૫૬) – બંનેમાં સાયણની જેમ જ ધાતુસૂત્ર આપ્યું છે.

શાકટાયનના પાઠ પ્રમાણે જ ધનપાલે આ ધાતુનો અર્થ આપ્યો છે એમ સ્વીકારીએ તો તે શ્રદ્ધા અને ઉપહિંસા(હિંસા) અર્થ આપે છે એમ મનાય.

'કવિ.' (પૃ.૩૫)માં तनु क्युपहतौ श्रद्धाघाते श्रद्धोपकारयोः । એમ મળે છે. સાયણ ક્ષીરસ્વામી મૈત્રેય વગેરે तनादि ગણમાં तनु विस्तारे तनोति । એમ જે ધાતુ આપે છે, તે આનાથી સાવ જુદો છે.

ચુરાદિ ગણના આ ધાતુસુત્ર સાથે 'મા.ધા.વૃ', 'ક્ષી.ત.' વગેરેમાં उपसर्गाच्च दैर्घ्ये । એ વિધાન છે. એનો અર્થ એવો છે કે આ ધાતુનો અર્થ દૈર્ઘ્ય હોય ત્યારે ઉપસર્ગ સાથે વિકલ્પે णिच्‌માં પ્રયોજાય છે. જેમકે आतानयति, वितानयति, आतनति, वितनति વગેરે. णिच्‌માં વિકલ્પે એટલા માટે પ્રયોજાય છે કે આ ધાતુ ચુરાદિના પેટાગણ આ ધૃષીયમાં આવે છે અને आधृषीयाः विभाषितणिचः वेदितव्याः એમ કહ્યું છે

दैर्घ्येतु उपसर्गादनुपसगच्चि परस्तनुधातुराधृषीयो वेदितव्य इत्यर्थः (બાલમનોરમા પૃ.૨૭૯) .

અહીં ધનપાલ અને શાકટાયનનો આ ધાતુના અર્થ અંગે જે મત આપ્યો છે તે સાયણ વગેરે કરતાં જરા જુદો પડે છે.

૩૯. अम गत्यादिषु । ते च कन दीप्तिकान्तिगतिषु, ष्टन वन शब्दे, वन षण सम्भक्तौ 'इति समनन्तरोक्ताः। 'अपरे अव रक्षणगतीत्यादयो गत्यादय इत्याहुः' इत्यपि धनपालः । 'अव रक्षणगतिकान्ति.....भागवृद्धिषु इति विदूरे वक्ष्यमाणा अपि गृह्यन्ते इत्याहुरित्यर्थः । पुरुषकार (પૃ.૯૨)

अम गत्यादिषु । – ભ્વાદિગણના આ ધાતુસૂત્રના गत्यादिषु શબ્દના અર્થ વિશે મતભેદ છે. પુરુષકારમાં આ બંને મત ટાંક્યા છે. 'મા.ધા.વૃ.' (પૃ.૧૩૩)માં ધનપાલનો આ મત ટાંક્યો નથી, પણ તેમાં 'अम गत्यादिषु' । આપી સાયણે કહ્યું છે કે गत्यादिषुમાંના आदि શબ્દથી આ સૂત્ર પહેલાં આવતાં, कन ધાતુના અર્થ, દીપ્તિ, કાન્તિ અને ગતિનો, ष्टन वनના શબ્દ એ અર્થનો અને वन षण ના સમ્ભક્તિ અર્થનો – એ બધાંનો સમાવેશ થાય છે. 'મા.ધા.વૃ.'(પૃ.૧૬૦)માં આગળ अव ધાતુના 'રક્ષણ ગતિ વગેરે' ૨૦ અર્થ આપ્યા છે : अव रक्षणगतिकान्ति.....भागवृद्धिषु ।

પુરુષકારના કર્તા, ઉપર્યુક્ત અર્થ વિશેનો મત, જે સાયણ, ક્ષીરસ્વામી (પૃ.૭૪) અને મૈત્રેય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(પૃ.૩૫) વગેરે પણ આપે છે, તેનો ઉલ્લેખ કરી, ધનપાલે જે બીજા વૈયાકરણોનો મત દર્શાવ્યો છે, તેને સમજાવે છે. તેમના મત પ્રમાણે अम ધાતુ પરના સૂત્રથી, अव ધાતુ પરનું સૂત્ર ઘણું આગળ ઉપર આવતું હોવા છતાં गत्यादि માં ભ્વાદિમાં अव ધાતુના રક્ષણ, ગતિ, કાન્તિથી શરૂ કરીને ભાગ અને વૃદ્ધિ સુધીના જે વીસ અર્થ સૂત્રમાં દર્શાવ્યા છે, તેમનો आदि શબ્દથી સમાવેશ થાય છે.

ધનપાલ गत्यादिषु ના આ બે અર્થમાંથી પોતે કયા મતને સ્વીકારે છે, તે પુરુષકારમાં જણાવ્યું નથી.

૪૦. यमोऽपरिवेषणे इति क्षीरस्वामिधनपालौ । घटादावप्येवमेव पठन्ति। अर्थेत्वस्य विवदन्ते। तत्र क्षीरस्वामी तावत् यम उपरमे इत्यस्य धातोः परिवेषणादन्यत्रैवार्थेमित्संज्ञा । यमयति नियमयति.... । परिवेषणे तु – यामयति श्राद्धे । ........ मैत्रेयरक्षितस्तु अपरिवेषणे यमिर्नमित् । यामयति .... धनपालश्च निषेधपक्षमेव पर्यग्रहीत् । (पुरुषकार, पृ. ९२-९३)

પુરુષકારમાં ટાંકેલો ધનપાલનો આ મત સમજવા આ ધાતુસૂત્રનો અર્થ અને બીજા વૃત્તિકારોના મત જોવા જરૂરી છે.

પાણિનીય ધાતુપાઠમાં ભ્વાદિમાં यम उपरमे (મા.ધા.વૃ., પૃ.૨૬૨), यमोऽपरिवेषणे । (મા.ધા.વૃ., પૃ.૨૦૧) અને ચુરાદિમાં यम च परिवेषणे । (મા.ધા.વૃ., પૃ.૫૪૮) એમ ત્રણ વખત यम ધાતુનો પાઠ છે.

પુરુષકારના કર્તા નોંધે છે કે ક્ષીરસ્વામીએ 'ક્ષી.ત.' (પૃ.૧૧૯)માં यमोऽपरिवेषणे ધાતુસૂત્ર પરની વૃત્તિમાં કહ્યું છે કે यम उपरमे । સૂત્રમાં જે यम ધાતુ છે, તેનો 'પરિવેષણ' (ખોરાક વહેંચવો, વીંટળાવું) કરતાં બીજો અર્થ હોય ત્યારે મિત્સંજ્ઞા થાય છે, જેમકે यमयति, संयमयति । અને परिवेषण અર્થ હોય ત્યારે મિત્સંજ્ઞા ન થાય, यामयति श्राद्धे, यामयति चन्द्रम् । (ચન્દ્રને ઘેરે છે). આ જ પ્રમાણે ચાન્દ્ર, કૌમાર અને ભોજીય બ્રાહ્મણો માને છે.

મૈત્રેય 'ધા.પ્ર.'(પૃ.૫૮)માં એથી ઊલટું કહે છે. यमोऽपरिवेषणे । यमिर्नमित् । यामयति । परिवेषणे यमयति ब्राह्मणान् । (બ્રાહ્મણોને ભોજન આપે છે.) એટલે કે તેમના મતે પરિવેષણનો અર્થ ન હોય ત્યારે મિત્સંજ્ઞા થતી નથી. પરિવેષણનો અર્થ હોય ત્યારે જ મિત્સંજ્ઞા થાય છે.

પુરુષકારમાં મૈત્રેયનો આ મત ટાંકીને કહ્યું છે કે ધનપાલ પણ નિષેધપક્ષમાં માને છે, એટલે કે જ્યારે 'પરિવેષણ'નો અર્થ ન હોય ત્યારે મિત્સંજ્ઞા થતી નથી. ધનપાલ અને મૈત્રેયના મતના સમર્થનમાં પુરુષકારના કર્તા લીલાશુકે न पादम्याo । (૧-૩-૮૯) સૂત્ર પરના કાશિકામાં આપેલા જયાદિત્યના મતને ટાંક્યો છે : आयामयते, (અટકાવે છે), यमोऽपरिवेषणे इति मित्संज्ञा प्रतिषिध्यते इति । તે ઉપરાંત, તેમણે આ સંદર્ભમાં પ્રસ્તુત એવો ન્યાસકાર જિનેન્દ્રબુદ્ધિનો મત ટાંક્યો છે કે આગળના સૂત્ર न कम्य मिचमाम्। ('મા.ધા.વૃ.' પૃ.૨૦૧) સૂત્રમાંથી न ની અનુવૃત્તિ આવવાથી यमोऽपरिवेषणे । સૂત્રમાં मित्त्व નો નિષેધ થાય છે, અને વધારામાં अनन्तरस्य विधिर्वाo (પરિભાષા નં.૬૧) લાગુ પડે છે. તેથી પણ घटादयो मितः થી જે મિત્ત્વવિધિ કહી હતી, તેનો અપરિવેષણ અર્થમાં પ્રતિષેધ આવે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પુરુષકારના કર્તા એ પણ નોંધે છે કે શાકટાયન ઘટાદિ અને ચુરાદિ બંનેમાં, બંને પક્ષને ગ્રહણ કરે છે એટલે यम ધાતુ અપરિવેષણ અર્થમાં હોય તો મિત્ત્વ થાય અને ન પણ થાય. તેમાં એ પણ જણાવ્યું છે કે धनपालपक्षेऽप्येवमेव चुरादौ द्रष्टव्यम् ।

ચુરાદિગણમાં પણ यम च परिवेषणे । સૂત્ર છે. ત્યાં પણ चकारेण मिदित्यपेक्षते इति मैत्रेयादयः । એમ સાયણ નોંધે છે, તેથી च કારથી ज्ञपमिच्च । (મા.ધા.વૃ., પૃ.૫૪૬) - એ ધાતુસૂત્રમાંથી मित्‌ની અનુવૃત્તિ આવે છે. તેથી અર્થ એમ થાય કે 'પરિવેષણ'નો અર્થ હોય ત્યારે ચુરાદિ यम ધાતુને मित्त्व થાય છે. यमयति चन्द्रम् । अन्यत्र नियामयति । પુરુષકારે નોંધ્યું છે તેમ ધનપાલ પણ ચુરાદિ यम માટે આમ માને છે.

આમ આ यमोऽपरिवेषणे । સૂત્રના સંદર્ભમાં લીલાશુકે ધનપાલના મત ત્રણવાર ટાંક્યા છે કે પરિવેષણનો અર્થ હોય તો જ मित्त्व થાય અને તે ન હોય તો मित्त्व ન થાય. આવો જ સાયણનો મત મા.ધા.વૃ.(પૃ.૨૮૨)માં यमोऽपरिवेषणे । સૂત્ર આગળ આપ્યો છે.

૪૧. शम लक्ष आलोचने । शमु उपशमे । घटादौ च शमो दर्शने इति पठ्यते । शाम्यतेर्दर्शनेऽर्थे मित्संज्ञा न भवति इत्यर्थः । अदर्शने भवतीति क्षीरस्वामी । .... धनपालस्तु दर्शने न भवतीत्युक्त्वा अदर्शने इत्येके इत्याह । (पुरुषकार, पृ. ९४)

ભ્વાદિગણના પેટાગણ ઘટાદિમાં शमोऽदर्शने એમ આ ધાતુનો પાઠ મા.ધા.વૃ. (પૃ.૨૦૧)માં મળે છે તે ધાતુ દર્શન અર્થમાં मित् ન થાય તેવો ધનપાલનો મત પુરુષકારમાં આપ્યો છે. આ મત મા.ધા.વૃ.માં મળતો નથી. આમ તો આ ચર્ચા ભ્વાદિ ધાતુ शम અંગેની છે, પણ દિવાદિમાં જે शमु उपशमे । ધાતુ છે તેની વાત પહેલાં પુરુષકારમાં કરી છે, કે તે દિવાદિ ધાતુ शाम्यतिने દર્શન અર્થમાં मित्संज्ञा થતી નથી, જેમકે निशामयति रूपम् ।

હવે ઘટાદિગણમાં આવતા शमोऽदर्शने ધાતુ જે પ્રસ્તુત છે તેની વાત કરીએ. 'મા.ધા.વૃ.' (પૃ.૨૦૨)માં કહ્યું છે કે આ ભ્વાદિ ધાતુ अमन्त હોવા છતાં દર્શન અર્થમાં તેને मित्त्व થતું નથી. તેમણે તેના સમર્થનમાં निशामयति रूपम् અને अत्युत्कृष्टमिदं तीर्थं भारद्वाज निशामय । (વાલ્મીકિ રામાયણ-બાલકાંડ ૨.૫) – એ બંને ઉદાહરણ આપ્યાં છે. 'ક્ષી.ત.' (પૃ.૧૧૮)માં સાયણની જેમ સૂત્ર આપી કહ્યું છે કે ભ્વાદિમા દર્શન અર્થ હોય ત્યારે मित्त्व ન થાય તેનું निशामयति रूपम् । એમ અને 'દર્શન'નો અર્થ ન હોય, તેનું शमयति रोगम् । એમ ઉદાહરણ આપ્યાં છે. તેથી અર્થ સાયણ જેમજ થયો કે દર્શન અર્થમાં मित्त्व થતું નથી. તેમાં પણ शमु उपशमे । એ દિવાદિ બાબતમાં પણ એમ જ કહ્યું છે કે દર્શન સિવાયના અર્થમાં मित्संज्ञा થાય છે. ધા.પ્ર. (પૃ.૫૮)માં પણ એમ જ કહ્યું છે : दर्शनार्थे शमिर्नमित् ।

પુરુષકારના કર્તા ખાસ નોંધે છે કે ધનપાલ दर्शने न भवतीत्युक्त्वा 'अदर्शने इत्येके' એમ જ કહે છે. લીલાશુક પછી નોંધે છે કે શાકટાયન પણ એમ માને છે. એનો અર્થ એ થયો કે ધનપાલ અને શાકટાયન માને છે કે દર્શન અર્થમાં આ ધાતુને मित्संज्ञा થતી નથી. વધારામાં એમણે કહ્યું છે કે ચન્દ્ર કૌમાર અને ભોજીય વૈયાકરણો પણ આમ માને છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ ચર્ચાને અંતે પુરુષકારના કર્તા જણાવે છે કે अनन्तरस्य विधिर्वा० । (પરિભાષા નં.૬૧) એ લગાડીએ તો પ્રથમ પક્ષ જે કહે છે કે દર્શન અર્થમાં મિત્સંજ્ઞા ન થાય, તે મત સાચો છે.

ખાસ નોંધવું ઘટે કે અહીં પુરુષકારમાં ભ્વાદિ(ઘટાદિ)માં शमो दर्शने । એમ જે સૂત્ર આપ્યું છે તેના સંદર્ભમાં લીલાશુક કહે છે કે 'દર્શન' અર્થમાં મિત્સંજ્ઞા ન થાય એમ લેવાથી, આગળના न कम्यमि० સૂત્રમાંથી આવતા नञ् ના પ્રશ્લેષનો ક્લેશ પણ દૂર થાય છે. તેમણે પણ તેના निशामयति रूपम् । (રૂપ નિહાળે છે) शमयति रोगम् । (રોગ શમાવે છે), વગેરે ઉદાહરણો આપ્યાં છે.

આમ ધનપાલનો મત, સાયણ, ક્ષીરસ્વામી અને મૈત્રેયના મતને મળતો આવે છે.

૪૨. लिश अल्पीभावे दिवादिः । तुदादिश्चायं क्षीरस्वामीधनपालयोः । लिश गतौ तुदादिः । तयोरनुमतोऽयं पाठः । द्विष्पाठस्त्वेवमर्थभेदान्नुनम् । (पुरुषकार, पृ. ९९)

પાણિનીય ધાતુપાઠમાં દિવાદિમાં लिश अल्पीभावे । लिश्यते । છે અને તુદાદિમાં लिश गतौ लिशति છે.

'મા.ધા.વૃ.' દિવાદિ (પૃ.૪૨૬)માં અને તુદાદિ (પૃ.૪૮૮)માં, 'ધા.પ્ર.' દિવાદિ (પૃ.૯૭)માં અને તુદાદિ (પૃ.૨૮૩)માં, ઉપર દર્શાવ્યા પ્રમાણે જ પાઠ અને અર્થ આપે છે.

હવે લીલાશુક નોંધે છે કે ક્ષીરસ્વામી અને ધનપાલને તુદાદિમાં लिश गतौ એ પાઠ અનુમત છે. એટલે અર્થ એમ થયો કે એ બંને, બીજા વૃત્તિકારોની જેમ, દિવાદિમાં लिशનો 'અલ્પીભાવ' અર્થ અને તુદાદિમાં 'ગતિ' અર્થ આપે છે. આ દ્વિષ્પાઠ – બંને ગણમાં જે પાઠ થયો છે તે અર્થના તફાવતને કારણે થયો છે.

સામાન્ય રીતે જોતાં ધનપાલનો મત આમ લાગે છે પણ પુરુષકારમાં આ સૂત્રના સંદર્ભમાં છેલ્લે જે વાક્ય છે : एवं तु लिश गत्यल्पीभावयोः रित्यनुक्तिवैचित्र्यार्था । તે વાંચતા લાગે છે કે પુરુષકાર કદાચ ધનપાલનો આવો મત દર્શાવવા માગે છે કે તુદાદિમાં પણ लिशનો 'ગતિ' ઉપરાંત 'અલ્પીભાવ' અર્થ થાય, એટલે કે लिश गत्यल्पीभावयोः । ધાતુસૂત્ર ધનપાલને ઇષ્ટ છે. પુરુષકાર આ મતને સ્પષ્ટપણે આપી નથી શક્યા એમ લાગે છે. 'ક્ષી.ત.'માં આવા મતનો કોઈ નિર્દેશ નથી એ નોંધવું ઘટે. ગુજરાતી ભાષામાં પણ लिश ધાતુ પરથી આવેલા 'લેશ'નો અર્થ 'ઓછું' એમ થાય છે.

૪૩. घुषिर् विशब्दने । तच्च शब्देन स्वाभिप्रायप्रकाशनम् । .... घुषिर् अविशब्दार्थः । (धा.प्र.पृ.१५१) । घुषिरित्ययं धातुः यथाप्रयोगं विशब्दनादन्यत्रार्थे वर्तते इत्यर्थः । शब्दार्थ इति तु क्षीरस्वामी धनपालभागवृत्तिकाराः । (पुरुषकार, पृ.१०२)

પાણિનીય ધાતુપાઠના ચુરાદિ ગણના આ સૂત્રનો અર્થ થાય છે કે घुषिर् ધાતુ 'विशब्दन'ના અર્થમાં णिच् માં પ્રયોજાય છે. ધનપાલનો આ મત મા.ધા.વૃ.માં મળતો નથી. ધનપાલના મતને સમજતા પહેલાં विशब्दनम् નો બીજા વૃત્તિકારો શું અર્થ કરે છે તે જોવું જરૂરી છે. પુરુષકારમાં તેનો અર્થ 'શબ્દથી પોતાના અભિપ્રાયને દર્શાવવો' એમ આપ્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'ક્ષી.ત.' (પૃ.૩૧૩)માં घुषिर् विशब्दने સૂત્રમાંના,'विशब्दन' નો અર્થ 'વિશિષ્ટ શબ્દકરણ' આપી, તેના ઉદાહરણ તરીકે उद्घोषयति આપ્યું છે. આ મત પુરુષકારને મળતો આવે છે.

'ધા.પ્ર.' (પૃ.૧૫૧)માં घुषिर् अविशब्दने સૂત્ર આપ્યું છે અને घोषयति । રૂપ એના ઉદાહરણ તરીકે આપ્યું છે. પુરુષકારે આ 'अविशब्दन'નો અર્થ 'વિશબ્દન કરતાં બીજો' એમ કર્યો છે. એમ લાગે છે કે તે કદાચ 'શબ્દ' કે 'શબ્દાર્થ' જેવો અર્થ કરે છે.

'મા.ધા.વૃ.' (પૃ.૫૫૮)માં સાયણ ચુરાદિ ગણમાં घुषिर् विशब्दने । સૂત્ર આપે છે અને 'વિશબ્દન'નો અર્થ 'શબ્દન (સ્વાભિપ્રાય પ્રકાશન) કરતાં જુદો' એમ કરે છે. સાયણે નોંધ્યું છે કે કાશ્યપ 'घुषिरविशब्दने' આપે છે, પણ તે પાઠ મહાભાષ્યની વિરુદ્ધ છે એમ ક્ષીરસ્વામી જણાવે છે. આ ટીકા મૈત્રેયને પણ લાગુ પડે છે.

પુરુષકારના કર્તા આગળ નોંધે છે કે ક્ષીરસ્વામી, ધનપાલ અને ભાગવૃત્તિકાર આ ધાતુનો 'શબ્દાર્થ' અર્થ આપે છે, જો કે ક્ષી.ત.કાર ખરેખર 'વિશબ્દન' અર્થ આપે છે. ચાન્દ્ર વૈયાકરણ, દુર્ગ અને શાકટાયન શબ્દ અર્થ આપે છે એમ પણ લીલાશુકે નોંધ્યું છે.

ચુરાદિ ગણના घुषिर् विशब्दने । ધાતુસૂત્રથી જે णिच्‌નું વિધાન 'વિશબ્દન' અર્થથી થયું છે તે णिच् વિકલ્પે પ્રયોજાય છે, એમ અષ્ટાધ્યાયીના घुषिरविशब्दने । (૭.૨.૨૩) સૂત્ર પરના મહાભાષ્યમાં ભાષ્યકારે કહ્યું છે. આ સૂત્રમાં 'अविशब्दन' કહ્યું છે તે પરથી આચાર્ય જ્ઞાપન કરે છે કે વિશબ્દન અર્થમાં, घुषिर् ધાતુમાં વિભાષાથી णिच् થાય છે. આ સૂત્ર પરના ન્યાસમાં ન્યાસકારે આમ જ કહ્યું છે. ભાષ્યકારે આ ચુરાદિસૂત્રથી णिच् વિકલ્પે પ્રયોજાય છે, તેના ઉદાહરણ તરીકે महीपालवचः श्रुत्वा जुघुषुः पुष्यमाणवाः। વાક્ય ટાંક્યું છે આથી घुषिर् विशब्दने । એ ધાતુસૂત્રના ઉદાહરણ તરીકે વ.કા.માં घोषयति ઉપરાંત घोषति થાય છે.

૪૪. तक्ष त्वचने । अत्र क्षीरस्वामी–त्वचनं त्वचो ग्रहणम्, संवरणमिति दुर्गः । यथा दुर्गमेव च धनपालशाकटायनौ । (पुरुषकार, पृ.१०७)

પાણિનીય ધાતુપાઠમાં ભ્વાદિગણમાં આ ધાતુસૂત્ર આવે છે. તેમાં तक्ष ધાતુનો અર્થ त्वचनम् (છાલ કાઢવી) આપ્યો છે. त्वचनम् ના અર્થ વિશે વૈયાકરણોમાં મતભેદ પ્રવર્તે છે.

પુરુષકારમાં નોંધ્યું છે તેમ 'ક્ષી.ત.' (પૃ.૯૭)માં त्वक्ष त्वचने માં त्वचनम् નો અર્થ त्वचो ग्रहणम्। संवरणमिति दुर्गः । એમ મળે છે. संवरणम् નો અર્થ 'આવરણ' 'ઢાંકવું' એમ થાય છે. લીલાશુક જણાવે છે કે દુર્ગની જેમ ધનપાલ અને શાકટાયન પણ 'સંવરણ' અર્થ કરે છે.

'મા.ધા.વૃ.' (પૃ.૧૦૨)માં સાયણ, तक्ष त्वचने । સૂત્ર આપી, દુર્ગ, કાશ્યપ અને મૈત્રેય 'संवरणम्' અર્થ આપે છે તેમ નોંધે છે અને 'ધા.પ્ર.' (પૃ.૪૭)માં तक्ष त्वचने । त्वचनं संवरणम् । એમ આપ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પુરુષકારના કર્તા, આ બંનેમાંથી संवरणम् અર્થ કેવી રીતે અંતરંગ છે તે દર્શાવે છે. પાણિનીય ધાતુપાઠના તુદાદિગણમાં त्वच संवरणे । (મા.ધા.વૃ. પૃ.૪૬૬) સૂત્ર મળે છે તે પરથી સ્પષ્ટ થાય છે કે આ અર્થ ધાતુપાઠસિદ્ધ છે, તેથી અંતરંગ છે, જ્યારે બીજો અર્થ त्वचनम् એ सत्यापपाश० । (૩.૧.૨૫) - સૂત્રથી त्वचं गृह्णाति त्वचयति એમ णिच् માં કૃદ્વૃત્તિથી સિદ્ધ થયેલો છે : णिच् कल्पनं चात्रातिरिच्यते। શાકટાયન ધાતુપાઠ(પૃ.૯)માં चक्ष (तक्ष ?) त्वचने મળે છે.

આમ ધનપાલ અને શાકટાયન વગેરેનો આ ધાતુના અર્થ વિશેનો ઉપર્યુક્ત મત સ્વીકારવા લાયક જણાય છે.

પુરુષકારમાં આ ઉપરાંત આ ધાતુના પાઠ વિશે પણ ચર્ચા મળે છે. त्वक्षेत्येव तु बह्वनुमतः पाठः । તેમના મતે મોટાભાગના વૃત્તિકારો त्वक्ष પાઠ આપે છે. 'ક્ષી.ત.' સિવાય 'મા.ધા.વૃ.' અને 'ધા.પ્ર.'માં તો तक्ष પાઠ જ મળે છે. માત્ર 'ક્ષી.ત.' (પૃ.૯૭)માં त्वक्ष પાઠ છે અને કવિ (પૃ.૫૦૦)માં त्वक्ष त्वचि ग्राहे । એમ મળે છે.

આ ધાતુના त्वक्ष પાઠના સમર્થનમાં લીલાશુક નોંધે છે કે અષ્ટા.(૩.૧.૭૬)માં तनूकरणे तक्षः। સૂત્ર ભ્વાદિમાં છે. તેના પરની કાશિકામાં કહ્યું છે કે धातूनामनेकार्थत्वात् विशेषणोपादानम् । તેમાં કહ્યું છે કે જો त्वचन અર્થમાં પણ આ तक्ष ધાતુનો પાઠ હોત તો, કાશિકામાં સ્પષ્ટ કહ્યું હોત કે આ ધાતુસૂત્રમાં એ અર્થવાળા तक्षનું ગ્રહણ કરવાનું નથી, પણ એમ કહ્યું નથી, માટે ચોક્કસ થાય છે કે પ્રસ્તુત ધાતુસૂત્રમાં त्वक्ष त्वचने । નું ગ્રહણ કરવાનું છે.

'મા.ધા.વૃ.' (પૃ.૧૭૦) અને 'ક્ષી.ત.' (પૃ.૯૬)માં ભ્વાદિમાં तक्षू, त्वक्षू तनुकरणे । અને तक्ष (त्वक्ष) त्वचने । — એમ બે સૂત્રો છે. 'ક્ષી.ત.' માં જણાવ્યું છે तनूकरणे तक्षः । (૩.૧.૭૬) એ અષ્ટાધ્યાયીના સૂત્રથી तक्षू અને त्वक्षू નાં રૂપ અનુક્રમે तक्षति અને तक्ष्णोति થાય છે, અને तक्ष કે त्वक्षના રૂપ तक्षति કે त्वक्षति થાય છે.

૪૫. पिसि भाषार्थः । पिस गतौ इत्यपि चुरादौ पठ्यते । 'तुजिपिजिपिसहिंसाबलादाननिकेतनेषु' इति तु धनपालः । (पुरुषकार, पृ.१११)

પુરુષકારના કર્તા નોંધે છે કે ચુરાદિગણમાં पटपुटलुट....पिसि......वृतुवृधु भाषार्थाः । (મા.ધા.વૃ. પૃ.૫૬૧) સૂત્રમાં पिसि ધાતુને ભાષાર્થ ગણાવ્યો છે. એ જ પ્રમાણે ચુરાદિગણમાં 'ક્ષી.ત.' (પૃ.૩૧૬) અને 'ધા.પ્ર.' (પૃ.૧૫૩)માં એનો સમાવેશ ભાષાર્થ ધાતુઓમાં કરવામાં આવ્યો છે. તે ઉપરાંત, ચુરાદિ ગણમાં पिस गतौ । ધાતુસૂત્ર પણ મળે છે ('મા.ધા.વૃ.' પૃ.૫૪૨; ક્ષી.ત., પૃ.૨૯૪; ધા.પ્ર. પૃ.૧૪૫) તેનું વ.કા.નું રૂપ पेसयति મળે છે. સાયણે આપેલા તે સૂત્ર પહેલાના આ ધાતુસૂત્રનો પાઠ આમ છે : तुजि पिजि हिंसाबलादाननिकेतनेषु । ('મા.ધા.વૃ.', પૃ.૫૪૨).

પુરુષકાર વાર્ત્તિકના કર્તાએ નોંધ્યું છે, તે પ્રમાણે ધનપાલ पिस गतौ । એમ ધાતુસૂત્ર આપવાને બદલે એની પહેલાંના આ ધાતુસૂત્રમાં पिस ધાતુનો સમાવેશ કરીને, तुजिपिजिपिसहिंसाबलादाननिकेतनेषु।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એમ ધાતુસૂત્ર આપે છે, તેથી ધનપાલના મતે पिस ધાતુનો અર્થ પણ हिंसाबलादाननिकेतन થાય છે એમ સ્પષ્ટ જણાય છે

પુરુષકારના કર્તાએ વધારામાં જણાવ્યું છે કે શાકટાયનના મતમાં તફાવત એટલો છે કે તે तुजि અને पिजि નો उदित् પાઠ એટલે કે तुजु અને पिजुપાઠ કરે છે તે પરથી ચોક્કસ નક્કી થાય છે કે શાકટાયન પણ पिसના અર્થ બાબત ધનપાલ જેવો જ મત ધરાવે છે અને શાકટાયન ધાતુપાઠ (પૃ.૧૭)માં પણ तुज पिजु पिस हिंसाबलादाननिकेतनेषु । મળે છે. 'મા.ધા.વૃ.' (પૃ.૫૪૨)માં शाकटायनस्तु तुजपिजेति पपाठ। એમ મળે છે. 'ક્ષી.ત.' અને 'ધા.પ્ર.'માં पिस गतौ । સૂત્ર જ આપ્યું છે અને તે ધાતુનો આગળના સૂત્રમાં સમાવેશ કર્યો નથી, તે ફરી નોંધવું ઘટે, તેથી તે ત્રણે વૃત્તિઓમાં पिस ધાતુનો હિંસા, બલ, આદાન, નિકેતન એવો અર્થ પણ દર્શાવ્યો નથી એ સ્પષ્ટ થાય છે.

ધનપાલને સમર્થન મળે, એવો મત હૈમધાતુમાલાના ચુરાદિ ગણ (પૃ.૩૮૪)માં મળે છે : ब्रुसपिसजसबर्हण हिंसायाम् । ગુજરાતી ભાષામાં પણ 'પીસવું'નો અર્થ 'રુંધી નાંખવું, બળપૂર્વક ભીંસવું' એમ થાય છે તે નોંધવાનું મન થાય છે.

## ઉપસંહાર

ધનપાલ નામના આ અપ્રસિદ્ધ વૈયાકરણના પાણિનીય ધાતુસૂત્રોને લગતા ઉપર્યુક્ત મતોનો અભ્યાસ કરતાં એમ સ્પષ્ટ જણાય છે કે શાકટાયન ધાતુપાઠના આ વૃત્તિકારે પાણિનીય ધાતુપાઠ પર પણ અવશ્ય વૃત્તિ લખી હશે. એ વૃત્તિમાં, ધનપાલે મુખ્યત્વે પાણિનીય ધાતુપાઠમાં આપેલા ધાતુઓના પાઠ અને અર્થ વિશે પોતાનો અભિપ્રાય દર્શાવ્યો હશે, તેમ સાયણે અને લીલાશુકે ટાંકેલા તેમના મત જોતાં કહી શકાય. હાલ એ વૃત્તિ ઉપલબ્ધ નથી, તેથી આપણે માધવીયા ધાતુવૃત્તિ અને પુરુષકાર વાર્તિકમાં ટાંકેલા એમના મત પરથી જ વૃત્તિકાર તરીકે એમનું મૂલ્યાંકન કરવું રહ્યું.

એ સ્વાભાવિક છે કે ધાતુસૂત્રોને લગતા એમના મોટાભાગના અભિપ્રાયો શાકટાયનના મતોને મળતા આવે છે. અહીં આપેલા ૪૫ મતમાંથી પણ પંદર જેટલા મતમાં સાયણ અને લીલાશુક इति धनपालशाकटायनौ । એમ મત ટાંકે છે તે પણ આ બાબતનો સબળ પુરાવો છે. સાયણે પણ ભ્વાદિ ગણના मचि ધાતુસૂત્રના સંદર્ભમાં જણાવ્યું છે કે धनपालस्तावत् शाकटायनानुसारी । (મા.ધા.વૃ., પૃ.૮૬) તે સિવાય ક્ષીરસ્વામીના મત સાથે બાકીના ઠીક ઠીક મત મળતા આવે છે તે પરથી અનુમાન કરી શકાય કે ક્ષીરસ્વામી અને ધનપાલ આ બાબતમાં સમાન પરંપરાને અનુસરતા હશે.

ઉપર્યુક્ત બંને વૃત્તિઓના મળતા મત પરથી પ્રસ્તુત ધાતુસૂત્રો વિશેના એમના વિશિષ્ટ અભિગમને ટૂંકમાં દર્શાવ્યો છે. આ લેખમાં આપેલા મતના નંબર પણ તે તે મુદ્દા જોડે દર્શાવ્યા છે.

(૧) બીજા વૃત્તિકારો કરતાં ધનપાલની આગવી કહી શકાય તેવી વિશિષ્ટતા એ છે કે તેમણે આર્યો અને દ્રમિડોના ધાતુપાઠ વચ્ચેનો તફાવત અમુક અમુક ધાતુઓ બાબતમાં દર્શાવ્યા છે, જેમકે ભ્વાદિ अति अदि ધાતુનો આર્યો दान्त એમ પાઠ કરે છે, જયારે દ્રમિડો तान्त પાઠ કરે છે (૧), તે જ પ્રમાણે જુહો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

त्यादि ધાતુનો विष्लृ એમ સાયણ જે પાઠ આપે છે તે દ્રમિડોનો પાઠ છે, જ્યારે આર્યો તેનો विषु પાઠ આપે છે. (૨૦)

(૨) ધનપાલ કેટલાક ધાતુઓનો સાયણ, મૈત્રેય વગેરે કરતાં જુદો પાઠ કરે છે, જેમકે ભ્વાદિ मुट બદલે मुड (૭), અદાદિ ધાતુ पृचीने બદલે पृचु (૧૯), ભ્વાદિ शीकृने બદલે सीकृ (૨) પાઠ કરે છે અને ચુરાદિ ધાતુ वद सन्देशवचने ને બદલે पद ધાતુનો એ જ અર્થમાં પાઠ કરે છે. (૩૪)

(૩) અમુક ધાતુઓના અર્થની બાબતમાં પણ તે સાયણ વગેરેથી જુદા પડે છે. જેમકે ભ્વાદિ होडृ ધાતુના 'गति' એ અર્થ તેમને માન્ય નથી, તેનો ધનપાલ માત્ર અનાદર જ અર્થ કરે છે જે લોકવ્યવહારને અનુરૂપ છે (૯) રુધાદિ ધાતુ वृजीनो અર્થ वर्जने ને બદલે वरण કરે છે (૩૩). ભ્વાદિગણના तक्ष त्वचने ધાતુસૂત્રમાંના त्वचन નો અર્થ त्वचो ग्रहणम् ને બદલે ધનપાલ 'संवरणम्' અર્થ આપે છે, જે અંતરંગ અર્થ છે. (૪૪)

(૪) ધનપાલ અમુક ધાતુઓનો પાઠ કરતા નથી, જેમકે ભ્વાદિમાં તે માત્ર इट किट कटी गतौ। એ ત્રણનો પાઠ કરે છે, इ કે ई નો પાઠ કરતા નથી. (૬) કેટલાક વૈયાકરણો ચુરાદિમા ष्णिह स्नेहने બદલે स्फिट स्नेहने પાઠ કરે છે તે ધનપાલને માન્ય નથી. (૨૪)

(૫) भू प्राप्तावात्मनेपदी। એ ચુરાદિ ધાતુસૂત્રના સંદર્ભમાં ધનપાલ માને છે કે પ્રાપ્ત્યર્થ ન હોવાને લીધે, જ્યારે ણિનો અભાવ હોય, ત્યારે ચુરાદિમાં આત્મનેપદ ન થાય, પરસ્મૈપદ જ પ્રયોજાય છે. (૩૦) તે જ રીતે તે ચુરાદિ ગણના आस्वदः सकर्मकात्। ધાતુસૂત્રમાંના आ ને અભિવિધિના અર્થમાં ન લેતાં ઉપસર્ગના અર્થમાં લે છે, તે તેમણે આપેલા ઉદાહરણો પરથી જણાય છે. (૩૧)

(૬) આ ધાતુસૂત્રોમાં, જ્યારે કોઈ એક સૂત્રમાં પાઠભેદને લીધે, તે સૂત્રનો અર્થ બેસાડવામાં પ્રયત્ન કરવો પડે એમ લાગે, ત્યારે ધનપાલ એનો ઉકેલ કેવી રીતે લાવે છે તેનું સરસ ઉદાહરણ ચુરાદિ ગણનું पटपुट.....वृतुवृधु भाषार्थाः। સૂત્ર છે. આ સૂત્રમાં ક્ષીરસ્વામી જેવા કેટલાક વૈયાકરણો भासार्थाः પાઠ આપે છે. 'પુરુષકાર'માં કહ્યું છે તેમ भासार्थाः પાઠ જોડે સકર્મકત્વનો મેળ બેસાડવા પ્રયત્ન કરવો પડે, તેથી ધનપાલ બીજી રીતે આ સૂત્ર ઘટાવે છે. આ પટ-પુટ વગેરે ભાષાર્થ ધાતુઓ णिच्માં પ્રયોજાય છે અને અન્ય જે ભાસાર્થ ધાતુઓ છે તે પણ णिच्માં પ્રયોજાય છે. (૩૨)

(૭) वनु च नोच्यते – ભ્વાદિ ધાતુસૂત્રમાંના वनु ધાતુની દ્રમિડો નિત્યમિત્સંજ્ઞા માને છે, જ્યારે આર્યો વિભાષાથી મિત્ત્વ ઇચ્છે છે તેમ ધનપાલે નોંધ્યું છે આમ ઘટાદિ ધાતુઓના મિત્ત્વ બાબત પણ તેમણે પૂરતો વિચાર કર્યો છે. (૩૬)

(૮) પુરુષકારમાં મળતા ધનપાલના મતને લીધે वज ધાતુનો સાચો અર્થ બેસાડવામાં મદદ મળે છે. ચુરાદિ वज કે वव्र ધાતુનો અર્થ સાયણ, મૈત્રેય ક્ષીરસ્વામી વગેરે मार्गसंस्कारयोः એમ જે અર્થ આપે છે તે બંધબેસતો નથી. જ્યારે પુરુષકારમાં ધનપાલનો જે મત આપ્યો છે તે પ્રમાણે वज मार्गणसंस्कारयोः અર્થ આપ્યો છે જે વધારે બંધ બેસે છે. તેમાં નોંધ્યું છે કે તન્ત્રાન્તરમાં પણ એ જ અર્થ મળે છે. આ પરથી ખ્યાલ આવે છે કે મૂળ ધાતુ वज છે અને સાચો અર્થ માર્ગણસંસ્કાર (બાણને સંસ્કારવું) છે. (૨૫)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ ઉપરાંત નોંધવા જેવી એક બાબત એ છે કે 'મા.ધા.વૃ.' અને 'પુરુષકાર'માં અમુક ધાતુઓ વિશે મળતા ધનપાલના મતમાં જ્યારે ફરક પડે છે, ત્યારે શંકા થાય છે કે ધનપાલનો સાચો મત ક્યો હશે ? તે શંકાનું નિવારણ કરવા, શાકટાયન ધાતુપાઠમાં મળતા પાઠને આધારે શક્ય ત્યાં, ધનપાલનો સાચો મત નક્કી કરવાનો પ્રયત્ન કર્યો છે.

આમ માધવીયાધાતુવૃત્તિ અને પુરુષકાર વાર્ત્તિકમાં મળતા, આ અપ્રસિદ્ધ વૈયાકરણ ધનપાલના મતોને દર્શાવતો આ લેખ, સંસ્કૃત વ્યાકરણ અને ખાસ કરીને, પાણિનીય ધાતુપાઠના અધ્યયન અને સંશોધનમાં રસ ધરાવતા વિદ્વાનોને સહેજ પણ ઉપયોગી થશે, તો મારો શ્રમ સાર્થક થશે.

પાદટીપ

૧. युधिष्ठिर मीमांसक, संस्कृत व्याकरणशास्त्र का इतिहास, भा-२, पृ. ११५, प्र.भारतीय प्राच्यविद्याप्रतिष्ठान, अजमेर, ई. १९६३.

२. एजन

૩. K. V. Abhyankar, A Dictionary of Sankrit Grammer, P. 388, Pub : Oriental Institute, Baroda, 1986.

४. म. दा. साठे, पाणिनि व पाणिनीय व्याकरणपरंपरा, पृ. १६७, Pub : Poona, 1962.

સંદર્ભ ગ્રંથોની સૂચિ

૧. કવિકલ્પદ્રુમ (બોપદેવ રચિત) સં.જી.બી પલ્સુલે, પ્ર ડેક્કન કોલેજ, પુના, ઇ.સ. ૧૯૫૪

૨. કાશિકાવૃત્તિ, ભા-૧-૨, સં.આર્યેન્દ્ર શર્મા, પ્ર. ઉસ્માનિયા યુનિ., હૈદ્રરાબાદ, ઇ.સ. ૧૯૬૯

૩. ક્ષીરતરંગિણી, સં.યુધિષ્ઠર મીમાંસક, પ્ર.રામલાલ કપૂર ટ્રસ્ટ, બહાલગઢ, (હરિયાણા), ઇ.સ. ૧૯૮૬

૪. દૈવ (દેવકૃત) - પુરુષકાર વાર્ત્તિક સાથે, સં.યુધિષ્ઠિર મીમાંસક, પ્ર.ભારતીય વિદ્યા પ્રતિષ્ઠાન, અજમેર, ઇ.સ. ૧૯૬૩

૫. ધાતુપ્રદીપ-સં.શ્રીશચંદ્ર ચક્રવર્તી પ્ર.રામલાલ કપૂર ટ્રસ્ટ, બહાલગઢ (હરિયાણા), ઇ.સ.૧૯૮૫.

૬. ન્યાસ, ભા.૧-૨, સં.પુ.રામચંદ્ર, પ્ર. ઉસ્માનિય યુનિ., હૈદ્રરાબાદ, ઇ.સ. ૧૯૮૧

૭. પદમંજરી, ભા.૧-૨, સં.પુ.રામચંદ્ર, પ્ર.ઉસ્માનિય યુનિ., હૈદ્રરાબાદ, ઇ.સ. ૧૯૮૫.

૮. પરિભાષેન્દુશેખર, સં.ડૉ.ભગવતીપ્રસાદ પંડ્યા, પ્ર.યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, ઇ.સ.૧૯૮૪.

૯. માધવીયા ધાતુવૃત્તિ, સં.દ્વારિકાપ્રસાદ શાસ્ત્રી, પ્રં.તારાબુક એજન્સી, ત્રીજી આવૃત્તિ, વારાણસી, ઇ.સ.૨૦૦૦

૧૦. વૈયાકરણ સિદ્ધાંતકૌમુદી (ભા.૧-૪) સં.ગોપાલશાસ્ત્રી નેને, પ્ર.ચૌખંબા સંસ્કૃત સિરીઝ, વારાણસી, ઇ.સ.૧૯૬૧.

૧૧. વ્યાકરણમહાભાષ્ય (પ્રદીપ-ઉદ્યોત સહિત) અંક ૧-૩, પ્ર.મોતીલાલ બનારસીદાસ, દિલ્હી, ઇ.સ.૧૯૬૪.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૨. 'શાકટાયન વ્યાકરણ', સં.મુન્નીલાલ જૈન, બનારસ, ઈ.સ.૧૯૨૧
૧૩. હૈમ ધાતુમાલા-સં.મુનિશ્રી ગુણવિજય, અમદાવાદ, ઈ.સ.૧૯૨૭
૧૪. संस्कृत व्याकरणशास्त्र का इतिहास, युधिष्ठर मीमांसक, ભા.૨, ભારતીય વિદ્યા પ્રતિષ્ઠાન, અજમેર, ઈ.સ.૧૯૬૩
૧૫. पाणिनि व पाणिनीय व्याकरणपरंपरा, लेखक म.दा साठे, पुना, १९६३
૧૬. A Concordance of Sanskrit Dhatupāṭhas by G. B. Palsule, Deccan College, Poona, 1955
૧૭. A Dictionary of Sanskrit Grammar by K. V. Abhyankar, Pub. Oriental Institute, Baroda, A.D.1986.

સંક્ષેપ સૂચિ

| લેખક | કૃતિ | સંક્ષેપ |
|---|---|---|
| બોપદેવ | કવિકલ્પદ્રુમ | કવિ |
| ક્ષીરસ્વામી | ક્ષીરતરંગિણી | ક્ષી.ત. |
| મૈત્રેયરક્ષિત | ધાતુપ્રદીપ | ધા.પ્ર. |
| હરદત્ત | પદમંજરી | પદ.મં. |
| સાયણ | માધવીયા ધાતુવૃત્તિ | મા.ધા.વૃ. |
| ભટ્ટોજી દીક્ષિત | સિદ્ધાંત કૌમુદી | સિ.કૌ |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ગુજરાતી લોકરામાયણ

હસુ યાજ્ઞિક

'લોકરામાયણ' પર્યાયનો સર્વસામાન્ય અને ગ્રાહ્ય અર્થ લોકો દ્વારા ગદ્યમાં કે પદ્યમાં કહેવાતી કે ગવાતી રામકથા છે. એ 'કહેવાય' અથવા તો ગવાય, અથવા તો સનૃત્ય કે સાભિનય એની રજુઆત થાય કે પછી શરીરેતર પણ પદાર્થના માધ્યમોનો પણ પ્રયોગ થાય ત્યારે એનો સમાવેશ સામાન્ય રીતે વાણીના માધ્યમે જ પરંપરિત રહેતા લોરના બનેલા 'કંઠ પ્રવાહ-પરંપરા'માં થાય છે. આથી, સાહજિક રીતે જ કહેવાતી આવી ગદ્ય-રચના અથવા ગવાતી પદ્ય-ગેય-રચના પરંપરિત હોય છે, વ્યક્તિકૃત એવી રચનાના બધાં લક્ષણો ધરાવતી હોતી નથી, શું કહેવાનું કે ગાવાનું છે એને જ લક્ષમાં લેનારી, નહીં કે કેવી રીતે કહેવાયું છે, ક્યા શબ્દોના રૂઢ અને નિશ્ચિત એવા શબ્દદેહમાં કહેવાયું છે એની સ્વીકાર-મર્યાદા ધરાવતી. આથી એનું મૂળ માળખું અને એની પરંપરા જળવાય છે પરંતુ ગદ્યકથનમાં એનું કોઈ રૂઢ શબ્દદેહનું, અભિવ્યક્તિનું વ્યક્તિકૃત માળખું જળવાતું નથી. કથકે કથકે એક જ કથકના વિવિધ કથનહેતુએ એનું શબ્દદેહી માળખું બદલાય છે, પરંપરિત માળખાને જાળવીને પણ એમાં હેતુ-જરૂરત પ્રમાણે લંબાણ-ટુંકાણ થાય છે, કેટલાક અવનવાં પૂરક એવાં રોચક અંગો પણ એમાં ઉમેરાય છે : આથી જ આવી રચનાને પ્રશિષ્ટથી નહીં પરંતુ વ્યક્તિકૃત સાહિત્યથી જૂદી પાડીને એનો સમાવેશ 'લોકસાહિત્ય'માં કરીએ છીએ.

આ જ બાબત કેટલેક અંશે રામાયણ વિષયક લોકગીતને પણ લાગુ પડે છે. આવાં ગીતો બહુધા, પ્રાર્દુભાવે તો વ્યક્તિકૃત જ હોય છે. સામાન્ય રીતે લોકસમૂહ, કેટલાક બહુ જ અલ્પ અપવાદોને બાદ કરો તો, કોઈ રચના કરતો નથી. આપણ જેવાં-જેટલાં રામકથાવિષયક લોકગીતો છે, તે લગભગ બધાં જ આરંભે તો વ્યક્તિકૃત સાહિત્યની જ રચનાઓ છે. આમ છતાં આવા ગીતની રચનાઓનું 'કર્તૃત્વ' પણ 'લોક' પર આરોપીને એને 'લોકગીત' એવી સંજ્ઞા આપીએ છીએ તેનું કારણ એ છે કે એ લોકો માટે જ, લોકોને જ દૃષ્ટિમાં રાખીને લખાયાં હોય છે. અહીં 'લોક' એટલે ભાષા, બોલી, વસ્ત્રાભૂષણ, ખાનપાન, ધાર્મિક-સામાજિક-નૈતિકાદિનાં ધોરણો અને માન્યતાઓ, શ્રદ્ધા અને રૂઢિઓ-ધારણાઓ વગેરેની સમાનતા છે એવું એથનિક-ગ્રુપ. આથી જ આવી રચનાઓમાં મુખ્ય ધબકાર જ લોકતપ્પ-Folk elementનો હોય છે. લિખિત પરંપરાના મધ્યકાળના ભાલણાદિ કવિએ પણ રામવિષયક પદો લખ્યાં, એનો ગીતોમાં, પદમાં સમાવેશ થઈ શકે, નિશ્ચિત એવા આમ વર્ગને, એથનિક ગ્રુપને જ દૃષ્ટિમાં રાખીને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

*રચનાઓ કરી, સંભવ છે કે તે ગવાતી પણ થઈ હોય ને કંઠપ્રવાહમાં કેટલોક કાળ વરતી પણ રહી હોય,* આમ છતાં લિખિત સ્રોતની આવી વ્યક્તિકૃત રચનાઓનો સમાવેશ આપણે 'લોકગીત'માં કરતા નથી, વ્યક્તિકૃત સાહિત્યમાં કરીએ છીએ. એનું કારણ પણ તાત્ત્વિક રીતે એટલું જ નથી કે એનો રચનાર કોણ છે, તે આપણે જાણીએ છીએ, અથવા એ રચનાઓને કંઠપ્રવાહમાં સાતત્યપૂર્ણ સ્થાન નથી, એ બોલીમાં હોવાના બદલે 'ભાષા'માં છે. હકીકતે જે રચનાઓનો સમાવેશ આપણે વ્યક્તિકૃત કે પ્રશિષ્ટ વા લિખિત સાહિત્યમાં કરીએ છીએ એ 'સાહિત્ય' છે, 'લોર' નથી. એમાં લોકોને ગમે, સ્પર્શે, સમજાય એવું ઘણું છે, પરંતુ આવી રચનાઓ પોતે મૂળથી જ પોતાની રીતે જ પૂર્ણરૂપમાં કંડારાઈ ચૂકેલી શિલ્પકૃતિ જેવી છે. એનો દેહ અનુનેય flaxible નથી, એમાં જાતિ-જ્ઞાતિ-પ્રદેશ-સમયાનુસાર તરતું રહ્યાથી કંડારાઈ એ રૂપમાં જ ટકી રહેવાનું છે. એનો આમ વર્ગ પણ અમુક નિશ્ચિત અને મર્યાદિત એવા એથનિક ગ્રુપ વડે બનેલો છે. એ કૃતિરૂપે જ એનું રૂપ કાયમ માટે ટકાવીને રહેવા ધારે છે, લિખિત પ્રવાહ જ એનો મુખ્ય વાહક છે. લોકો માટે, એક સાક્ષર-નિરક્ષર એવા મોટા સમુદાય માટે જેણે રચના કરી. જેના માટે આપણે 'લોકકવિ' એવો પર્યાય પ્રયોજીએ છીએ, તેનો હેતુ આથી ભિન્ન છે. એને લિખિત પરંપરાના આધારે જ નહીં લોકોના કંઠના પ્રવાહે જ પોતાનું કૃતિરૂપ વહેતું કરવાનું છે. એ 'લોર' છે, અણઘડ-એક આકારને જ ઉપસાવે એવો આકાર એને છે જે લોકકંઠનો રંદો લાગતાં પોતીકું નવું, ઉપયોગી, જરૂરી એવું પ્રયોજિત રૂપ ધરી શકે છે. પ્રદેશ-ભાષા/બોલી-જાતિ/કર્તા-સમય વગેરેનાં પરિવર્તન સાથે જ આવી 'તરતી', 'અનુનેટ Floatind and flexible રચના, પોતાનું મૂળ માળખું જાળવી શબ્દ સમેત ઢાળ, લય વગેરે બદલી શકે છે. એમાં કવચિત કડીઓના વધારા-ઘટાડાનો, નવા જ શબ્દો કે નવાં જ કલ્પનો અને બીજાં તત્ત્વો ઉમેરવાનો અવકાશ છે. રામાયણ વિષયક ગીતનો જ દૃષ્ટાંત તરીકે જોઈએ તો 'રામલક્ષ્મણ બે બાંધવા રામૈયા-રામ' રચના જુઓ. 'રામૈયા રામ' જ એક વિશિષ્ટ લય અને ગીત સર્જન-પ્રવર્તન માટેનો ચલણી સિક્કા જેવો મુખડો આપે છે ને એ જ હવે મુખ્ય લયનું સંક્ષેપમાં રજુ થતી રામકથાનું માળખું અનેક રચનાઓ સિદ્ધ કરી આપે છે. 'રામૈયા રામ' જ કેટલોક લોકસમુદાય 'રામ મૈયારા' કરી શકે છે ને નવું જ રૂપ ગીતનું માળખું બંધાય છે.[1] સમાન લયાત્મક મુખડો, ગીતમાળખું, કડીઓ સાચવતાં વિવિધ લોકગીતો મળે તેમાં કોઈ એકને જ મુખ્ય કે મૂળ અને અન્યને રૂપાન્તર/પાઠાન્તર કહી ન શકાય. સાહિત્ય-રચનાનું આવું ધોરણ લોકસાહિત્યને લાગુ ન પડે. ગીતમાં કોઈ જ એક રચના મૂળને બીજા એના રૂપાન્તર કહી ન શકાય. લોકગીતમાં સહુને પોતપોતાનો જ પાઠ છે, જે પ્રાદેશિક, ભાષિક, જાતિગત, સમસામયિક પરંપરાએ જ લોકોના કંઠપ્રવાહમાં બંધાયો હોય છે.

ગદ્ય અને પદ્યની કથ્ય અને ગેય એવી રામકથા વિષયક રચનાઓ તે લોકરામાયણ, આટલી સ્પષ્ટતા પછી બીજી ધ્યાનમાં લેવાની બાબત 'ગુજરાતની લોકરામાયણ' અને 'ગુજરાતી લોકરામાયણ' એ બે વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરવાની 'ગુજરાતની રામાયણ' એમ કહીએ ત્યારે એમાં ગુજરાત પ્રદેશમાં બોલાતી મુખ્ય પ્રાદેશિક ભાષા ઉપરાંત કચ્છી, ચારણી અને ભીલી એ ત્રણેનો સમાવેશ થાય છે. ગુજરાતીને જેમ મુખ્ય ૬ અને પેટા બોલીઓને લક્ષમાં લેતાં બીજી આઠ, દશથી પણ વિશેષ પ્રાદેશિક અને જાતિગત બોલીઓ છે તેમ કચ્છીની પણ પ્રદેશભેતૃ વાઘેરી, બાબાણી, કચ્છ જાડેજા, જત્તી, વાગડી જેવી બોલીઓ છે. ચારણી તથા ભીલીને પણ અનેક પ્રાદેશિક અને જાતિગત ભેદ ધરાવતી સંલગ્ન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બોલીઓ છે. સર્વસામાન્ય એવા ગુજરાતના લોક સમુદાયમાં નાગરિક, ગ્રામીણ અને આદિવાસી એવા ત્રણ મુખ્ય ક્ષેત્રો છે. આ ત્રણે મુખ્યક્ષેત્રોની પણ પ્રાદેશિક તથા જાતિગત પેટા શાખાઓ છે. આ દૃષ્ટિએ ગુજરાતની લોકરામાયણમાં અનેક પ્રાદેશિક જાતિગત પરંપરાઓનો સમાવેશ થાય છે. આ પ્રકારની લોકરામાયણોનું કોઈ સ્પષ્ટ ચિત્ર હજુ આપણી પાસે નથી. આજે આપણી પાસે દસ્તાવેજી સ્વરૂપમાં, આ દૃષ્ટિએ, ગુજરાતીની કેટલીક બોલીઓના કંઠપ્રવાહની રામકથા વિષયક રચનાઓ તથા આદિવાસીક્ષેત્રની ભીલી અને ડાંગી અને દક્ષિણ ગુજરાતની આદિવાસીક્ષેત્રની 'સીતાનો પવાડો' જેવી કંઠપરંપરાની કૃતિઓનું લિપિબદ્ધ દસ્તાવેજીકરણ મુદ્રિત રૂપમાં થયું છે.[2]

અહીં મુખ્ય ઉપક્રમ 'ગુજરાતી લોકરામાયણ'ના અભ્યાસના મહત્ત્વના મુદ્દાઓનો નિર્દેશ કરવાનો છે. જોકે, અહીં એક વાત પણ સ્પષ્ટ કરવી જોઈએ કે ચારણી, કચ્છી અને ભીલી એ ત્રણે ભાષાપરંપરામાં ગુજરાતી ભાષાની જ રામકથાનો, વિશેષતઃ જેને 'ગામડિયું રામાયણ' કહીએ છીએ એનો જ વિશેષ પ્રભાવ છે. એ સાથે જ ગુજરાતી ભાષાના કંઠપ્રવાહની રામાયણ વિષયક રચનાઓ પર ઉક્ત ભાષાઓની તથા કેટલીક જૈનરામાયણની પણ અસર છે. કથાઓ પર કાયમ સમગ્ર પ્રદેશનો પ્રભાવ પડે છે અને પુરાકથાઓ પર કાયમ સમગ્ર રાષ્ટ્રનો, કકો કે આંતરરાષ્ટ્રીય પ્રભાવ પણ હોય છે. આથી જ કેવળ ગુજરાતી લોકરામાયણ પર વિચાર કરીએ ત્યારે આપોઆપ એમાં કેટલાંક તથ્યો એવાં પણ ઉજાગર થાય જે બધી જ પરંપરા સાથે પણ સંબંધ-અનુબંધ ધરાવતાં હોય.

આટલી ભૂમિકા પછી, ઉત્તરાર્ધમાં હવે ગુજરાતી લોકરામાયણના સ્રોત પર દૃષ્ટિપાત કરીએ. આ અભ્યાસના મુખ્ય સ્રોત ૨ છે. એક તો આ માટે કોઈ એક ક્ષેત્રને પસંદ કરી તેના કંઠપ્રવાહની રામકથાનું દસ્તાવેજીકરણ અને બીજું, વિવિધ તબક્કે જે કંઈ અત્યાર સુધીમાં લિપિબદ્ધરૂપમાં સંપાદિત થયું છે તે પર અભ્યાસ. અહીં આ બીજા પ્રકારના એટલે કે ગુજરાતી રામકથા વિષયક જેવું-જેટલું અત્યાર સુધીમાં લિપિબદ્ધ સંપાદિત અને મુદ્રિત થયું છે, તે દૃષ્ટિમાં રાખ્યું છે.

ગુજરાત પ્રદેશના, મુખ્યત્વે ગુજરાતી ભાષાની વિવિધ બોલીઓના કંઠપ્રવાહનું – એટલે કે કહેવતો, લોકકથાઓ અને લોકગીતોનું – લિપિબદ્ધ મુદ્રિત પ્રકાશન સાતત્યપૂર્ણ રૂપમાં ગુજરાત રાજ્યની લોકસમિતિ દ્વારા ઈ.૧૯૫૭ થી ૧૯૮૨ સુધી થયું. એમાં ગુજરાતી લોકસાહિત્ય મણકા : ૧ (૧૯૫૭) થી મણકા : ૧૪ (૧૯૭૦)ના કુલ ૧૪ વર્ષના ગાળામાં રામકથાવિષયક કથા અને ગીતની કુલ ૧૨૧ રચનાઓ મુદ્રિત થઈ. મણકાની શ્રેણીમાં તો આ જેમજેમ જેવી-જેટલી સામગ્રી મળેલ તેનું પ્રકાશન થયેલું. આવી પાંચેક હજાર જેટલી રચનાઓનું આ લખનારે સાતેક ગ્રન્થમાં વિષયાનુસારી સંપાદન કર્યું અને તેમાં અભ્યાસ ભૂમિકા આપી, જેથી ગુજરાતી રામકથાનાં કંઠપ્રવાહનું બહુપાર્શ્વી સ્વરૂપ, એનો લોકજીવન પરનો પ્રભાવ, લિખિત સ્રોત સાથેનો અનુબંધ, રામકથાનો કયો તબક્કો લોકોએ કથામાં અને ગીતામાં સવિશેષ ગાયો, કૃષ્ણકથા અને પાંડવકથાને મુકાબલે રામકથાનો ગુજરાતી લોકજીવન અને લોકસાહિત્ય પર કેવો-કેટલો પ્રભાવ છે, તેનું તુલનાશ્રય ચિત્ર પણ પ્રગટ થયું અને આનાં જ અભ્યાસો અને તારણો હિંદી, મરાઠી અને અંગ્રેજીમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ રજુ થયાં.[3]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મણકા પૂર્વે અને પછીના ગુજરાતી લોકસાહિત્યનાં કથાઓ અને ગીતોના અનેક સંચયો થયાં છે, તેમાં ગદ્યમાં લોકરામાયણ પ્રગટ થયેલી જાણમાં નથી. મોટાભાગની લોકપરંપરાની રામકથાનો કેટલાક મહત્ત્વના અંશો ગુજરાતી લોકગીતોમાં જ પ્રયોજાયાં છે. આવાં ગીતોમાં મોટું પ્રમાણ સંસ્કાર સંલગ્નગીતોમાં છે તથા લગ્નમાં રામ-સીતાના લગ્નનો મહિમા છે. મનોરંજક, એટલે કે વિધિ સિવાય પણ વિવિધ નિમિત્તે ગવાતાં રામકથા વિષયક ગીતોમાં સીતા-સ્વયંવર આધારિત વિશેષગીતો ગવાય છે. મણકામાં કૃષ્ણચરિત વિષયક કુલ ૬૦૬ ગીત-રચનાઓ છે, તે સામે માત્ર ૧૨૧ ગીતો જ રામકથા આધારિત છે. આ આંકડાઓ કુલ ૧૪ મણકામાં સંગ્રહિત પાંચેક હજાર રચના અંતર્ગત છે. કઈ કથાનું કેટલું પ્રમાણ ગુજરાતી લોકગીતોનું છે, એના નિર્ધારણ માટે, એક સેમ્પલ સર્વેના નિમિત્તે મણકામાં આવેલી સામગ્રીને, બીજો કોઈ આધાર ન હોવાને કારણે, માનક રૂપમાં સ્વીકારી શકીએ. એને લક્ષમાં રાખતાં કહી શકાય કે ગુજરાતમાં કૃષ્ણકથાનું પ્રતિનિધિત્વ ૫% છે, જ્યારે રામકથાનું ૨.૪૦% , કકો કે લગભગ અર્ધું છે.

રામકથાનો પ્રભાવ કે એનું પ્રતિનિધિત્વ ગુજરાતી લોકગીતમાં, કૃષ્ણકથાને મુકાબલે અર્ધું છે એનાં મુખ્ય બે કારણો જણાય છે : એક તો રામકથાને મુકાબલે કૃષ્ણકથામાં અનેક વળાંકો, નાટ્યાત્મક અને ભાવાશ્રયી ઘટનાઓ છે. બીજું રામના મુકાબલે કૃષ્ણના અનેક રૂપો, વ્યક્તિત્વ રંગો છે. એ નટખટ નંદકિશોર છે, રસિક ને રંગદર્શી છે, કલાકાર ને યુદ્ધપ્રવીણ પણ છે. નટખટ નંદકિશોર, ગોપીજનવલ્લભ, મુરલીધર, રાધાવલ્લભ, મથુરાવાસીને દ્વારકેશ ! આ વ્યક્તિત્વ જ એવું છે જેમાં કૃષ્ણના ખભ્ભે હાથ રાખીને કોઈપણ વાત કરી શકે છે. આપત્ય સ્નેહે કે પ્રેમી બનીને લાડ લડાવી શકાય, તું કારે બોલાવી શકાય ! શ્રીરામ આ રીતે પણ મર્યાદાપુરુષોત્તમ છે – મર્યાદા જાળવવી પડે એમની ! યુદ્ધ જેવી મોટી ઘટના રામના જીવનમાં પણ બની છે, પરંતુ યુદ્ધની ઘટના લિખિત પ્રવાહમાં આલેખાઈ પરંતુ લોકગીતમાં ક્યાંય લંકાવિજય ગવાયો નથી. મણકાના વિષયાનુસારી વર્ગીકરણને જ દૃષ્ટિમાં રાખતાં કુલ ૧૨૧માંથી શ્રવણ પર ૮, સીતા સ્વયંવર પર ૨૬, વનવાસ પર ૧૯, સીતાહરણ પર ૧૫ રચનાઓ છે. આ સામે રામ-રાવણ યુદ્ધને વિષય કરતી ૧૨ રચનાઓ, સીતાત્યાગ પર ૯ રચનાઓ, સમગ્ર રામચરિત પર ૧૦ રચનાઓ, શબરી પર ૩ રચનાઓ અને પ્રકીર્ણ ૧૮ રચનાઓ છે. લોકોને વિશેષ ગાવો ગમ્યો છે સીતા-સ્વયંવર, વનવાસની વેદના પણ વિશેષ સ્પર્શી છે ને સીતાત્યાગનું શ્રીરામનું વલણ લોકમાનસ નિઃશંક ઉચિત માનતું નથી. લોકોને સીતાને તજતા રામ લોકોપવાદે કે માતાના દોરવ્યા ને પતિ તરીકે કાચા કાનના અને અવિચારી લાગ્યા છે. જોકે અહીં એક વિશેષ સ્પષ્ટતા કરવી જરૂરી છે કે ઉત્તરરામાયણ પણ લોકપ્રવાહમાં પાછળથી જ પ્રવેશે છે. લોકરામાયણના પાયાના કથામાળખામાં પણ કૈકયીના વચનને કારણે રામને વનવાસ થયો એવું નિરૂપણ નથી. સ્વયંવર કરીને પાછા ફરતાં જ અસફળ બનેલો રાવણ સીતાનું હરણ કરે છે. ઉત્તર રામાયણની ઘટનાનું લોકમાનસ માતા અગ્નિના સંવાદમાં રમૂજ સાથેનો તર્ક કરે છે. રામ, સીતા, લક્ષ્મણ અને હનુમાન ચાર અયોધ્યા પાછા ફરે છે. રામ, સીતા, લક્ષ્મણ અને હનુમાન ચાર અયોધ્યા પાછા ફરે છે ત્યારે માતા અગ્નિ કહે છે : 'આવો મારા ચાર મૂરખા !' રામ પૂછે છે, મને મૂરખ કેમ કહો છો ? અગ્નિમાતા કહે છે સોનાનો તે કંઈ મૃગલો હોય કે મારવા દોડ્યો ? લક્ષ્મણને કહે છે, જે બીજાની ભીડ ભાંગે એવો છે એની ભીડ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભાંગવા સીતાને છોડીને ગયો ? સીતાજીને કહે છે, ચામડાનો કબજો વળી કોણે પહેર્યો તો તે એની રઢ લીધી ? અંતે હનુમાનના પ્રશ્નનો ઉત્તર આપતા કહે છે, લંકામાં લા લગાડીને આવ્યો તે પરબારી સીતાને જ ઊંચકી લાવવામાં તને ભાર લાગ્યો ?

ગીતામાં અનેક સંદર્ભો છે, જેનો સંબંધ લિખિત પરંપરાને બદલે મુખ્યપરંપરાની રામકથા સાથે છે. રામની સીતાત્યાગમાં તો લોકરામાયણ જૈન રામાયણનો પણ આધાર લે છે. પરંતુ ગીતોમાં તો એના અંશો મળે છે. પૂરી કથા આપણને **ગામડિયું રામાયણ** ગદ્યમાં આપે છે. અને એ જ આપણા માટે લોકપરંપરાની રામાયણનો એકમાત્ર ઉપલબ્ધ સ્રોત છે, કેમકે બીજી એવી કોઈ પૂરી રામકથા ગુજરાતી લોકસ્રોતમાંથી સંપાદિત થયેલી ઉપલબ્ધ બનતી નથી.

## ગામડિયું રામાયણ

લોકકંઠની પરંપરામાં ગદ્યમાં રામકથા હોય તેને ગામડિયું રામાયણ અને મહાભારત કથા હોય એને ગામડિયું મહાભારત કહેવામાં આવે છે. પદ્યમાં સલોકામાં તથા કેટલાક કથાગીતોમાં પણ રામકથા મળે છે, પરંતુ એ સંક્ષિપ્ત હોય છે.

ઈ.સ. ૧૯૬૮માં પ્રગટ થયેલા લોકસાહિત્યમાળાની મણકા ૭માં પૃષ્ટાંક ૨૮૫ પર ગામડિયું રામાયણ પ્રગટ થયું છે. એનું કથાનક સંક્ષેપમાં આ પ્રમાણે છે :

રાવણે શિવને કમળપૂજા ખી, પ્રસન્ન કરી ચૌદ ચોકડીનું રાજ્ય મેળવ્યું. ભગવાન (=વિષ્ણુ)ને થયું, અનિષ્ટ કરશે આ અહંકારી. આથી બ્રાહ્મણના વેશે ચૌદ ચોકડી કરતાં પા ચોકડીનું રાજ્ય વધારે સારું એમ કહી બ્રાહ્મણે ભેળવ્યો. રાવણે ફરી પ્રસન્ન કરી પા ચોકડીનું રાજ્ય મેળવ્યું અને બાવાઓ (=ઋષિઓ) પાસે કર માગ્યો. ૭૮ રૂખીઓએ ટચલી આંગળીના લોહીનું ટીપું ઘડામાં નાખી, એનું મોઢું બંધ કરી તે ઘડો રાવણને આપ્યો. નવ મહિને ઘડાનું મોઢું ખોલતાં અંગુઠો ધાવતી બાળકી જોઈ, ભામણને તેડાવી જોશ જોવડાવ્યા. તેમણે કહ્યું : 'દીકરી રહે તો રાવણ કેરા કુળનો ખે થાય !'

રાવણે નવજાત બાળકીને બંધ પેટીમાં મૂકી ગંગાજીમાં વહેતી મૂકી. સૂતાર અને ધોબીએ તે જોઈ હાથ કરી પેટી સુતારે રાખી. બાળકીને ધોબીએ રાજા જનરખને આપી. એ મોટી થી. પેટી સુતારે રાખી. બાળકીને ધોબીએ રાજા જનરખને આપી. એ મોટી થઈ. જનરખે ગામતરે જતાં સીતાને મહાદેવની પૂજા કરવા કહેલું તેથી સીતાએ સાડી છસો મણનું ધનુષ્ય ઉપાડી કચરો પૂંજો વાળ્યો. રાણીએ આ વાત જનરખને કરી. એમણે નજરે જોઈ ખાતરી કરી આવી બળુકીને એવા જ બળિયા સાથે પરણાવવાનું નક્કી કરી મલક મલકનારાજાને તેડાવ્યા. મા'તમ રૂખી સાથે લઈ ગયા ને રામ લખમણને ઉકરડા પર ઊભા રાખ્યા. હાથી કળશ લઈને નીકળ્યો અને બધા રાજાને છોડી ઉકરડા પર ઊભેલા રામ પર કળશ ઢોળ્યો. લોકોને થયું કે ઝાઝા માણસો જોતાં હાથીની સમજમાં નથી આવ્યું એથી ફરી હાથણીને શણગારીને મોકલી તો એણે પણ રામ પર કળશ ઢોળ્યો. આથી લોકો કકે નિયા કરવા બીજી કસોટી કરો. **'જે કોઈ આ ધનુષ્ય લઈ ચડાવે રે, ઈને સીતા વરમાળ પે'રાવે રે !'**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ સાંભળી રાવણ ધનુષ્ય ઉપાડવા ધસી ગયો. લખમણે કહ્યું કે આપણી લાજ જાશે. આથી રામે પરથમીના ભારવાળી મીણની માખી બનાવી ધનુષ્ય પર ચોટાડી. ધરતીના ભારવાળું ધનુષ્ય ઉપાડવા જતા રાવણનો હાથ દબાયો. સીતાજી બોલ્યા : **'રઢ મેલ તું રાવણ રાણા રે, પત ગઈ ને હાથ દબાણા રે !'** રાવણ વીલો પડી હેઠે બેઠો. રામે ધનુષ્ય પકડ્યું તો ધરતીમાતી બોલ્યાં : 'મારા પર ધનુષ્ય મૂકી બાણ ચડાવશો તો પરથમી ફાટી જશો.' રામે અઢી વરહના વાછડા પર ધનુષ્ય ટેકવ્યું. વાછડો કકે : 'કળિયુગ હળે જોતરી લોકો મને મારી નાખશે. રામે વરદાન આપ્યું : 'બળદિયો થઈ તું બળવાન થશે ને હજારો મણ ભાર તું તારી શકશે.'

રામ-સીતાનાં લગ્ન થયાં. ત્રણ દિવસના રોકાણ પછી અયોધ્યા જવા નીકળ્યા. પૂછ્યા ગાછ્યા વગર દીકરો પરણ્યો એટલે દશરથે દેશવટો દીધો અને દરવાજે જાહેરનામું ચોટાડ્યું. આ વાંચી રામ, લક્ષ્મણ, સીતા વનમાં ગયા. થાકેલા સીતા બોલ્યા : 'બળ્યું આ વન ! ને વન બળી ગયું. લક્ષ્મણે કહે : 'તમે મને મેર કહો તો હું ય મરી જાઉં !

રામ-લક્ષ્મણે વનમાં મઢી બનાવી. રામે કુઈ ખોદી સીતાએ પાણી સીંચી બાગ બનાવ્યો. રાવણે બે મોઢાવાળો મૃગલો બની બાગ ચરી જવા લાગ્યો. સીતાએ રૂપાળું હરણ જોતાં રામને કહ્યું : 'આ જાનવર મારી મને કંચવો કરાવો.' રામ કહે : **'સાવ સોનાનો અલાવું સીતાજી કંચવો રે, આવી ચામડાની તમે શી રઢ્યું લીધી રે ?'** સીતા કહે; **'નથી મારે બાંધવો નથી મારે માડી જાયે વીર રે ! મારા મનની તે કોણ પૂરે આશ રે ?'** આથી સીતાનું ધ્યાન રાખવા અને મઢીને રેઢી ને રાખવાનું કહી રામ વગડે ગયા ને હરણને બાણ મારતાં હરણે પાડી ચીસ – 'ધાજો મારા લખમણ વીર રે !'

સીતાએ કહ્યું : 'લખમણ ભાઈ ! તમારા બંધવને ભીડ પડી ! લખમણ કહે ભીડ ન પડેય. સીતા બોલ્યાં, **'વીરા લખમણ મનમાં વિચારે રે કે રામજી ને મારનાર મળશે રે, તો સીતાજી સુખે ભોગવશું રે !'**

લખમણ જતીને વહમું લાગ્યું માતાજીનું વેણ. એ રામચંદ્રજીની આણ આપી રામતની વહારે ગયા. રાવણ બાવો બની ભીક્ષા માગતો મઢી બહાર ઊભો. સીતા બોલ્યાં; **'કેમ કરી આલું ભીક્ષા રે, આડી રામતણી છે દુવાઈ રે !'** બાવાએ ઝોળીમાંથી પવન પાવડી કાઢી એના પર થઈ આવવા કહ્યું અને સીતા પાવડી પહેરતાં બાવો બોલ્યો : **ઊડ ઊડ પવન પાવડી રે, જઈ પડ લંકાગઢની માંય રે !**

રસ્તામાં આવળે રાવણની મજાક કરી : 'મૈયા કહી બૈરી કરવા લઈ જાય છે. આથી ખુશ થઈ સીતા કહે; 'તને બારેમાસ ફૂલ ઉઘડશે ખલકુડી આવી અને સીતાને બચાવવા રાવણના નાકે બટકું ભર્યું. રાવણે મચરડીને હડફી દીધી. હાડિયો(=વનનો કાળો કાગડો) સીતાને બચાવવા રાવણને પગની પીંડી કાપી પથ્થર લોહીવાળા કર્યા, એ ખાતાં ગીધનો ભાર વધી ગયો અને ઊડી ન શકયો. રાવણ સીતાને લઈ લંકામાં પહોંચી ગયા. રાવણે લગ્ન કરવા કહ્યું તો સીતાજી બોલ્યાં : 'પરણુંય તોય છ મહિના પછી, ઇ મોર્ય નૈં નઈ તો જીભ કચરી મરું.' રાવણે સીતાને રૂપાળા બાગમાં રાખ્યા.

રામ-લક્ષ્મણ મઢીએ પાછા આવ્યા. સીતાને ન જોતાં રામ વિલાપ કરવા લાગ્યા. લક્ષ્મણ કહે : **'શીદ રૂઓ ઘેલા મોરા રામ રે ! સીતા જળકમળ ન નીપજે, ઘેર ઘેર સીતા ન હોય !'** ને રામ રોયા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેવું વન રોયું, પૂછ્યું તો આવળ કહે : 'તમે બે લડધા એક સીતાને સાચવી ન શકયા ? રામે શરાપ દીધો આવળને 'તું ચામડિયાના કુંડમાં પડજે !' ખીસકોલી મળી તેને વરદાન આપી સોનાની બનાવી. એ બોલી, સોનુ લેવા કળજુગના લોકો મારી નાખશે.' આથી રામે હાથ ફેરવ્યો તો સોનું ઊતરી ગયું ને ત્રણ આંગળીની છાપ પડી ગઈ. હાડિયાને વરદાન આપી કાળામાંથી કેસરિયો કર્યો, એણે કહ્યું : કેસર માટે કળિયુગના લોકો મારી નાખશે !' એથી હાથ ફેરવી અંગ પરનું કેસર ઉતારી પૂંઠે આંગળી લૂછી તો હાંડિયાની પૂંઠ કેસરિયા બની. ગીધને વરદાન આપ્યું : સવા પો'ર દા'ડો ચડતા સુધી જેટલા પથ્થર ગળીશ ઈ બધા હજમ થઈ જશે.

આગળ હનુમાન મળ્યા. ગોતમ રૂખીના ઘરમાં ઇંદરે છિનાળુ કરેલું ને ચંદ્ર કુકડો થઈ બોલેલો એની વાત દીકરી અંજનીએ કહેલી. આથી ગોતમે એના પેટે પરાક્રમી અને રામભક્ત પુત્રરૂપે જન્મવાના આશિષ આપેલા. અંજની નાવા-ધોવા નદીએ જતાં હતાં ત્યારે બાલ હનુમાને પૂછેલું : ભૂખ લાગે ત્યારે શું ખાવું ? અંજનીએ કહેલું કે લાલ ભાળે ઇ ખાજે ! હનુમાન ઊગતા લાલચોળ સૂરજને ખાઈ જતાં દિવસે રાત પડી ગયેલી. સૂરજને હનુમાનના મોઢામાંથી કઢાવવા નારદના સૂચવ્યા પ્રમાણે વિષ્ણુ નારી બની નાચ્યા તોય હનુમાન ન હસ્યા સૂરજ મુક્ત ન થયો. વિષ્ણુએ કંટાળી હઠીલા હનુમાનને ચોંટિયો ભર્યો તો એ હસ્યા ને સૂરજ મુક્ત થયો. આવા હનુમાને રામ-લક્ષ્મણને પૂછ્યું : 'મામા ! ક્યાંથી આવ્યા ? શું કામ આવ્યા ? 'રામે કહ્યું : 'રાવણ સીતાને હરી ગયો છે. તેની ભાળે નીકળ્યા છીએ.' ભાળનું કામ મારું કહી હનુમાને રામ-લક્ષ્મણને રોક્યા. અંજનીએ રસોઈ કરી. હનુમાન સાથે જમવા બેઠા અને રામને એમનું એઠું ખાવું ન પડે એટલે કોળિયે કોળિયે હાથ પીઠમાં પાછળ લઈ, પાતાળે પહોંચાડી ધોવા લાગ્યા. જમીને હનુમાન સીતાને શોધવા નીકળ્યા.

રતનાકર પર ઊડી હનુમાન લંકાને પણ ટપી પરલંકામાં પહોંચ્યા. અંજનીની બહેન ભંજનીએ હનુમાનને રોકી લીધા અને સૂતર કાચે તાંતણે બાંધ્યા બળથી પણ સૂતરનો તાંતણો ન તૂટ્યો કેમકે એ સત્યનો હતો. પછી હનુમાન વિનવણી કરી છૂટ્યા. રાવણના બાગમાં આવ્યા, રાજાના વેઢની સીતાને નિશાની આપી, ભૂખ લાગતાં વન ઉજ્જડ કર્યું, એમની રક્ષા કરવા સીતાએ હાથ ફેરવી અર્ધું શરીર શીશાનું કરી દીધું, સૈનિકો આવ્યા અને અસ્ત્રશસ્ત્રના પ્રકારે હનુમાન વશ ન થયા ને સૂચવ્યું : મારું મોત પૂંછડું બાળવાથી જ થશે ! આથી ગામ આખાના ગોદડા પૂંછડે વીટ્યાં, તેલ સીંચી પૂંછડું સળગાવ્યું, હનુમાને લંકા બાળી અને આગના તાપથી બચવા સમુદ્રકાંઠે આવ્યા એમનું બિરદ ખર્યું ને માછલી ગળી જતાં બળવાન પુત્ર જન્મયો. રત્નાકરે પોતાના જળચરને બળતા અટકાવ્યા. હનુમાનને જળમાં ન પડવા વિનંતિ કરી પોતાની છાલકે પૂંછડાની આગ ઠારી. એને સાફ કરવા જતાં હનુમાનની હથેળી કાળી થઈ હથેળી સાફ કરવા માટે મોઢે ઘસી તો એમનું મોઢું કાયમ માટે કાળું થયું.

હનુમાન રામ-લક્ષ્મણ પાસે આવ્યા. સમાચાર આપ્યા. લંકા પહોંચવા સેતુ બનાવ્યો તો બળવાન હનુમાનપુત્ર તોડવા લાગ્યો. હનુમાન મળ્યા અને સીતાના હરણની અને મુક્તિ માટે લંકા પહોંચવાની વાત કરી. અંતે રામસેના લંકામાં પહોંચી પરંતુ કુંભકર્ણના શ્વાસ સાથે એના પેટમાં પહોંચી અને પેટ ફાડી બહાર આવી. મનોવરીને રાવણને કહેવા લાગ્યો ! **મારે ચૌદ રત્નાકર સરખો સાગર, વિભીષણ સરખો**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ભાઈ ઓ મનોવરી ! રામની સંગાથે રાઢ્યું કરવી રે ! ચંદરમા ને સૂરજ મને મશાલ ધરે, અગની માતા કરે રસોઈ, ઓ મનોવરી ! રામને નહીં નમવાનું મારે નીમ રે !'**

રામના પૂછવાથી હનુમાને જણાવ્યું કે રાવણનાં જીવ સૂરજ નારાયણના રથના પૈડામાં ભમરારૂપે છે. આ ભમરાને એ જ મારી શકે જેણે એક આખું તપ બાર વરસ ઊંઘ ન કરી હોય, ભૂખ વેઠી હોય, સ્ત્રીસંગ તજ્યો હોય. લક્ષ્મણે બાર વરસ આવું તપ કર્યું હતું, વનમાં બે જ ફળ મળતા ઉપવાસ કર્યા હતા. એથી રાવણવધ કરવાનું બીડું ઝડપ્યું. ખરા બપોરે તેલનું કડાયું ચડાવ્યું, લક્ષ્મણે સૂર્યનારાયણના રથના પૈડામાં છુપાયેલા ભમરાને પાડવા નિશાન લીધું પરંતુ તાકીને બાણ મારવા જાય તો સૂરજ ઢાલ ધરે ! આથી હનુમાને લક્ષ્મણને ખભ્ભા પર બેસાડ્યા અને સૂરજ ન જુએ એમ ઊંચે બીજી મેર ગયા, ભમરાને નીચે પાડ્યો, પરંતુ લક્ષ્મણ બાણે કડાઈમાં પડે તેમ ન હતો એથી રામે બીજું બાણ મારીને ભમરા સાથેના લક્ષ્મણના બાણને તેલના કડાયામાં પાડ્યો. પરંતુ એટલી ઝાળ લાગી કે રામ અને લક્ષ્મણ બેભાન થયા.

હનુમાન અમરસંજીવની લેવા ગયા. સૂર્પણખાએ પાંદડે પાંદડે દીવા કર્યાથી અમરસંજીવનીનો છોડ જાણવાનું મુશ્કેલ બન્યું. હનુમાને આખો પર્વત ઊંચકી સાગરમાં ડૂબાડ્યો. માયાવી દીવા હોલવાયા. હનુમાન સંજીવની લઈ ઉડ્યા પરંતુ રામની પાછળ નીકલા અને વનમાં રહેતા ભરતે ભાલુડી મારી. હનુમાન લંગડા બની નીચે પડ્યા ને રામ-રામ બોલ્યા. ભરતને જાણ થઈ કે તે રામભક્ત છે, સહાય માટે જાય છે, લંગડા બનવાથી સમયસર પહોંચશે નહીં એટલે લંગડા હનુમાનને ભાલુડી પર બેસાડી બળથી ઘા કર્યો. હનુમાન લંકા પહોંચ્યા. અમર દીવાથી મૂર્ચ્છા ઊતરી. રામે વિભિષણને લંકાનું રાજ્ય આપ્યું અને મનોવરી સાથે નાતરું કરાવ્યું ને બધા અયોધ્યા પહોંચ્યા.

રામે પરાક્રમ બદલ બધાને ઇનામ આપ્યાં. હનુમાન મોડા પહોંચ્યા ત્યારે રામ તેલ, સિંદૂર અને થોકલા લઈ નાવા બેઠેલા. રામે હનુમાનને કહ્યું : 'મારી પાંહે તો આ છે ને એ તારું ઇનામ !' – ત્યારથી હનુમાનને તેલ, સિંદૂર અને થોકલાં ચડે છે.

**લોકગીતો**

ગદ્યમાં રામાયણની આટલે સુધીની કથા જ મળે છે. એમાં ઉત્તરરામાયણ નથી. પરંતુ લોકગીતમાં 'રામ લખમણ બે બંધવા રામૈયા રામ' સીતાજન્મનું ગીત તથા સીતાને વનવાસ મળ્યો તે પ્રસંગને આલેખતું 'કેગે કરોધમાંથી બોલિયા, રામ લખમણ વન્ન જાય' તથા રામરાવણના સલોકા તેમ જ લવકુશના સલોકા* જેવી કેટલીક પદ્ય રચનાઓ છે. સલોકા ઉપરાંત પણ મણકાની સામગ્રીને આધારે મેં સીતાત્યાગના ૯ ગીતો સંકલિત કર્યાં છે, તેમાં પણ ગ્રામસ્રોતની લોકરામાયણ છે.

ધોબીની ઘટના અને એના વચનને કારણે રામે લોકાપવાદે સીતાનો ત્યાગ કર્યો અને લક્ષ્મણને સગર્ભાસીતાને વનમાં મૂકી આવવાનું કહ્યું, એવું નિરૂપાયું છે તેમ 'અવળીગંગાના અવળાનીર'નાં ત્રણેક લોકગીતોમાં સાસુ વહુના ઘરે બેસવા ગયા સાસુએ રઢ કરી સીતા પાસે પાણિયારામાં લંકાનું ચિત્રામણ કરાવ્યું અને રામ તરસ્યા થતાં પામી માગવા લાગ્યા ત્યારે સાસુએ ઇરાદાપૂર્વક રામને જાતે જ પાણી લેવા મોકલ્યા ને રામને લાગ્યું કે સીતાનું મન રાવણમાં છે અને ધૂંવાફૂંવા થઈ વનમાં મોકલ્યાં, આવું નિરૂપણ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે. અહીં સ્પષ્ટતઃ જૈન સ્રોતની રામકથાની જ અસર છે. એનાં મુખ્ય બે કારણો છે. એક તો કથા તરીકે એ રોચક છે અને **'અત્રીસ બત્રીસ બેનડી લખી, છપ્પન કરોડ જમાઈડા લખ્યા. રામલક્ષ્મણ બે બાંધવા લખ્યા, દશમાથાનો રાવણ લખ્યો, કોસ હાંકતો કોસિયો લખ્યો, પાણી વાળતો પાણી તાણિયો લખ્યો'** એ ચિત્ર અને ભાષાલય તથા ઢાળ જ એવા છે જે લોકોને ગમ્યાં. બીજું કારણ પતિપત્નીના પૂર્વગ્રહ જ લોકમાનસને ગ્રાહ્ય છે. પરંતુ લોકોને રામનું સીતાત્યાગનું વલણ નિંદ્ય જ નહીં, પાપમય જ લાગ્યું છે.

'રામલખમણ બે બાંધવા, રામૈયા રામ' જુથમાં એક લાક્ષણિક ગીત (મારા સંગ્રહમાં ક્રમાંક ૯૫, પૃ.૧૪૪ થી ૧૪૯ એવું છે કે રામ-લક્ષ્મણ વનમાં ગયા અને તરસ્યા થતા સરોવરે ગયા તો જળદેવે અટકાવી કહ્યું : 'નિર્દોષ સગર્ભા સ્રીને વનમાં મૂકી આવવાનું મહાપાપ કરનાર જો સરોવરનું પાણી પીવે તો જળાશય સુકાઈ જાય, જળચર તરફડીને મરે ! 'અંતે એક ઋષિબાળ પાણી પાય છે. પૂછતાં તે જણાવે છે કે પિતાનું નામ જાણતો નથી પરંતુ માતાનું નામ સીતા છે ! આમ લવકુશનો મેળાપ થાય છે, સીતાને પાછાં અયોધ્યા આપવા વિનવે છે પરંતુ સીતા ધરતીમાં સમાય છે અને તેના વાળ દર્ભ બની જાય છે.

સીતાને વિષય કરતાં 'કનક કટોરમાં કેસર ઘોળ્યાં, તેમાંથી સીતા યે દાથયાં, બાર વરસના સીતા થયાં, લઈ પાટીને ભણવા ગયાં' (પૃ.૧૪૯, ગીતક્રમાંક ૯૬, લોકરામાયણ) તથા દક્ષિણ ગુજરાતના આદિવાસી સ્રોતમાંથી મળતી 'સીતાનો પવાડો'માં (ગીતક્રમાંક, ૧૦૧, પૃ.૧૭૩ થી ૧૭૫) પણ સંક્ષેપમાં લોકરામાયણ છે. અહીં મોટાભાગનાં ગીતોમાં સ્વયંવર પછી જ, તરત રાવણે કરેલા સીતાહરણની ઘટના છે. કૈકેયીના વચનની વાત નથી. આથી સંભવ તો એવો છે કે લોકરામાયણની પાયાની કથામાં પણ કૈકયીની વચનની વાત નથી. સ્વયંવરમાં અસફળ બનેલા રાવણે છળથી હરણ કર્યું અને રામ-લક્ષ્મણે વનજાતિઓની સહાયથી રાવણનો પરાજય કર્યો અને સીતાને મુક્ત કર્યા : આટલી જ મૂળકથા છે.

લોકસાહિત્યનિમિત્તે સંપાદિત થયેલી ગુજરાતી ભાષાની ગદ્યમય અને ગેય કૃતિઓના મુખ્ય સ્રોત ઉપરાંત પણ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો લિખિત સ્રોત પણ રામકથાના લોકપ્રચલિત રૂપને તારવવામાં સહાયક બને છે. આખ્યાનાદિ પ્રકારો તથા રાવણ-મંદોદરી-સંવાદ અને અંગદવિષ્ટિ જેવી લિખિત સ્રોતની કૃતિઓમાં મધ્યકાલીન કવિઓએ લોકપરંપરાના પણ કેટલાક અનુકૂળ અને રોચક અંગો અપનાવ્યાં છે. મૂળ સંસ્કૃત સ્રોતની કથામાં ન હોય એવી કેટલીક ઘટનાઓનું મધ્યકાલીન કવિઓએ આલેખન કર્યું છે તે સામાન્ય રીતે મનાતું આવ્યું છે તેમ તેમનું અંગત અને નવું ઉમેરણ નથી, પરંતુ એ કર્તાઓએ પણ એમના સમયમાં લોકોમાં જે પૌરાણિક કથાઓ કહેવાતી હતી, તેનો આધાર લીધો છે. ગિરધરકૃત રામાયણ આ દૃષ્ટિએ વિશેષ સામગ્રી પૂરી પાડે છે.

**તારણો**

ગુજરાતી લોકરામાયણ વિશેની આટલી ચર્ચા-વિચારણા અંતે આટલું તારવી શકાય :

૧. ભારતના બધા જ ભાષા/બોલી ક્ષેત્રોના કંઠપ્રવાહને રામકથા છે અને એની કેટલીક ઘટનાઓ ભિન્ન છે. તેમ છતાં ગુજરાત સમેત બધી જ લોકપરંપરામાં લિખિત સ્રોતની, વાલ્મીકિ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રામાયણની જ કથાનું માળખું જળવાયું છે. ૧. રામ-સીતા જન્મ, દશરથ અને જનક સાથેનો એમનો સંબંધ. ૨. રામ સીતાનાં લગ્ન ૩. વનવાસ ૪. રાવણે કરેલું સીતાનું હરણ ૫. રામ-લક્ષ્મણની સીતા માટેની શોધ અને વનવાસી જાતિઓની સહાય. ૬. યુદ્ધમાં રાવણવધ અને સીતાની મુક્તિ : કથાના આ તબક્કા બધી જ પરંપરામાં જોવા મળે છે.

૨. સીતાનો જન્મ અયોનિજ હોવાનું મોટાભાગની પરંપરા સ્વીકારે છે. રામને ભગવાન વિષ્ણુના અવતાર માનવા છતાં તેમને દશરથ અને કૌશલ્યાના દેહજન્ય સંબંધ સાથે સાંકળ્યા છે.

૩. મોટાભાગની ગીત અને કથાની પરંપરા સીતાસ્વયંવર પઠી તરત જ સીતાહરણની ઘટના બન્યાનું જણાવે છે. કૈકેયીના કારણે રામને વનવાસ મળ્યાનું લોકપ્રવાહમાં વિશેષ સ્થાન-મહત્ત્વ નથી.

૪. સીતાની રામે કરેલી અગ્નિપરીક્ષા અને સગર્ભા સીતાનો ત્યાગ લોકપ્રવાહમાં નવું, જૂદું જ પરિમાણ રજુ કરે છે. અગ્નિપરીક્ષાને મહત્ત્વ નથી, ઘટનારૂપે વજન નથી. સીતાત્યાગમાં ધોબીવચનને બદલે વિશેષ સ્થાનમહત્ત્વ સાસુએ રચેલું ષડ્યંત્ર છે અને રામનું ત્યાગનું કાર્ય લોકોને મન પાપમય અને નિંદ્ય છે.

૫. કથાનું ગદ્ય વા ગેયરૂપમાં વિવિધ નિમિત્તે કથન-ગાન થાય છે. લગ્નથી અંત્યેષ્ટી સુધીના સંસ્કારવિધિઓમાં ગીતોનું પ્રવર્તન છે.

૬. Why its so કે આવું કેમ છે, ક્યારથી બન્યું—વગેરે પ્રાકૃતિક ઘટનાઓને રામવનવાસ સાથે સાંકળી છે. ખિલકોલીના શરીરે કાળા ત્રણ પટ્ટા કેમ છે, આવળને બારેમાસ ફૂલ આવવા છતાં એનો ઉપયોગ ચામડાં પકવવા-રંગ ચડાવવા કેમ થાય છે, ગીધ શા માટે સવારે કાંકરા પણ ખાય છે, હાડિયાનો રંગ ઘેરો કાળો પરંતુ પૂંઠ ગુલાબી કેમ છે, હનુમાનનું મોઢું કાળું કેમ છે, એમનાં પૂજનમાં તેલ-સિંદૂર-થોકલાં શા માટે વપરાય છે : આવી આવી કથાઓ રામવનવાસ સાથે સંકળાય છે.

૭. દરેક પ્રદેશ અને બોલી પોતાના જ ભૌગોલિક સ્થળ સાથેનો રામકથાનો સંબંધ જોડે છે, સ્થાનિક નદીમાં પાણી ન હોય કે એવી કોઈ પ્રાકૃતિક પરિસ્થિતિ હોય તેની સાથે રામકથાને જોડે છે.

૮. ઘરના વડિલો, સ્ત્રીઓ, વૃદ્ધો, વાતડાહ્યાઓ, ટેડ, ભવૈયા-તરગાળ વગેરે દ્વારા રામકથાનાં કથન-ગાન વગેરે થાય છે. પુરાણીઓ, કથાકારો, માણભટ્ટ વગેરે ધાર્મિક કથકો પણ રામકથાનાં લોકપ્રવાહનાં રોચક કથાનકોનો વ્યાવસાયિક કથન-ગાનમાં પ્રયોગ કરે છે.

૯. કથા તરીકે રામકથાનો લોકરચના પર કૃષ્ણકથાને મુકાબલે પ્રભાવ/પ્રવર્તન ઓછાં છે.

૧૦. રામકથાના ઉત્પત્તિ વિકાસના અભ્યાસમાં લિખિતસ્રોત જેટલો મહત્ત્વનો કંઠપ્રવાહના લોકરામાયણનો છે. એમાં નવી, જૂદી કે વિશેષ ચમત્કારપૂર્ણ અંશ છે, એ જ મહત્ત્વનું નથી. લોકમાનસનું સૂક્ષ્મ અને વિશદ એવું સ્વરૂપ આ પ્રવાહની રચનાઓ પ્રગટ કરે છે. લોક પોતાની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્વતંત્ર દૃષ્ટિએ જ તર્ક અને ભાવ બન્નેનો આધાર લઈ પુરાકથાનું અર્થદર્શન કરે છે અને એને સામ્પ્રતજીવનની જ ધબકતી ચેતનાના રૂપમાં અનુભવે છે.

૧૧. પુરાકથા-ધર્મકથાને લોકપ્રવાહ સમય-સમયે નવું રૂપ આવે છે ને તેમાં પૂર્વે સિદ્ધ થયેલા લયાત્મક ગીતમુખડાનો અને ગીતમાળખાનો ઉપયોગ કરી નવી નવી રચનાઓ ગવાતી થાય છે.

૧૨. ગુજરાતી લોકરામાયણમાં કૈકેયીની વાતને મહત્ત્વ નથી તેમ ઉત્તર રામાયણની રાજસૂયયજ્ઞ, લવ-કુશ દ્વારા ઘોડાનું બાંધવું, બન્નેનું રામસેના સામેનું યુદ્ધ વગેરે ઘટનાઓને પણ સ્થાન-મહત્ત્વ નથી.

પાદટીપ

૧. જુઓ : લોકગીતોમાં રામચરિત અને પાંડવકથા, ડૉ. હસુ યાજ્ઞિક, ગુજ. સા. અકાદમી, ૧૯૯૨, પૃ.૧૨૧ લખમણ લખમણ બંધવા રે (સીતાત્યાગ), પૃ. ૧૪૪ રામ લખમણ બે બંધવા રામૈયા રામ.

૨. સીતાનો પવાડો માટે જુઓ : એજન પૃ. ૧૭૩ થી ૧૭૫ પરની રચના.

૩. હિંદીમાં ૧. ગુજરાતી લોકસાહિત્ય, રામકથા સે કામકથા તક, હસુ યાજ્ઞિક, ડિવાઈન પ્રકાશન, અમદાવાદ, ૨૦૧૦ (ગુજ. સા. અકાદમી ગાંધીનગર પ્રકાશિત ગ્રન્થમાં) મરાઠીમાં-મરાઠી ભાષાપરિષદ, પુણેના સંચયમાં) ૩. અંગ્રેજીમાં, સ્ટડીઝ ઇન અલોમોર્ડન ઇન્ડો આર્યન લેન્ગ્વેજીઝ, લિટરેચર એન્ડ કલ્ચર, એડિટેડ બાય, એનલ એન્ટવ્હિસલ, મનોહર, દિલ્હી, ૧૯૯૯, પૃ. ૪૧૧ થી ૪૧૬)

★ સલોકા મુખ્યત્વે વ્યક્તિકૃત રચનાઓ છે. ગોહિલવાડમાં ઔદીચ્યાદિ બ્રાહ્મણોમાં તથા સાબરકાંઠાના મેવાડા, બ્રાહ્મણોમાં પસ ભરવાના ફુલેકાના સમયે વયસ્ક પુરુષવર્ગ મશાલના અજવાળે, દેવદર્શન કરી ચોકમાં ઊભા રહી રામાયણ-મહાભારતના સલોકા ગાય છે. આવી રચનાઓ સ્પષ્ટતઃ વ્યક્તિકૃત સાહિત્યની પરંતુ કંઠપ્રવાહમાં અસ્તિત્વ અને સંપ્રસારણ ધરાવતી રચનાઓ છે. એમાં આરંભે સરસ્વતી-ગણેશવંદન હોય, પોતાના કાલાઘેલા-અર્થાત્ વિદ્વતા અને સર્જનશક્તિના દાવાથી મુક્ત રહીને-શબ્દોમાં સલોકાની રચના કરી હોવાનું કૃતિકર્તાવાચન હોય છે. ક્યાં રચનાર સ્થળ સમયનો પણ નિર્દેશ કરે છે. સલોકામાં સંક્ષેપમાં મહાકથાનો સાર હોય, કોઈએક મુખ્ય ઘટનાનું આલેખન હોય અને જાણકાર બે-પાંચનું વૃંદ એનું ગાન કરે અને જલતી રાખવા મશાલમાં તેલનું નાઈ સીંચન કરે ત્યારે 'હૂડો હૂડો' એવો કોઈ શબ્દ સામુહિક રૂપમાં ઉચ્ચારવામાં આવે. મારા સંગ્રહમાં પૃ.૧૬૭ થી ૧૭૨ પર 'લવકુશનો સલોકો' છે તેમાં અંતે દર્શાવ્યું છે કે ભાવનગરની પાસેના ગોપનાથ પાસેના ત્રાપજ નામના ગામમાં 'સંવત અઢારસોને સમયની સાલ, માસ વૈશાખને અંધારી આઠમ દિતવારે' રચના કરી છે. અર્થાત્ સત્તરમી સદીની, મધ્યકાલીન સમયની આ રચના છે.)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# છૂંદણાં

## (માનવસૌંદર્યની સાંસ્કૃતિક યાત્રા)

**ભીમજી ખાચરિયા**


લઘુસાર

"આ સંશોધન લેખમાં છૂંદણાં વિષે ઉત્પત્તિ, અર્થ, પ્રયોગો અને અલંકાર સંદર્ભે ઉપયોગિતાથી લઈને ભારતીય પ્રજાના સૌંદર્યમૂલક સાંસ્કૃતિક પ્રવાહોને તપાસવાનો પ્રયત્ન છે. છુંદણાં અંગેની સાંસ્કૃતિક સમજ, છૂંદણાંનું લોકવિજ્ઞાન, લોકમાન્યતાઓ, લોકકલાના સંદર્ભેની તપાસ ને છૂંદણાં સાથે જોડાયેલ લોકસાહિત્ય, સાહિત્યિક સર્જનકર્મ, આરોગ્યશાસ્ત્ર, શરીરવિજ્ઞાન, સામુદ્રિકશાસ્ત્ર વગેરે દષ્ટિકોણથી અંકે કરવાનો પ્રયત્ન પણ આ લેખમાં કરેલ છે. ગુજરાત કે સૌરાષ્ટ્ર પ્રાંતમાં કૃષિ અને પશુપાલન સાથે જોડાયેલ લોકજાતિઓના અભ્યાસ દ્વારા લોકમાં રહેલ સૌંદર્યમીમાંસા, લોકભૂગોળ, લોકધર્મ અને લોકના વિવિધ છૂંદણાં વિષયક વિધિવિધાનો અને આધુનિક જગતની સૌંદર્યદષ્ટિમાં થયેલી છૂંદણાં વિષેની નવી સમજ તથા Tattooingને તપાસવાનો ઉપક્રમ પણ રાખેલ છે."


લોકવિજ્ઞાનના આધારે કહી શકાય કે વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિના આ જગતમાં, પ્રાણીસૃષ્ટિ સંદર્ભે મનુષ્યજગતના અદ્‌ભૂત અને આશ્ચર્યપ્રેરક વિધિવિધાનો તેની સાંસ્કૃતિક ગતિવિધિઓને વિકાસને સતત પ્રગટ કરે છે. પાષાણયુગથી વર્તમાન વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં પણ મનુષ્યનાં વર્તનો વિકાસની સાથે સાંસ્કૃતિક અભ્યાસની તક પણ ઊભી કરે છે. આદિમાનવથી આધુનિક યુગ સુધીમાં પરમાત્મા તરફથી મનુષ્યને મળેલ સુંદર શરીરની આભા, આકાર ને અવસ્થા બદલાતી રહે છે, બદલાતી આ શરીરસૃષ્ટિને મનુષ્ય હંમેશા કલાત્મક રીતે, મન, વચન ને કર્મથી સુશોભનના પ્રયત્નો કરતા રહે છે. આવા ઘણા પ્રયત્નોમાંનો એક પ્રયત્ન એટલે છૂંદણાં.

**'ગોરા સજણાંના-ગાલે ત્રાજવું, નમણું શોભે નાક;**
**છાતી પહોળીને કેડય પાતળી, ઉર આંબાની શાખ.**[1]

આ દુહામાં ગરવી ગુજરાતણ કે પ્રિયતમાના શૃંગારનું મૂળ તો જાણે કે પેલું ગાલ પરનું ત્રાજવું એટલે કે છૂંદણું જ છે. પહેલા ગાલનું ત્રાજવું પછી જ નમણું નાક. જો કે નાકને ભારતીય સમાજે શીલ ને સૌંદર્યની ગરજે ઉત્તમ ગણ્યું છે; પણ અહીં તો એ ય પછી. પહેલા ગાલનું ત્રાજવું, પછી જ બીજું રૂપસૌંદર્ય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**છાતીએ છૂંદણાં બેઠી ભરબજારની વચ્ચે, હો !**
**હૈયું ખોલી છૂંદાવવા બેઠી ભરબજારની વચ્ચે હો ![2]**

કવિ સુંદરમ્‌ના **વસુધા** કાવ્યસંગ્રહમાંનું આ **છાતીએ છૂંદણાં** ગીત ભારતીય નારીની સૌંદર્યમીમાંસા છે. જેને જોવું હોય એ ભલે જૂએ પણ હું તો ભરબજારે ખુલ્લી છાતીએ છુંદણું તો છૂંદાવીશ જ. કારણ, આ છૂંદણું તો મારા નાવલિયાના નેહ માટે છે. અઢાર પંક્તિના આ કાવ્યમાં છૂંદણાં પ્રત્યેનો નારીનો ભાવ અને વાત્સાયનના કામસૂત્ર સાથેની નિસબત પણ ઊંડાણમાં પામી શકાય છે.

લોકવિદ્યાના વિદ્વાનો **જયમલ પરમાર, ખોડિદાસ પરમાર, જોરાવરસિંહ જાદવ, કનુ નાયક** આદિ અનેક સંશોધકોએ લોક સાથે સંકળાયેલ લોકસાહિત્ય, લોકકલા, લોકરમત, લોકનૃત્ય વગેરે બાબતે લોકની વિશિષ્ટતાઓ પૈકી છૂંદણાં અંગે ઘણી વિગતો નોંધેલ છે. અહીં છૂંદણાં વિષયે અર્થ, પ્રયોગો, અલંકારને ઉપયોગિતા સંદર્ભે વાત માંડવાનો પ્રયત્ન છે.

ભગવદ્‌ગોમંડલમાં જણાવ્યા મુજબ મૂળ સંસ્કૃત રૂપ **क्षोदनक** પરથી અપભ્રંશ ભૂમિકામાં આગળ વધેલ આ યાદચ્છિક રૂપ છૂંદણાં = છૂંદવાની ક્રિયા, ત્રાજવું, ટોચણું, શરીર ઉપર છૂંદીને પાડેલ ટપકાં કે આકૃતિ : જે સ્રીનાં થાનનાં દુધ કે તાંદળજાનાં રસને અને કાજળને ભેગાં કરી સોયની અણીએ શરીર ઉપર ટોચ્યાં કરી લોહી નીકળે એટલે તેની ઉપર હળદર અને મેશ દાબવાથી પડતો ડાઘ.[3]

આ શબ્દને અંગ્રેજી અર્થઘટનમાં જોઈએ તો Tattooing, Figures, Spots, a permanent design made by interesting pigment into punctures in the skin,[4] આમ જોઈ શકાય છે.

ગુજરાતી વિશ્વકોશમાં છૂંદણાંની વૈજ્ઞાનિક સમજ શિલીન શુકલ આપે છે. આ રીતે અપાયેલી છે : "સામાન્ય રીતે કાળાશ પડતા ભૂરા રંગ માટે ઇન્ડિયન કે ચીની શાહીમાંનો કાર્બન, લાલ રંગ માટે સિનાબાર, છીંકણી રંગ માટે પીળી છીંકણી, રંગની કુદરતી માટી અને લીલા રંગ માટે ક્રોમિક ઓક્સાઈડ કે હાઈડ્રેટેડ ક્રોમિયમ સંસ્કવીઓક્સાઈડ વપરાય છે. છૂંદણાં દોરાવ્યા પછી તે સ્થળે ચેપ લાગે તો ક્યારેક પરું, ગૂમડું કે પેશીનાશ, ઉપદંશ, ક્ષય કે કુષ્ઠરોગ થવાનાં ઉદાહરણો નોંધાયેલા છે. વૈજ્ઞાનિક સમજ પ્રમાણે વિષુવવૃત્તના દેશોમાં જ્યાં આબોહવા ગરમ રહેતી હોય એવા પ્રદેશોમાં શરીર દફન પછી બે-પાંચ દિવસ સુધી મૃત શરીર ઉપર ટકે છે. વર્તમાન જગતની સૌંદર્યશાસ્રની બદલાયેલી વ્યાખ્યા મુજબ શસ્રક્રિયા, વીજલયન, કોસિટક પદાર્થ, લોખંડની પટ્ટી-પટ્ટાઓનો ગરમ, દાબ કરી, ચામડીની પુર્નરચના કરી, રસાયણો દ્વારા છૂંદણાંને શરીર ઉપરથી દૂર કરી મૂળ શરીર મેળવી શકાય છે."[5]

છૂંદણાંની વ્યુત્પત્તિ અને કોશગત સમજ બાદ હવે સાંસ્કૃતિક સમજ જોઈએ. બુંદેલખંડી લોકગીતમાં

**"ચૂમા લગત ગાલકો પ્યારો, ગોરી બહુ તિહારો.**
**જબસે લખ્યો ખબરના બિસરે, હોતન દિલ સે ન્યારો"[6]**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(ગાલનું આ છૂંદણું ગાલને ને મને ખૂબ પ્રિય છે એટલે જ તારો ગાલ ખૂબ સુંદર ભાસે છે. જે ઘડીથી તું તારા છૂંદણાંને લીધે ભૂલાતી નથી ને મારા હૃદયથી પણ મને પ્રિય લાગે છે.) કાઠિયાવાડના કવિ **ઝવેરચંદ મેઘાણી**ના'એકતારો' કાવ્યસંગ્રહમાં છૂંદણાં કે ત્રાજવા વિષેની એક ગીત રચના મળે છે. આ ગીતમાં છૂંદણાંની સાથે રામ, ભરથરી, ગોપીચંદના કથાનક મૂકીને માનવજીવનના સત્યને, તત્વજ્ઞાનને પ્રકૃતિને પણ કવિ છૂંદણાંબદ્ધ કરે છે.

બાઈ ! એક ત્રાજવડા ત્રોફણહારી આવી રે,
ત્રોફાવો રૂડા ત્રાજવાં હો જી;
છૂંદાવો આછાં છૂંદણાં હો જી.
બાઈ ! એ તો નીલુડા નીલુડા રંગ લાવી રે,
ત્રોફાવો નીલા ત્રાજવાં હો જી !
છૂંદાવો ઘાટા છૂંદણાં હોજી ![७]

બાઈ ! મેં તો પકડી આંબલિયાની ડાળ રે....ભજનઢાળમાં લખાયેલ મેઘાણીના આ ગીતમાં ભારતીય નારી પોતાનાં સૌંદર્યને નૈસર્ગિક રૂપ આપવા જ છૂંદણાં રોપાવે છે.

ગરવી ગુજરાતણોમાં કાઠી, કણબી, મેર, આહિર, રબારી, ભરવાડ અને આદિવાસી લોકજાતિઓની નારીઓ પોતાનાં યૌવનથી જરા સુધી, ગોરાં કે શામળાં વર્ણને છૂંદણાંથી વિરોધી રંગો અને કલાત્મક ભાત દ્વારા, આકૃતિઓ, પ્રકૃતિતત્ત્વો, દિવ્યપાત્રો, પશુપંખીનાં રૂપો, દેરડી, ફૂલો, હથિયારો, અંગત મિત્રો કે પાત્રોના નામ, કુળ કે પ્રદેશની વિશેષતા, ધર્મના પ્રતીકો, આવું ઘણું બધું....લોકવિદ્યા ને લોકજીવનને સ્પર્શતું તંત્ર અને તત્ત્વ છૂંદાવે છે. વિગતે જોઈને તો માત્ર ગુજરાત જ નહીં પણ ભારત અને વિશ્વનાં અન્ય દેશોમાં પણ છૂંદણાં સરેરાશ લોકજાતિમાં જોઈ શકાય છે. યુરપ-અમેરિકા કે દક્ષિણ આફ્રિકાનાં દેશોથી લઈ પૂર્વજગતમાં જાપાન, ભારતીય ઉપખંડના ટાપુઓમાં વસતો માનવસમાજ છૂંદણાંને જીવનના સૌંદર્યને રાગનું પ્રતીક ગણે છે. ઈશ્વરસર્જિત માનવશરીરમાં આંગિક ફેરફાર કરી સૌંદર્યમીમાંસામાં કોઈ બદલાવ કયારેય જણાયાં નથી પણ અંગો પર છૂંદણાં છૂંદાવીને ભારતીય નારીઓએ સૌંદર્યમીમાંસાની સાથે લોકશ્રદ્ધા અને પરમતત્ત્વ પ્રત્યે વિશ્વાસ પણ પ્રગટ કર્યો છે.

અહીં ગુજરાત સંદર્ભે જોઈએ તો દરિયાકિનારાથી લઈને, કચ્છ, કાઠિયાવાડ ને ડાંગના જંગલોમાં વસતી પ્રજાની છૂંદણાં અંગેની માન્યતા અને મનોવૈજ્ઞાનિક ખ્યાલો તપાસવા જેવા છે. ગુજરાતી નારીનાં સુખ દુઃખને સાંભળવાનાં અનેક ઠેકાણાં છે, જેમ કે કુવાકાંઠો, પાદર, નણંદ, ભાભી, એમ અન્ય પુરુષરૂપે દોરેલા કૃષ્ણ, રામ કે અન્ય દિવ્યપાત્રના ચિત્રો. છૂંદણાંમાં રહેલ રામ કે કૃષ્ણનું ચરિત સ્ત્રી માટે અન્ય પુરુષ છે. પોતાના પુરુષમાં રહેલી ઊણપ, મર્યાદા કે અગડ-સગવડની ફરિયાદ ક્યાં થાય ? છૂંદણાંમાં પાંચેય પ્રકૃતિ છૂપાયેલી છે. સૂર્ય, ચંદ્ર, અગ્નિ, જળ, ધરતી, વાયુ ને અવકાશના જૂદાજૂદા ચિત્રો છૂંદણાંરૂપે છૂંદાવી બ્રહ્માંડને પોતાનામાં સમાવવાની માન્યતા દઢપણે અહીં પ્રગટે છે, તો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ખોટું કામ કરતા હાથ અચકાય, રોગપ્રતિકારક શક્તિ વધે, સુંદરતામાં વધારો કરે, દેવ-દેવીઓને, મા-બાપ, મિત્રોને મરણપથારી સુધી સાથે રાખી શકાય, કોઈની નજર ન લાગે ને કામણટૂમણથી જાતને બચાવી શકાય, ઘરેણાંના વિકલ્પ તરીકે, પોતાની જાતને અન્યથી જૂદી બતાવવા, શુકન અપશુકનની બાબતે, આરોગ્ય અને વૈદકશાસ્ત્રની સમજ પ્રમાણે, સમાજશાસ્ત્રીય અભ્યાસ મુજબ મનુષ્યને જીવતી જાગતી Text ગણવાના ભાગરૂપે, આમ અનેક માન્યતાએ છૂંદણાં થાય છે. સૌરાષ્ટ્રનાં અમરેલી, જૂનાગઢ ને પોરબંદર વિસ્તારની લોકજાતિઓનો અભ્યાસ કરતા અને **જોરાવરસિંહ જાદવ** આદિ વિદ્વાનોની મુલાકાત છૂંદણાં અંગેના વિધાનો, વિચારો ગુજરાતની સાંસ્કૃતિક પીઠિકાને, લોકપાલને ઘણી પુષ્ટિ આપે છે. આ વિસ્તારની પ્રજા માને છે કે છૂંદણાંથી અંધારામાં રક્ષણ થાય ને ભૂતપલીત પણ દુર રહે છે. વીંછી કે નાગના છૂંદણાંથી ઝેરી જનાવરો કરડતા નથી. ચહેરાં પર ગાલે, ચિબુકે છૂંદણું કરવાથી કોઈની ભારે કે મેલી નજર લાગતી નથી. પતિ પ્રત્યે વફાદારી, સુંદર વરની પ્રાપ્તિ, સંતાનપ્રાપ્તિ, ગર્ભ ટકાવવા અખંડ દૂઝાણાં, ઘી દૂધની રેલમછેલ, મૃત્યુ સમયે માતાનો પ્રેમ, અખંડ, સૌભાગ્યપણું, ધનધાનની ને લક્ષ્મોનો કૃપા જેવી શ્રદ્ધા-માન્યતા છૂંદણાંમાં રહેલી છે. જો કે જૂદી જુદી લોકજાતિઓ, જૂદાજૂદા અંગો પર છૂંદણાં છૂંદાવીને આ માન્યતા મજબુત રીતે વ્યક્ત કરે છે. સૌરાષ્ટ્રના આ પ્રદેશોમાં ગુરુમહિમાનું પ્રમાણ સવિશેષ છે, છૂંદણાં વિનાના નર-નારી નુગરાં ગણાય ને આવતા ભવે ઊંટ, આખલા જેવા શ્રમિક પશુઓના અવતાર મળે ને વૈતરણી પાર ન થાય. ઊંટ બનીને રણ તરવા ને આખલો બની ઊકરડે ભટકવું, આવી ચીમકી પણ છૂંદણાં વિનાના નર-નારીને મળે એવું મનાય છે. આયુર્વેદ ને વૈદકશાસ્ત્રની સમજ પ્રમાણે ઘણી વખત શરીરમાં નીકળતી ઊગતી ગાંઠને દાબી દેવા, મસા, છઠ્ઠી આંગળી, કે માથું, કેડ, હાથ-પગના દુખાવાને દબાવવા પણ છુંદણાં કરાય છે.

છૂંદણાં અને લોકભૂગોળશાસ્ત્રના સંબંધો પણ અહીં તપાસવા યોગ્ય છે. ગુજરાતની લોકજાતિઓ માટે છૂંદણાં ભુગોળની ગરજ સારે છે. મેળામાં, ગામમાં હટાણું વખતે કે ખરખરે જતા અડખાં પડખાંની સ્ત્રીઓ એકબીજાના છૂંદણાં જોઈને પામી જાય છે કે આ બાઈ કયા ગામની છે ને કઈ જ્ઞાતિની છે ! મેળામાં યુવાનીને હેલીએ ચડેલા સરખા સરીખડા જૂવાનિયાઓ રાસ કે પાવા વગાડતી વખતે પણ જૂવાન બાઈનાં હાથે કે ડોકે છૂંદાવેલ છૂંદણાંને ઓળખી કઈ બાજુનાં, કયા નામના કે કોઈને ધારેલા છે કે નહી ? તે પણ જાણી જાય છે. જો કોઈને ધાર્યા હોય તો તેનું નામ હાથે કદાચ છૂંદાયેલું હોય, નહીંતર એમનું નામ તો હોય જ. આ પણ કેવી સમજણ કે પોતે નિરક્ષર હોવા છતાં પોતાનું નામ છૂંદણાંમાં સૌરાષ્ટ્રની પ્રજા છુંદાવે એને એના આકારને જોઈને રાજી થાય. એમ જ પોતાના પ્રેમીનું વરનું નામ પણ છૂંદાવે ને વરના નામનો માત્ર આકાર જ જાણે.

માનવશરીરની Text અને સુક્ષ્મ મનોસંચલનો, મનોવ્યાપારોને વ્યક્ત કરતી આ છૂંદણાંની ભાતો પણ જાણવા જેવી છે. પશુસંવર્ધનમાં જેમ ગાયના કાન, ઘેટાની ઊન, ગધેડાનું કપાળ કે ભેંસના પૂંછડે ભાતભાતની નિશાનીઓ થાય એમ, આદિવાસીઓ પોતાના કુટુંબને, વંશવેલાને ઓળખવા છૂંદણાંની ભાત પાડતા, આ પરંપરા ધીરે-ધીરે આદિવાસી માતૃસત્તાક સંસ્કૃતિ થવાથી માત્ર સ્ત્રી વર્ગ, કુટુંબની ઓળખાણ પુરતી સીમિત રહી. જેમાં આડાઅવળાં લીટા કે ટપકાની નિશાનીઓ જ હતી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રજાનાં સાંસ્કૃતિક વિકાસની સાથે ધીરે-ધીરે આ આકૃતિઓમાં સૌંદર્યમૂલક પદાર્થો ને પ્રકૃતિનું ઉમેરણ પણ થવા લાગ્યું. પરિણામે આદિવાસી અને અન્ય લોકજાતિઓમાં રામ, કૃષ્ણ, બાલકૃષ્ણ, ગણપતિ, હનુમાન, શિવ, અંબા, ખોડિયાર, લક્ષ્મીજી, સીતારામ, રાધાકૃષ્ણ, શિવપાર્વતી, રથ, તુલસી, ત્રિશૂલ, નાગ, નરમુંડ જેવા દિવ્યાદિવ્ય પાત્રો છૂંદાવવાની પ્રથા વધવા લાગી, જે હજુ પણ જોઈ શકાય છે. પશુપાલન, કૃષિ અને જંગલમાં રહેનારી લોકજાતિઓમાં ગાય, સાંતીડું, વડલો, ત્રિશુલ, ધોરી, ખૂંટ, વાઘ, કોશ, મોર, વીંછી, દેરડી, ધજા, પારણું, કાવડ, વેઢલાં, સ્વસ્તિક, વિવિધ માનવચહેરાંઓ પણ છૂંદણાંરૂપે મળે છે.

છૂંદણાં અંગે લોકજાતિઓની મુલાકાત લેવા જૂનાગઢ જિલ્લાના માળીયા હાટિના તાલુકાનાં આહિર કુટુંબોમાં રામભાઈ રાવલિયાના પરિવારની બહેનોએ જણાવ્યા મુજબ : "ગડુ ગામનો દેવીપૂજક અમારા છૂંદણાં છૂંદતો; અમારા કુટુંબમાં છૂંદણાં વગરની બેન-દીકરી અપશુકન ગણાતી. બન્ને હાથને પોંચે લાડુડાનું છૂંદણું મોટુ શુકન છે. પહેલા અમે હાથના કાંડાની બાજુએ પછી પાછળ એમ બે વખત-પાંચ-સાત દિવસ સુધીમાં છૂંદણાં છૂંદાવીએ. છૂંદણાં પાકે, દુઃખે, છાણવાસીદું પણ ન થાય. પણ હાથમાં છૂંદાવેલ વાવ, ઢીંગલા, ચકલી, પનિહારી, ફૂલવેલ ને કાનુડો જોઈએ ત્યારે મનમાં ખૂબ રાજીપો થાય. જો કે દરેક લોકજાતિની માન્યતા અને છૂંદણાં અંગેનો ભાવ જૂદો-જૂદો છે. કોડિનાર તરફના કોળી અને કારડિયા રજપૂતના પરિવારોમાં રાવલ જાતિના પુરુષો જ છૂંદણાં છૂંદે છે. દસ બાર વર્ષની વયે અધમણ બાજરાને બદલે છૂંદણાં જો ના છૂંદાવાય તો દીકરી પરણીને સાસરે જાય ત્યારે સાસુ, નણંદ મહેણા પણ મારે છે કે **"તારી માને બે પાલી બાજરાનો લોભ લાગ્યો કે છૂંદણાં વિનાની કાઢી મુકી !** કારડિયા રજપૂતના વૃદ્ધાની મુલાકાતે વિગત મળી કે "અમે તો છૂંદણાંનું પાણી હાથે જ બનાવતા. છૂંદણાં પાકે એટલે ભૂખ્યા રહેવું પડે. બે ભાન પણ થઈ જવાય, ટોપરાનું તેલ, હળદરને દેશી ટીંડોરીના પાંદડાનો રસ વાટી બધું ભેગું કરી છૂંદણે ચોપડીએ. પહેલા અમે હાથમાં છૂંદણાંની એંધાણી કરીએ, પછી જ રાવળને કહીએ, નકર તો રાવળ છૂંદણાંની હારે હાથને અમારો ભવ પણ બગાડે ! હરણ, મોર, સાથિયો, જોતર, મંદિરના છૂંદણાં ખીલે એટલે અમારો આનંદ કયાયં માંય નહીં." બહુ આનંદ સાથે કહેવું પડે કે એક વૃદ્ધ માતાએ છાતીએ બન્ને તરફ મોરને વચ્ચે મંદિરનું આખી છાતી પર છૂંદણું છૂંદાવેલ. જો કે શરીરમાં ગોઠણની ઉપર, પિંડીની પાછળ છૂંદણાંની ભાત પણ દર્શનીય છે. મૂળ ઘેડના પણ હાલ નિવૃત્ત રીતે એકલા-યોગસધનામાં આનંદથી રહેતા અભણ પણ કોઠાસુઝથી હોશિયાર એંસીક વર્ષના મોઢવાડિયા પરિવારની માતાના કહેવા મુજબ : "આ છૂંદણાં તો મેં હાથે જ છૂંદેલા છે. બાવળની શૂળ ભાંગે તો લોઢાની સોય લઈને હું ડાબે જમણે હાથે મારી રીતે જ છૂંદણાં છૂંદતી. એક વાર કોઈક બહેનપણીએ મારા હાથમાં રામનામનું છૂંદણું બગાડી નાખ્યું એટલે, મેં માથે છૂંદણાંના લીટા મારી ઝીણા અક્ષરે બીજું રામનામ લખ્યું ! જુઓ એ આ રહ્યું ! અમારી ગાયની વાછડીનું મૂતર હું ભેગું કરું, ગાયના ઘીના મેંશ બનાવું ને પછી દી' ચડે એટલે છૂંદણાં છૂંદવા બેસું. મને વહાલું ઘોડિયું, નાળિયેરીના ઝાડ, બાવળિયા ગાયું ને ભેંસું. અમારી પડખે હોય એટલે એનાં છૂંદણાં મને બહુ ગમે ને દોરવા પણ ગમે. હું ગીત ગાતી જાઉં ને છૂંદણાં છૂંદતી જાઉં એમ કરતા તો અડખે-પડખેના મલકમાં મારું નામ થઈ ગ્યું."

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આવી સુંદર અનુભવકથા છૂંદણાંની સાંસ્કૃતિક યાત્રામાં પડાવરૂપે મળે છે.

છૂંદણાં છુંદાવવાની વિધિ પણ એક કસબ છે. જૂના સમયે વણઝારણ, રાવળ ને દેવીપૂજક સ્ત્રીઓ મેળામાં, ઘેરેઘેરે ફરીને લાકડાની અણીદાર ચીપ કે લોખંડની લાંબી સોય વડે ચામડીને ઊતરડીને બીઆના ઝાડનું પાણી ને તાવડીની મેશને ભેગા કરી છૂંદણાં છૂંદી આપતી. બે ત્રણ વખત, જ્યાં સુધી છુંદણાંની આકૃતિ બરાબર ઉપસે નહીં ત્યાં સુધી છૂંદવાનું ચાલુ રહે છે. છૂંદણાંના આનંદમાં શરીરની પીડા અભાનપણે ભૂલાતી જાય ને છૂંદણાંનો આનંદ મળતો જાય, સરખે સરખી સખીઓ, પરિણિતાઓ, પ્રેમી યુગલો, ભાઈબંધોની ટોળી મેળામાં સમૂહમાં છૂંદણાં છૂંદાવે છે ત્યારે સાંસ્કૃતિક વારસાને જાળવનાર દેવીપૂજકો, વણઝારા ને રાવળો કોઈકના જીવનમાં સૌંદર્યશાસ્ત્રીની મોટી ભૂમિકાએ પ્રવેશ કરીને મરણપર્યંત નિશાનીઓ આપતા હોય છે. તંબુ તાણીને, કોથળા પાથરીને, ખભે પેટી ભરાવીને, મેળે મેળે રખડતા, ભટકતા પુરુષો પણ છૂંદણાં છૂંદે છે.

સૌરાષ્ટ્રમાં છૂંદણાંના કારીગર તરીકે માતૃક વારસાથી કામ કરનાર આનંદભાઈ નટવરલાલ સોલંકી (ઉ.૩૫, રહે, મફતિયા પરા, જેતપુર) એ એકેય અક્ષર પાડ્યો નથી છતાં કોઠાસૂઝથી છૂંદણાકળામાં ગોવા સુધી પંકાયેલા છે. તેઓ કહે છે કે "પરદેશમાં પ્લાસ્ટિકની ડિઝાઈન મૂકીને છૂંદણું છૂંદાવાય છે જયારે હું તો મારામાં જ પહેલા ભાત પાડું પછી આંગળી ને આંખની મદદથી ભાત કાઢું, મને ગામેચા, વેડવા, પેમલા, ટોપલિયા બધા જ દેવીપૂજકો હું દાતણિયો હોવાથી મને માને છે ને છૂંદણાંની કળા જાણતો હોવાથી મને માન આપે છે. જો કે અમારા બૈરાંને આ કલાનો ભાવ ખૂબ ઓછો લાગ્યો છે." આ સૌરાષ્ટ્ર વિસ્તારના અન્ય દેવીપૂજકોની અને છૂંદણાં છૂંદવાની લોકવિદ્યા જાણતી બહેનોની મુલાકાત લેતાં જાણવાં મળ્યું કે છૂંદણાના રસ બનાવવા ઘણી વખત ભૂરા નાગની કાંચળીની રાખનું કાજલ, કોપરેલ ને ગાયનું છાણ, બીજી રીત; આકડાનું દૂધ, તૂરિયાના પાન કે મહૂડાના ફૂલનો રસ, લોઢાની સોય કે બાવળની શૂળ તેના ઓજાર. વંશપરંપરાગતે મેળવેલ આ હુન્નરની શરૂઆત દેવ-દેવીના પૂજાપાઠ કરીને છૂંદણાં છૂંદે છે. આજથી પચાસેક વર્ષ પહેલા વાર, તહેવાર ઘેરઘેર ફરનારા દેવીપૂજકો વણઝારાઓ કે રાવળો વસ્તુવિનિમયની જૂની પ્રથા મુજબ પાલી-બે પાલી જુવાર, બાજરી કે મગફળી ઘી, દૂધ, છાશ કે એક ટંકના ભોજનમાં પણ છૂંદણાં છૂંદી આપતા. ખૂબ સાંકડી રીતે રહેતી આ લોકજાતિની સામે પણ ગુજરાતની લોકજાતિઓ હોંશથી શરીરના દર્શનીય ભાગો ઉપર છૂંદણા છૂંદાવીને ગૌરવ અનુભવતી.

પ્રકૃતિના તત્ત્વોને પડકારીને પોતાનામાં સમાવવાની મહેચ્છા છૂંદણાં જ પુરી શકે છે તો આધુનિક સમયમાં આ છૂંદણાં પાસપોર્ટ, વીઝા, શારીરિક ઓળખના ચિહ્નો, ખોવાયેલ વ્યક્તિની શોધખોળમાં, આડા કામની વ્યક્તિઓની નિશાનીઓ વગેરે અનેક સામાજિક સંદર્ભથી ઉપયોગી છે. છૂંદણાંનો એકવીસમી સદીનો આધુનિક આવિષ્કાર 'ટેટ્રુઝ' ગણી શકાય. થોડાં કલાકો પુરતા શરીર શૃંગારને રંગબેરંગી ભાતમાં, આકૃતિઓમાં, ફૂલ કે પંખીઓના રૂપે ગાલે, ડોકે, વાંસાના ખૂલ્લા ભાગમાં ટેટ્રુઝને મૂકવાનો ચાલ છે. નવી ટેકનોલોજીથી બનેલા ટેટ્રુઝમાં પ્લાસ્ટિક અને કૃત્રિમ ભડકાઉ રંગનો ઉપયોગ કરી મીણ, ઝીણાં હીરા, ચમકીલા પદાર્થોથી માનવચહેરાંઓ, પીપળા કે વડલાના પાન જેવી હૃદયની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આકૃતિ, મયુર, હંસ, મેનાપોપટની જોડી, ફીલ્મ્સ કલાકારોના ને પોતાને ગમતીલા નર-નારીના ફોટા લગાડવાનો ચાલ પણ તેમાં જોવાય છે. ખૂબ ખર્ચાળ, શરીરને થોડાં સમય માટે કૃત્રિમ શૃંગાર આપતી આ સૌંદર્યસામગ્રી ભારતમાં તો આધુનિક પશ્ચિમી સંસ્કૃતિની ભેટ છે. સાંસ્કૃતિક લોકકલા છૂંદણાં અને આધુનિક ટેટુઝ વચ્ચે ઘણો તફાવત હોવા છતાં બદલાતા યુગ સાથે ચાલવું એ પણ આપણી પરંપરા છે. ટેટુઝની મર્યાદા એ છે કે ચહેરો કે આંખ કે ગાલની શોભા કયારેય બની શકે નહીં. ટેટુઝમાં કોઈ શ્રદ્ધા, વિશ્વાસ કે અનુરાગનો ભાવ નથી. કૃત્રિમ સંવેદન કયારેય પ્રેમનો વિકલ્પ ના બની શકે, એમ ટેટુઝ ક્યારેય આદિમ જાતિઓ લોકસંસ્કાર કે કલાવારસાનો પર્યાય બની શકે નહી.

આ સંદર્ભે કહી શકાય કે છૂંદણાં એ ભારતીય સંસ્કૃતિની અમૂલખ પાદટીપ છે.









Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org






## સંદર્ભસૂચિ


(૧) વાઢેળ, મેરુ, બુદ્ધિપ્રકાશ, ઓક્ટોબર-૨૦૧૧, પૃ. ૪૧.

(૨) સુન્દરમ્, ચયન ચંદ્રકાન્ત શેઠ, ચૂંટેલી કવિતા, ગુ.સા.અકા. પૃ. ૬૦.

(૩) મહારાજા ભગવતસિંહજી, ભગવદ્ગોમંડલ, ૧૯૮૬, ભાગ-૪, પૃ. નં. ૩૩૭૫.

(૪) Oxford refrence dictionary refrence Edi. Catherine, Soahesm, Oxford Press 2004, P.No.857.

(૫) શુકલ, શિલીન, ગુજરાતી વિશ્વકોષ, સંપાદક ધીરૂભાઈ ઠાકર ગુ.વિ.ટ્રસ્ટ, ૧૯૯૬, પા. ૪૦૧.

(૬) નાયક, કનુ, કલા, વૈભવ, એન. એમ. ઠક્કરની કંપની, મુંબઈ, પ્ર. આ. ૨૦૦૫, પૃ. ૧૬૧.

(૭) મેઘાણી ઝવેરચંદ, એકતારો, ગુર્જર, ત્રી. આ. ૧૯૫૭, પૃ. નં. ૦૭.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# धम्म' एक मात्र तारणहार : पुस्तक की समीक्षा

**ग्रंथ समीक्षा : सागरमल जैन**

भगवान बुद्ध और उनके धर्म-दर्शन को समझने के लिए इस देश में और अन्य देशों में अनेक प्रयत्न हुए हैं। परिणाम स्वरूप इस देश के बौद्ध चिन्तकों में प्राचीनकाल में चार प्रकार के दार्शनिक मतवाद अस्तित्व में आये – १. बाह्यार्थवादी २. बाह्यार्थ-अनुमेयवादी ३. विज्ञानवादी और ४. शून्यतावादी। विज्ञानवादी योगाचार के नाम से और शून्यतावादी माध्यमिक के नाम से भी जाने जाते है। हमारा उद्देश्य यहाँ इन मतवादों की चर्चा करना नहीं है। यह संकेत हमने केवल इस दृष्टि से किया है कि प्राचीनकाल से लेकर आजतक बुद्ध और बुद्धवचनों को अनेक प्रकार से व्याख्यायित किया जाता रहा है।

वर्तमान युग में भी भगवान बुद्ध और उनके धर्म को व्याख्यायित करने के अनेक प्रयत्न हुए हैं। आचार्य नरेन्द्रदेव, भिक्षु जगदीष काश्यप, पं. राहुल सांकृत्यायन, डा. राधाकृष्णन्, डा. भीमराव अम्बेडकर आदि अनेक विचारकों ने अपनी-अपनी दृष्टि से प्रयत्न किये है। इन्हीं प्रयत्नों में एक प्रयत्न प्रो. डी. डी. बन्दिस्ते का भी है, जो उनके द्वारा लिखित पुस्तक 'धम्म अवर ओनली सेवियर (Dhamma our only saviour) में अभिव्यक्त हुआ है और जिस पर चर्चा के लिए कन्या महाविद्यालय मोतीतबेला इन्दौर में एक संगोष्ठीं भी आयोजित हुई थी। प्रो. बन्दिस्ते एक बुद्धिवादी और मानवतावादी चिन्तक है, और अपने इस चिन्तन में वे कहीं-कहीं साम्यवादी भौतिकतावादी से प्रभावित भी है। अपनी इस कृति में परोक्षरूप से वे राहुल सांकृत्यायन से प्रभावित है। प्रत्यक्षतः वे डॉ. भीमराव अम्बेडकर से प्रभावित लगते है और अपने निष्कर्षों के समर्थन में वे इस ग्रन्थ में अनेकशः उन्हें उद्धृत भी करते हैं। चाहे एक बुद्धिवादी चिन्तक के रूप में अपने निष्कर्षो में भी वे सम्यक् भी प्रतीत होते हो, किन्तु बुद्धवचनों की दृष्टि में वे कितने समीचीन है, यह एक समीक्षणीय बिन्दु है।

सर्वप्रथम हमें यह जान लेना है, कि बुद्ध ने अपने को सदैव विभज्यवादी और मध्यममार्गी घोषित किया है, वे स्पष्टतः कहते थे कि मै न तो एकाँशवादी हूँ और न अंतिवादी (एकांगी दृष्टि वाला) हूँ। उन्होंने न तो शाश्वतवाद का पक्ष लिया और न उच्छेदवाद का। न वे अतिभोगवाद के समर्थक रहे और न अति त्यागवाद के। उनके सम्बन्ध में बीना के तारों को अति कसने या अति ढ़ीला छोड़ने का उदाहरण एक सम्यक् जीवन दृष्टि का परिचायक है। प्रस्तुत कृति में, जो भौतिकवादी बुद्धिवाद परिलक्षित होता

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

है, उसके कारण प्रस्तुत कृति न तो बुद्ध के 'धम्म का सम्यक् प्रतिपादन कर पा रही है और न अपने बुद्धिवाद के प्रति ईमानदार रह पा रही है। उसमें अनेक अन्तर्विरोध उभरकर सामने आ रहे हैं। प्रस्तुत आलेख में हम उन्हीं की समीक्षा का एक प्रयत्न करेंगे।

सर्वप्रथम पुस्तक के नामकरण में ही यह कहा जा रहा है — 'धम्म हमारा एक मात्र तारण हार' दूसरी और अपनी भूमिका में प्रो. बन्दिस्ते लिखते है कि

"The Dhamma preached by the Buddha is not at all a Dharma (Religion) but is only a moral way of life."

प्राकृत और पाली का एक सामान्य अध्येता भी यह जानता है कि Dhamma धम्म शब्द का संस्कृत या हिन्दी रूप 'धर्म' ही है, त्रिपिटक में अनेक स्थलों पर धम्म शब्द धर्म के अर्थ में ही प्रयुक्त हुआ है। भगवान बुद्ध ने स्वयं कहा है कि "जो मुझे देखता है वह धर्म को देखता है और जो धर्म को देखता है वह मुझे देखता है" यहाँ बुद्ध ने स्वयं अपना धर्म से तादात्म्य स्थापित किया है, फिर यह कैसे कहा जा सकता है, बुद्ध ने धर्म का उपदेश ही नहीं दिया, उन्होंने मात्र 'धम्म' का उपदेश दिया। फिर सारनाथ में धर्मचक्र प्रवर्तन का क्या कोई अर्थ रह जायेगा ? पुनः प्रो. बन्दिस्ते की पुस्तक के इस शीर्षक का Dhamma only our saviour का भी क्या कोई अर्थ रहेगा। यदि बुद्ध ने किसी धर्म का उपदेश ही नहीं दिया, तो फिर वह मानवता का तारक कैसे होगा ? यदि प्रो. बन्दिस्ते यह कहे कि बुद्ध ने मात्र नैतिकता का उपदेश दिया धर्म का नहीं। तो मेरा पहला प्रश्न है कि क्या धर्म और नैतिकता दो अलग-अलग तथ्य है, जबकि आधुनिक युग के नीतिशास्त्री ब्रेडले अपनी पुस्तक "एथिकल स्टडीज" (Ethical Studies) में स्पष्टतः लिखते हैं कि "धर्म विहीन नैतिकता 'नैतिकता' नहीं है और नीति विहीन धर्म 'धर्म' नहीं है"। वे धर्म और नीति में तादात्म्य ही मानते हैं। पुनः अपने बचाव में प्रो. बन्दिस्ते यह लिखते है कि बुद्ध ने किसी ईश्वर(God) की स्थापना नहीं की है, अतः उनका 'धम्म' धर्म नहीं है। क्या धर्म और ईश्वर (God) की अवधारणा में कोई तादात्म्य है ? क्या उनका बुद्धिवाद इसे स्वीकार करता है ? दुनिया में अनेक ऐसे धर्म और दर्शन है, जो ईश्वर को एक सृष्टिकर्ता के रूप में स्वीकार नहीं करते है ? न केवल भारतीय श्रमणधारा के अनेक धर्म जैसे — जैन, बौद्ध, आजीवक, अपितु मीमांसक, वैशेषिक, सांख्य और योग जैसी अनेक दार्शनिक परम्पराएँ ईश्वर को सृष्टि के कर्ता या नियन्ता के रूप में स्वीकार नहीं करती है। दूसरे आराध्य या उपास्य या चरम प्राप्तव्य के रूप में ईश्वर का प्रश्न है, प्रकारान्तर से वह जैन, बौद्ध, सांख्य या योग सभी में स्वीकृत रहा है अतः केवल ईश्वर को सृष्टिकर्ता एवं नियन्ता नहीं मानने का कारण बौद्ध धर्म को 'धर्म' नहीं कहना यह एक भ्रान्ति ही है। जैन धर्म में अरहंत परमात्मा और बौद्ध धर्म में बुद्ध न केवल आराध्य या उपास्य है, अपितु वे चरम प्राप्तव्य भी है। 'निर्वाण' जो चरम प्राप्तव्य है, वह बुद्धत्व से पृथक्-भूत नहीं है। तृष्णा का उच्छेद ही बुद्धत्व है और वही निर्वाण है। अतः धर्म केवल ईश्वर को सृष्टिकर्ता और नियन्ता मानने में ही है। यह प्रो. बन्दिस्ते की मिथ्या और अबौद्धिक अवधारणा है। भारतीय धर्म ग्रन्थों में धर्म की अनेक परिभाषाएँ मिलती है यथा -- 'वत्थु सहावो धम्मो' (वस्तु का स्वभाव धर्म है), क्षमादि सद्गुण धर्म है (खमादि दस विहो धम्मो), अहिंसा

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

धर्म है (अहिंसा परमोधर्मः), रत्नत्रय अर्थात् सम्यक्-श्रद्धा, सम्यक्-ज्ञान, सम्यक्-चारित्र धर्म है। जिससे निःश्रेयस की सिद्धि (उपलब्धि) और अभ्युदय हो वह धर्म है। जो प्रजा का धारण (रक्षण) करता है, वह धर्म है (धर्मो धारयते प्रजाः), समभाव में धर्म है आदि। जहाँ तक मेरी जानकारी है मुझे ऐसी एक भी ऐसी परिभाषा नहीं मिली जो यह कहती हो कि ईश्वर को सृष्टिकर्ता या नियन्ता मानना धर्म है। सदाचरण धर्म है – यह सभी भारतीय धर्मों की सामान्य मान्यता है। यदि प्रो. बन्दिस्ते ने धर्म को नैतिकता से अभिन्न माना है, तो उनकी वह मान्यता उचित है, और बुद्ध ऐसे धर्म के प्रवर्तक हैं। किन्तु उनका यह कहना भ्रान्त है, कि बुद्ध ने किसी धर्म (Religion) का प्रवर्तन ही नहीं किया। उन्हें यह भी मानना होगा कि मात्र नैतिक आचरण, वह भी किसी भय या प्रलोभन वश या मात्र कर्तव्य-बुद्धि किया गया है – धर्म नहीं है। धर्म में भावना और आस्था का तत्त्व भी है। नैतिक मूल्यों के प्रति आस्था के अभाव में किया गया, नैतिक आचरण भी धर्म नहीं है। धर्म में सदाचरण के साथ आस्था और भाव प्रवलता आवश्यक है। बुद्ध ने प्रज्ञाशील और समाधि युक्त या, आष्टांगिक मार्ग रूप जिस धर्म का उपदेश दिया था, वह मात्र बौद्धिक नैतिकता (रेसनल मारलिटी) नहीं है।

प्रो. बन्दिस्ते की पुस्तक "Dhamma only our saviour" का तृतीय अध्याय है – "How and why did the Buddha Reject God" अर्थ – भगवान बुद्ध ने ईश्वर का निषेध क्यों और कैसे किया ? भारतीय दर्शनशास्त्र का एक सामान्य विद्यार्थी भी यह जानता है, कि भगवान बुद्ध के काल तक एक भी ऐसा धर्म और दर्शन नहीं था कि जो ईश्वर को सृष्टिकर्ता मानता था। जब बुद्ध के सामने ऐसा दर्शन ही नहीं था तो फिर उन्हें उसका निषेध करने की क्या आवश्यकता थी। बुद्ध के समक्ष जो वैदिक एवं औपनिषदिक (प्राचीन उपनिषदों का) चिन्तन था, उसमें तथा सांख्य, योग, जैन, आजीविक आदि दर्शनों ने ईश्वर का जगत कर्तृत्व माना ही नहीं। यहाँ तक कि प्राचीन मीमांसक और वेदान्ती भी ईश्वर को जगतकर्ता एवं नियन्ता नहीं मानते थे। बुद्ध ने जगतकर्ता एवं नियन्ता ईश्वर का निरसन किया, यह मात्र काल्पनिक एवं परवर्ती अवधारणा है, यह बौद्धिक भी नहीं है। भारत में सर्वप्रथम न्याय-दर्शन में, जो भारतीय दर्शन जगत का सबसे छोटा शिशु है, और उसके प्रभाव से परवर्ती हिन्दू धर्म में यह अवधारणा विकसित हुई है। पश्चिम में ईश्वर कर्तृत्ववादी जो धर्म विकसित हुए हैं, वे बुद्ध से लगभग ६०० वर्ष बाद (ईसाई धर्म) और १२०० वर्ष बाद (इस्लाम) पैदा हुए हैं। ईश्वर कर्तृत्ववाद का इतिहास अधिक प्राचीन नहीं है। अत उनका यह अध्याय धर्म-दर्शन के इतिहास की अनभिज्ञता का ही सूचक है।

प्रो. बन्दिस्ते जब यह लिखते है कि Denial of God implies freedom of man, तो वे सम्यक् कहे जा सकते हैं, किन्तु हमें यह भी विचार करने को विवश होना होगा कि यदि मनुष्य के समक्ष कोई आदर्श चरित्र (Ideal man of Morals) नहीं होगा, तो मानव चरित्र और मानवीय मूल्यों का विकास थम जायेगा – यह सत्य है कि भारतीय श्रमण धर्मों ने मनुष्य को ईश्वरीय दासता से मुक्त रखा, किन्तु उन्होंने बुद्ध, अर्हत् या तीर्थंकर के रूप में उच्च मानवीय मूल्यों की साकार प्रतिमाओं को उपस्थित कर एक अति मानवीय व्यक्तित्व को खड़ा भी किया है। प्रो. बन्दिस्ते का कथन उस सीमा तक उचित है कि बुद्ध ने मानव को अपनी सच्ची मानवता की शिक्षा दी, किन्तु उनके द्वारा बुद्ध का एक सामान्य मानव

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

के रूप में प्रस्तुतीकरण (Buddha : the person) किस सीमा तक सम्यक् होगा, यह विचारणीय है। उन्हें यह तो मानना ही होगा कि बुद्ध सामान्य मानव नहीं है, वे महामानव है, वे मानव जाति में जन्में अवश्य, किन्तु उनका चरित्र अति मानवीय है, वे महा-मानव (supper Human) है। एक आदर्श मानव की कल्पना के बिना हम बुद्ध के बुद्धत्व के प्रति न्याय नहीं कर पायेगे।

प्रो. बन्दिस्ते ने डॉ. भीमराव अम्बेडकर का अनुसरण करते हुए भगवान बुद्ध के त्याग और संयम का अवमूल्यन किया है। उन्होंने अपनी पुस्तक के प्रथम अध्याय Buddha : the person (पृ.४-५) में बुद्ध के संन्यास की एक विचित्र बौद्धिक तर्क के आधार पर एक नयी कथा ही गाती है। वे लिखते हैं – शाक्यों और कोलियों के नदी विवाद में युद्ध के विकल्प को नकारने के कारण शाक्यों की युद्ध-विचार सभा(War Council) ने उन्हें यह सजा दी जिसके आधार पर उन्हें अपनी पैतृक सम्पत्ति से वंचित कर दिया और इसी कारण बुद्ध ने संन्यास ग्रहण कर लिया। क्या यह बुद्ध का अवमूल्यन नहीं है। प्रो. बन्दिस्ते के अनुसार बुद्ध का संन्यास स्वतः स्फूर्त नहीं है, मात्र दी गई सजा का अनुपालन है। यहाँ वे भगवान बुद्ध के त्याग और वैराग्य का अवमूल्यन कर रहे है।

इसी क्रम में उन्होंने बुद्ध के 'अनत्तवाद' को भी गलत रूप में प्रस्तुत किया है। अपनी पुस्तक के पृ.६६ पर चार्वाकों के समान तर्क देते हुए और उसे विज्ञान सम्मत सिद्ध करते हुए वे लिखते है – "Thus the Buddha attempted to explain consciousness without invoking any thing like a supernatural or divine soul, How very important this nosoul theory is in the Buddhist way of thinking (page 66)" सर्वप्रथम तो यह भ्रान्ति उनके पालि भाषा के अज्ञान के कारण उत्पन्न होती है। न केवल प्रो. बन्दिस्ते अपितु बौद्ध धर्म-दर्शन के सभी आलोचक इस भ्रान्ति के शिकार हुए हैं। वस्तुतः पालि भाषा के 'अनत' शब्द का अर्थ 'अनात्म' न होकर अपनेपन का अभाव है। अनत का अर्थ है – संसार में कुछ भी ऐसा नहीं है, जिसे अपना कहा जा सके। यह बात ममत्व और तृष्णा के उच्छेद के लिए है, जो बौद्ध धर्म-दर्शन का प्रमुख उद्देश्य रहा है। यदि 'अनत' का आत्मा नहीं है ऐसा होता तो फिर बुद्ध को आत्म-उच्छेदवाद का समर्थन करने में कोई बाधा नहीं थी। बुद्ध वचन स्पष्ट रूप से यह स्थापित करते है कि वे आत्म-उच्छेदवाद और आत्म-शाश्वतवाद दोनों के समर्थक नहीं है, वे मध्यम मार्गी है। वे न चार्वाकों के समर्थक है और न वेदान्त दर्शन के। उनका आत्मा सम्बन्धी विचार एक तरल आत्मा की अवधारणा को प्रस्तुत करता है, जो परिणमनशील है। इस तथ्य का सम्यक् प्रतिपादन प्रो. हरियन्ना ने अपने ग्रन्थ भारतीय दर्शन में तथा मैनें अपने ग्रन्थ भारतीय आचार दर्शन भाग-१ में किया है। विस्तार भय से मै यहाँ इस चर्चा की गहराई में नही जा रहा हूँ। किन्तु 'अनत्त' का सम्यक् अर्थ नहीं समझने के कारण प्रो. बन्दिस्ते के लेखन में अनेक अन्तर-विरोध आ गये हैं – एक ओर वे Non-soul theory की स्थापना करते हैं तो दूसरी ओर बुद्ध के पूर्व-जन्मों की एवं उनके कर्म-सिद्धान्त की एक स्वतन्त्र अध्याय के रूप में विस्तृत चर्चा भी करते है, चाहे वे यह कहकर छुट्टी पाने का प्रयत्न करे कि – Jataka Kathas should be taken as myths, Jataka tales should be taken as a story and not as a history (Page 76) किन्तु क्या इन स्थापनाओं से हम बुद्ध और उनके धर्म का अवमूल्यन नहीं कर रहे है।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

क्या बुद्ध के सम्बन्ध में प्रो. बन्दिस्ते का निम्न कथन आत्म-विरोधी नहीं है ? Buddha had a scientific outlook, but not much scientific knowledge. क्या बिना वैज्ञानिक ज्ञान के वैज्ञानिक दृष्टिकोण बन सकेगा ?

मेरी दृष्टि में मात्र बुद्धिवादी दृष्टि से बुद्ध और उनके धर्म को समझने का यह प्रयत्न कहीं बुद्ध और उनके धर्म का अवमूल्यन तो नहीं कर रहा है ? धर्म मात्र 'बौद्धिक नैतिकता' नहीं है -- ऐसी नैतिकता जिसके पीछे आध्यात्मिक सम्बल नहीं हो, मानवीय मूल्यों के पीछे आस्था और त्याग या सर्वात्मना समर्पण का बल नहीं हो, हृदय की सम्पूर्ण गहराईयों से भाव प्रवणता न हो, कैसे एक समतावादी समाज का निर्माण कर सकेगी। धर्म का आधार तार्किक छलपूर्ण भौतिकता नहीं है, उसके पीछे त्याग और समर्पण भी अपेक्षित है। समतावादी समाज मानव के निष्ठापूर्ण त्याग और संयम के आध्यात्मिक मूल्यों पर खड़ा होगा और वही मानव जाति का तारणहार होगा।

प्रस्तुत कृति की समीक्षा में मैं दो बात और भी कहना चाहूँगा -- प्रथम तो यह कि यह कृति मूल बौद्ध साहित्य पर आधारित नहीं है, सम्पूर्ण कृति में प्राय: बुद्धवचन और मूल त्रिपिटक साहित्य का एक भी सन्दर्भ नहीं है, बिना बुद्ध-वचनों के और उनके संकलन रूप बौद्ध त्रिपिटक-साहित्य के अध्ययन के बिना और उनके प्रमाणों के बिना उनके सम्बन्ध में कुछ भी प्रतिपादन कर देना आत्मनिष्टदृष्टि से चाहे प्रो. बन्दिस्ते उसे सम्यक् मान भी ले, किन्तु वस्तुनिष्ठ दृष्टि से उसे प्रमाणिक नहीं कहा जा सकता है। दूसरे प्रो. बन्दिस्ते ने द्वितीयक श्रेणी के आधुनिक विद्वानों के ग्रन्थों के सन्दर्भ दिये है, वे कितने प्रमाणिक है और बौद्ध मूल ग्रन्थों का उनका ज्ञान कितना प्रामाणिक है, यह भी एक विचारणीय बिन्दु है। भारतीय चिन्तन का एक ही मूल मन्त्र है कि प्रमाण के बिना कुछ भी नहीं लिखना चाहिये। यह सम्पूर्ण कृति मात्र Secondary sources पर आधारित है, अत: इसकी प्रामाणिकता चिन्तनीय अवश्य है। दूसरे यह मात्र बुद्धिवादी दृष्टि से लिखी गई है, अत: इसके निष्कर्ष चाहे उस दृष्टि से कितनें ही प्रामाणिक प्रतीत हो, किन्तु एकांगी दृष्टि के कारण उन्हें सर्वात्मना स्वीकार नहीं किया जा सकता है। सामाजिक समरसता जो भगवान बुद्ध के धर्म की एक महत्त्वपूर्ण उपलब्धि है वह भोगवादी जीवन दृष्टि या भोगवादी बुद्धिवाद से कभी भी प्रासव्य नहीं है। रूस ने डण्डे के बल पर जिस सामाजिक समरसता का आह्वान किया था, वह इसलिए विफल हुई, कि उसमें पीछे अध्यात्म, त्याग और समर्पण के जीवन मूल्य नहीं थे।

प्रो. बन्दिस्ते एक लम्बे समय से मेरे आत्मीय रहे हैं, यह उन्हीं के सहयोग और सम्यक् दिशा निर्देश का परिणाम है कि मै आज इस स्थिति में खड़ा हूँ। अपने आत्मीय जन की निर्मम समीक्षा बहुत कठिन कार्य होता है। यहाँ मै उनसे असहमत होते हुए भी उनकी तार्किक विद्वत्ता का प्रशंसक भी हूँ। प्रो. बन्दिस्ते की यह कृति उस अर्थ में एक महत्त्वपूर्ण कृति सिद्ध होती है जो धर्म को अध्यात्म से पृथक् रहकर भी बुद्ध और उनके धर्म को समझना चाहते हैं। एक समीक्षक का दायित्व पूर्ण करते हुए यदि कहीं लेखक को एवं उनके प्रशंसकों की भावनाओं को कहीं आघात लगा हो, तो हृदय से क्षमा प्रार्थी हूँ।

धर्म मात्र नैतिक आचरण और सामाजिक समायोजन नहीं है, वह तो आध्यात्मिक उन्नयन है, आत्म-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

विशुद्धि का प्रयत्न है, वह मनुष्य को पाशविक वासनाओं, तृष्णा तथा आकांक्षाओं और अपेक्षाओं से उपर उठाता है। जबकि बौद्धिक नैतिकता सामाजिक व्यवसाय है, उसमें लेना और देना है, उसमें कुछ आकांक्षाएँ और अपेक्षाएँ हैं, जबकि धर्म(धम्म) में तो खोना ही खोना है, वहाँ पाने की अपेक्षा नहीं है, मिट जाने (निर्वाण) की सार्थकता है। स्वयं प्रो. बन्दिस्ते लिखते हैं – But again wisdom is not enough...... Now it is only when compassion is added to wisdom and morality..... The Buddha wanted people to be not merely academician but also wise and sensible (page 143-144) धर्म एकांगी विकास नहीं, एक सर्वांगीय या समग्र विकास है। वह आत्मा का परमात्मा की दिशा में मनुष्य का एक श्रेष्ठतम मानव के रूप में (Super Human) या अर्हत्त्व या बुद्धत्व की प्राप्ति के रूप में सर्वांगीण विकास है। धर्म (Religion) का मुख्य उदेश्य मानवीय कमजोरियों और मानसिक विद्-रूपताओं (Mantal-pollutions) से उपर उठना है। वह Human being को Super Human being बनाता है, वह मनुष्य को Rational animal से उपर उठाता है। स्वयं प्रो. बन्दिस्ते (Page 138-139) भी इसे स्वीकार करते हुए लिखते हैं –

(1) Purity in life is Dhamma

(2) To discard trishna is Dhamma

(3) To realize temporariness of all is Dhamma

(4) To accept the law of cause and effect is Dhamma

अतः धम्म और धर्म में कोई अन्तर नहीं है, उनके द्वारा उनमें विभाजक रेखा खींचना समीचीन नहीं है। साथ ही धर्म का ईश्वर को सृष्टा मानने से भी कोई सम्बन्ध नहीं है। इससे भी आगे बढ़कर धर्म अन्य कुछ नहीं कुदरत का नियम है, यदि प्रो. बन्दिस्ते धर्म की इन स्थापनाओं को स्वीकार करते हैं तो उनके प्रतिपादन में जो विरोधाभास प्रतीत होते हैं उनका सम्यक् रूपेण समाधान हो जाता है। वस्तुतः धर्म मानव मन की हृदय से उठी एक ऐसी मांग है जो वासनात्मक बुद्धि से परे है और यही जहाँ एक ओर धर्म को सद्धर्म बना देती है, वहीं दूसरी ओर Human being (Rational animal) को Super Human being बना देती है। धर्म तो मनुष्य में बैठे पशु का निर्मूलीकरण या निर्मलीकरण है, ऐसा धर्म ही मानव की मानवता का रक्षक है, केवल भौतिकवादी बुद्धिवाद नहीं।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પરંપરામુક્ત વિચારણાની રાહ પર

**ગ્રંથ સમીક્ષા : નરેશ શુક્લ**

એક જુદા જ પ્રકારના ગ્રંથને વાંચવામાં અને પછી એને ચિત્તમાં રસાય તે માટેના ખાસ્સા સમય પછી એ ગ્રંથ વિશે લખવાનો પ્રયત્ન કરી રહ્યો છું. આરંભે જ આ ગ્રંથના અનુવાદક શ્રીદેવી મહેતાને ખુબ ખુબં અભિનંદન પાઠવી રહ્યો છું. એમણે અંગ્રેજી ભાષામાં લખાયેલા આ ગ્રંથને ગુજરાતીઓ માટે સુલભ કરી આપ્યો તે બદલ.

મૂળ લેખક વિપીન મહેતાએ બહુ મોટી ચેલેન્જ સ્વીકારી છે. આજે પૃથ્વી પર અનેક જીવોમાં પોતે શ્રેષ્ઠ હોવાનો દાવો કરતી માનવજાતે સમગ્ર ગ્રહ પર અધિકાર જમાવી દીધો છે. કેટલીક બાબતોએ એની શ્રેષ્ઠતા નિર્વિવાદ પણ લાગે. પણ એની આ વિકાસદોડમાં દિશા ખરેખર સાચી છે જે કંઈક અવળા જ પાટે ચડી જવાયું છે - તે વિશે વિચારવું. અધધ કહી શકાય એટલા ભાતીગળ રૂપો ધરાવતા માનવસમુદાયને કોઈ ચોક્કસ અને હકારાત્મક દિશામાં કઈ રીતે વાળતો તે કદાચ અકલ્પનીય તાકાત માગી લેતો કોયડો જ ભાસે છે. ખાસ કરીને અત્યારના સમયે જે કેટલીક વૈજ્ઞાનિક આફતો આપણી સામે એના વિકરાળ ચહેરા સાથે ઉજાગર થવા માંડી છે એનાથી બચવાની મથામણ જો નહીં કરીએ તો માનવજાતનું અસ્તિત્વ રહેશે કે કેમ તે પ્રશ્ન બહુ ગંભીર બનવા જઈ રહ્યો છે. માનવ કલ્યાણના દાવા કરવા સાથે જન્મેલા અનેક ધર્મો, વિચારસરણીઓ, રાજયવ્યવસ્થાઓ, આંતરરાષ્ટ્રીય સંગઠનો અને સમાન્તરો વિકસેલા ભૌતિકવાદી અભિગમે એવો તો ગૂંચવાડો સર્જી આપ્યો છે કે એમાંથી બહાર આવીને આપણી સાથે જીવતા અન્ય જીવો અને ગ્રહને બચાવવા માટે કંઈક વિશિષ્ટ એવા વ્યાપક વિચારોને સ્વીકાર્યા વિના આરો ન રહે....! સામુહિક નાશને ટાળીને મંગલમય ભવિષ્ય માટે અનેક વિચારકોએ આપેલ વિચારસરણીઓમાંથી સત્ત્વ તારવીને મહાબદલાવની પરંપરામુક્ત વિચારણા આપવી એ આ ગ્રંથના કેન્દ્રમાં છે.

પુરોવચનમાં હેરિયટ ફૂલબ્રાઈટ દ્વારા કરવામાં આવ્યું છે કે, "વૈશ્વિક ઉપચાર શ્રેણીના ત્રીજા અને છેલ્લા પુસ્તક-વૈશ્વિક ઉપચાર-આશાની નવી ઝાંખી-માં વિપીન મહેતાએ રચનાત્મક, સહાયકારી પ્રવૃત્તિ પર ફોકસ રાખીને શાંતિપૂર્ણ સમાજની રચના માટેના વૈશ્વિક આયોજન બાબતે ધ્યાન દોર્યું છે. વિપીન મહેતાના વિચારો સેનેટર ફૂલબ્રાઈટના વિચારો અને આંતરરાષ્ટ્રીય શિક્ષણ-વિનિમય પ્રોગ્રામ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાથે બરાબર બંધ બેસે છે. લેખક જણાવે છે – સામ્રાજ્યનું મૂલ્ય, ફુલબ્રાઈટ પ્રોગ્રામની મહત્તમ તાકાત અને તેનું ચિરસ્થાયી મૂલ્ય-ધીરજ અને ખંતથી વિશ્વભરમાં માનવજાળ રચવાનું છે. આવી જાળ આવશ્યક છે કારણ કે શાંતિમય વિશ્વ તરફનો પથ તો સાંભળવાની, વિચારવાના વિવિધ માર્ગોને સમજવાની અને સતત મનાવણ ને સમજાવટથી માનસ બદલવાની ક્ષમતા ધરાવતી વ્યક્તિઓ જ કરી શકે.[૧]

આ ગ્રંથ કુલ-૬ પ્રકરણમાં વહેંચવામાં આવ્યો છે. ૧.નિમંત્રણ, ૨. પરંપરાગત વિચારણા, ૩. જ્ઞાનનો અભિક્રમ, ૪. પરંપરામુક્ત વિચારણા, ૫. વૈશ્વિક કુટુંબ : ગરજના ગઠબંધનનો ઉપચાર, ૬. પરાભૌતિક જ્ઞાનના માર્ગો : ભવિષ્યના પ્રવેશદ્વારો.

પુસ્તક પ્રવેશ માટેનું વ્યાપક નિમંત્રણ સહેતુક રીતે ભૂમિકા સર્જી આપે છે. આ ગ્રંથનું વાચન અને પછી આચરણ શા માટે અનિવાર્ય છે તે સિદ્ધ કરવા માટે થઈને એમણે વ્યાપક રીતે 'નિમંત્રણ' આપ્યું છે. એમાં લેખકે વિશ્વભરના દેશો કાલ્પનિક અને કંઈક અંશે માનવ ઇગો-માંથી જન્મેલા આધિપત્યભાવના પરિણામ સ્વરૂપે લશ્કરોનું બજેટ કેવી રીતે વધારતા જાય છે તેનું ચિત્ર રજુ કર્યું છે. માનવ કલ્યાણ કે માનવ ઉપયોગી સગવડો રચવાના બદલે શસ્ત્રોના ઉત્પાદન અને વપરાશના ખર્ચમાં કેટલા મોટા પ્રમાણમાં નાણા રોકવામાં આવી રહ્યાં છે અને તે પડોશી અને પોતાને કઈ રીતે અશાંત રાખી રહ્યાં છે તેનું ભયાવહ ચિત્ર આપણી સામે ખડું કરવામાં આવ્યું છે. એ માટે એમણે કરેલ અભ્યાસ અને પ્રમાણભુત તથ્યોની રજૂઆત ચિત્ત પર અસર જન્માવનારી છે. એકવાર નહીં અનેક વાર આખા પૃથ્વી ગ્રહને સદંતર નાશ કરી શકાય એટલા અણુશસ્ત્રોનો ખડકલો કરીને એના પર સુતેલી માનવજાત પાછી એવા તર્કમાં રાચે છે કે આ શસ્ત્રો દ્વારા જ શાંતિ જળવાઈ રહે છે...! બીજી બાજુ અસમાન વહેંચણી અને વ્યાપારી વૃત્તિના કારણે વ્યાપક પ્રમાણમાં માનવબંધુઓ ભૂખમરા અને કુપોષણથી પીડાય રહ્યા હોવાની વાસ્તવિકતા દ્વારા વિકાસની રાડો પાડનારાં રાજનેતાઓએ કેવી રાજ્યવ્યવસ્થાઓ ખડી કરી આપી હોવાનું ચિત્ર પણ આપણી સામે રજૂ થાય છે. આવું કહેતી વખતે એ પણ નોંધવું જરૂરી લાગે છે કે ક્યાંય લેખકનો સ્વર ડંખભર્યો થતો નથી. એ કોઈનાય તરફ કટુતાથી આંગળી ચીંધવાના બદલે માનવચિત્તના દુરુપયોગને પ્રગટ કરે છે. અણસમજને ચીંધી આપે છે. એક બાજુ વ્યાપક એવા સમુદ્રો, નદીઓ તો બીજી બાજુ પાણીની વ્યાપક બનતી ચાલેલી સમસ્યાઓ, વસ્તી વિસ્ફોટ દ્વારા સર્જાયેલ ભયંકર પરિસ્થિતિો, કુદરત દ્વારા આપવામાં આવેલી પ્રાથમિક ઉર્જાનો સમજ્યા વિનાનો વપરાશ આવનારા થોડાં જ સમયમાં કેવી સમસ્યા સર્જશે તેનું ચિત્ર, અત્યંત મુલ્યવાન એવા જંગલોનો નાશ - કઈ રીતે ગ્રહને ગ્રસી રહ્યાં છીએ, આ ગ્રહ કેવળ માનવ માટે નથી. સૂક્ષ્મથી માંડી વિરાટ જીવોની આખી સાંકળને માનવો કઈ રીતે આડેધડ તોડી રહ્યાં છે ને પરિણામ સ્વરૂપે કઈ રીતે સંકુચિત વૃત્તિના કારણે વૈશ્વિક વિનાશને નોંતરી રહ્યાં છીએ તેનું આ પ્રકરણમાં વ્યાપક આલેખન કરવામાં આવ્યું છે.

લેખકે સરસ ભૂમિકા આપતા લખ્યું છે : 'વીસમી સદીમાં, વિજ્ઞાન અને ટેકનોલોજીએ, પરંપરાગત માળખા બહાર, બિનપરંપરાગત, પરંપરામુક્ત રીતે વિચારણા કરીને, કૂદકે ને ભૂસકે વિકાસ સાધ્યો છે તેના આપણે સાક્ષી છીએ. દુર્ભાગ્યે એ સમયે માનવસંબંધોનો વિકાસ કરવા તરફ પુરતું ધ્યાન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અપાયું નથી. હકીકતમાં તો માનવસંબંધો અને માનવચેતનાના વિકાસને સર્વોચ્ચ અગ્રતા અપાવી જોઈએ. વિજ્ઞાન અને ટેકનોલોજીની ભૂમિકા તો માત્ર તેને હંકારવાની છે, તેને માર્ગદર્શન આપવાની નથી. તેને બદલે વિજ્ઞાન અને ટેકનોલોજી માટે અબજો ડૉલર ખર્ચી નાંખવામાં આવ્યા છે. પરિણામે માનવીઓની પરસ્પરને સમજવાની ક્ષમતાનો વિકાસ કરતા પણ વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ વેગીલો બન્યો છે. માનવચેતનાને સંચાલનનું સુકાન સોંપ્યા વગર આપણે ઝંઝાવાતમાં જ હંકારે રાખ્યું છે. હવે માનવજાતિની નૌકાનો સંપૂર્ણ વિનાશ થાય તે પહેલાં આપણે ઝડપભેર અને કાળજીપૂર્વક તેનું શાંત પાણી તરફ દિશાપરિવર્તન કરવું પડશે.[2]

આટલી પીઠિકા રચી આપ્યાં પછી લેખક માનવચિત્ત પર કેન્દ્રિત થયા છે. જ્ઞાન શું છે ? ચિત્ત કઈ રીતે કાર્યરત થાય છે. એમાં માહિતીઓમાંથી માંડી પ્રજ્ઞા, મેધા અને અતીન્દ્રિય બોધ સુધી કઈ રીતે માનવચિત્ત વિસ્તરે છે. તેનાથીએ આગળ પરાભૌતિક બાબતોમાં સક્રિય થઈને પરમ સુધી પહોંચવાના માર્ગો કયા કયા હોઈ સકે-તેની ઊંડાણભરી વિચારણા એમણે સરળ ભાષામાં, ગ્રાફ દ્વારા દર્શાવીને માનવચિત્તને સમજવા, સમજાવવાનો પ્રયાસ કર્યો છે. કેમકે, કોઈપણ મોટી સમસ્યાના મૂળ આખરે તો માનવચિત્તમાં પડેલા છે. એટલે એના મૂળને સમજ્યા વિના સાચા ઉકેલો સુધી પહોંચવું અશક્ય જ બની રહે. એ લખે છે : 'આતંકવાદનો નિવેડો લાવવાના અને વિશ્વશાંતિ સ્થાપવાના સાંપ્રત અભિગમો માહિતી, પ્રજ્ઞા અને માનવજાતિ વૈશ્વિક વિનાશ તરફ ધકેલાય છે. આપણા જ્ઞાનને ઉન્નત કરીને પરંપરામુક્ત વિચારવું એ આપણા બસની વાત છે. આપણા મન અને મનઃસ્થિતિને બદલવા પરાભૌતિક જ્ઞાનના સ્તર સુધી આપણા જ્ઞાનને વિકસાવવું પડે. તેનાથી વૈશ્વિક ઉપચાર થઈ શકશે. આ કર્તવ્યની શરૂઆત માટે આપણે માનવમનની, તેની સંપૂર્ણ જટિલતા સહિતની રચના સમજવી પડશે.'[3]

પરંપરામુક્ત વિચારવા માટે કેમ મુશ્કેલી સર્જાય છે, માનવચિત્તને પરંપરાગત શૈલીએ કઈ રીતે ઘડવામાં આવ્યું છે ને પરિણામ સ્વરૂપે સામાન્યતઃ એ કઈ દિશામાં ગતિ કરે છે તેના તારણો આપ્યા પછી પરંપરામુક્ત થવા માટે કેવા માર્ગો હોઈ શકે તેની વિગતે વિચારણા આપી છે. સાત ઘટકો સમજાવીને ઉત્કટ ડહાપણ સુધી કઈ રીતે પહોંચી શકાય ને કઈ રીતે સામાન્ય થી અસામાન્ય થવાની દિશા હાથ લાગે તેના નિર્દેશો લેખક દ્વારા આપવામાં આવ્યાં છે.

લેખકે એક જ અંશમાંથી જન્મેલી માનવજાત કઈ રીતે વાડાઓમાં વિભક્ત થઈ તેની વાત આ રીતે કહી છે : 'આદિ માનવ પોતાના રક્ષણ માટે સમૂહમાં રહેવા લાગ્યો. વસ્તી વધવા લાગી. સાથે રહેવાના કારણે તેમણે સલામતી અનુભવી અને તે એકબીજા પર આધાર રાખતા થયા. તેમણે ખાવા માટે અન્ન, હવામાન સામે રક્ષણ મેળવવા કપડાં અને રહેવા માટે ઝૂંપડાં બનાવ્યાં. અસ્તિત્વ ટકાવી રાખવાની તથા સલામતીની મૂળભૂત જરૂરિયાતો સંતોષાતાં તે આગળ વધ્યો તેના પછીની જરૂરિયાત અને માન-સન્માનની ભાવનાથી તે આગેવાનો બન્યા. તેમણે તેમના સમુદાયોને માર્ગદર્શન અને સેવા માટેની સત્તા અને જવાબદારી ધારણ કરી. આ બધાં સમુદાયો વિકસીને રાજ્યો બન્યાં અને આખરે આખી દુનિયા પર છવાઈ ગયા. સંબંધની ભાવના બહુ મહત્ત્વની છે. સમુદાયોમાં તે વર્ણ, જાતિ, વંશ તથા રાજકીય અને ધાર્મિક માન્યતાઓ આધારિત હોય છે. તેમણે ક્ષમતા, ધન અને તાકાતના આધારે સ્પર્ધાની લાગણી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કેળવી, જે વિરોધ અને શત્રુતામાં પરિણમી. તેનાથી ક્ષેત્રો, રાજ્યોના વિસ્તાર વધારવા માટે યુદ્ધો થયા. જે જીત્યા તેમણે શાસન ચલાવ્યું અને પોતાના કાયદા અને માન્યતાઓ બીજા પર લાદ્યા.

વિશ્વ કુટુંબની ઐતિહાસિક ઉત્ક્રાંતિ દરમિયાન બે પરિબળો સતત એકબીજાને અવરોધતાં રહે છે. એક પરિબળ તે બીજા પર શાસન લાદવાની તીવ્ર ઉત્કંઠા, જે માનવ અહંકારની યાત્રા છે. બીજું પરિબળ તે મુક્તિ અને વિકાસની આકાંક્ષા, જે જાગૃતિના વિસ્તરણ સાથેની આધ્યાત્મિક યાત્રા છે. ઉત્ક્રાંતિના પ્રત્યેક પગથિયે હિંસાનો દોર અને પ્રમાણ વધ્યાં છે... હવે સમય છે પરાભૌતિકના પથ અને ડહાપણના માર્ગે માહિતી, પ્રજ્ઞા અને મેધાથી પાર માનવ જાગૃતિ, ચેતનાને ફેલાવવાનો જેનાથી આપણને દુઃખ અને યાતનાના દૃષ્ટિબિંદુને પ્રેમ અને આનંદપ્રમોદમાં ફેરવી શકીએ.[૪]

આધિપત્યના વિવિધ ઘટકો વર્ણવીને લેખકે કઈ રીતે શાસકો, મજબૂત દેશો આધિપત્ય જમાવતા હોય છે તેની વાત કરી છે. પહેલો ઘટક : અંકુશ. બીજો ઘટક બીજાઓ પર શાસનની સત્તા. જો બીજા પર આપણી સત્તા નહીં હોય તો આપણા પર બીજાની સત્તા રહેશે. એવો ભાવ. ત્રીજો ઘટક : અવિશ્વાસ. છઠ્ઠો ઘટક : ઝૂંટવવાનો અથવા ઝૂંટવાઈ જવાનો ડર. સાતમો અને છેલ્લો ઘટક : દોષારોપણનો કહીને લેખકે કહ્યું છે : જરૂરિયાતોના અધિક્રમનું કેન્દ્રબિંદુ આધિપત્ય પર આધારિત છે. વિશ્વકુટુંબના સભ્યોની પ્રગતિ સભ્યો વચ્ચેના સહકાર અને સહસર્જન પર આધાર રાખે છે. આમ છતાં સહકાર અને સહસર્જન મુકાબલા અને સ્પર્ધામાં ફેરવાયા છે. નેતાઓ પોતાના સ્થાનની સલામતી માટે અને સત્તા ટકાવી રાખવા માટે આધિપત્યનો માર્ગ અપનાવે છે અને પરસ્પર સ્પર્ધા કરે છે. આપણે વિશ્વકુટુંબના સભ્યોએ જ નેતાઓને આ માર્ગે જવા દીધા છે.

ઉત્ક્રાંતિના સાત સિદ્ધાંતો દ્વારા કઈ રીતે વિશ્વકુટુંબમાં પ્રેમપૂર્વક રહી શકાય, કઈ રીતે આંતરિક અને આંતરરાષ્ટ્રીય સંઘર્ષોમાંથી ઉગરી શકાય તેના રસ્તાઓ બતાવ્યાં છે. હાલ ફલોરિડાના ઑરલાન્ડો શહેરમાં બે સંતાનો અને પત્ની સાથે વસતા વિપિન મહેતા મૂળે ઍન્જિનિયર અને પછીથી ડેમોક્રેટ અને રીપબ્લિક બંને પક્ષના રાજકારણીઓના પરાભૌતિક અને આધ્યાત્મિક સલાહકાર તરીકે જાણીતા બન્યા છે. તેમણે દુનિયાભરના આધ્યાત્મિક ગુરુઓ અને ગૂઢવાદીઓ પાસે પરાભૌતિક અને આધ્યાત્મિક અધ્યયન કર્યું છે. ઉપરાન્ત હિન્દુધર્મ, બૌદ્ધ ધર્મ, તાઓ, જૈન, શીખ, ઝેન, ખ્રિસ્તી, યહુદી, ઇસ્લામ, સુફી સહિતના પરાભૌતિક અને આધ્યાત્મિક ધર્મગ્રંથનો અભ્યાસ કર્યો છે.

શ્રીદેવી મહેતાએ આ ગ્રંથનો એટલો સરસ અનુવાદ કર્યો છે કે મૂળ ગુજરાતી ગ્રંથરૂપે જ લખાયો હોય તે પ્રકારની અનુભૂતિ આ પુસ્તક વાંચતી વેળાએ થાય છે. ભારતીય સંસ્કૃતિમાં આ વિચારણા પ્રમાણમાં સહજ લાગે એ હદે આપણામાં વણાયેલી છે. સભાન એવા બૌદ્ધિકો, આધ્યાત્મક માર્ગના પ્રવાસીઓ અને માનવતાના પ્રવર્તકો સ્વાભાવિક જ આ ગ્રંથના વિચારો સાથે સહમત થાય. જરૂર છે આ વિચારને આચરણમાં ફેરવી શકાય તે માટેના સરળ, સહજ ઉપયોગોની. કેમકે જીવનની વર્તમાન આંટીઘૂંટીઓમાં અટવાયેલા સામાન્યજન પાસે મનને જાણવા, વિશ્વને કુટુંબ રૂપે સમજવા અને ખાસ તો લોભામણા રસ્તે અગ્રેસર કરનારાં રાજનેતાઓ, ધર્મનેતાઓ કે પછી જેની સમીપ જીવે છે એવા શિક્ષકો,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સલાહકારોની પરંપરાગત વિચારસરણીથી ઉપર ઉઠવું સરળ હોતું નથી. વળી સ્થાપિત હિતો સંકળાયેલા છે એવા અગ્રણીઓ એ પ્રકારની હકારાત્મક પરિસ્થિતિ સરળતાથી સર્જવા દે તેમ પણ હોતા નથી. એવા કાળે પરંપરામુક્ત વિચારસરણી અપનાવવી અને આચરણમાં મુકવા માટેની સ્થિતિ એક આદર્શ કલ્પનાથી વિશેષ કેમ બનશે તે ચિંતા સ્વાભાવિક જ જન્મે છે.

વિપિન મહેતા, સંપાદક જિતેન્દ્ર શાહ અને પ્રકાશન સાથે સંકળાયેલા સૌને સાહસ અને સત્કર્મ કરવા બદલ અભિનંદન.

પાદટીપ

૧. પુરોવચન, પૃ. ૭.

૨. વૈશ્વિક ઉપચાર : પરંપરામુક્ત વિચારણા, પૃ. ૧૮

૩. એજન, પૃ. ૬૦

૪. એજન, પૃ. ૯૮

વૈશ્વિક ઉપચાર - પરંપરામુક્ત વિચારણા

લેખક : વિપીન મહેતા

ગુજરાતી અનુવાદક : શ્રીદેવી મહેતા

સંપાદક : જિતેન્દ્ર બી. શાહ

ભાષા : ગુજરાતી, પૃષ્ઠ : , મૂલ્ય : ૨૦૦ રૂા., પ્રકાશન વર્ષ : ૨૦૧૨

પ્રકાશક : શ્રુતરત્નાકર, ૧૦૪, સારપ, નવજીવન પ્રેસ સામે, આશ્રમરોડ, અમદાવાદ-૧૪.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# અક્ષરપુરુષોત્તમમાહાત્મ્યમ્

**ગ્રંથપરિચય : સાધુ શ્રુતિપ્રકાશદાસ**

**વિષય પ્રવેશ**

સંસ્કૃત સાહિત્ય તમામ ભાષાઓના સાહિત્યથી ત્રણ વિશેષણો દ્વારા જુદું તરી આવે છે.

૧. વિપુલતા
૨. પ્રાચીનતા
૩. વિવિધતા

માનવજાતિનો આદિ ગ્રંથ અર્થાત્ ઋગ્વેદ તેમ સૌ કોઈ પ્રાચીન તથા આધુનિક વિદ્વાનો સ્વીકારે છે. સંસ્કૃત સાહિત્યની પ્રાચીનતાની દૃષ્ટિએ ઋગ્વેદને પ્રમુખ પ્રતિનિધિ ગણીને આ ભાષાની પ્રાચીનતા માનવજાતિ લખતા શીખી તેટલી બેશક કહેવાય.

વિપુલતા માટે એક જ દૃષ્ટાંત પર્યાપ્ત છે. ઇન્દ્ર રાજાએ સ્વર્ગમાં પારાયણ બેસારી. બૃહસ્પતિ વક્તા બન્યા. આ શબ્દપારાયણ દેવોના સો વરસ સુધી ચાલી પરંતુ પૂર્ણ થઈ નહીં[1], દેવોના સો વરસ અર્થાત્ મનુષ્યના ૧,૨૯,૬૦,૦૦૦ (એક કરોડ, ઓગણત્રીસ લાખ અને સાઠ હજાર વરસ) આ થઈ દેવભાષાની વિપુલતા.

પ્રાચીનતાને કારણે સમય પ્રમાણે સંસ્કૃત સાહિત્યની વિપુલતા વધતી ગઈ. વૈદિક સાહિત્ય, ઈતિહાસ, કાવ્ય, નાટક, તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન, કથાસાહિત્ય, નીતિશાસ્ત્ર, સ્તોત્રસાહિત્ય, શબ્દકોશ, સુભાષિતો, વ્યાકરણ, ન્યાયોક્તિઓ વગેરે વૈવિધ્ય ઊમેરાતું રહ્યું. પ્રત્યેક વિષયમાં પણ અનેક વિવિધતા થતી રહી, કેવળ કાવ્ય જ લઈએ તો મહાકાવ્ય, ખંડકાવ્ય, નીતિકાવ્ય, ઉપદેશકાવ્ય, અત્યુક્તિકાવ્ય, શાસ્ત્રકાવ્ય, દેવકાવ્ય, ચમ્પૂકાવ્ય વગેરે અનેક ભેદો પ્રભેદો થયા.

ચિંતનપ્રધાન સાહિત્ય ઋષિમુનિઓએ અરણ્યમાં રચ્યું. કાળાંતરે કાવ્ય સૃષ્ટિ પ્રધાન સાહિત્ય રાજ્યાશ્રયીય કવિઓ દ્વારા રચાતું રહ્યું.

બૌદ્ધ અને નૈયાયિક દાર્શનિકોનાં સંઘર્ષમાં તર્કપ્રધાન સાહિત્ય રચાતું રહ્યું. ૮મી સદીમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રસ્થાનત્રયીને આધાર બનાવીને શંકરાચાર્યે વેદાંત સંપ્રદાય સ્થાપતા સાહિત્યે નવો વળાંક લીધો. ત્યારબાદ અઢારમી સદી સુધી વિવિધ વૈષ્ણવ, શૈવ અને શાક્ત સંપ્રદાયોમાં સ્તોત્ર, ચરિત્ર, મંત્ર, ઉત્સવો, મંદિર-મઠ વ્યવસ્થાપન, દીક્ષા પ્રતિષ્ઠા, ત્યાગી-ગૃહસ્થ નિયમો, પૂજા પ્રણાલી, ચિત્તસંયમના ઉપાયો વગેરે અનેક વિધિ સાહિત્ય સંપ્રદાયનું દીર્ઘ કાળ સુધી નિરામય આયુષ્ય રહે તે માટે રચાતું રહ્યું.

કાળાંતરે પ્રાદેશિક ભાષાઓનું પ્રચલન વધ્યું, તેમ જ અન્યધર્મીઓના શાસનને કારણે બિનભારતીય ભાષાઓ પણ ઉમેરાણી, પરિણામે સંસ્કૃત સાહિત્યને સમજનારો, વાંચનારો વર્ગ ઓછો થવા લાગ્યો.

ધાર્મિક સંપ્રદાયોએ પોતાના આવા અનુયાયી વર્ગને જાળવી રાખવા માટે પારાયણપ્રથાનો વિકાસ કર્યો. એક વિદ્વાન સંસ્કૃત ગ્રંથ વાંચે અને સૌ શ્રવણ કરે. રામાયણ, ભાગવત તથા શિવપુરાણ વગેરે શાસ્ત્રોની પારાયણો ભાગ્યે જ કોઈ શહેર કે ગામમાં નહીં થઈ હોય. આમ સંસ્કૃતના માધ્યમથી ધાર્મિક શ્રદ્ધા જાળવીને સંપ્રદાયને પુષ્ટ કરવાનું કાર્ય થતું રહ્યું.

ભગવાન સ્વામિનારાયણે સંપ્રદાયની પુષ્ટી માટે તથા તેની દીર્ઘકાળ સુધી નિરામયતા રહે તે માટે સંતોને ગ્રંથ રચવા આજ્ઞા કરી. તેને પરિણામે સંસ્કૃત, વ્રજભાષા તથા ગુજરાતીમાં સાહિત્ય સર્જાતું રહ્યું. તે જ પરંપરામાં અક્ષરપુરુષોત્તમમાહાત્મ્યમ્ ગ્રંથ રચાયો છે.

### અક્ષરપુરુષોત્તમમાહાત્મ્યમ્ શબ્દાર્થ

અક્ષર અને પુરુષોત્તમના મહિમાનું ગાન, અક્ષર અને પુરુષોત્તમ શબ્દો પ્રાચીન છે. ભગવદ્ગીતામાં આઠમા અધ્યાયનું નામ અક્ષરબ્રહ્મયોગ છે અને ૧૫મા અધ્યાયનું નામ પુરુષોત્તમયોગ છે.

મુંડકોપનિષદ્માં બ્રહ્મવિદ્યાનું સ્વરૂપ વર્ણવતા કહ્યું છે કે 'યેનાક્ષરં પુરુષં વેદ સત્યં પ્રોવાચ તાં તત્ત્વતો બ્રહ્મવિદ્યામ્', (મું.૧-૨-૧૩) અર્થાત્ અક્ષર અને પુરુષોત્તમના જ્ઞાનને બ્રહ્મવિદ્યા કહી છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં અક્ષરબ્રહ્મ અર્થાત્ ભગવાન સ્વામિનારાયણના પ્રથમ અનુગામી જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરના મહંત સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામી અને પુરુષોત્તમ સ્વયં સહજાનંદ સ્વામી ભગવાન સ્વામિનારાયણ.

સ્વામિનારાયણ શબ્દનો પણ એક અર્થ અક્ષરપુરુષોત્તમ છે. સ્વામી અર્થાત્ ઉત્તમ ભક્ત, જેને જ અક્ષર કહે છે. અને નારાયણ શબ્દ પુરુષોત્તમનો વાચક છે. પ્રસ્તુત ગ્રંથ ભગવાન સ્વામિનારાયણ તથા તેમની અક્ષરબ્રહ્મ ગુણાતીત ગુરુપરંપરાનું ગાન કરે છે. આ ગુરુપરંપરાના વર્તમાન પાંચમા ગુરુ પ્રમુખ સ્વામી મહારાજ છે.

પ્રસ્તુત ગંથ સંપ્રદાયના તમામ પાસાઓને આવરીને રચાયેલ શાસ્ત્ર છે. અહીં તેને બંધારણ પક્ષ અને ભાષાવૈભવપક્ષ આમ બે વિભાગમાં નીરખીશું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

### સંપ્રદાયનો બંધારણ પક્ષ

સ્વામિનારાયણ સંપ્રદાય કોઈ નવો સંપ્રદાય નથી, પરંતુ કવિવર નાનાલાલ દલપતરામના શબ્દોમાં કહીએ તો 'સંસારની ને ધર્મની ફૂલ ક્યારાઓની ભાંગેલી પાળો શ્રીજીએ સમારી છે.'[૨]

આવી રીતે હિંદુ ધર્મના જ નવલારૂપ તરીકે આ સંપ્રદાયને નીરખીએ ત્યારે હિંદુધર્મનાં તમામ પાસાઓ પણ સંપ્રદાયમાં હોય તે સહજ બાબત છે. ગ્રંથકારે પ્રસ્તુત ગ્રંથમાં સાંપ્રદાયિક બંધારણની દૃષ્ટિએ હિંદુધર્મનાં પાસાઓને કેવી રીતે સમાવેશ કર્યો છે તે નીરખીએ.

### સાંપ્રદાયિક બંધારણનાં પાસાઓ

ભગવાન સ્વામિનારાયણે તેમના ઉપદેશગ્રંથ વચનામૃતમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્યે સહિત ભક્તિનું અર્થાત્ એકાંતિક ધર્મનું નિરૂપણ વારંવાર કર્યું છે. એકાંતિક ધર્મને પ્રવર્તાવવો તે તેમનું એક પ્રધાન કાર્ય હતું. તેમના પરમહંસો તેથી જ તેમને 'એકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી' વિશેષણથી નવાજે છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહિત ભક્તિને કારણે સંપ્રદાય દીર્ઘકાળ સુધી નિરામય રહે, તેથી તેનું વાસ્તવિક નિરૂપણ ભગવાન સ્વામિનારાયણે ઘણીવાર કર્યું છે.

પ્રસ્તુત ગ્રંથમાં આ પાસાને આવરી લેવામાં આવ્યો છે, જે સંપ્રદાયને દીર્ઘકાળ સુધી નિરામયતા બક્ષે છે.

### ધર્મ નિરૂપણ

પ્રસ્તુત શાસ્ત્રમાં વર્ણાશ્રમના નિયમો (૨/૧૮) ગૃહસ્થ અને ત્યાગીના નિયમો (૪/૫૩-૫૬) પૂજારીના નિયમો (૨/૫૫) સૂર્ય અને ચંદ્ર ગ્રહણ વખતે પાળવાના નિયમો (૪/૧૭) સોળ સંસ્કાર (૨/૧૮-૧૯) શ્રાદ્ધવિધિ (૨/૧૯) વગેરે જોવા મળે છે. જે પ્રસ્તુત ગ્રંથને ધર્મશાસ્ત્ર કોટિમાં મૂકવા માટેનાં લક્ષણો ધરાવે છે.

આ નિયમોની વિશેષતા એ છે કે પ્રાચીન સિદ્ધાંતો સ્વીકારીને તેને વર્તમાન સમયને અનુરૂપ બનાવવાનો પ્રયાસ કર્યો છે.

જેમકે :- ચાર આશ્રમોનાં નિરૂપણમાં વાનપ્રસ્થ આશ્રમને વર્તમાનકાળને અનુરૂપ લખતા કહે છે કે -

**जाते पुत्रादिके तस्मै संस्कुर्याच्छास्त्रवर्त्मना ।**
**व्यवहारकुशलं कृत्वा दत्त्वा व्यावहारिकीं धुरम् ॥ २४ ॥**

**स्वयंव्यक्तेऽथवा सिद्ध आलये तीर्थक्षेत्रके ।**
**भगवद्भजनं कुर्याद् वानप्रस्थ्यं तु नेतरद् ॥ २५ ॥**

સંતાનનો જન્મ થાય એટલે તેને શાસ્ત્ર પ્રમાણે સંસ્કાર આપીને, વ્યવહારકુશળ બનાવીને,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વ્યવહારની ધુરા સોંપીને, પોતે પ્રભુએ બંધાવેલ અથવા સંતોએ રચાવેલ મંદિરોમાં અથવા તીર્થોમાં ભગવાનનું ભજન કરવું. આ સિવાય કોઈ વાનપ્રસ્થ આશ્રમ નથી. (૨/૧૯/૨૪-૨૬)

સ્વામિનારાયણ સંપ્રદાયના ત્યાગશ્રમીઓના નિયમોમાં અષ્ટાંગ બ્રહ્મચર્યનો નિયમ અદ્વિતીય છે, પરંતુ સ્ત્રીદાક્ષિણ્યને અનુસરનારાઓને સદાય તે નિયમમાં સ્ત્રીઓનું અપમાન, સ્ત્રીઓના ઉત્કર્ષનો અભાવ વગેરે જણાતું હોય છે. તેના ચાર પ્રશ્નો ઉપસ્થિત કરીને સચોટ ઉત્તરો આપ્યા છે. અહીં ફક્ત પ્રશ્નો જ મૂકીશું ઉત્તરો ગ્રંથમાં વાંચવા વિનતિ છે.

હર્ષદરાય કહે છે : (શ્રોતાઓના તમામ વિચારોને ચાર પ્રશ્નમાં વહેંચે છે)

(૧) સંપ્રદાયમાં સ્ત્રીઓને પુરુષોની માફક પોતાના વિચારો પ્રગટ કરવાની તક કેવી રીતે મળે ?
(૨) મોક્ષમાર્ગમાં પુરુષોની જેમ સ્ત્રીઓને સમાનતા કેમ સંભવે ?
(૩) સંતો પાસેથી સ્ત્રીઓને ભાષણ વગેરેનો લાભ ન મળે તો તેમનું કલ્યાણ કેમ થાય ?
(૪) સિદ્ધ સંતો તો અગ્નિતુલ્ય છે તેમને સ્ત્રીઓ સાથે ભાષણ વગેરેમાં શો દોષ ?

હે હરિભક્તો ! તમારા આ ચાર પ્રશ્નો છે તેનું નિરૂપણ કરું છું. (૨/૨૮/૧૩-૧૫)

ધર્મ-નિયમોમા સંદર્ભમાં મનુસ્મૃતિ, વ્યાસસ્મૃતિ, વૃદ્ધપરાશરસ્મૃતિ, વૃદ્ધવાસિષ્ઠસ્મૃતિ, કાલમાધવસ્મૃતિ વગેરે સ્મૃતિઓનાં સંદર્ભો આપ્યા છે. આ સિવાય પ્રસ્તુત અધ્યાયોમાં તમામ સ્મૃતિઓનો સાર આવી જાય છે.

**અહિંસાનિરૂપણ**

આ નગરમાં એક જગજીવન નામે બ્રાહ્મણ રહેતો હતો. તે બ્રાહ્મણોનો આગેવાન હતો અને રાજાનો પ્રસિદ્ધ મંત્રી હતો. પાર્વતી સાથે મહાદેવજીની ઉપાસના કરતો,દાન આપતો. નીતિવાન હોવા છતાં શ્રીહરિ પ્રત્યે તે દુષ્ટને અકારણ સ્વભાવથી જ અતિશય વેરબુદ્ધિ થઈ હતી. એનાં પુત્ર, પત્ની વગેરેને શ્રીહરિના આશ્રિત જાણીને દુઃખ આપતો હતો. (૨૭-૨૯)

તેણે ભૂજમાં પશુહિંસામય યજ્ઞ આરંભ્યો હતો. દૂર દૂરથી વેદમંત્રના તામસી પંડિતો બોલાવ્યા હતા. દ્રવ્યના બળથી ઉન્મત્ત થયેલ તેણે વેદશાસ્ત્રના અર્થને જાણનાર શ્રીહરિના મતને જાણવા માટે શ્રીહરિને યજ્ઞમાં આમંત્રણ આપ્યું હતું. 'આમંત્રણ ન આપ્યું હોય તોપણ યજ્ઞમાં જવું' આવા સ્મૃતિવચનને કારણે સર્વજ્ઞ શ્રીહરિ યજ્ઞશાળામાં પધાર્યા. (૩૦-૩૨)

જગજીવને આદરપૂર્વક સન્માન કર્યું. શ્રીહરિની સામે બેસીને મીઠાં વચનો બોલવા લાગ્યો : હે સ્વામી ! તમે યજ્ઞની સમાપ્તિ સુધી શિષ્યો સાથે અહીં રહેજો. તેનું વચન શ્રીહરિએ સાંભળ્યું, પરંતુ ત્યાં વધ કરવા માટે બાંધેલ આક્રોશ કરતાં બકરાઓને જોઈને દયાળુ શ્રીહરિએ કહ્યું : આ આક્રંદ કરતાં પશુઓને છોડી દો. તેનો તમે વધ ન કરો. નિરપરાધીને મારવા તે બ્રાહ્મણનો આ ધર્મ નથી. હે વિદ્વાન્ ! પશુની હિંસાથી તમારું બ્રાહ્મણપણું નાશ પામી જશે. તમે સારા કુળમાં જન્મેલ છો, તો નિરપરાધી પશુઓને છોડી દો. (૩૨-૩૬)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે વિપ્ર ! આપણે બ્રાહ્મણો ક્ષમા આપવાથી પૂજ્યપણાને પામ્યા છીએ. હિંસાથી નહીં. તો પછી હિંસા કરવાથી બ્રાહ્મણપણું કેમ રહે ? તમે અન્ન, દૂધ, ઘી વગેરેથી મોટું પુણ્ય આપનાર યજ્ઞ કરો. આ હિંસામય યજ્ઞરૂપ મહાપાપથી પાછા વળો. દેવતાઓને સાત્ત્વિક કહ્યા છે અને અસુરોને તામસી કહ્યા છે. તમે તમારું દૈવત સાચવો. શા માટે આસુરીભાવ વહોરી લો છો ? આ પશુઓને છોડીને પાયસ વગેરેથી યજ્ઞ કરવાના હો તો હું અહીં યજ્ઞમાં રોકાઉં. (૩૭-૪૦)

સ્વામી યજ્ઞપુરુષદાસજી કહે છે : આવું શ્રીહરિનું વાક્ય સાંભળીને જગજીવન ડગી ગયો, પરંતુ તામસી બ્રાહ્મણોએ તેને ચડાવ્યો. (તેથી તે કહેવા લાગ્યો.)

જગજીવન કહે છે : યજ્ઞહિંસા તો વૈદિક કહેવાય છે. શ્રુતિનું વચન છે કે યજ્ઞ માટે જ પશુઓ સર્જ્યાં છે. હે બુદ્ધિમાન ! 'अजेन यजेत' આ વાક્ય તો અનેક વખત શ્રુતિમાં આવે છે. વેદવિહિત હિંસાને બુદ્ધિશાળીઓએ હિંસા માની જ નથી. વધ થયેલ પશુ તો સુવર્ણમય શરીર ધારણ કરીને સ્વર્ગમાં જાય છે. આમ, શ્રુતિ પશુને સુખ મળે છે તેમ કહે છે. તમે કલ્પેલ દુઃખ નહિ. આવા વૈદિક માર્ગને નાશ કરવા માટે આ પૃથ્વી પર કોણ સમર્થ છે ? અમે પશુઓને મોક્ષ આપે તેવો વૈદિક યજ્ઞ કરીશું.(૪૨-૪૫)

**श्रीहरिरुवाच**

न हि वेदस्य तात्पर्यं हिंसायां वर्तते द्विज !
रागप्राप्ताऽथ या हिंसा तत्सङ्कोचेऽवगम्यताम् ॥ ४६ ॥

बीजैर्यज्ञेषु यष्टव्यमिति वै वैदिकी श्रुतिः ।
अजसञ्ज्ञानि बीजानि छागं न हन्तुमर्हसि ॥ ४७ ॥

यज बीजैर्द्विजश्रेष्ठ ! येषु हिंसा न विद्यते ।
त्रिवर्षपरमं कालमुषितैरप्ररोहिभिः ॥ ४८ ॥

हिंसायज्ञपरो वेद इत्युक्तेऽपि व्यथाङ्गतः ।
राजोपरिचरो विप्र ! हिंसको व्रजेत् कथम् ? ॥ ४९ ॥

पशुघातोऽस्ति धर्मस्तत्र सतां मतमुच्यते ।
सुखं धर्मफलं प्रोक्तं दुःखमधर्मसम्भवम् ॥ ५० ॥

दुःखमेव फलं प्रोक्तं पशुघातस्य कर्मणः ।
श्रीमद्भागवते विप्र ! धर्मः स कथ्यते कथम् ? ॥ ५१ ॥

**श्रीमद्भागवतवचनम्**

भो ! भो ! प्रजापते राजन् ! पशून् पश्य त्वयाऽध्वरे ।
सञ्ज्ञपितान् जीवसङ्घान्निर्घृणेन सहस्रशः ॥ ५२ ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

एते त्वां सम्प्रतीक्षन्ते स्मरन्तो वैशसं तव ।
सम्परेतमयःकूटैः छिन्दन्त्युत्थितमन्यवः ॥ ५३ ॥

तं यज्ञपशवोऽनेन सञ्ज्ञप्ता येऽदयालुना ।
कुठारैश्छिच्छिदुः क्रुद्धाः स्मरन्तोऽमीवमस्य तत् ॥ ५४ ॥

श्रीहरिरुवाच

गच्छेत्सञ्ज्ञपितं तूर्ध्वमिति तामसमुच्यते ।
हिंसासङ्कोचने तस्य तात्पर्यं विद्धि वाडव ! ॥ ५५ ॥

महाभारतवचनम्

सर्वकर्मस्वहिंसां वै धर्मात्मा मनुरब्रवीत् ।
कामाकाराद्विहिंसन्ति बहिर्वेद्यां पशून्नराः ॥ ५६ ॥

तस्मात्प्रमाणतः कार्यो धर्मः सूक्ष्मो विजानता ।
अहिंसा सर्वभूतेभ्यो धर्मेभ्यो ज्यायसी मता ॥ ५७ ॥

मनुस्मृतिवचनम्

नाऽकृत्वा प्राणिनां हिंसां मांसमुत्पद्यते क्वचित् ।
न च प्राणिवधः स्वर्ग्यस्तस्मान्मांसं विवर्जयेत् ॥ ५८ ॥

वृद्धपराशरवचनम्

यस्तु प्राणिवधं कृत्वा पितृन्मांसेन तर्पयेत् ।
सोऽविद्वांश्चंदनं दग्ध्वा कुर्यादङ्गारलेपनम् ॥ ५९ ॥

नहि मांसं तृणात्काष्ठादुपलाद्वापि जायते ।
जन्तुघाताद्भवेन्मांसं तस्माद्दोषोऽस्ति भक्षणे ॥ ६० ॥

श्रीहरिरुवाच

क्रतुं हिंसामयं त्यक्त्वा तस्मादहिंसमाश्रय ।
निर्दोषाननुकम्पस्व पशून् मूकान् दयामय ॥ ६१ ॥

स्वामी यज्ञपुरुषदास उवाच

बहूक्तं हरिणा किन्तु नाऽत्यजत् स्वमतं कुधीः ।
अवमेने हरिं वाक्यैः पारुषैरविवेकयुक् ॥ ६२ ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**हरिर्यज्ञाद् विनिर्गत्य सुन्दरालयमभ्यगात् ।**
**सुन्दरं व्याजहाराऽत्र मा भैषीर्जगजीवनात् ॥ ६३ ॥**

શ્રીહરિ કહે છે : હે દ્વિજ ! વેદનું તાત્પર્ય હિંસામાં નથી, પરંતુ આસ્કિતને કારણે જે હિંસા થાય છે તેનાં સંકોચ માટે છે તેમ જાણો.

શાસ્ત્રમાં 'अजेन यजेत' કહ્યું છે તે ડાંગરના દાણાથી હોમ કરવો તેમ કહ્યું છે, 'અજ' શબ્દથી ડાંગરના દાણા કહ્યા છે પણ બકરાંને હણવાની વાત નથી.

હે દ્વિજશ્રેષ્ઠ ! બીજથી અર્થાત્ ત્રણ-ચાર વર્ષ જૂની, ન ઊગે તેવી ડાંગરથી હોમ કરો, જેમાં હિંસા જ નથી. (૪૬-૪૮)

'યજ્ઞ હિંસામય છે' આમ કહેવામાત્રથી ઉપરિચરવસુ દુઃખ પામ્યો હતો, તો યજ્ઞમાં હિંસા કરનાર કેમ દુઃખી ન થાય ? તમે કહ્યું કે પશુને હણે તે ધર્મ છે પણ તે સજ્જનોનો માર્ગ નથી. ધર્મનું ફળ સુખ છે અને અધર્મનું ફળ દુઃખ છે. પશુ હનન કરવારૂપી કર્મનું ફળ ભાગવતમાં દુઃખ જ કહ્યું છે, તો પછી તેને ધર્મ કેમ કહેવાય ? (૪૯-૫૧)

ભાગવતના ચોથા સ્કંધમાં (૪/૨૫/૭.૮, ૪/૨૮/૨૬) પ્રાચીનબર્હિષ પ્રત્યે નારદજી કહે છે :

હે પ્રજાપતિ ! હે રાજન્ ! યજ્ઞશાળામાં હોમવા માટે ક્રૂરતાથી તૈયાર કરેલ હજારો પશુઓ તથા બીજા જીવસમૂહને જુઓ. તે તારા વેરને સંભારતાં થકા તારા મરવાની વાટ જુએ છે. તું મરીને પરલોકમાં જઈશ એટલે તેઓ અત્યંત ક્રોધથી પોતાનાં લોખંડનાં શીંગડાંએ કરીને તને છેદશે......., જે નિર્દય રાજાએ જે યજ્ઞપશુઓનો બલિ આપ્યો હતો તે પશુઓ યાદ કરીને ક્રોધપૂર્વક કુહાડાથી તેને કાપવા લાગ્યા. (૫૨-૫૪)

શ્રીહરિ કહે છે : તું એમ કહે છે કે યજ્ઞમાં મૃત્યુ પામેલ પશુ સ્વર્ગમાં જાય છે તે વાક્યો તો તામસી ધર્મ છે. તેનું તાત્પર્ય પણ હિંસાના સંકોચ માટે જ છે. (૫૫)

મહાભારતમાં (શાંતિપર્વ ૨૬૫/૫-૬, ગીતાપ્રેસ) ભીષ્મ કહે છે : ધર્મ માન્યો છે પોતાનો આત્મા એવા મનુ ભગવાને સર્વ કર્મોમાં અહિંસાને મુખ્ય ધર્મ કહ્યો છે. (ત્યારે યજ્ઞમાં હિંસા કેમ કરે છે તેનો ઉત્તર જણાવતાં મનુ ભગવાન કહે છે :)

યજ્ઞને મિષે હિંસા કરીને માંસ ખાવાની ઇચ્છાથી યજ્ઞશાળાની બહાર વેદિકા પર પશુને મારે છે, તેથી સર્વશાસ્ત્ર પ્રમાણ થકી અહિંસારૂપ જે સૂક્ષ્મ ધર્મ છે તે કરવો. તેમ જે તમામ ભૂતપ્રાણીમાત્રની અહિંસા તે સર્વધર્મ થકી શ્રેષ્ઠ માની છે. (૫૬-૫૭)

મનુ ભગવાન કહે છે : પ્રાણીની હિંસા કર્યા વગર માંસ ક્યારેય ઉત્પન્ન થતું નથી. પ્રાણીનો વધ સ્વર્ગ આપનાર નથી. તેથી માંસભક્ષણનો ત્યાગ કરવો જોઈએ. (મનુસ્મૃતિ ૫/૮) (૫૮)

વૃદ્ધ પરાશર પણ કહે છે : જે પ્રાણીનો વધ કરીને તેના માંસથી પિતૃઓને તર્પણ કરે છે તે મૂર્ખ ચંદનને બાળીને પિતૃઓને અંગારાનું લેપન કરે છે. (૫૯)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માંસ કંઈ ઘાસમાંથી, લાકડાંમાંથી કે પથ્થરમાંથી મળતું નથી. પશુનો નાશ કરવાથી જ માંસ મળે છે. તેથી માંસભક્ષણ દોષિત છે. (૬૦)

શ્રીહરિ કહે છે : તેથી હે દયાળુ જગજીવન ! હિંસામય યજ્ઞનો ત્યાગ કરીને અહિંસક યજ્ઞનો આશ્રય કર. આ મૂંગાં નિર્દોષ પશુ પર અનુકંપા કર. (૬૧)

સ્વામી યજ્ઞપુરુષદાસજી કહે છે : શ્રીહરિએ ઘણું કહ્યું પણ તે કુબુદ્ધિવાળા જગજીવને પોતાના મતનો ત્યાગ ન કર્યો. સામેથી કઠોર વાણીથી અવિવેકી તેણે શ્રીહરિનું અપમાન કર્યું. શ્રીહરિ તો યજ્ઞશાળામાંથી નીકળીને સુંદરજીને ઘેર ગયા. સુંદરજીને કહ્યું : તમે જગજીવનથી ડરશો નહિ. રાવણ-કંસ જેવા રાજાઓ પણ પૃથ્વી પરથી નામશેષ થઈ ગયા છે. પરમાત્મા જ સર્વ કર્તાહર્તા છે એમ માનીને નિર્ભયપણે રાજ્યનું કામકાજ કરજો. (૬૨-૬૪)

**જ્ઞાનવિષય**

જ્ઞાનવિષય અહીં સુપરે નિરૂપ્યો છે. અક્ષર અને પુરુષોત્તમનું માહાત્મ્ય પ્રસ્તુત ગ્રંથનો પ્રતિપાદ્ય વિષય હોવાથી વેદો, મુખ્ય દશ ઉપનિષદો, ભગવદ્ગીતા, બ્રહ્મસૂત્ર, ભાગવત, મહાભારત વગેરે શાસ્ત્રોના અનેક સંદર્ભો દ્વારા વિસ્તારથી અક્ષરબ્રહ્મનું વર્ણન ત્રીજા પ્રકરણના આઠમા અધ્યાયમાં કર્યું છે.

તેવી જ રીતે પુરુષોત્તમનો મહિમા ઠેર-ઠેર શાસ્ત્રોના સંદર્ભો, સંતો, હરિભક્તોનાં પ્રસંગો, પ્રસંગોચિત ભગવાન સ્વામિનારાયણનો ઉપદેશ વગેરેમાં છે. હા ! વેદાંતના નિરૂપણનો શાસ્ત્રીય ગ્રંથ હોવાથી કાશીમાં ધર્મદેવના મધ્યસ્થપણા હેઠળ ગોઠવાયેલ શાસ્ત્રાર્થને શાસ્ત્રીય રીતે અનેક મત-મતાંતરો, શ્રુતિ-સ્મૃતિના સંદર્ભો, યુક્તિઓ વગેરે દ્વારા પ્રથમ પ્રકરણના ૩૦ થી ૩૩મા અધ્યાય સુધી નિરૂપ્યો છે. અહીં લેખકની દાર્શનિકતા પદે પદે અનુભવાય છે.

**વૈરાગ્ય**

આત્મા અને દેહની પૃથકતાનું વર્ણન, જગતના નાશવંતપણાનું વર્ણન, વૈરાગ્ય ઉદય થતા પ્રાપ્ત થતા લાભોનું વર્ણન તથા વૈરાગ્ય ઉદય ન થવાને કારણે થતી હાનિનું અદ્‌ભુત નિરૂપણ ઘનશ્યામગીતા (૧/૩૭)માં છે.

**ભક્તિ**

વૈષ્ણવ પરંપરામાંથી ઉતરી આવેલ સંપ્રદાયમાં ભક્તિ વિષય તો મુખ્ય હોય જ. અહીં ભક્તિ-સંપ્રદાયમાં પ્રવર્તમાન વિધિવિષયો જેવા કે મૂર્તિપૂજા(૨/૫૫-૫૬) મંદિરો (૪/૧૪) પ્રતિષ્ઠા (૨/૫૫) દીક્ષા (૨/૧૦-૧૧) મંત્ર (૨/૨૦-૨૧ તથા ૩/૨૪-૨૫) તિલકનું બંધારણ (૪/૮) વગેરેને પંચરાત્રની વીસ (૨૦) સંહિતાઓ તથા અગિયાર (૧૧) પુરાણોમાંથી સંદર્ભો શોધી શોધીને લેખકે શાસ્ત્રીયતા બક્ષી છે. તેના ફળસ્વરૂપે આ ગ્રંથને ભક્તિશાસ્ત્રના શિરમોડ સમાન બનાવ્યો છે. અહીં ભગવાનની મૂર્તિપ્રતિષ્ઠા કરનાર ગુરુ કેવા હોવા જોઈએ તે અનેક સંહિતાઓનાં સંદર્ભોથી ભરપૂર વિષય વાંચીને આગળ વધીએ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

- જેના અંતરમાં માયાથી નિર્લેપ ભગવાન વાસુદેવની ભક્તિ હોય. આવી ભગવદ્ભક્તિને કારણે તેને ભાગવત મહાપુરુષ કહેવાય છે. તેનામાં પરાત્પર પરમાત્મા અખંડ રહે છે. તે વૈષ્ણવોના તમામ મનોરથ પૂર્ણ કરે છે. સર્વમાં વ્યાપક ભગવાન જેના હૃદયમાં અખંડ પ્રતિષ્ઠિત હોય તેવા સત્પુરુષના સાંનિધ્યમાં જ દેવતામાં સામર્થ્ય આવે છે. જો આચાર્ય બ્રહ્મતેજથી પૂર્ણ હોય અને પૂજા અનન્ય ભાવથી થતી હોય (તો જ પરમાત્મા પ્રતિષ્ઠિત થાય છે.) [કણ્વસંહિતા ૨૮/૩૧].
- જેની કીર્તિ નિર્દંભપણે લોકમાં પ્રસિદ્ધ હોય અને જેમની અપકીર્તિ આ લોકમાં ક્યારેય ન થઈ હોય તેવા સત્પુરુષે કરેલ પ્રતિષ્ઠા વડે પરમાત્મા પ્રતિષ્ઠિત થાય છે. હે બ્રહ્માજી ! આ સિવાયના અનેક દેવોને માનનાર માટે મહોત્સવરૂપી પ્રતિષ્ઠાકાર્ય નિષિદ્ધ છે. [પૌષ્કરસંહિતા ૩૮/૪૫-૪૬].
- જે ગુરુના અંગોઅંગમાં પરમાત્મા રહ્યા છે તેમના જ કરકમળથી ભગવાનની પ્રતિષ્ઠા થાય છે. [વૈહાયસીસંહિતા ૯/૯૦].

તમામ ધાર્મિક કાર્યોમાં દોષયુક્ત ગુરુનો ઉત્તમ આચાર્યોએ કર્યો છે તે વાત પરાશરસંહિતામાં કહી છે તેને સાવધાનપણે સાંભળો :

- અર્થ અને કામમાં ઘેરાયેલ, ક્રૂર, ક્રોધ, લોભ અને મદથી અન્વિત, મલિન એવા પોતાના ગુરુનો મોક્ષાર્થીએ શૂદ્રની જેમ ત્યાગ કરવો જોઈએ. [પરાશરસંહિતા ૧/૩૯].

લક્ષ્મીતંત્ર [૨૧/૩૪-૩૬]માં પણ પ્રતિષ્ઠા કરવા સમર્થ ગુરુનાં લક્ષણો કહ્યાં છે : અક્ષરબ્રહ્મમાં તે તમામ ગુણો હોવાથી તે ગુણાતીત જ ગુરુ જાણવા. [૨/૫૫/૩૧-૪૧]

આવી રીતે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિરૂપી ચાર ગુણો તથા સાંખ્ય, યોગ, પંચરાત્ર તથા વેદાંતના ચાર શાસ્ત્રરૂપી પાયા પર ભગવાન સ્વામિનારાયણ તથા તેમના અનુગામી ગુરુઓએ રચેલ મહામંદિરના વર્ણનનો થોડો આસ્વાદ પ્રસ્તુત ગ્રંથમાં જાણ્યો.

## ભાષાવૈભવ પક્ષ

### છંદવૈભવ

આ ગ્રંથની ભાષા પ્રાંજલ છે. સમગ્ર ગ્રંથ મુખ્યત્વે અનુષ્ટુપ્ છંદમાં રચાયેલ છે તેમ છતાં ગ્રંથના અંતમાં, સ્તોત્રોમાં, સંવાદમાં અથવા કંઈક વિશિષ્ટ પ્રસંગોમાં છંદો બદલાતા ૩૧ છંદોનો ઉપયોગ કર્યો છે.

| | | | |
|---|---|---|---|
| (૧) અનુષ્ટુપ્ | (૨) અષ્ટપદી | (૩) આર્યા | (૪) ઓપછન્દસિક |
| (૫) ઉપગીતિ | (૬) ઉપજાતિ | (૭) કોકિલક | (૮) ગીતિકા |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | | | |
|---|---|---|---|
| (૯) દ્રુતવિલમ્બિત | (૧૦) પુષ્પિતાગ્રા | (૧૧) પઞ્ચચામર | (૧૨) પ્રમાણિકા |
| (૧૩) પ્રમિતાક્ષરા | (૧૪) પ્રહર્ષિણી | (૧૫) ભુજંગપ્રયાતમ્ | (૧૬) માલિની |
| (૧૭) મંદાક્રાન્તા | (૧૮) રથોદ્ધતા | (૧૯) રુચિરા | (૨૦) રુકમવતી |
| (૨૧) લલિત | (૨૨) વસંતતિલકા | (૨૩) વંશસ્થ | (૨૪) વૈતાલીય |
| (૨૫) શાર્દૂલવિક્રીડિત | (૨૬) શાલિની | (૨૭) શિખરિણી | (૨૮) સ્વાગતા |
| (૨૯) સ્રગ્ધરા | (૩૦) સ્રગ્વિણી | (૩૧) હરિગીત | |

વિવિધ છંદોમાં પણ ભાષાની ગરિમા જાળવી છે. વ્યાકરણ દ્વારા બળજબરીથી શબ્દો બનાવીને છંદની માત્રા સાચવવા પ્રયત્ન કરવો પડ્યો નથી અને તેને કારણે ભાષાને દુરવબોધ બનાવી નથી. વળી તેમાં પણ વિશેષતા તો એ છે કે વિવિધ છંદોમાં પ્રબંધો પણ રચ્યા છે. અક્ષરોની ગોઠવણીની વિવિધ પદ્ધતિથી રચાતા આ પ્રબંધો વિદ્વત્તાનો એક માપદંડ ગણાય છે. આ પ્રબંધોને બીજા ભાગના પરિશિષ્ટમાં મૂક્યા છે.

**સંવાદવૈભવ**

સમગ્ર ગ્રંથમાં ૬૦૦ વરસનો ઇતિહાસ હોવાને કારણે ઇતિહાસના ચોટદાર સંવાદો પણ પ્રસંગે પ્રસંગે મુખ્યત્વે શાર્દૂલવિક્રીડિત છંદમાં અદ્ભુત રચ્યા છે. જેમકે,

નીલકંઠવર્ણી વિચરણ કરતાં કરતાં ભાવનગર પાસે કુકડ ગામે પધાર્યા ત્યારે ત્યાંના દરબાર અને નીલકંઠવર્ણીનો સંવાદ -

'कस्त्वं ?' 'वर्णी' 'कुतः ?' 'परात्मपरशुभब्रह्माख्यधाम्नो ह्यहम्'
'नाम्ना केन सुविश्रुतः ?' 'बहुविधाः सञ्ज्ञाः प्रसिद्धा भुवि ।'
'का जातिः' 'न्वतुलस्य जातिगणना शास्त्रे निषिद्धा नृप !'
राजाऽज्ञानवशो न किञ्चिदवदद् वर्णी ययौ सत्वरम् ॥ ४३ ॥

દરબાર : તમે કોણ છો ?
નીલકંઠ વર્ણી : હું બ્રહ્મચારી છું.
દરબાર : ક્યાંથી આવો છો ?
નીલકંઠ વર્ણી : હું પરાત્પર, શુભ બ્રહ્મધામથી આવું છું.
દરબાર : કયા નામથી ઓળખાવ છો ?
નીલકંઠ વર્ણી : મારા તો અનેક નામ પ્રસિદ્ધ છે.
દરબાર : તમારી જાતિ કઈ છે ?
નીલકંઠ વર્ણી : અદ્વિતીય, અતુલનીય વ્યકિતની જાતિમાં ગણના શાસ્ત્રોએ નિષેધી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લોકોક્તિ વૈભવ

આવા સંવાદો તથા અન્ય પ્રસંગોના મનનના ફળસ્વરૂપ સ્વાભાવિક પરંતુ વારંવાર વિચારવી ગમે, સહેજે સ્મૃતિપટ પર ઊભરી આવે તેવી સેંકડો લોકોક્તિઓ પણ જોવા મળે છે. અહીં તેની સજાતીય ગુજરાતી લોકોક્તિઓ સાથે થોડીક જાણીએ.

- **अहो ! विचित्रः संसारः सदाऽनीप्सितमाप्यते ॥ २/७/६८ ॥**
  ત્યાગે સો આગે અને માગે ત્યાં ભાગે.
- **कः सर्पै रमते बुधः ॥ २/३५/६१ ॥**
  સિંહને કોણ કહે કે તારું મોઢું ગંધાય છે.
- **बलं यस्य हरेस्तस्य किमशक्यं जगत्त्रये ॥ ३/१४/३ ॥**
  રામ રાખે તેને કોણ ચાખે.
- **इङ्गितं धीमतः पूर्णं न ढक्कावादनं क्वचित् ॥ ५/१७/६३ ॥**
  તેજીને ટકોરો અને ગધેડાને ડફણાં.

ઉપમાવૈભવ

સમગ્ર ગ્રંથ સાહિત્યની દૃષ્ટિએ પણ અનેક ઉપમાઓ પૂર્ણ છે. અહીં તેનું આચમન કરીએ.

ગઢપુરના આરપહાણના મંદિરનું વર્ણન

**ब्रह्माण्डस्य शिरोभूतं जीमूतस्पर्शि मन्दिरम् ।**
**आदर्शप्रस्तरैः सृष्टं धवलं हिमवानिव ॥ १ ॥**

**सङ्कल्पाच्छ्रीहरेर्जातम् औरसो वत्सलो यथा ।**
**दूराद्धंसायमानं तद् विमानं ब्रह्मणो यथा ॥ २ ॥**

**निर्दुष्टयशसा तुल्यं स्वामिनारायणप्रभोः ।**
**सन्ध्याकाले विभातीदमारक्तमर्भकं खलु ॥ ३ ॥**

**मध्याह्ने दीप्तिमान् सम्राड् निशीथे निर्व्रणो यथा ।**
**निशापतिश्च निःस्पर्द्धमद्वितीयं धरातले ॥ ४ ॥**

બ્રહ્માંડના મસ્તકતુલ્ય ઊંચું, જાણે વાદળાંઓનો સ્પર્શ કરતું, આરસપહાણમાંથી બનાવેલ, હિમાલય જેવું શ્વેત મંદિર છે. શ્રીહરિના સંકલ્પથી થયેલ હોવાથી તેમના ઔરસપુત્ર સમાન, દૂરથી બ્રહ્માના વાહન હંસ જેવું જણાતું, ભગવાના સ્વામિનારાયણની કીર્તિસમાન નિર્દોષ આ મંદિર સવારે સૂર્યનાં પ્રથમ કિરણ પડવાને કારણે રતૂંબડા બાળક જેવું સુંદર શોભે છે. બપોરે તેજસ્વી મહારાજા જેવું અને સાંજે નિષ્કલંક ચંદ્ર જેવું, સ્પર્ધા ન થઈ શકે તેવું અદ્વિતીય, પૃથ્વી પર બિરાજે છે. (૧/૩/૧-૪)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રંગલીલા પછી સ્નાન વખતે સ્વરૂપ

सस्नौ हमीरकासारे सरो रक्तमभूत्तदा ।
घनश्यामतनुः श्वेतवासांसि लोहितं सरः ॥ १७ ॥

वर्णत्रयस्थितं धार्मिं विभेत्तुमुदितं रविम् ।
सत्त्वरजस्तमोमिश्रं संसारमविदन् श्रिताः ॥ १८ ॥

શ્રીહરિ હમીર સરોવરમાં સ્નાન કરવા પધાર્યા. હમીર સરોવર લાલ થઈ ગયું. વાદળ જેવું શ્યામ શરીર, શ્વેત વસ્ત્રો, લાલ સરોવર : રક્ત, શ્યામ અને શ્વેત એમ ત્રણ રંગ(રક્ત અર્થાત્ રજોગુણ, શ્યામ અર્થાત્ તમોગુણ અને શ્વેત અર્થાત્ સત્ત્વગુણ આવી રીતે ત્રણ ગુણ સાથે સરખાવીને કહે છે.) વચ્ચે ઉપસ્થિત શ્રીહરિને સત્ત્વ, રજસ્, તમસ્ આ ત્રણ ગુણરૂપ સંસારનો નાશ સૂર્ય આશ્રિતોએ જાણ્યા. (સૂર્યનાં ઉદયથી રંગો ફિક્કા પડી જાય તેમ સહજાનંદરૂપી સૂર્યનો ઉદય આશ્રિતોના હૃદયમાંથી ત્રણ ગુણરૂપી સંસારનો નાશ કરવા માટે જાણે થયો.) (૩/૨૭/૧૭-૧૮)

વર્ણનવૈભવ

સમગ્ર ગ્રંથ સરળ છે. સાહજીક રીતે જ લખાયો છે. તેથી અતિશય અર્થગાંભીર્ય અથવા અલંકારની ભવ્યભૂષા મંડિત ઓજપ્રધાન સમાસબહુલા શૈલી નથી. જોકે અત્યારના યુગના સંસ્કૃત-પાઠક વર્ગ માટે સરળતા જ વધારે ઉપયોગી છે. આમ છતાં વિદ્વદ્ભોગ્ય ઋતુવર્ણન, મૂર્તિવર્ણન, નગરવર્ણન વગેરે વર્ણનો દ્વારા સાહિત્યની ઉચ્ચકોટિ સુધી પહોંચે છે. અહીં એક વર્ણન નીરખીએ.

વર્ષાઋતુ વર્ણન

विलेखनेऽथ संयुक्ताः सेवां मत्त्वा महादरात् ।
आरब्धं नूतनं वर्षं दिशारसाष्टचन्द्रकम् ॥ ४ ॥

ततः प्रावर्तत प्रावृट् सर्वसत्त्वसमुद्भवा ।
भूम्याश्चोदमयं पीत्वाऽष्टौ मासान् जलदोदया ॥ ५ ॥

चन्द्रबिम्बरवेर्बिम्बतारकमण्डलान्यथ ।
भक्षित्वाऽभ्रोदरेऽत्यन्तञ्चकार रोदनध्वनिम् ॥ ६ ॥

शीतलादिव सन्त्रस्तं प्रावृषेणान्नभस्वतः ।
नभो बभार नीरन्ध्रं जीमूतकुलकम्बलम् ॥ ७ ॥

तडित्वन्तो महामेघाश्चण्डश्वसनवेपिताः ।
प्राणनं जीवनं धार्मिर्मुमुचु करुणां यथा ॥ ८ ॥

वापयामास धान्यानि कृषीवलैर्महाप्रभुः ।
वीक्षणेनास्य भूतानि तस्य स्यात् कः परिश्रमः ॥ ९ ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હવે ૧૮૬૮નું નવું વર્ષ બેઠું. આઠ માસ એકત્રિત થયેલ પૃથ્વીનું જળ પીને વાદળો ઘેરાયાં છે તેવી અને તમામ વનસ્પતિને ઉગાડનાર વર્ષાઋતુ બેઠી. જાણે કે ચંદ્ર-સૂર્ય અને તારાઓના તેજને ખાઈને વાદળરૂપી ઉદરમાં ગડગડાટ શરૂ થઈ ગયો ! જાણે કે, વરસાદી ઠંડા વાયરાથી ડરી જઈને આકાશે વાદળારૂપી કાળો કામળો ઓઢી લીધો ! વીજળી તથા પ્રચંડ વાયુ સાથેના મહામેઘોએ ભગવાન કરુણા વરસાવે તેમ નવજીવન આપનાર જળ વરસાવવાનું શરૂ કર્યું. મહાપ્રભુએ ખેડૂતો દ્વારા વિવિધ ધાન્યની વાવણી કરાવી. જેમની દષ્ટિમાત્રથી પંચમહાભૂત ઉત્પન્ન થતા હોય તેમને મન આમાં શો પરિશ્રમ ? (૩/૩૦/૪-૯)

## રસવૈભવ

'रसो वै सः, रसं ह्येवायं लब्ध्वा आनन्दी भवति'[3] પરમાત્મા પરબ્રહ્મ સ્વયં રસસ્વરૂપ છે. તેમને પ્રાપ્ત કરીને સૌ આનંદ પ્રાપ્ત કરે છે. આ શ્રુતિ પ્રમાણે રસમાત્રનું અધિષ્ઠાન પરમાત્મા છે અને રસના નિકટતમ ભોક્તા ઉત્તમ ભક્ત અક્ષરબ્રહ્મ છે. બંનેના મહિમાનો આ ગ્રંથ હોવાથી રસભરપૂર ગ્રંથ હોય તે સ્વાભાવિક છે.

કાવ્યશાસ્ત્રમાં રસની વિભાવના ભરતમુનિએ સૂત્રરૂપે પ્રથમ કરી તેમ કહેવાય છે. ત્યારબાદ તેનો વિકાસ થતા નવ રસની પ્રસિદ્ધિ થઈ. (૧) શૃંગાર (૨) હાસ્ય (૩) કરુણ (૪) રૌદ્ર (૫) વીર (૬) ભયાનક (૭) બીભત્સ (૮) અદ્‌ભુત (૯) શાંત.

પ્રસ્તુત શાસ્ત્રમાં શબ્દાર્થગાંભીર્યની અપેક્ષાએ રસનિષ્પત્તિ ન જણાય પરંતુ સ્વાભાવિક રીતે નવે નવ રસો અવશ્ય દષ્ટિગોચર થાય છે. તેનો થોડો આસ્વાદ માણીએ.

## અક્ષરબ્રહ્મનો સ્નેહ

શૃંગારરસમાં ભરતમુનિએ રતિને સ્થાયીભાવ તરીકે ગણ્યો છે. અક્ષરબ્રહ્મના પરબ્રહ્મ પ્રત્યેના સ્નેહનાં અનેક ઉદાહરણો પ્રસ્તુત ગ્રંથમાં સમાયાં છે. અહીં એક જોઈએ.

**अक्षरब्रह्माणि प्रीतिः परात्मनः सनातनी ।**
**अगम्या शास्त्रकाराणां तर्ककर्कशधीमताम् ॥ २२ ॥**

**भर्तृक्षपाकरधनञ्जयवारिमेघान् साध्वीचकोरशलभास्तिमिकालकण्ठाः ।**
**स्निह्यन्ति तादृशतनूप्रकृतिप्रभावात् ब्रह्माक्षरस्य च हरेश्च रतिस्त्वपूर्वा ॥ २३ ॥**

અક્ષરબ્રહ્મ સાથે પરમાત્માને સનાતન પ્રીતિ છે. જે તીવ્ર બુદ્ધિવાળા, તર્કકુશળ શાસ્ત્રકારોને પણ અગમ્ય છે. સાધ્વી સ્ત્રી પતિને, ચકોર ચંદ્રને, પતંગિયું અગ્નિને, માછલી જળને, ચાતક મેઘને સ્નેહ કરે છે પણ તેને તે પ્રકારનો સ્નેહ શરીરના સ્વભાવને કારણે છે. (બીજા પ્રકારનું શરીર મળે તો આવો સ્નેહ રહેતો નથી, તેમનો પ્રેમ જડ શરીરના સ્વભાવથી ઘડાયો છે) જ્યારે બ્રહ્મ અને પરબ્રહ્મનો પ્રેમ તો અપૂર્વ છે. (૨/૩૬/૨૨-૨૩)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

लोकते स्म घनश्याममभिनवं प्रतिक्षणम् ।
तृप्तिर्न दर्शने तस्याऽनुरागोऽनुपमेयकः ॥ ३४ ॥

ब्रह्मपरात्मनः प्रेम ब्रह्मपरात्मनोरिव ।
औत्कण्ठ्येऽपि बहिः शान्तः पूर्णो यथा महोदधिः ॥ ३५ ॥

શ્રીહરિનાં જ્યારે દર્શન કરે ત્યારે પ્રત્યેક ક્ષણે નવાં નવાં દર્શન કરે. તેમને દર્શનમાં તૃપ્તિ જ થતી ન હતી. તેમનો પ્રેમ તો અનુપમ હતો. બ્રહ્મ અને પરબ્રહ્મના પ્રેમને ઉપમા આપવી હોય તો એમ જ કહેવાય કે તેમનો પ્રેમ બ્રહ્મ અને પરબ્રહ્મના પ્રેમસમાન જ છે, બીજું કોઈ દૃષ્ટાંત જ નથી. આટલી દર્શનની ઉત્કંઠા હોવા છતાં બહારથી તો સમુદ્ર સરખા શાંત જણાતા હતા. (૨/૩૬/૩૪-૩૫)

पिपासुरमृतं प्राप्याऽतृप्तः पिबति सत्वरम् ।
तथाऽऽशिखानखाग्रान्तं दिव्यं व्यैक्षत विग्रहम् ॥ ४० ॥

पीत्वा पीत्वा पुनः पीत्वाऽसङ्ग्रहयत्तं निजान्तरे ।
निमिमिषे क्वचिन्नेत्र उदमेषीत्तथा क्वचित् ॥ ४१ ॥

જેમ તરસ્યાને અમૃત મળે અને જલદી જલદી પાન કરવા લાગે તેમ તેઓ નખશિખપર્યંત શ્રીહરિના દિવ્ય વિગ્રહનું પાન કરતા હતા. પાન કરીને આંખો બંધ કરી પાછા પાન કરે. ક્યારેક નેત્રો બંધ કરતાં, ક્યારેક ખુલ્લા રાખતાં. આમ પોતાનાં અંતરમાં મૂર્તિ ઉતારતા હતા. (૨/૩૬/૪૦-૪૧)

### હાસ્યરસ

ભગવાન શ્રીહરિના ચરિત્રોમાં ક્યારેક હાસ્યરસના પ્રસંગો પણ ઉપસ્થિત થઈ જતા આવા રમૂજભર્યા પ્રસંગો શ્રોતાઓને હળવા કરી દે છે. અહીં એક પ્રસંગ નોંધીએ. ભગવાન સ્વામિનારાયણ માણકી પર બેસીને ઘોડેસવારો સાથે વરતાલથી સૌરાષ્ટ્ર તરફ આવતા હતા. રસ્તામાં રામોદડી ગામે એક કૌતુક થયું.

ग्रामे रामदडे हरिर्निजहयां तस्थौ जलं पाययन् कूपे,
तत्र पुरादयाद् हरिहयां जानन्न जानन् हरिम् ।

कर्णाख्यः स विलोक्य तां बहुभटैः शस्त्रायुधैर्वेष्टितां,
चौराः स्वामिहयां विमूष्य सकलाः गच्छन्ति सोऽकल्पयत् ॥ १० ॥

उच्चैः सोऽकथयत् प्रगृह्य वडवां शक्ता न गन्तुं खलाः ।
श्रुत्वेदं हरिराड् जगाद विहसन् अश्वाऽस्ति नश्चारण ! ।

नैवं यूयमसत्यभाषणपरा जानामि वामीमहम् तर्हीयं खलु कस्य ?
तत्पतिवरः श्रीस्वामिनारायणः ॥ ११ ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अद्राक्षं किल वृत्तपत्तनवरे वामीपतिं तं शठाः !
कङ्का वीक्ष्य परस्परं सुकुतुकं ज्ञात्वाऽवदत् कश्चन ।

देवीपुत्र ! पुरस्तवाऽस्ति भगवान् यं दृष्टवान् त्वं पुरा एवं,
क्षुब्धमना हरेश्चरणयोर्नत्वा ययाचे क्षमाम् ॥ १२ ॥

રામોદડી ગામને પાદર શ્રીહરિ કૂવા પર ઘોડીને પાણી પિવડાવતા હતા તે સમયે માણકીને ઓળખનાર પણ શ્રીહરિને નહિ ઓળખનાર કરણો ગઢવી ગામમાંથી ત્યાં આવ્યો. તેણે શસ્ત્ર-અસ્ત્રોવાળા સૈનિકોથી વીંટાયેલ માણકી જોઈ. તેણે કલ્પના કરી : આ લોકો સ્વામિનારાયણની ઘોડી ચોરીને લઈ જાય છે.

તેણે માણકીની સરક ઝાલીને પડકાર કર્યો કે, હે ખલ પુરુષો ! તમે માણકી લઈને નહિ જઈ શકો.

આ સાંભળીને શ્રીહરિ હસીને કહે : ગઢવી ! ઘોડી તો અમારી છે.

ગઢવી કહે : ના, તમારી નથી, તમે ખોટું બોલો છો. હું ઘોડીને ઓળખું છે.

શ્રીહરિ : તો, આ કોની ઘોડી છે ?

ગઢવી કહે : હે શઠ લોકો ! આ ઘોડીના માલિક તો સ્વામિનારાયણ છે. મેં તેમને વરતાલમાં જોયા છે.

કાઠી દરબારોને આ જોઈને કૌતુક લાગ્યું. તેમાંથી એક જણ કહે : દેવીપુત્ર ! તમારી સામે ઊભા છે તે જ પહેલા તેં જોયેલ સ્વામિનારાયણ ભગવાન છે.

એમ ! આમ કહીને ગઢવી છોભીલો પડી ગયો. શ્રીહરિનાં ચરણકમળમાં પડીને એણે માફી માંગી. શ્રીહરિ અને ભક્તો આનંદિત થયા કે આ લોકમાં જાણે તો છે કે જો માણકી ઘોડી કોઈની પાસે હોય તો સ્વામિનારાયણ પાસે જ છે, બીજા કોઈ પાસે નહિ. (૩/૪૪/૧૦-૧૨)

**કરુણ રસ**

ભગવાન સ્વામિનારાયણ દેહ ત્યાગ કરવાના હતા, તે પૂર્વે બ્રહ્માનંદ સ્વામીને જૂનાગઢથી બોલાવી દર્શન, પ્રસાદ, વાતો વગેરે ખૂબ સુખ આપ્યાં અને જૂનાગઢ જવા માટે છેલ્લે પ્રસાદ આપ્યો. તે વખતની બ્રહ્માનંદ સ્વામીની પરિસ્થિતિ સહૃદયી વાચકની આંખોના ખૂણા અવશ્ય ભીંજવી દે છે.

એક દિવસ અચાનક બ્રહ્માનંદ સ્વામીને બોલાવીને કહ્યું : સ્વામી ! તમે મારી આજ્ઞાથી મંડળ સાથે જૂનાગઢ જાઓ અને ગુણાતીતાનંદ સ્વામીને અહીં મોકલો.

શ્રીહરિનું સ્વાસ્થ્ય ગંભીર જાણીને જવું કે ન જવું એ બ્રહ્માનંદ સ્વામી વિચાર કરવા લાગ્યા. એમને લાગ્યું કે, શ્રીહરિનાં ફરી વખત દર્શન થશે નહીં તેથી ન જવું, પરત દીક્ષા લીધી ત્યારથી આજ સુધી શ્રીહરિની આજ્ઞા પાળી હતી અને હવે છેલ્લે આજ્ઞાનો લોપ કેમ થાય ? એ કરતાં તો જવું સારું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

उद्विग्नं वीक्ष्य तं श्यामश्चकाङ्क्षोत्तमभोजनम् ।
भोक्तुं भक्ताः स्त्रियः पुंसः पक्त्वाऽनयंश्च सत्वरम् ॥ ४९ ॥

किञ्चिद् भुक्त्वा ददौ सर्वं ब्रह्मानन्दाय गूढधीः ।
चरमोऽयं प्रसादोऽस्तीति जज्ञौ ब्रह्मसन्मुनिः ॥ ६० ॥

कोटिस्वसृजनीजायाप्रेमाधिकं तु जीवने ।
स्नेहं सस्मार सोऽपूर्वो भूतपर्वो भविष्यति ॥ ६१ ॥

विचिन्त्याऽऽश्रुमुखः किञ्चिद् भुक्त्वा सद्भ्यो ददौ मुनिः ।
शिष्येभ्यश्च ततो नत्वा हरिं प्राणाधिकप्रियम् ॥ ६२ ॥

व्यथापूर्णोऽगमद् ग्रामाद् बहिस्तावद् भयङ्करम् ।
अपशुकनमालोक्य भुवि तस्थौ व्यथाऽऽप्लुतः ॥ ६३ ॥

मण्डलस्थान् मुनीन् प्रोचे दर्शनमन्तिमं हरेः ।
चिकीर्षवो यदि क्षिप्रं गच्छताऽक्षरसौधकम् ॥ ६४ ॥

न पुनर्दर्शनं नूनं भविष्यतीति लोक्यते ।
आज्ञाबद्धोऽस्मि गन्तव्यं जीर्णदुर्गे मयाऽनघाः ! ॥ ६५ ॥

स्थातुमिच्छत चेत् स्थेयं त्यक्षति विग्रहं हरिः ।
ब्रह्मानन्दोऽगमज्जीर्णपत्तनं शोकसम्प्लुतः ॥ ६६ ॥

બ્રહ્માનંદ સ્વામીને આમ ચિંતામગ્ન જોઈને શ્રીહરિએ ઉત્તમ પ્રકારનાં ભોજનો જમવા માટે ઇચ્છા દર્શાવી. સૌ સ્ત્રી-પુરુષ હરિભક્તોએ આ વાત જાણીને વિવિધ પ્રકારનાં ભોજન લાવીને શ્રીહરિ પાસે મૂક્યા. જેમનો વિચાર કળવો અઘરો છે તેવા શ્રીહરિએ થોડુંક જમીને આખો થાળ બ્રહ્માનંદ સ્વામીને આપી દીધો. બ્રહ્માનંદ સ્વામી જાણી ગયા કે આ છેલ્લો પ્રસાદ છે. (૫૯-૬૦)

કરોડો માતા-બહેન કે પત્નીના પ્રેમથી પણ અધિક શ્રીહરિના પ્રેમની તેઓ સ્મૃતિ કરવા લાગ્યા. એ અભૂતપૂર્વ પ્રેમ હવે ભૂતપૂર્વ થઈ જશે. આવું વિચારીને આંખમાં આંસુ સાથે થાળમાંથી થોડુંક જમીને થાળ મંડળના સંતોને આપી દીધો. ત્યારબાદ પ્રાણથી પ્યારા શ્રીહરિને નમસ્કાર કરીને દુઃખી હૃદયે ગામની બહાર નીકળ્યા. એ દરમ્યાન ભયંકર અપશુકન થયા. (૬૧-૬૩)

આ જોઈને બ્રહ્માનંદ સ્વામી દુઃખના માર્યા નીચે બેસી ગયા. મંડળના સંતોને કહ્યું : જો શ્રીહરિનાં છેલ્લાં દર્શન કરવા હોય તો અક્ષરઓરડીમાં જઈ કરી આવો. ચોક્કસ આ દર્શન ફરી નહીં થાય. હું તો વચનથી બંધાયેલ છું, મારે તો જૂનાગઢ જવું જ પડશે, પરંતુ હે સંતો ! તમારે રોકાવાની ઇચ્છા હોય તો રોકાઈ જજો કારણ કે શ્રીહરિ દેહત્યાગ કરી દેશે. બ્રહ્માનંદ સ્વામી તો દુઃખી હૃદયે જૂનાગઢ જવા નીકળી ગયા.' (૪/૫૦/૫૫-૬૬)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આવી રીતે નવ રસમાંથી થોડોક આસ્વાદ અહીં કર્યો. નવે નવ રસમાં માયિક ગુણોથી પર અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ ઓતપ્રોત હોવાથી નિર્ગુણ રસ સમગ્ર ગ્રંથમાં જીવંત છે તેમ કહેવું તે અતિશયોક્તિ નથી.

**તત્ત્વદર્શન વૈભવ**

તાત્ત્વિક બાબતોને ગ્રંથકારે ઘણી વખત સંક્ષેપમાં પણ નિરૂપી છે, જેમાં અનેક દર્શનો તથા દાર્શનિક સિદ્ધાંતો સમાઈ જાય છે. ગાગરમાં સાગર જેવી આ નિપુણતાનો અંશ જોઈએ.

લોજમાં નીલકંઠવર્ણીએ મુક્તાનંદ સ્વામીને જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ વિષયક પાંચ પ્રશ્નો પૂછ્યા. મુક્તાનંદ સ્વામીએ ઉત્તર આપતાં જીવ, ઈશ્વર અને માયાનું નિરૂપણ કર્યું. અક્ષરબ્રહ્મના નિરૂપણનો પ્રારંભ કરે તે પહેલા નીલકંઠવર્ણીના મનના વિચારોને નોંધતાં ગ્રંથકાર લખે છે.

**'परं ब्रह्माक्षरं तत्त्वं तत्त्वविश्वे नु विस्मृतम् ।**
**स्वशक्तिः केनचित्प्रोक्तोपाधिर्वा भूतसञ्ज्ञिका ॥ २६ ॥**

**लक्ष्म्याद्याः शक्तयः क्षेत्रज्ञसमष्टिस्तथाऽक्षरात् ।**
**आध्यात्मिकं स्वरूपञ्चाभिन्नं श्रीपरमात्मतः ॥ २७ ॥**

**ईशपरेशरूपे च सत्त्वे भेदेऽपि बृंहति ।**
**चिटीकाकरिणोरैक्यं कुर्वन्ति मार्गविस्मृताः ॥ २८ ॥**

જીવ, ઈશ્વર અને માયાનાં લક્ષણો સાંભળીને મહાપ્રભુ પ્રસન્ન થયા, પરંતુ બ્રહ્મનું લક્ષણ સાંભળવા માટે સજ્જ થઈ ગયા. કારણ, જીવ-ઈશ્વર અને માયારૂપી તત્ત્વોનાં રૂપો તો પહેલાંના આચાર્યોએ પણ થોડાક ભેદ સાથે અથવા ઓછી વિષમતા સાથે નિરૂપ્યાં જ હતાં, પરંતુ દાર્શનિક જગતના ઇતિહાસમાં અક્ષર તત્ત્વ ભુલાઈ ગયું હતું. (૨૪-૨૬)

- કોઈએ તેને સ્વશક્તિ(પ્રકૃતિ) કહી 'परतः स्वशक्तेः प्रधानाच्च परः' *(નિમ્બાર્કાચાર્ય, વેદાન્તકૌસ્તુભ ૧/૨/૨૨)*
- કોઈએ ભૂત સૂક્ષ્મરૂપ ઉપાધિ કહી ('अक्षरात्परतः परः इति । अक्षरमव्याकृतं नामरूपबीजशक्तिरूपं भूतसूक्ष्मम् ईश्वराश्रयं तस्यैवोपाधिभूतम् ।' *(શંકરાચાર્ય, બ્રહ્મસૂત્રભાષ્યમ્ ૧/૨/૨૨)*
- કોઈએ લક્ષ્મી વગેરે શક્તિ કહી -
- અક્ષર શબ્દથી લક્ષ્મી : ब्रह्मा शिवः सुराद्याश्च शरीरक्षरणात् क्षराः लक्ष्मीरक्षरदेहत्वाद् अक्षरा तत्परो हरिः, *(માધ્વાચાર્ય, શ્રીમદ્દવિષ્ણુતત્ત્વવિનિર્ણય)*, ब्रह्मणो मायायाः । मायेति प्रकृता महालक्ष्मीः । *(મધ્વાચાર્ય, શ્રીમદ્દભગવદ્દગીતા, માધ્વભાષ્ય ૧૪/૨૭* તથા *શ્રીમદ્દભગવદ્દગીતા, પ્રમેયદીપિકા ૧૪/૨૭)*

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

- અક્ષર શબ્દથી પ્રાણ : प्रधानं धाम विष्णोस्तु प्राण एव प्रकीर्तितः । उपायैर्यो विजानीयात् प्राणस्थं परमेश्वरम् । *(મધ્વાચાર્ય સર્વમૂલગ્રંથ : સંપુટ-૧, આથર્વણોપનિષદભાષ્ય, અધ્યાય ૪/૧/૧.)*
- કોઈએ ક્ષેત્રજ્ઞ સમષ્ટિરૂપ કહ્યું 'क्षेत्रज्ञसमष्टिरूपम्' *(રામાનુજાચાર્ય, શ્રીમદ્ભગવદ્ગીતા, રામાનુજભાષ્ય ૮/૩.)*
- કોઈએ પરબ્રહ્મનું આધ્યાત્મિક સ્વરૂપ અર્થાત્ પરબ્રહ્મથી અભિન્ન કહ્યું (અક્ષરબ્રહ્મ પુરુષોત્તમના ચરણસ્થાનીય તથા અધ્યાત્મસ્વરૂપ છે. પુરુષોત્તમનો આનંદાંશ તિરોભાવ તે જ અક્ષરબ્રહ્મ છે. બંને વચ્ચે પરાપર ભાવ હોવા છતાં અક્ષરબ્રહ્મ અને પુરુષોત્તમ બંને અભિન્ન છે.' *(વલ્લભાચાર્ય, તત્ત્વાર્થદીપ નિબંધ, સર્વનિર્ણય પ્રકરણ-૯૮-૧૦૧, અણુભાષ્ય ૧/૨/૨૧, સિદ્ધાંતમુક્તાવલી-૩, શ્રીમદ્ભાગવત, સુબોધિની ૧/૨/૧૧.)* (૨૬-૨૭)

તેવી જ રીતે ઈશ્વરો અને પરમેશ્વરની વચ્ચે મોટો ભેદ હોવા છતાં જેમ કીડી અને હાથીને એક કરે તેમ માર્ગ ભૂલેલ પંડિતો બંનેને એક જ વર્ણવતા હતા. (૨૮)

**ઈતિહાસ**

સ્વામિનારાયણ સંપ્રદાયનો પ્રારંભ પ્રથમ આત્માનંદ સ્વામીથી થયો હતો. જેઓનો જન્મ વિષ્ણુકાંચી(તામિલનાડુ)માં થયો હતો. તેમનું નામ સોમશર્મા હતું. તેમણે નાસિકમાં અભ્યાસ કર્યો હતો. બદરિકાશ્રમમાં તેમને સં.૧૪૮૫માં શુકદેવ અને ઉદ્ધવજીનાં દર્શન થયા અને તેમણે દીક્ષા લીધી. તેઓ ગુજરાતમાં ભાવનગર પાસે ગોપનાથ મહાદેવના મંદિરમાં સ્થિર થયા. જૂનાગઢના નરસિંહ મહેતા વગેરે તેમના ગૃહસ્થ શિષ્યો હતા.

તેમનાં શિષ્ય ગોવિંદાનંદ સ્વામી થયા. તેમના આનંદાનંદ, સ્વામી તેમના ગોપાળાનંદ સ્વામી, ત્યારબાદ આત્માનંદ સ્વામી (બીજા) અને પછી રામાનંદ સ્વામી થયા કે જેઓ કબીરના ગુરુ રામાનંદ સ્વામી પછી ઘણા સમય બાદના હતા. તેમના શિષ્ય ભગવાન સ્વામિનારાયણ થયા. આવી રીતે પૂર્વ ગુરુ પરંપરા થઈ.

ઉત્તર ગુરુપરંપરામાં ગુણાતીતાનંદ સ્વામી, ત્યારબાદ મહુવાના પ્રાગજી ભગત, ત્યારપછી શાસ્ત્રીજી મહારાજ સ્વામી યજ્ઞપુરુષદાસ, તેમના શિષ્ય યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસ અને ત્યારબાદ હાલ પ્રમુખસ્વામી મહારાજ સ્વામી નારાયણસ્વરૂપદાસજી છે. આમ વિ.સં.૧૪૮૫થી આરંભીને સં.૨૦૧૩ સુધીનો આ ઈતિહાસ ગ્રંથ છે.

આમ આ ગ્રંથને કાવ્યગ્રંથ કહેવો ? ઈતિહાસ ગ્રંથ કહેવો ? પુરાણ ગ્રંથ કહેવો કે ધર્મશાસ્ત્ર કહેવો ?

સમગ્ર ગ્રંથ સંવાદાત્મક પૌરાણિક શૈલીમાં લખાયો હોવાથી પુરાણ ગ્રંથ કહેવાય. ૬૦૦ વરસનો ઈતિહાસ ભર્યો હોવાથી ઈતિહાસ ગ્રંથ પણ કહેવાય. કાવ્યનાં ઘણાં લક્ષણો હોવાથી કાવ્ય ગ્રંથ પણ કહેવાય. ધર્મશાસ્ત્રના ઘણા વિષયોની ચર્ચા કરી હોવાથી ધર્મશાસ્ત્ર પણ કહેવાય. ભક્તિ સંબંધી લગભગ વિષયો નિરૂપ્યા હોવાથી આગમગ્રંથ પણ કહેવાય. આ તમામ વિષયો એકત્રિત હોવાથી વિશિષ્ટ ગ્રંથ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કહીને સંસ્કૃત સાહિત્યના વારસામાં નવું નામ આપી સાહિત્યની વિપુલતામાં ઊમેરો કરનાર ગ્રંથ પણ નિઃશંકપણે કહેવાય.

અત્યારના યુગમાં ૧૯,૦૦૦ શ્લોકોનો ગ્રંથ રચવો એ સહેલું કાર્ય નથી. પ્રમુખસ્વામી મહારાજની કૃપાથી જ આ રચાયો છે તેમ લેખકનું કહેવું તદ્દન સત્ય છે.

**સંક્ષેપમાં કહીએ તો સમગ્ર ગ્રંથ નીચે મુજબ છે :**

- પાંચ પ્રકરણો, ૨૯૮ અધ્યાયો તથા ૧૯,૧૧૮ શ્લોકોમાં લખાયેલ શાસ્ત્ર
- તત્ત્વજ્ઞાન, ઉત્સવોની રીત, મંદિરપદ્ધતિ-પ્રતિષ્ઠા, દીક્ષા, પૂજા-અર્ચના વગેરે સ્વામિનારાયણ સંપ્રદાયના તમામ પાસાઓને આવરીને લખાયેલ શાસ્ત્ર
- ૬૦૦ વરસ દરમિયાન થયેલ સ્વામિનારાયણ ભગવાનથી પૂર્વેના તથા પછીના તેમ બાર ગુરુઓનાં ચરિત્રોનો ઇતિહાસ ગ્રંથ.
- ગ્રંથ સંવત ૧૯૫૩થી આરંભી સં.૨૦૦૭ સુધી ૫૪ વરસ સુધીના ચાર ગુરુવર્યો બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ તથા પ્રગટ બ્રહ્મસ્વરૂપ તથા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામીજી મહારાજની શ્રદ્ધા અને ધીરજ પછી લખાયેલ ગ્રંથ.
- ધર્મ, જ્ઞાન, વૈરાગ્યે સહિત ભક્તિરૂપે એકાંતિક ધર્મનું તથા દાર્શનિક અનેક વિષયોનું નિરૂપણ કરતો દાર્શનિક ગ્રંથ
- ધર્મશાસ્ત્રના અહિંસા, સોળ સંસ્કાર વગેરે ઘણા વિષયોનું નિરૂપણ કરનાર ધર્મશાસ્ત્ર
- ભક્તિ-સંબંધી લગભગ વિષયોનું નિરૂપણ કરનાર આગમ ગ્રંથ
- નવ રસ, લોકોક્તિઓ, ઉપમાઓ વગેરેથી ભરપૂર કાવ્ય ગ્રંથ
- સંવાદાત્મક પૌરાણિક શૈલીમાં લખાયેલ પુરાણ ગ્રંથ

**પાદટીપ**

૧. एवं श्रूयते बृहस्पतिरिन्द्राय दिव्यं वर्षसहस्त्रं प्रतिपदोक्तानां शब्दानां शब्दपारायणं प्रोवाच, नान्तं जगाम। बृहस्पतिश्च वक्ता इन्द्रश्चाध्येता दिव्यं वर्षं सहस्त्रमध्ययनकालो नान्तं जगाम । પસ્પશાહ્નિક ભાષ્ય ૧/૧/૧, પતંજલિ.

૨. ન્હાનાલાલ દલપતરામ કવિ, શિક્ષાપત્રી, સમશ્લોકી, પ્રસ્તાવના પૃ.૧૨.

લેખક : સાધુ શ્રુતિપ્રકાશદાસ
પ્રકાશક : સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ, સને ૨૦૧૩
૫ ભાગ, ૧૭૬૬ પૃષ્ઠ, ૬૬ રંગીન પુષ્ઠ, ૫ પરિશિષ્ટો સહિતનો દળદાર ગ્રંથ
કિંમત રૂા.૮૦૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# Notes to the Authors

Sambodhi welcomes contributions in all fields of Indology. However, it would like its contributors to focus on what they consider to be significantly new and important in what they have to say and consider the counter arguments to what they are saying. This is to ensure that others may judge that what they are saying is on the whole more reasonable than the views opposed to their own. The historical preliminaries may be avoided unless they are absolutely necessary to the development of the arguments, as it may be assumed that most of the readers of the *Journal* are already familiar with them. The article should, as far as possible, avoid jargon and the author's contention should be stated in as simple a language as possible.

The articles which use Sanskrit terms should use the standard diacritical marks.

Editorial correspondence, including typed copy (or soft copy in CD / VCD are through email) should be sent to the Editor. Articles may be contained between 3000 to 6000 words, they should be typed on one side of the paper, double spaced with ample margins, and contain Author(s) / contributor's name and his/her institutional affiliation alongwith the complete mailing address. Notes and references should appear at the end of the articles as *Notes*.

Only papers which have not been published elsewhere will be accepted for publishing.

Proofs will be sent to the authors if there is sufficient time to do so. They should be corrected and returned to the Editor within ten days. Major alterations to the text may not be accepted.

Authors will be sent ten off-prints of their articles with one copy of **Sambodhi** free of cost.

Copyright to articles published in the Sambodhi shall remain vested with L. D. Institute of Indology. For further information please do not hesitate to contacts on following address :

**Editor**

**Dr. Jitendra B. Shah**

**SAMBODHI**

L. D. Institute of Indology

Nr. Gujarat University

Ahmedabad 380009

Tel : 07926302463, Fax : 26307326

ldindology@gmail.com

www.ldindology.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## Trade terms for L. D. Series Publications :

| | | |
|---|---|---|
| (1) | Gross purchase exceeding Rs. 5000/- or on purchase of 20 copies of any title or 25 copies of assorted title at a time. | 30% |
| (2) | Book-Sellers and the Institutions on any purchase | 30% |
| (3) | Gross purchase exceeding Rs. 10,000/- or on the purchase of one copy of all available titles. | 40% |

(4) Packing and forwarding free by rail for order at a time exceeding Rs. 10,000/-

(5) Research Journal–"Sambodhi"

(a) Price (Excluding Postage) per vol. Rs. 150/-

(b) Price (Excluding Postage) per back vol. up to XXI Rs. 100/-

On Purchase of 5 copies or more of the same volume 20%

On Purchase of 10 copies or more of the same volume 25%

Our gerneral practice is to send the proforma invoice on inquiry for our publications and dispatch the books on receiving the payment by D. D. in favour of the Institution.

## • Distributors •

1 **Ahmedabad**
**Saraswati Putstak Bhandar,**
Hathi Khana, Ratan Pole,
Ahmedabad - 380 001.
Phone : 25356692

2. **Delhi**
**Motilal Banarasi Dass**
41/U-S, Banglow Road,
Jawahar Nagar,
Delhi-110 007,
Phone : (011) 23858335 23854826

3. **Varanasi**
**Motilal Banarasi Dass**
Chowk, Varanasi-221 001
Phone : 352331
Phone : (0542) 2412131 3095108

4. **Chennai**
**Motilal Banarasi Dass**
120, Royapetth High Road,
Mylapore, Chennai-600 004.
Phone : (044) 24982315

5. **Mumbai**
**Motilal Banarasi Dass**
8, Mahalaxmi Chamber,
Warden Road,
Mumbai-400 026.
Phone : (022) 24923526

6. **Hindi Granth Karyalay**
Hira Baug, C. P. Tank,
Mumbai-400 004.
Phone : (022) 23516583
23513526

**SAMBODHI ISSN 2249-6661**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org